LADIES' HOSTEL (Gujarati Edition)

Desai, Keshubhai

VISIT...

LANZAROTE Caliente.com



ડેડીઝ હોસ
કેશુભ

ladies' hostel
By Keshubhai Desai



Published by Gurjar Granthratna Karyalay,Gandhi Road,
Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

સાથે ભણેલુંય વીસરી જવાયું, જુદા કોઈ
ક્ષેત્રે પ્રસરી જવાયું;
છતાં ખસ્યો ના તમારી સ્મૃતિમાં;
આવે બધું સામટું કૈં કૃતિમાં!
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અંતર્ગત વડોદરાની મેડિકલ કૉલેજની 1972ની સ્નાતક
બૅચનાં શ્રેષ્ઠ પ્રતિનિધિ
ભગિની ડૉ. વીણા મૂલગાંવકરને
સસ્નેહ...

એક સ્વપ્નકથા

નવલકથા માટે વપરાતા પરંપરાગત પર્યાય અળગા કરી કોઈ તદ્દન નવો શબ્દ વાપરવાની છૂટ આપવામાં આવે તો મારી ‘લેડીઝ હૉસ્ટેલ’ માટે હું સ્વપ્નકથા જેવો શબ્દ પસંદ કરું. એ પ્રણયકથા તો છે જ. શરૂથી અંત સુધી પકડી કે જકડી રાખે એવી રસમય વારતા પણ છે. પરંતુ એથીય આગળ એ જીવનમાં ભાગ્યશાળી જીવોને જ જીવવા મળે એવી અનન્ય સ્વપ્નકથા છે. હું કેવળ એનો લેખક નથી, અડધોપડધો નાયક પણ છું. સપનું તૂટવા માટે જ સરજાતું હોય છે. છતાં એવો કયો માણસ હશે જેને સપનાં જોવાં ન ગમે!

તે વખતના સુરતના જન્મભૂમિ ગ્રૂપના સાંધ્ય[1] દૈનિકમાં ધારાવાહિક રૂપે પ્રકાશિત થયેલી મારી આ નવલકથા બે દાયકા પછી પણ એટલી જ તાજી લાગતી હોય તો એનો યશ મારી કલમ કરતાં સવિશેષ એની સદાબહાર નાયિકાને જાય છે. મારા મુરબ્બી મિત્ર પ્રા. રમણલાલ પાઠક ‘વાચસ્પતિ’એ એના જ આગ્રહને વશ વર્તી આટલી પ્રોત્સાહક પ્રસ્તાવના લખી આપેલી. આ નવલકથાનો હિંદી અનુવાદ સુપ્રસિદ્ધ સાક્ષર ડૉ. બંસીધર શર્માની કલમે થયો અને ભારતીય જ્ઞાનપીઠ દ્વારા પ્રકાશિત થયો એ પછી એનો અન્ય ભારતીય ભાષાઓમાં પણ અનુવાદ થતો રહ્યો છે એનો વિશેષ આનંદ છે.

‘લેડીઝ હૉસ્ટેલ’ અનેક આવૃત્તિઓમાં જઈ શકે એ બરની કથા હતી. ઘણાં વર્ષોથી અપ્રાપ્ય પણ હતી. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય જેવા નામાંકિત પ્રકાશનગૃહ દ્વારા એનું પુનર્મુદ્રણ થઈ રહ્યું છે એનો મારે મન વિશેષ મહિમા છે. એ બદલ હું ગૂર્જર પરિવારના મોભી શ્રી મનુભાઈ શાહ ઉપરાંત શ્રી રોહિત શાહ અને શ્રી રોહિત કોઠારીનો આભારી છું. આ તબક્કે એટલું જ કહીશ કે ‘લેડીઝ હૉસ્ટેલ’ મારી સર્જકતાની વસંતઋતુ છે. એક અર્થમાં એ અમૃત સંજીવની પણ ખરી જ વળી. મારા ષષ્ટિપ્રવેશે જ એ નવાં રૂપરંગ સાથે વિશ્વગુર્જરીના વાચકો સમક્ષ પ્રગટે છે, એનો આનંદ પણ હોય જ. નવતર સ્વરૂપે પ્રકાશિત થઈ રહેલી, ઊર્ધ્વ ચેતનાના પર્યાયરૂપ આ પ્રણયકથા હું મારાં જ માનસસંતાન એવાં નવી પેઢીનાં પ્રેમીઓને સમર્પિત કરું છું. વો જવાની ઝિંદાબાદ! ફિરાકના શબ્દો ટાંકીને કહું તો, ‘યે હુસ્નો ઇશ્ક તો ધોખા હૈ – ફિર ભી...’

27 સપ્ટેમ્બર, 2007 કેશુભાઈ દેસાઈ

---

1 . મારી ઇચ્છા આ નવલને પુસ્તક રૂપે છપાવતાં પહેલાં ‘ફૂલછાબ’માં ધારાવાહિક સ્વરૂપે પ્રગટ કરવાની હતી. ‘ફૂલછાબ’ના તંત્રી સ્વ. હરસુખ સંઘાણીને એ પસંદ પણ પડી હતી. એમને તકલીફ હતી નાયકની અટક સંદર્ભે. રાજકોટના જાડેજાઓને વાંકું પડી જાય તો? ‘તમે જાડેજા સિવાયની કોઈ પણ સરનેમ રાખો –’ એવું તંત્રીશ્રીનું વિનમ્ર સૂચન લેખક તરીકે મને માન્ય ન હતું. આખરે એ જ ગ્રૂપના સુરતથી પ્રગટ થતા સાંધ્ય દૈનિક ‘પ્રતાપ’માં આ નવલ હપ્તાવાર છપાઈ હતી.

સણકો ઊપડે છે...
(ત્રીજા અવતાર પ્રસંગે)

'લેડીઝ હૉસ્ટેલ'ની નવી આવૃત્તિ નજર તળે કાઢતાં ચાર ચાર દાયકાનાં આવરણો પળ વારમાં ખસી જાય છે અને ઊઘડે છે એક મદહોશ, મદમસ્ત જુવાની. નવલકથાનો નાયક જેસલ જીવતો હોત તો એ અદ્દલ મારી ઉંમરનો હોત. મને મારી જ કલમ પર વહેમ પડવા લાગે છે. શું આવું બધું કેશુભાઈ દેસાઈ નામનો સૌમ્ય, અંતર્મુખ પ્રકૃતિ ધરાવતો અને ગ્રામીણ પરિવેશમાં ઊછરેલો સર્જક લખી શકે ? આજની તારીખમાં તો એ એમના ગજા બહારની વાત છે, પણ એ દિવસો અલ્લડ જુવાનીના અને ફાટફાટ સર્જકતાના હતા. લેખક પાછા મેડિકલ પ્રેક્ટિસ પણ કરતા હતા અને જાહેરજીવનમાં પણ ખાસ્સું વજૂદ ધરાવતા હતા. પ્રાંતિજ ખાતે રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં અને રાજેન્દ્ર શાહની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ આ નવલકથાના લોકાર્પણ પ્રસંગે તત્કાલીન મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ સર્જકને ઉમાશંકર અને પન્નાલાલના વારસદાર તરીકે પોંખ્યા ત્યારે રઘુવીર ચૌધરીએ ટકોર કરેલી : કેશુભાઈએ રાજકારણ છોડી દેવું જોઈએ અને મેડિકલ પ્રેક્ટિસની સમયાંતરે સાહિત્યસેવા ચાલુ રાખવી જોઈએ. શબ્દ એવો બળૂકો નીકળ્યો કે એણે રાજકારણ અને મેડિકલ પ્રેક્ટિસ બેઉ છોડાવી દીધાં! જો કે એથી ઘણી અણકથી વિટંબણાઓ સરજાઈ પણ અવનવા થીમવાળી નવલકથાનો ફાલ તો વરસોવરસ ઊતરતો જ રહ્યો.

આજે મારી અંતરંગ છબી સમી, આ શૃંગાર અને કરુણ રસની શાશ્વત પ્રણયની હૃદયવિદારક કથા એક તટસ્થ વાચક તરીકે વાંચી ત્યારે સુકાઈ ગયેલી દુકાળગ્રસ્ત ભૂમિમાં ઠીંગરાઈ ગયેલો ગુલાબનો છોડ ઓચિંતો મહોરી ઊઠે અને ચોમેર સુવાસ રેલાવી દે એવો મધમીઠો સણકો ઊપડે છે, રૂંવે રૂંવે.

મારી નવલયાત્રાના એક વિશિષ્ટ સીમાચિહ્નના ત્રીજા અવતરણ પ્રસંગે સ્વાભાવિક છે કે અનહદ આનંદ જ થાય. જોકે 27 વર્ષની વયે અનુભવેલી કથાને 72 પાર કર્યા પછી નજર સમક્ષ નવા વાઘા સજતી નિહાળું છું ત્યારે પ્રસન્ન દાંપત્યનાં મર્મી અને નર્મદના શબ્દોમાં કહું તો મારાં 'ખૂંધાં ખમનાર' જીવનસંગિની તથા એ કથાની તલસ્પર્શી પ્રસ્તાવના લખી કૃતાર્થતા અનુભવનાર રેશનાલિસ્ટ સાક્ષર રમણલાલ પાઠક 'વાચસ્પતિ' એ આનંદમાં સહભાગી થવા સદેહે હયાત નથી એ કઠોર વાસ્તવ હૃદયવિદારક બની રહે છે. ગૂર્જર પરિવાર મારા શબ્દને જીવતોજાગતો રાખવા કૃતસંકલ્પ છે એનું આ પુનર્મુદ્રણ જ મોટું પ્રમાણ છે. મિત્રવર્ય મનુભાઈ શાહ અને સર્જક સુહૃદ્ રોહિતભાઈના અપાર સ્નેહ અને સદ્ભાવને શબ્દોમાં વર્ણવી શકાય નહીં. વાચક-વિવેચક સમુદાયનો આભાર. આશા રાખું કે વીસમી સદીની આ પ્રણયકથા એકવીસમી સદીના યુવાવર્ગને પણ એટલી જ હૃદયંગમ લાગશે.

07-08-2021 **કે.દે.** 13, ઐશ્વર્ય-1, પ્લૉટ : 132,
સેક્ટર : 19, ગાંધીનગર 382 021

ઊર્ધ્વગામી સર્જનયાત્રાનું ઊંચું આરોહણ

* રમણલાલ પાઠક 'વાચસ્પતિ'

" 'લેડીઝ હૉસ્ટેલ'ની આખેઆખી બીનાથી તમે જેટલા વાકેફ છો, એટલો તો કદાચ હું પણ નહીં હોઉં. કારણ કે એ ઘટનાક્રમ વેળાએ હું તો લગભગ ઘેનમાં જ રહ્યા કરતો હતો... આદર્શ આમુખ તો એની નાયિકા પોતે જ લખી શકી હોત, પણ..." (ડૉ. કેશુભાઈના પત્રમાંથી)

લેખક સ્વયં જાહેર કરે છે કે આ નવલકથાનો આદર્શ આમુખ, અર્થાત્ પ્રસ્તાવના કે ઉપોદ્ઘાત તો એની નાયિકા પોતે જ લખી શકે – આ વિધાનનો એક વ્યંગ્યાર્થ એવો પણ ઘટાવી શકાય કે એ મારી સામેનું તહોમતનામું છે; મતલબ કે અહીં હું જે આ લખી રહ્યો છું તે આદર્શ આમુખ તો નથી જ નીવડવાનો. ઉક્ત તહોમત અલબત્ત હું માથે ચઢાવું છું, કારણ કે આ કથાની નાયિકાને હું અંગત રીતે તથા નિકટથી ઓળખું છું. આ કથામાં જે એના, અંતરનાં ઊંડાણમાંથી પ્રતિભારસિત થઈ પ્રગટેલા, સંવેદનાસભર કવિત્વમય પ્રેમપત્રો નવલકથાના સર્જકનાયક ડૉ. કેશુભાઈ દેસાઈએ ટાંક્યા છે, યા તો સર્જ્યાં છે એવા જ, બલકે એથીય વિશેષ સંવેદનાસભર, કવિત્વરસથી છલકતા એના વાસ્તવિક પત્રો મેં જાતે અશ્રુછલકતી આંખે વાંચ્યા છે. નાયિકાની સર્જકપ્રતિભા તો મારાથી ક્યાંય ચઢિયાતી ને વળી प्रेमआँसू डार डार , સચ્ચાઈથી સીંચેલી એટલે એના જેવો આદર્શ આમુખ આ નહીં જ બનવાનો એ કબૂલી લઉં; પરંતુ નાયિકાનાં રૂપગુણથી પ્રભાવિત; નાયકના ઉત્કટતમ પ્રેમનો સાક્ષી તથા લેખક ડૉ. કેશુભાઈ દેસાઈની ઊંચી સર્જકપ્રતિભાનો પ્રશંસક એવો હું વાસ્તવિક, વિવેચકદૃષ્ટિથી આ નવલકથાનું અત્રે અધિકારી ભાવકભાવે જે અવલોકન કરીશ તે આદર્શ નહીં, તોય સમદર્શી અવગાહનરૂપ તો સિદ્ધ થશે જ એવી અપેક્ષા સેવી આરંભું :

ડૉ. કેશુભાઈને તેઓની 'જોબનવન' નવલકથાની પ્રસ્તાવનામાં આપણા અગ્રણી લેખક-વિવેચક ડૉ. મફત ઓઝાએ 'પાંગરતો પન્નાલાલ' કહ્યા તો, કિંતુ એ કેવળ તેઓની ગ્રામકથાઓના સંદર્ભે જ. કારણ કે એ પછી તો, ડૉક્ટરે એક પછી એક વિરાટ કદમો ઉઠાવીને આંચલિકતાની એવી સીમાઓને સશક્ત રીતે ઠેકી દીધી છે. તેઓના એ 'જોબનવન'માં મેં પણ રસવિહારનો બ્રહ્માનંદ માણેલો ('ગ્રંથ'માં), પરંતુ ત્યારે ખ્યાલેય નહીં કે આ માણસ (ડૉ. કેશુભાઈ) જેવો વનવિહારી છે એવો વ્રજવિહારી પણ છે અને ગગનવિહારીય છે. 'વ્રજવિહારી' તે એ અર્થમાં કે પ્રેમની આટલી સૂક્ષ્મતમ તથા તીવ્રતમ લાગણીઓને કથાદેહે અભિવ્યક્ત કરવાનું આવું સામર્થ્ય ઊંડી, સ્વકીય, સાક્ષાત્ ને ઉત્કટ-ઉત્કંઠ અનુભૂતિ વિના ભાગ્યે જ શક્ય બને. તો 'ગગનવિહારી'નો અર્થ વળી એ કે 'સૂરજ બુઝાવ્યાનું પાપ' જેવી નવલકથામાં ડૉ. કેશુભાઈએ ધરતીના છોરુંની વ્યક્તિગત હેતપ્રીતની લાગણીઓના આલેખનથી ખૂબ ઊંચા એવા કથાસર્જનના ઊંચા આભને આંબ્યું છે. એમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીની વિરાટ પ્રતિભાને આ લેખકે તેઓના હત્યારાને મુખે વર્ણવાવી છે; જેમાં એમણે હત્યારાની પશ્ચાત્તાપજનિત મનોવ્યથા તથા એનાં શ્રોતાપાત્રોના પ્રતિભાવોનું સુભગ સંમિશ્રણ સાધ્યું છે. એથી જ મારી જેમ, સાક્ષરવર્ય શ્રી ગુલાબદાસ બ્રોકરે પણ, ઉક્ત કથાની 'એક શુભેચ્છા'માં કહ્યું છે કે "ડૉ. કેશુભાઈ માત્ર 'જોબનવન'માં અટવાઈ જતા નથી, પણ આ જગતરૂપી વિશાળ વનનાં પારેવાંને જ નહીં; દયાનંદ જેવા મહાત્માને... પણ પોતાની સૃષ્ટિમાં સર્જે છે." તો એ જ કથાને આવકારતાં, આપણા મૂર્ધન્ય સાક્ષર, સંમાન્ય વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ એના ડૉક્ટરલેખકને આ શબ્દોમાં બિરદાવ્યા છે : "ડૉ. કેશુભાઈએ કલ્પના, સહૃદયતા,

માહિતીજ્ઞાન, વાસ્તવનિષ્ઠા સાથે પરમ ભદ્રત્વની આસ્થા દર્શાવ્યાં છે.'' આ નવલ પ્રત્યે ગુજરાતનું ધ્યાન જેટલું દોરાવું ઘટે એટલા પ્રમાણમાં નથી દોરાયું એ ખેદની વાત છે.

મોટા ગજાના નવલકથાકાર થવા માટે એના સર્જકમાં ત્રણ તત્ત્વો હોવાં અનિવાર્ય ગણાય. શક્તિ-પ્રતિભા, અનુભવ-અનુભૂતિ અને સજ્જતા-નિપુણતા. આ ત્રણેય વાનાં ડૉ. કેશુભાઈને હસ્તગત છે. એમની સર્જકપ્રતિભા ઊંચી કોટિની છે અને તબીબી વ્યવસાય નિમિત્તે માનવદેહના ડૉક્ટરત્વની સાથે સાથે જ તેઓ માનવજીવનના તથા માનવમનના ડૉક્ટરત્વથી પણ સુસજ્જ છે. હવે ત્રીજી વાત તે અનુભૂતિની; જેમાં એમનું અનુભવજગત કેવળ ગ્રામસમાજ પૂરતું મર્યાદિત નથી રહેતું; નગરજીવનની તથા ભદ્ર સમાજનાં ઉપલા વર્ગનાં પાત્રોની તનમનની, બાહ્યાભ્યંતર લીલાનો પણ તેઓને પ્રત્યક્ષ અનુભવ છે; જેને તેઓ પોતાના ભાષાસામર્થ્ય વડે સાક્ષાત્ ગોચરીભૂત રીતે અભિવ્યક્ત કરી શકે છે. 'લેડીઝ હૉસ્ટેલ' ડૉ. કેશુભાઈનું આવું એક વિરાટ કથાકદમ છે.

નવલકથાનાં પાત્રોને હું તો નજીકથી મળ્યો છું. એક ખાનગી વાત જાહેર કરું તો, અઢારમા પ્રકરણમાં આરંભાતી નાયક-નાયિકા ને તૃપ્તિની રાજકોટ-મુલાકાતનો હુંય સાક્ષી છું... પણ એવી અંગત વાત જવા દઈએ તોપણ, 'લેડીઝ હૉસ્ટેલ' વાંચ્યા બાદ, એનો કોઈ પણ ભાવક સંભવતઃ એમ જ બોલશે કે,

''આ બધાં જ પાત્રોને હું તો ઓળખું છું; મળ્યો છું ખૂબ નજીકથી; રસ્તે મળે તો તત્કાળ બતાવું કે આ તોરલ ને આ જેસલ, આ તૃપ્તિ ને આ મમ્મી!''

ડૉ. કેશુભાઈ પાત્રોને સજીવતાનું પરિમાણ બક્ષી શકે છે એ એમનો એક સિદ્ધિવિશેષ છે. આ દીર્ઘ નવલ પૂરી કર્યા બાદ તોરલ-જેસલ ભાવક માટે કલ્પિત નહીં રહે; જીવનમાં ચોક્કસ મૂલ્યો-સત્યોને અજવાળતાં જીવતાંજાગતાં માનવીઓ તરીકે જ એ દૃષ્ટિ સમક્ષ પ્રગટ થાય છે. સામાન્ય માનવીની અસામાન્યતા એ ડૉક્ટરનાં પાત્રોની વિશેષતા છે; અને એ જ એમને વાસ્તવિક 'માણસ' બનાવે છે.

એમાંય કેશુભાઈનાં સ્ત્રીપાત્રો તો 'અદ્ભુત' જ; પરંતુ એવી અદ્ભુતતા તે અજોડતા, લોકોત્તરતા કે ભવ્યતાની નહીં; ઊંચા-ઊંચા આદર્શો ને મૂલ્યોની રટણાની કે એવાં પરાક્રમોની નહીં; પરંતુ હૈયે પ્રતીતિપૂર્વક પ્રવેશી, વસી જાય એવી સુલક્ષણા વિલક્ષણતા છે; પછી એ વનબા (જોબનવનની) હોય કે આ નવલની તોરલ. ઉ.ત. તોરલ જેવી યુવતીઓ જીવનમાં ઘણી મળી હોય; છતાં થાય કે, ''ના, આ તોરલ તો એક જ અને અદ્વિતીયા જ!'' અને એવી તોરલને જોગવનારો જેસલ જાડેજોય કાંઈ કમ નથી.

આ નામાભિધાનની એક સૂક્ષ્મ વ્યંજનાય અત્રે ઉલ્લેખી લઈએ : આ નવલ યુવાવસ્થામાં પ્રવેશતાં કે પ્રવેશેલાં નાયક-નાયિકા વચ્ચેના પ્રેમની કોઈ સામાન્ય પ્રણયકથા નથી. આ કથાનો નાયક તો વિધુર પ્રાધ્યાપક છે; પાંત્રીસેક વર્ષનો; જેની પત્નીએ વળી આત્મહત્યા કરેલી; તમાકુ ને ચરસનોય તે બંધાણી અને નશામાં આચાર્યની પત્ની સાથે અણછાજતું વર્તન કરી બેસનારો એવો, જીવનથી પરવારી ગયેલો 'પાપી'; જ્યારે તોરલ એની શિષ્યા, અઢારેક વર્ષની ખીલતા પુષ્પ જેવી શ્વેત, નમણી, નિષ્કલંક, સુગંધિત અને પવિત્ર; એવી સતી તોરલ જ પ્રો. જેસલ જાડેજાને પુનઃ સારા માણસ તરીકે પ્રસ્થાપિત કરે – કેવળ પ્રેમની, સાચા ને ઉત્કટ પ્રેમની તાકાતથી. ''તોરલે ચિનગારી ન ચાંપી હોત તો જાડેજાની જ્યોત બુઝાવાની તૈયારીમાં જ હતી.'' (પૃ. 126)

અત્રે કથાવસ્તુનો અલ્પ ઉલ્લેખ પણ સુસંગત બની રહેશે. અલબત્ત, કથાસાર અહીં આલેખી, વાચકનો તીવ્ર વાચનરસ મંદ કરી દેવાનું દુષ્કર્મ હું નહીં જ કરું.

આ પ્રણયકથાની વિશેષતા જ એ છે કે યૌવનને ઉંબરે ડગ માંડતી એક યુવતી પ્રૌઢત્વમાં

પ્રવેશતા પુરુષ સાથે ઉત્કટતમ પ્રેમથી બંધાઈ છે. એક મનોવૈજ્ઞાનિક વિધાન સાંભળ્યું છે કે યુવતીઓ પરિણીત પુરુષોને વધુ પસંદ કરે છે. અને આ વાત સત્ય પણ છે એમ વર્તમાન અનુભવે સમજાય છે. મોટી વયનો પુરુષ સંભવતઃ પ્રેયસીને વધુ સંતોષ, આનંદ તથા આત્મગૌરવ બક્ષી શકે છે; કારણ કે એ પ્રેમી- પિતા જેવી બેવડી મિશ્ર ભૂમિકા અદા કરતો હોય છે. આમાં કશું ખોટું છે એ તો કેવળ સમાજની માન્યતા છે; બાકી તોરલ માટે જેસલ જાડેજાથી યોગ્યતર પ્રેમી મળવો જ અસંભવ એમ આ કથા તો આપણને પ્રતીતિ કરાવે છે. અને એ જ કથાવસ્તુની માવજતનો લેખકનો ભવ્ય વિજય છે, કલાસિદ્ધિ છે.

સાંગોપાંગ રસમય એવી આ નવલકથાનાં રસસ્થાનોમાં પાત્રો પછી આવે તે પ્રસંગો; જે હું ઉપર્યુક્ત કારણે નહીં વર્ણવું. પરંતુ વેગીલી રચનારીતિ તથા શૈલીમાં, એક પછી એક સ્વયમેવ પ્રગટતા જે પ્રસંગો અત્રે ગૂંથાયા છે એ દરેક સ્વતંત્ર રીતે પણ તન્મય કરી દે તેવા આસ્વાદ્ય છે. સાથે સાથે જ નાયક-નાયિકા પ્રત્યેક પ્રસંગને અંતે એક આધ્યાત્મિક અનુભૂતિની અતૃપ્તિ સાથે પુનર્મિલન માટે ઉત્કંઠ રહે છે એવી જ અનુભૂતિમાં ભાવક પણ રસતરબોળ બને છે. આટલી દીર્ઘનવલમાં કથાવેગ ક્યાંય શિથિલ પડતો નથી.

આવા રસપ્રવાસને લેખકની વર્ણનકલા મેઘધનુના રંગો જેવી રૂપમયતા અર્પે છે; છતાં ક્યાંય વર્ણન ખાતર વર્ણન કરવામાં લેખક ભાગ્યે જ સરકે છે. લાંબી નવલકથાઓમાં પરિસ્થિતિ, સ્થળ, મનોવ્યાપાર, બાહ્યવ્યાપાર, કુદરત આદિનાં વર્ણનો આલેખવાની એક પરંપરા છે; પરંતુ સિદ્ધ કલાકૃતિમાં તો વર્ણન પણ અનિવાર્ય સિદ્ધ થવું જોઈએ. અને તેમ ત્યારે જ બને કે જ્યારે પ્રસ્તુત વર્ણન પરિસ્થિતિ યા મનોદશાનું સૂચક, અભિવ્યંજક બનીને આવતું હોય. ડૉ. કેશુભાઈએ કલાપૂર્ણ તથા રમણીય રીતે આલેખેલાં વર્ણનો આવી યથાર્થતાથી પણ સત્ત્વવંતાં છે. અવકાશાનુસાર ફક્ત એક-બે જ ટાંકીએ :

"... રાતનો વરસાદ હજુ રસ્તાઓ રોકીને બેઠો હતો... આકાશ રોઈ રોઈને સ્વચ્છ થયેલી કોક નમણી આંખ જેવું શીતળ ભાસી રહ્યું હતું.... તરતની નાહેલી સ્ત્રીના કેશરાશિમાંથી ટપકતાં જલબિંદુઓની જેમ વૃક્ષોનાં પર્ણ પર ઝિલાઈ રહેલાં જલશીકર પવનના હળવા સ્પર્શ માત્રથી ખરી પડતાં હતાં." (પૃ. 48)

"તારા નહોતા દેખાતા. વીજળી પણ નહોતી; હા, પેલી દીવાદાંડીનો તેજલિસોટો નિયમિતપણે દરિયા સાથેના આકાશના સંવનનની ચોકી કરી રહ્યો હતો." (પૃ. 79)

લગભગ પાને પાને આવતાં એવાં વર્ણનો પણ આ સંદર્ભે ઉલ્લેખનીય છે.

આ દીર્ઘ નવલકથાનું એક વિશેષ, આગવું આકર્ષક રસબિંદુ તે એમાં સહજપણે આલેખાતા પત્રો. લેખકે આટલા બધા, ને કેટલાક તો ઠીકઠીક લંબાતા પત્રો-પ્રેમપત્રો સર્જ્યા છે; પરંતુ કથાના કલાદેહમાં તે ક્યાંય અપ્રસ્તુત કે આગંતુક બની કઠતા નથી; નીરસતા કે એકવિધતાનો કંટાળો પ્રેરતા નથી. એથી ઊલટું, કથાની રસસમૃદ્ધિ તથા કલાસમૃદ્ધિનું એ સમુચિત સંવર્ધન તથા વિસ્તરણ કરે છે; ઉપરાંત કથાપ્રવાહને પોષક પણ બને છે. પ્રકરણ-33માં આવતી પત્રસારરૂપ લાંબી હારમાળા અદ્ભુત રસાનુભવ કરાવે છે. આવા પ્રેમપત્રો મેળવનારનું જીવ્યું સાર્થક છે, ધન્ય છે – એમ ઉચ્ચારતાં આપણે ભાવકો પણ રૂપરસકલાનુભવની ધન્યતા અનુભવી રહીએ છીએ.

આ પત્રો જેવા હૃદયસ્પર્શી તથા મર્મવેધક છે; એવા જ ચોટદાર આ નવલમાં પ્રસંગેપ્રસંગે યોજાતા સંવાદો પણ છે. પરંતુ એનું વિશ્લેષણ સ્થળસંકોચવશાત્ અત્રે જતું કરવું રહ્યું.

આમ આ સફળ નવલકથા ડૉ. કેશુભાઈ દેસાઈની ઊર્ધ્વગામી સર્જનયાત્રાનું એક ઊંચું શિખર છે અને ગુજરાતી નવલકથાસાહિત્યમાં એક વિશિષ્ટ તથા મૂલ્યવાન પ્રદાન છે. "જાડેજા, આ તો જાણે આકાશનું આરોહણ!" (પૃ. 255) એવાં જ કપરાં ચઢાણ કલાનાં પણ હોય.

છતાં ડૉ. કેશુભાઈની અન્ય પ્રગટ-અપ્રગટ નવલકથાઓ પણ મેં વાંચી છે. એ આધારે અત્રે કહેવાની હિંમત કરું કે ડૉ. દેસાઈ ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાનના અધિકારી એવા મોટા ગજાના લેખક, મુખ્યત્વે નવલકથાકાર તો છે જ; જેમની વિશિષ્ટતા આવી પ્રણયકથાઓ છે. આ કલાપ્રકાર તેઓએ સર્વથા હસ્તગત કર્યો છે; ઉપરાંત એમનો સમૃદ્ધ જીવનાનુભવ બહુરંગી તથા રંગીલો છે અને વ્યક્તિત્વથી પણ પ્રણયરસના તેઓ રસરાજ છે. આથી કેવળ શુભેચ્છા રૂપે જ નહીં, પરંતુ પ્રતીતિપૂર્વક કહી શકાય કે હજી આવી અને આથી ચઢિયાતી પણ, બહુવિધ વસ્તુ તથા રસરૂપરંગયુક્ત નવલકથાઓ અર્પી, ડૉ. કેશુભાઈ સર્વોચ્ચ સાહિત્યાકાશનું સફળ આરોહણ સિદ્ધ કરશે જ.

(પ્રથમ આવૃત્તિનું પુરોવચન)

આ નવલકથાને હું ગુજરાતી વાર્તાકારની કલમે અવતરેલું ‘મેઘદૂત’ જ કહીશ. પ્રેમ-તત્ત્વનું આવું સૂક્ષ્મ, સંઘેડાઉતાર નિરૂપણ એના જાતઅનુભવ વિના ભાગ્યે જ શક્ય બન્યું હોત.

તમે નિખાલસતાપૂર્વક ન કબૂલ્યું હોત તોપણ મારા જેવા અનુભવીને એ સમજતાં મુશ્કેલી ન પડત.

મને ‘સૂરજ બુઝાવ્યાનું પાપ’ જેટલી જ તમારી ‘લેડીઝ હૉસ્ટેલ’ પણ ગમી છે.

– ગુલાબદાસ બ્રોકર (પત્રમાંથી)

1

છત્રીસ વરસનાં મિસ તોરલ શાહ એકાએક વિઝિટર્સ રૂમમાં પ્રવેશ્યાં અને રૂમ નં. 39માં રહેતી ચારુલતા ફફડી ઊઠી. એ ગભરાઈને ઊભી થઈ ગઈ.

'સીટ ડાઉન.'

ચારુલતા ઢગલો થઈને બેસી પડી.

એની આંખો આગળ અંધારાં છવાઈ વળ્યાં.

મિસ તોરલ શાહ ખૂબ કડક વૉર્ડન તરીકે જાણીતાં હતાં. એમના ચહેરા પર સ્મિત જેવી કોઈ વસ્તુ તો ફરકવાની હિંમત સુધ્ધાં ન કરી શકતી. એ ઑર્થોપેડિક સર્જરીનાં પ્રોફેસર હતાં. અસ્થિવિજ્ઞાન ભણાવતાં ભણાવતાં પોતે જ અસ્થિવત્ કઠોર બની ગયાં હતાં.

સુંદરતામાં કઠોરતાનું દ્રાવણ ઓગળે ત્યારે શું સર્જાય? એવો પ્રશ્ન કોઈને થતો હોય તો એણે એકાદવાર છેટેથી જ મિસ તોરલ શાહને નિહાળી લેવાં જોઈએ – જવાબ મળી જશે.

પંદર વરસથી એ પુરુષના પડછાયામાં આવ્યાં નથી. એમની આસપાસ એવું કશુંક કોચલું બાઝી ગયું છે, જેને નજરે જોયા વિના પણ શહેરના પુરુષો પામી ગયા છે. કોઈ એમની નજીક ઊભા રહેવાની ધૃષ્ટતા કરી શકતું નથી.

કૅમ્પસમાં એમનું આગવું ઓળખાણ છે : આયર્ન લેડી ઉર્ફે બ્યુટી ઇન બોન્સ!

– ચારુલતા ધ્રૂજી રહી હતી.

'હુ વૉઝ ધ બૉય?'

લશ્કરી અમલદારની અદાથી એમણે પૂછપરછ શરૂ કરી.

ચારુ બોલવા ગઈ પણ એનાથી બોલી શકાયું નહિ.

એના હોઠ થોડા-થોડા ફફડતા હતા, પણ શબ્દ નિપજાવી શકવાનું એમનામાં સામર્થ્ય નહોતું.

'છોકરી, મારો સવાલ સાંભળે છે?'

ચારુની આંખમાં આંસુ આવી ગયાં. એનાથી ન ખમાયું એટલે એ બોલી : 'મૅડમ, મને માફ કરી દો...!' ને સિસકારા ભરતાં એણે ઉમેર્યું : 'ફરી કોઈ દિવસ એ નહિ આવે!'

મિસ તોરલ શાહના ગુસ્સાનો પાર નહોતો : 'છોકરી, તને ખબર હોવી જોઈએ કે આ લેડીઝ હૉસ્ટેલ છે!'

થોડું અટકીને એ બોલ્યાં : 'છતાં મને સંતોષ એ વાતનો છે કે તું સાચું બોલી. મોટા ભાગની છોકરીઓનો જવાબ કંઈક આવો હોય છે : 'એ તો મારો ભાઈ હતો, મૅડમ! મારા મામાનો દીકરો થાય! મારી ફોઈનો છોકરો થાય!' – એવાં ચીલાચાલુ જુઠ્ઠાણાં છોડીને તેં સત્ય હકીકત કહી, એટલી તું પ્રામાણિક ખરી!'

ચારુલતાના જીવમાં જીવ આવ્યો.

ઢાળી દીધેલી આંખો ઊંચકીને એણે 'મૅડમ'ના ચહેરા તરફ અલપઝલપ જોઈ લીધું : સપાટ, લાગણીશૂન્ય ચહેરો. ગૌરવર્ણ. ઊંચી કદાવર કાયા. કસરતી બાંધો. માત્ર આકૃતિમાં જ નારી, અંદરથી તો જાણે આખેઆખો મર્દ. શરીર સુંવાળું ખરું, પણ એ સુંવાળપ આરસના પથ્થર જેવી કઠોર.

ગાઉન છેક પગની પાનીને ઢાંકી રહ્યો હતો. પગના નખ ઉપર ગુલાબી ચમક છવાઈ રહી હતી. સોનેરી ફ્રેમનાં ચશ્માં પાછળ બે નિર્મળ આંખો તગતગી રહી હતી. કેશરાશિ એક વિશિષ્ટ સ્ટાઈલમાં ઢાળીને મિસ તોરલ શાહ એવી અદાથી ઊભાં હતાં જાણે કોઈ શ્વેત આરસની જાજરમાન પ્રતિમા જ જોઈ લો!

ચારુલતા ચૂપચાપ બેસી રહી.

કૉલેજ જવા નીકળેલી છોકરીઓ 'મૅડમ' ન જોઈ જાય એ રીતે ચારુ તરફ સહાનુભૂતિના સંકેત પ્રદર્શિત કરતી કરતી પોર્ચ તરફ સરકી ગઈ. કેટલીક તો મનોમન બબડીયે ખરી : 'આવોય વળી જુલમ! બિચારીને કોક મળવા આવ્યું એમાં તો જાણે કોઈ ભયંકર ગુનો કરી નાખ્યો હોય એમ પૂરેપૂરા એક કલાકના રિમાન્ડ ઉપર લીધી છે!'

'આ તે હૉસ્ટેલ છે કે જેલ!'

'આ તે વૉર્ડન છે કે વૉર્ડર?'

'ભગવાન બચાવે આવી ચંડિકાથી!'

એક પછી એક છાત્રાઓ 'વિઝિટર્સ રૂમ' તરફ કરુણાર્દ્ર નજર કરતી કરતી ચાલી ગઈ.

લેડીઝ હૉસ્ટેલમાં નીરવ ચુપકીદી છવાઈ વળી.

*

સાંજે કૉલેજથી પાછાં ફર્યાં ત્યારે મિસ તોરલ શાહ વ્યથિત જણાતાં હતાં. વર્ષો પછી આજે કોણ જાણે કેમ એમના ચહેરાની રેખાઓ બદલાઈ ગઈ હતી.

ચોકીદાર એમને ગેટમાંથી દાખલ થતાં જોઈને ઊભો થઈ ગયો. મૅડમની ચાલ બદલાઈ ગઈ છે એટલું પામી જતાં એને વાર ન લાગી. એણે ઝટપટ પોતાના પહેરણનાં બટન વાસી દીધાં. વાળ ઉપર હાથ ફેરવી લીધો. બાંકડાની પાસે પડેલી બીડીઓની જૂડી સિફતથી પૅન્ટના ગજવામાં સરકાવી દીધી. સાવધાન થઈને 'મૅડમ'ના સંભવિત આદેશનું પાલન કરવાની તૈયારી સાથે એ ઊભો રહ્યો.

મિસ તોરલ શાહ ધીમા પગલે એમના ક્વાર્ટર્સ તરફ ચાલ્યાં ગયાં. ચોકીદારને નવાઈ લાગી. એમના પગ આટલી હદે ધીમા પડે, એ તો એને માટે કલ્પના બહારની વાત હતી.

એની દસ વરસની સર્વિસમાં મૅડમને આટલાં ઢીલાં થઈ ગયેલાં તો એણે ફક્ત આજે જ જોયાં હતાં.

એને લાગ્યું : 'હશે, કદાચ કશી શારીરિક તકલીફ હશે! મૅડમ પણ આખરે માણસ તો ખરાં જ ને! આપણને દુખે છે એમ એમનેય કોક દહાડો માથું દુખે – કેમ ના દુખે? વળી ગમે તેવાં તોય બાઈ માણસ રહ્યાં : આ છોકરીઓ આંતરે દિવસે માંદી પડી જાય છે; ત્યારે આ તો બિચારાં...'

એને મૅડમની દયા આવી. એ કેટલાં નિષ્ઠાવાન છે! કેટલાં પ્રામાણિક! છોકરીઓ એમનાથી ખોટી ગભરાય છે... લેડીઝ હૉસ્ટેલનાં વૉર્ડન બન્યાં એટલે થોડીક કડકાઈ તો દાખવવી પડે. ઢીલાપોચા માણસથી આ જોવનાઈ ઝાલી ન રહે. આ તો હરાઈ ગાયોનો નેસ : ગોવાળિયો લગીર ચૂક્યો તો વાત વણસી જ સમજો!

એને યાદ આવ્યું : મૅડમ પોતે પણ આ જ હૉસ્ટેલમાં રહીને ભણી ચૂક્યાં છે. એ વખતે ચોકીદારની નોકરીમાં એના બાપુ હતા. બાપુ રિટાયર થયા ને પોતે બાપુની જ જગામાં ગોઠવાઈ ગયો! મૅડમ નવાં-નવાં વૉર્ડન તરીકે રહેવા આવ્યાં, ત્યારે બાપુની નોકરી ચાલુ હતી. બાપુની એ ઘણી જ આમન્યા રાખતાં. બાપુનેય એમની ઉપર દીકરી જેવાં હેત! રિટાયર થયા એ દિવસે આંખ ભીંજવીને મૅડમના પગમાં પડી ગયેલા : 'તોરલબહેન, મારો દીકરો નોકરીએ ચડે છે, ને હું ઊતરું છું... એને નાનો ભાઈ ગણીને સાચવજો. ભૂલ કરે તો ઠપકારજો. મારાથી બની એ સેવા બજાવી; હવે ઉંમર થઈ, પણ આપણી લેણી-દેણી ચાલુ છે... અડધી રાતે પોકાર કરજો – જીવ આપવા બંદો તૈયાર રહેશે...!'

મૅડમની ધાક એટલી સખત જામી ગઈ છે કે એમના પ્રચંડ વ્યક્તિત્વની આડશમાં એક મમતાભરી તલાવડી છલકે છે, એને જોવાની કોઈએ દરકાર જ કરી નથી...

એટલેસ્તો છોકરીઓ આટલી ફફડે છે.

ચોકીદાર છોકરીઓની દયા ખાઈને એમને રસ્તો કાઢી આપે છે. બદલામાં છોકરીઓ 'ચોકીદારભાઈ'નાં બાળકો માટે ચૉકલેટો આપી જાય છે; કોઈ-કોઈવાર ફુગ્ગા કે રમકડાં પણ મૂકી જાય છે.

રૂમ નં. 17 વાળી વંદના પંડિત સામાન્ય રીતે દર મહિનાની ત્રીસમી તારીખે બરાબર બારને ટકોરે સીડીનાં પગથિયાં ઊતરે છે. ચોર પગલે એ ચોકીદારની પથારી પાસે આવીને ઊભી રહે છે. ઊંઘી ગયેલા – પહેલી ઊંઘમાં ઘેરાઈ ગયેલા – ચોકીદારને એ પગનો અંગૂઠો અડકાડીને જગાડે છે. ચોકીદાર ઝબકીને જાગી જાય છે. એને એકાએક યાદ આવે છે : 'ઓહ, આજે તો ત્રીસમી તારીખ!'

– અને એ ઊંઘરેટા ચહેરા પર આછું સ્મિત આણીને અર્થસૂચક નજરે વંદનાની આંખોમાં કશુંક વાંચવા લાગે છે. વંદના એના હોઠ ઉપર તર્જની ટેકવીને ચૂપચાપ, સાનમાં જ બધું સમજાવી દે છે. ચોકીદાર એને ચાવી સોંપી દે છે. વંદના બિલ્લીપગલે સરકી જાય છે. પોર્ચના પ્રકાશમાં સરકી જતા ઓળાને ચોકીદાર એની પથારીમાં પડ્યો-પડ્યો જોઈ રહે છે. ઘડીક એને પાછળપાછળ જવાનું મન થઈ આવે છે. થોડાક વિચારો પછી એ છાનોમાનો ગોદડીમાં ગોપાઈ જાય છે.

– વહેલી પરોઢવેળાએ કોકનો પગરવ સંભળાય છે. ધીમે રહીને કોક એના કાન નજીક ઝૂકે છે. સાવ ધીમા મૃદુ અવાજે એ બોલે છે : થેન્ક-યુ!

– ને ચાવી મૂકીને સરકી જાય છે.

ચોકીદારને એ અનુભૂતિ ઝણઝણાવી મૂકે છે. મૅડમનો દ્રોહ કર્યાનો કોઈ અફસોસ એના મગજમાં ઠરીને રહી શકતો નથી. ઊલટાનું કંઈક – પુણ્ય કરવા જેવું કર્યું હોવાનો અહેસાસ થવા લાગે છે.

રૂમ નં. 43 વાળી સુનંદા દર શનિ-રવિએ છટકે છે. મૅડમના ધ્યાનમાં એ વાત આવી ત્યારે ચોકીદારે જ સુનંદાને બચાવી હતી.

'કોની સાથે રખડ્યા કરે છે?' મિસ તોરલ શાહ તડૂકી ઊઠેલાં. બિચારી સુનંદા મૂંઝાઈ ગઈ હતી. ચોકીદાર સામે એણે એવી તો કરુણાભરી નજરે જોયેલું!

– ને ચોકીદારે હિંમત કરીને કહી દીધું'તું : 'મૅડમ, આપ મારી વાત માનશો? સુનંદાબહેનને મળવા આવેલા એ ભાઈ તો ઘણી મોટી ઉંમરના હતા – પચાસ-પંચાવનની આસપાસ; કેમ, ખરું ને બહેન?'

સુનંદાને તો જાણે ડૂબતી હતી ને તરણું મળી ગયું! – એ મૅડમના રોષનો ભોગ બનતી બચી ગઈ હતી. અને ચોકીદારને લાગ્યું હતું : કોકના બચાવ ખાતર જૂઠું બોલવામાંય કેટલું સુખ છે!

એવા તો કેટકેટલા પ્રસંગો છે!

પણ એ બધાના પાયામાં જે કરુણ પ્રસંગ પડેલો છે, એ તો એને આજેય એવો ને એવો નજર સામે તરવરતો દેખાય છે... એ સાંભરે છે ને ચોકીદારનું હૈયું ભરાઈ આવે છે. એક તરબતર જોવનાઈને ભાંગીને ભુક્કા થઈ જતી જોવી અને જીરવવી એ કોઈ કાચાપોચા માણસનું કામ નથી.

એનું નામ રૂપા હતું. પાંચેક વરસ પહેલાં એ આ હૉસ્ટેલના રૂમ નં. 13માં રહેતી હતી. બહુ જ ગભરુ છોકરી; એકદમ શરમાળ. બિચારી પ્રેમમાં પડી ગયેલી. બીજી છોકરીઓ જેવી બિન્ધાસ્ત નહિ; એકદમ શાન્ત, ડાહીડમરી. ચાલે ત્યારે આંખો ફરસ પર જડાઈ જાય. અંદરની વેદના અંદર ને અંદર વેઠ્યા કરે.

– કોઈને વાત સુધ્ધાં ન કરે.

એક રાતે રૂમ નં. 13ની પછીત પર સળવળાટ સંભળાયો. ચોકીદાર સફાળો બેઠો થઈ ગયો : ચોર તો નહિ હોય! કશું કહેવાય નહિ! આ તો લેડીઝ હૉસ્ટેલ! રૂમે રૂમ સોનાની લગડીઓથી ભરેલી!

અને એણે હળવે રહીને ખોંખારો ખાધો. લાકડી ઠબઠબાવી ને લૉબી તરફ ચાલવા માંડે એ પહેલાં તો 'ધ ફા...ક!' કરતું કશુંક ભોંય પર ઝીંકાયું.

ચોકીદારે દોડી જઈને જોયું : રૂપા ઢગલો થઈને પડી હતી. ત્રીજા મજલાથી પાઈપના ટેકે-ટેકે ઊતરવાનું સાહસ કરતી રૂપા ચોકીદારના ખોંખારાથી જ ગભરાઈ ગયેલી અને બિચારી છોકરીની પકડ છૂટી ગયેલી...

હૉસ્ટેલ આખી ભેગી થઈ ગઈ હતી. કોલાહલ, શોરબકોર, છોકરો નાસી ગયો હતો. પાછળથી ખબર પડેલી કે રૂપાના કહેવાથી જ એ ભાગી ગયેલો.

– રૂપાને બન્ને પગનાં હાડકાંનું ફ્રેક્ચર થઈ ગયું હતું. છએક મહિના લગી બિચારીને પ્લાસ્ટર રાખવું પડેલું. આજેય એને ઘોડીનો ટેકો લઈને ચાલવું પડે છે.

– હા, પેલો એનો પ્રેમી હજુ ય એને એટલી જ સચ્ચાઈથી ચાહે છે...

એ પ્રસંગ પછી ચોકીદારની આખી દૃષ્ટિ જ બદલાઈ ગઈ હતી. છોકરી જેવી છોકરી એના હૈયામાં ઊઠેલા વંટોળને વશ થઈને કેવું સાહસ કરી બેસતી હોય છે!

– અરેરે, આટલો બધો જુલમ આવી નાજુક નમણી ગાય પર! એ બનાવ બાદ ચોકીદારે નીતિનિયમોને નેવે મૂકીને છાત્રાઓને મદદરૂપ બનવાનું શરૂ કર્યું હતું, જ્યારે મિસ તોરલ શાહ વધુ કડક બની ગયાં હતાં. ભણવા માટે આવેલી છાત્રાઓ યૌવનપ્રવેશના ઉન્માદી વાતાવરણમાં સાનભાન ભૂલી જઈને પોતાની જિંદગી રોળી નાખે, એ એમને પસંદ નહોતું.

લેડીઝ હૉસ્ટેલ પર બંદોબસ્ત લાગી ગયો હતો. નોટિસબોર્ડ પર કડક શિસ્તપાલન અંગેની સૂચનાઓ મૂકી દેવામાં આવી હતી. નિયમો વિરુદ્ધ વર્તનાર છાત્રાઓને ગંભીર પગલાંની ચેતવણી આપવામાં આવી હતી.

દરરોજ સાંજે કૉલેજથી આવ્યા બાદ મિસ તોરલ શાહ હૉસ્ટેલનું રાઉન્ડ લેતાં. સાંજે સાડાપાંચથી સાડા-છ વચ્ચેનો એક કલાક હૉસ્ટેલની છાત્રાઓ માટે અજંપાભર્યો બની રહેતો. મૅડમ એકાએક કોની રૂમનું બારણું ટકોરે એ કલ્પી ન શકાતું. સિંહણ ભક્ષની શોધમાં નીકળી હોય અને મૃગલાંની જે હાલત થઈ જાય, એવી હાલત છાત્રાઓની થઈ જતી. એકેએક છોકરી આ એક કલાક પૂરતી 'સ્ટુડિયસ' હોવાનો સ્વાંગ રચવામાં કશી કમીના ન રાખતી; પ્રેમપત્રો ગોપનીય સ્થળોમાં છુપાવી દેતી, ખુરશી પર બેસી, ટેબલ પર પુસ્તક ગોઠવીને વાચનરત હોવાનો દેખાવ કરતી. હસવા-બોલવાનું અને મજાકમશ્કરી કરવાનું એ એક કલાક પૂરતું એકદમ બંધ થઈ જતું. હૉસ્ટેલ જાણે કોઈ ધાર્મિક સંપ્રદાયનો મઠ હોય એવું વાતાવરણ સર્જાઈ જતું. છાત્રાઓ સાધ્વીઓની જેમ તપસ્યામાં પરોવાયેલી જણાતી.

રાઉન્ડ પૂરું થઈ જતું ત્યારે છાત્રાઓ આવતા ચોવીસ કલાક પૂરતો હાશકારો અનુભવતી. લેડીઝ હૉસ્ટેલમાંથી મઠ બની ગયેલી વસાહત ફરી એનું અસલી રૂપ ધારણ કરતી. છાત્રાઓ લોબીમાં નીકળતી. ઝરૂખામાં ઊભી ઊભી એકમેકના સુખદુઃખની પૃચ્છા કરતી. મૅડમની ઝપટમાં આવેલી ગરીબડી, કમનસીબ છાત્રાની ખબર પૂછવા ભેગી થતી. એને આશ્વાસન આપતી. સુખેદુઃખે સાડાચાર વરસનો આ કારાવાસ પૂરો કરી નાખવાનો સંકલ્પ કરીને બધીઓ પોતપોતાની રૂમોમાં પુરાઈ જતી.

એટલું વળી સારું હતું કે મિસ તોરલ શાહ એક વાર રાઉન્ડ લઈ લીધા પછી બીજી કચકચ નહોતાં કરતાં. એ પોતે પણ એમના સ્વનિર્મિત કારાગારમાં પુરાઈ જતાં – છેક વહેલી

સવારે છ વાગ્યે એ બગીચામાં ફૂલો વીણતાં નજરે પડતાં. એ સિવાય એમનાં દર્શન દુર્લભ હતાં.

ઑર્થોપેડિક વૉર્ડનું રાઉન્ડ લેતાં હોય એમ એ નિયમિત રીતે સાંજના એક કલાક દરમિયાન લેડીઝ હૉસ્ટેલનું રાઉન્ડ લેતાં. ભૂલેચૂકે એમની નજરની કરવત હેઠળ આવી ગઈ, એના તો બિચારીના ભુક્કા જ બોલી જતા. મિસ તોરલ શાહ ઘણું ઓછું બોલતાં – પણ એમનો એકેક શબ્દ છાત્રાઓના કૂણા તારુણ્ય પર ઘણ બનીને ઝીંકાતો.

લેડીઝ હૉસ્ટેલમાં જડબેસલાક શિસ્ત સ્થપાઈ ગયું હતું.

– આવા ઉચ્ચકક્ષાના શિસ્તપૂર્ણ વાતાવરણથી છાત્રાઓના વાલીઓ ખુશ થતા. સંકુલના વહીવટદારો મિસ તોરલ શાહને માનભરી નજરે જોતા.

તે સાંજે મિસ તોરલ શાહ રાઉન્ડ લેવા નીકળ્યાં ત્યારે એમના ચહેરા પર વ્યથા વરતાઈ રહી હતી.

બીજા માળની H – વિંગમાં મિસ તોરલ શાહ પ્રવેશ્યાં ને એકાએક એમના પગ થંભી ગયા. વિંગની પહેલી જ રૂમ પર આંકડો લખ્યો હતો : 39. મિસ તોરલ શાહની નજર સ્થિર થઈ ગઈ : એમને શું થઈ ગયું હતું એની ખુદ એમને ખબર નહોતી પડતી. એમણે બંધ રૂમના દરવાજે ટકોરા પાડ્યા.

'વેઈટ પ્લીઝ!' અંદરથી મુલાયમ અવાજ આવ્યો. ને રૂમ ઊઘડી ત્યારે સામે ચારુલતા ઊભી હતી.

'ઓહ, યૂ! તું આ જ રૂમમાં રહે છે, એમ!'

મૅડમના શબ્દોનો અર્થ બહુ ન સમજાયો. ગભરુ ચારુલતાએ માથું હલાવીને 'હા' પાડી.

– 'ઓ. કે. ઓ.કે.! ધેટ્સ નાઇસ!' કહેતાં મિસ તોરલ શાહ અંદર પ્રવેશ્યાં. રૂમની ચારે દીવાલોને કોઈ જુદી જ નજરે જોઈ રહ્યાં. ચારુ કે એની પાર્ટનરને મૅડમની ભાવભંગિમાઓના અર્થઘટન કરતાં પોતાની સલામતીની વિશેષ ચિંતા હતી. એમનો તો જીવ પડીકે બંધાયો હતો.

મિસ તોરલ શાહ ઝરૂખામાં જઈને ઊભાં રહ્યાં. થોડીક ક્ષણો પૂરતાં એ સામે ઊભેલા અશ્વત્થની ઘટાઓમાં ગૂંચવાઈ ગયાં.

એમની સ્થિર આંખોમાં કશુંક ઝબક્યું – ન ઝબક્યું, ને ચારુને કશી સમજ પડે એ પહેલાં તો એ ઝડપથી રૂમ બહાર નીકળી ગયાં....

2

રૂમ નં. 39માંથી નીકળીને વૉર્ડન્સ રેસિડન્સના દરવાજે પહોંચ્યાં ત્યાં સુધી મિસ તોરલ શાહની ઉંમરમાં ઓછામાં ઓછો પંદર વર્ષનો ઘટાડો થઈ ચૂક્યો હતો. એ મૅડમ મટી જઈને હૉસ્ટેલની છાત્રા બની ગયાં હતાં. મેદ ઊતરી જવાથી એ નમણાં દેખાતાં હતાં.

વૉર્ડન્સ રેસિડન્સનો દરવાજો અંદરથી બંધ કરીને એ વસ્ત્રો બદલવા લાગ્યાં ત્યારે એમને લાગ્યું : હું પ્રોફેસર નથી; વૉર્ડન પણ નથી. ને વર્ષો તો વસ્ત્રોની જેમ સરકી ગયાં છે મારા મન પર થઈને. મને કોઈ ‘મિસ તોરલ શાહ’ કે ‘મૅડમ’ જેવા માનવાચક સંબોધનોથી બોલાવશો નહિ.

– મને ફક્ત તોરલ કહેજો. તોરલ, ફક્ત તોરલ!

– રૂમ નં. 39માં રહેતી તોરલ.

.......હસતી, કૂદતી, ધમાચકડી મચાવતી તોરલ.

આવરણ ઊતરી ગયાં ને પંદર વર્ષ પહેલાંની રૂમ નં. 39માં રહેતી તોરલ આળસ મરડીને જાગી ઊઠી.

‘તોર...લ!’

– કોનો હતો એ અવાજ?

ઓ....હ!!!

‘તોરુડી!!!’

– તોરલના રોમેરોમને વાચા ફૂટી હતી.

કેટલાં વર્ષો બાદ આજે તોરલ શાહની આંખોમાં આંસુ ઊમટ્યાં હતાં. એક-એક અશ્રુબિંદુમાં છાત્રા તોરલની છબિ સળવળી રહી હતી.

પંદર વર્ષના પોપડા ઊખડ્યા ને એમાંથી તોરલ નામની એક નાજુક, નમણી, કરુણ – કોમળ કથા ફણગી રહી...

– એ વખતે લેડીઝ હૉસ્ટેલના નિયમો આટલા કડક નહોતા. સવારસાંજ લેડીઝ હૉસ્ટેલ મુલાકાતીઓથી ઊભરાતી રહેતી. કોઈ ખાસ બંધનો જેવું નહોતું. રૅક્ટર તરીકે શ્રી શાહ નામના સીધાસાદા પ્રોફેસરની નિમણૂક થયેલી હતી. શાહ સાહેબ બિચારા પોતાના કામમાંથી જ ઊંચા નહોતા આવતા. ફક્ત રૂમમાં પ્રવેશવા પૂરતો જ પુરુષ મુલાકાતીઓ ઉપર પ્રતિબંધ હતો. બાકી તો સવારના છથી રાતના અગિયાર વાગ્યા લગી ગેટ ખુલ્લો રહેતો. કોણ ક્યારે આવે છે, કોને મળે છે, ક્યાં લઈ જાય છે એની કોઈને તમા નહોતી. લેડીઝ હૉસ્ટેલમાં સંપૂર્ણ સ્વતંત્રતાનું વાતાવરણ હતું – ગૌરવભરી સ્વતંત્રતા. કોઈને કશી પૂછપરછ ન થતી. કોઈને કશી રોકટોક કરવામાં નહોતી આવતી.

કોઈ-કોઈનાથી ફફડતું નહોતું. કોઈ-કોઈનાથી ડરતું નહોતું.

ને કોઈ એક શનિવારની વહેલી પરોઢવેળાએ ચોકીદારનો ટહુકો સંભળાયો હતો : ‘તોરલબહેન! રૂમ નં. 39 વાળાં તોરલબહેન!’

રાત આખી એના વિચારોમાં ઉજાગરો કરીને વહેલી પરોઢવેળાએ લગાર ઝપકી લઈ રહેલી તોરલને ચોકીદારે બે-ત્રણ વાર એનું નામ દઈને બોલાવી ત્યારે એના ઊંઘરેટા મનના ગુંબજમાં એને કોણ બોલાવે છે એની ખબર પડતાં ય બે-ત્રણ મિનિટ લાગી ગયેલી. પછી એ એકાએક સફાળી ચમકીને જાગી ઊઠેલી અને વસ્ત્રોનોય વિચાર કર્યા વિના એમ ને એમ રૂમનું બારણું ઉઘાડીને સીડીનાં પગથિયાં ઊતરી પડી હતી.

નશામાં ઝૂમતી હોય એમ એ અડબડિયાં ખાતી ખાતી વિઝિટર્સ રૂમ ભણી ધસી ગઈ

હતી. કાગડોળે એની રાહ જોઈને બેઠેલા એના મનના માનીતાને એણે જોયો, કે બસ, દોડી જ પડેલી : 'ઓ...હ! મને કેટલું સરસ સપનું આવી રહ્યું હતું!' કરતી એની નજીક પહોંચી જઈને એને પુચકારી લેતાં બોલી : આવી ગયા તમે? હું કેટલી બધી રાહ જોતી'તી! રાતના સાડાત્રણ લગી તો, આંખ જ ન મીંચાઈ. ઝરૂખામાં ઊભી ઊભી, પીપળાના ઝાડ સામે જોતી કલાકો લગી જાગતી રહી, ને પછી એવો ઠંડો પવન ચાલુ થયો કે...

'તું ય જબરી છો! હું છેક સાડા ચાર વાગ્યાનો અહીં આંટા મારું છું ને તું છો તે ઘોર્યા કરે છે! સપનાં જોયા કરે છે!'

'બસ બહુ વહેલી આવી ગઈ હશે! છેલ્લી બસમાં ના નીકળીએ?'

'છેલ્લી બસમાં જગા જ ક્યાં રહે છે? બે કલાક પહેલાં તો બસ આખી રિઝર્વ થઈ ગઈ હોય છે.' પછી ઉતાવળે વાત બદલી નાખી, મૂળ મુદ્દા પર આવી જઈ કાલા કાલા શબ્દોમાં એણે ઉમેરેલું : 'જોને તોરુ, તારા વગર ફાવતું જ નથી...! સાચ્ચું કહું છું! બે કલાકથી ઝાંપો ક્યારે ઊઘડે એની રાહ જોતો ધોખતો રહ્યો. જેવો દૂધવાળો દાખલ થયો કે મારા જીવમાં જીવ આવ્યો!'

'ચાલ, હવે બીજી વખત તને રાહ નહિ જોવડાવું. હું જ વહેલી ઊઠીને પોર્ચમાં આંટા મારતી હોઈશ!'

– વરસો લગી સતત આ સંવાદો વિઝિટર્સ રૂમમાં પડઘાતા રહ્યા હતા.

આજે પંદર વરસ પછી તોરલના ભાવજગતમાં સળવળી ઊઠેલી એ સ્મરણોની સંજીવની જ એના કાયાકલ્પ માટે કારણભૂત છે.

એ વખતે પવન કંઈક જુદો જ વાતો હતો. સૂરજ તો આજેય ઊગે છે ને આથમે છે, પણ એ વખતના સૂરજની ઊગવા-ડૂબવાની શૈલી જ કોઈ ઑર પ્રકારની હતી.

આટલાં વર્ષો પછી ફરી એક વાર...

'એક વાર, પ્રભુ! ફક્ત એક વાર... ઓન્લી વન્સ...!'

તોરલની આંખો મુશળધાર વરસી રહી...

તોરલે લેડીઝ હૉસ્ટેલમાં પગ મૂક્યો ત્યારે એને સત્તરમું જતું હતું. એના એકેએક રૂંવાડે વસંત ખીલી હતી. આંખોમાં સ્વપ્નોનો મહાસાગર ઘૂઘવતો હતો. પોપચાંને એમની આગવી ભાષા પાંગરી હતી. પાનીઓમાં પહાડ સર કરવાનો સળવળાટ જન્મ્યો હતો, ઓષ્ઠની તરસ ઊઘડી ચૂકી હતી. મનને માંડવે 'સ્વીટ સેવન્ટીન' નામની લીલછોયા જોબનની વેલ મહોરી ઊઠી હતી.

લેડીઝ હૉસ્ટેલની એ જમાનામાં ખાસ નામના હતી. સાંજ પડ્યે લેડીઝ હૉસ્ટેલ આગળ સો-બસો વાહનો ખડકાઈ જતાં. સારા, ઊંચા ઘરના નબીરા ગરીબ ગાય થઈને ઝાંપા બહાર ઊભા-ઊભા આવતી જતી છાત્રાઓને જોયા કરતા. બબ્બે-ત્રણ-ત્રણની નાની ટોળીઓ જામી પડતી. છેક અંધારું થઈ જાય ત્યાં લગી એ ક્રમ ચાલુ રહેતો. પેલા ઠંડાં પીણાંવાળાને તડાકો પડતો. ચાની લારીવાળો પણ ખાસ્સું કમાઈ લેતો.

શહેર આખાનું એ સૌથી વધુ નોંધપાત્ર અને જોવાલાયક સ્થળ હતું. શહેરનું યૌવન લેડીઝ હૉસ્ટેલની આજુબાજુ જમા થઈ જતું. કોઈ ધાર્મિક સ્થળ જેટલી જ ભીડ લેડીઝ હૉસ્ટેલની આસપાસ રહ્યા કરતી.

યૌવનની રેલમછેલ ઊડતી રહેતી – લેડીઝ હૉસ્ટેલની ચારે કોર. દરેક યુવતીને કોકનું કોક મળવા આવતું.

ને જેને મળવા આવનારું કોઈ ન હોય, એની દયા ખાવામાં આવતી. તોરલને ય કોક મળવા આવતું : છેક દૂર-દૂરથી, – ઓછામાં ઓછા પાંચસો કિલોમીટરની ખેપ કરીને.

આજે વર્ષો વહી ગયાં એ વાતને.

તોરલને અત્યારે છત્રીસમું વરસ જાય છે. એને યાદ છે :

બરાબર આગંતુકની ઉંમરના છત્રીસમા વર્ષે એણે કાયમને માટે પોતાને મળવા આવવાનું બંધ કર્યું હતું...

તોરલની આંખોમાં એની અંતિમ મુલાકાત એવી જડબેસલાક અંકાઈ ગઈ છે કે આજે પંદર-પંદર વરસનાં વહાણાં વાયા છતાં એની અસર ભૂંસાતી નથી.

– એક પુષ્ટ, પડછંદ શરીર; થોડું લોહી, થોડું માંસ... એની આંખો એવી ને એવી ખુલ્લી... એ આંખોના ગગનમાં નાનકડું પંખી થઈને સમાઈ જવાની કોઈક વાર તોરલે કામના સેવી હતી.

– સાવ સ્થિર, છતાં તોરલે જોયું હતું : કીકીઓની ચમક જીવંત હતી. ને એ કીકીઓમાં તોરલે જોયેલું : બધે જ ફક્ત તોરલ, તોરલ ને તોરલ પ્રતિબિંબાઈ રહી હતી.

તોરલથી ચીસ પડાઈ ગઈ : નો પ્રોફેસર, પ્લીઝ!!! પ્લીઝ... ડોન્ટ કમ ઈન માય મેમરીઝ! મને મારી રીતે જીવવા દો, જાડેજા! હું પંદર-પંદર વરસથી તમને ભૂલી જવા પ્રયત્ન કરતી રહી છું. મેં મારી જાત પર અનેક અત્યાચારો ગુજારીને તમારા સ્મૃતિપ્રદેશ ભણી ઢસડાઈ જતી એને રોકી છે...! તમે જુલમ ન ગુજારો, દોસ્ત! આજે હું તમારી ઉંમરે પહોંચી ગઈ છું – ઍક્ઝેક્ટલી થર્ટી સિક્સ! એક મહિલા માટે પ્રૌઢ ગણાવા માટે આપૂરતી વય છે...

એણે બન્ને હાથ વડે પોતાનું માથું પકડી લીધું. આંખો મીંચવા ગઈ ત્યાં સરરર્.... કરતી ઊનાં અશ્રુઓની ધારા એના ગાલ ઉપર રેલાઈ પડી.

આંખો ઊઘડી ત્યારે પોતાના જ ચહેરા ઉપર આંસુની શાહી વડે લખાયેલાં વાક્યો એને અરીસાએ વાંચી સંભળાવ્યાં : મિસ તોરલ શાહ, તમે વિધવા છો! દુનિયા આગળ ક્યાં લગી સંતાડ્યા કરશો તમારી જાતને, બોલો તો? તમે વિધિસર પરણ્યાં ભલે નહિ હો, પણ તમને યાદ હોવું જોઈએ કે તમે કોઈ એક પુરુષને પ્રેમ કર્યો હતો, તમે એને પતિ તો શું, ભગવાન માનીને ચાહતાં હતાં. એના લોહીનું એકેએક ટીપું તમારી રગેરગમાં ફરી વળ્યું હતું, મિસ તોરલ શાહ!

– એને મર્યે આજે પંદરમું વરસ જાય છે. ને તમે પંદર-પંદર વરસ લગી એકધારી કોશિશ કરી છે એને ભૂલી જવાની; જરા તમારા માંહ્યલાને પૂછી તો જુઓ : તમને એમાંનું કશુંય ભુલાયું છે ખરું આજની ઘડી લગી?

– અરીસો બોલતો બંધ થયો ને તોરલથી બોલાઈ ગયું : ‘નો, નો, નો! પ્રોફેસર, આઈ કૅન નેવર ફરગેટ યૂ...! સિમ્પલી આઇ કૅન નોટ!’

*

તોરલને એ દિવસ એવો ને એવો યાદ છે :

ઍડમિશન મળી ગયું હતું. સામાન લઈને એ બરાબર સાડાચાર વાગ્યે ગ્રેઈન માર્કેટના સ્ટેન્ડ પર ઊતરી ત્યારે એને નવી જિંદગી શરૂ થતી હોય એવું લાગવા માંડ્યું હતું. એ રોમાંચ જ કંઈક ઑર પ્રકારનો હતો.

જુલાઈ શરૂ થઈ ગયો હતો. મોસમના પહેલા વરસાદે હાલારની ધરતીને મહેક મહેક કરી મૂકી હતી.

તોરલે એ ધરતી પર પગ મૂક્યો ને એનું એકેએક રૂંવાડું જાગી ઊઠ્યું.

મમ્મી મૂકવા આવી હતી. એણે ટ્રંક ઊંચકી લીધી હતી. તોરલે રિક્ષાવાળાને બૂમ મારી એ પહેલાં તો મમ્મી અવળું તાકીને પાલવથી આંખો લૂછતી રડવા લાગી હતી.

તોરલને વિષાદ થયો હતો.

– આખરે પુત્રીવિદાયનો જ પ્રસંગ હતો ને!

'બેટા, તારી ઉંમરની હતી ત્યારે મારાં તો મૅરેજ પણ થઈ ગયેલાં.' મમ્મીએ કહેલું : 'જમાનાની સાથોસાથ માણસ પણ કેવો બદલાઈ જાય છે! તને આમ નોંધારી છોડી દઈને જવું પડશે ત્યારે મારો જીવ શેં ચાલશે?'

તોરલે ભારે હિંમત દાખવી હતી. બળજબરીથી આંસુ ખાળીને એણે મમ્મીને બતાવી આપ્યું હતું કે મમ્મી, તારી દીકરી તારા જેવી ઢીલી નથી. એને પરિસ્થિતિને અનુકૂળ થતાં આવડે છે.

રિક્ષા પૂરપાટ લેડીઝ હૉસ્ટેલ તરફ દોડી રહી હતી. મમ્મી કુતૂહલપૂર્વક શહેરની સડકો જોયા કરતી હતી. આ શહેર વિશે એણે ઘણું-ઘણું સાંભળ્યું હતું : કોઈ એને 'છોટી કાશી' કહેતું, તો કોઈ વળી એની સરખામણી પૅરિસ જોડે કરતું. રાજવીઓએ એને રોનકદાર બનાવવામાં પાછું વાળીને જોયું નહોતું.

આખો હાલાર દૂઝતો હોય ત્યાં એનું પાટનગર સોનેરૂપે મઢાઈ જાય એમાં નવાઈ પણ શાની? રંગમતી અને નાગમતી પોતે ભલે શાપિત હશે પણ હાલારની આ પાટનગરી ઉપર તો એમના ચારે હાથ હતા : નહિતર સાવ છેવાડે પડેલી આ નગરી આવી રૂપનગરી લેખે ખીલી જ કઈ રીતે શકી હોત?

મમ્મીને નવું-નવું લાગતું હતું. આવડું મોટું શહેર, એમાં આવડી નાનકડી મારી તોરલ બિચારી ક્યાંય દટાઈ જશે! – અહીં એનું કોણ? ને ખરું પૂછો તો એને એકલીને પાંચ વરસની આ કેદ જ થઈ કહેવાય ને!

'તોરલ!' મમ્મી કંઈક કહેવા માગતી હતી. રિક્ષામાં બેઠી છે એ વાતનો ખ્યાલ આવતાંવેંત એ અટકી ગઈ. વાત અંદર ને અંદર ગળી ગઈ.

મોસમના પહેલા વરસાદે સડકોને ભીંજવી દીધી હતી. તોરલનું મન રિક્ષામાંથી કૂદકો મારીને છેક પાંચસો કિલોમીટર દૂર બેઠેલા એના 'જેસલ'ને જઈ આંબ્યું : ના, જાડેજા! તમારા વગર તોરલ નહિ જીવી શકે! દુનિયાને કહેવું હોય તે કહેવા દો. દોડ્યા આવો, પ્રિયતમ! તમારા વગર એક ઘડીય તોરલ ટકી શકશે નહિ...

મમ્મીની નજર એકાએક રોડસાઈડના કોઈ ગેસ્ટહાઉસ ઉપર પડી ગઈ ને એકાએક કશું યાદ આવી ગયું હોય એમ એ છળી મરી : 'તોરુ બેટા! ખૂબ સાચવીને રહેજે. શહેરમાં તો કોણ જાણે કેવીયે ભુતાવળ–'

તોરલને દયા આવી ગઈ હતી : 'મમ્મી, શું તુંય સાવ...! તારી છોકરી ભલભલી ભુતાવળોને ભૂ પાઈ દે એવી છે! એનો થોડોક તો વિશ્વાસ રાખ!'

ને મમ્મીની આંખો ચમકી ઊઠી હતી : 'સાચ્ચું કહેજે બેટા તોરલ! તું મમ્મીને દગો નહિ દે ને?'

તોરલના શરીરમાં કમકમાટી ફેલાઈ ગઈ હતી. એનાથી આંખો મીંચાઈ ગઈ હતી. કંપતા અવાજે એ આટલું જ બોલી શકી હતી : 'મમ્મીઈઈઈ...'

મમ્મીએ એને બાથમાં લઈ લીધી હતી.

– ને રિક્ષાવાળાએ કહ્યું હતું : 'બહેન, ત્રણ રૂપિયા આપો!'

રિક્ષા ક્યારે બંધ થઈ ગઈ એની તોરલને ખબર સુધ્ધાં નહોતી રહી.

એણે ઝટપટ પર્સમાંથી ત્રણ રૂપિયા કાઢ્યા.

– રિક્ષા પાછી વળી.

– સામે લેડીઝ હૉસ્ટેલનું ભવ્ય બિલ્ડિંગ એને આવકારી રહ્યું હતું.

લેડીઝ હૉસ્ટેલનો ગેટ ધકેલીને એણે અંદર પગ મૂક્યો ને એને લાગ્યું : તારુણ્યનો ઉંબરો

ઓળંગી ચૂકી છું.

એ ક્ષણ એને ઐતિહાસિક લાગી.

એકદમ આધુનિક સ્થાપત્ય. સુંદર સિચ્યુએશન. અફલાતૂન આયોજન. કોઈ ત્રણ-તારક હોટેલને ભુલાવી દે એવી મોહક હૉસ્ટેલ. એકદમ સુવિધાયુક્ત : મોસ્ટ કમ્ફર્ટેબલ! વૃક્ષો, વેલીઓ, ફુવારો... અરે, એવું તો ઘણુંબધું!

મમ્મી તો ખુશખુશાલ થઈ ગયેલી.

ચોકીદારે દોડીને સામાન ઊંચકી લીધો હતો : ‘આપ વિઝિટર્સ રૂમમાં બેસો. હું વૉર્ડન સાહેબને બોલાવી લાવું છું.’

તોરલ ઊભી રહી. મમ્મી સોફા ઉપર બેસી પડી. ચોકીદાર સામાન મૂકીને વૉર્ડનને બોલાવવા ચાલ્યો ગયો.

કુતૂહલભરી નજરે તોરલ લેડીઝ હૉસ્ટેલની દીવાલોને નિહાળી રહી હતી, ત્યાં એકદમ કોઈ પરિચિત પગરવ સંભળાયો : ‘અરે, તોરલ! તું?’

એ તૃપ્તિનો અવાજ હતો.

‘ઓહ, તૃપ્તિઈઈઈ....!’ તોરલે એને આલિંગનમાં લઈ લીધી : ‘ઓહ, સો લકી વી આર!’

એની ખુશીનો પાર નહોતો : ‘મમ્મી, મને મારી તૃપ્તિ મળી ગઈ – નાઉ યૂ ડોન્ટ વરી એટ્ ઑલ!’

મિનિટો લગી એ બેઉ સખીઓ એકમેકમાં લપેટાઈને ઊભી રહી.

3

તૃપ્તિ અમદાવાદના જાણીતા ડૉક્ટરની લાડકવાઈ દીકરી હતી. ડૉક્ટર ભગવાનમાં માનતા હતા. પોતાનું પહેલું બાળક દીકરી હોય, એવી એમની ઊંડી એષણા તૃપ્તિના જન્મથી પૂરી થઈ હતી. કન્યારત્ન કુંભરાશિમાં જન્મ્યું હતું. ડૉક્ટર દંપતીએ એનું નામ સંતૃપ્તિ પાડ્યું. સમય જતાં એ માત્ર તૃપ્તિના ટૂંકા નામે ઓળખાતી થઈ ગઈ.

તૃપ્તિ અને તોરલ અમદાવાદના સુપ્રસિદ્ધ કોચીંગ ક્લાસીસમાં સહાધ્યાયિનીઓ હતી. બેઉ આમ તો જુદી-જુદી શાળાઓમાં ભણેલી; પણ કોચીંગ ક્લાસીસની મૈત્રીગાંઠ એવી દૃઢ બનેલી કે જાણે બાળપણની પ્રીત!

બેઉ જણને એક જ કૉલેજમાં પ્રવેશ મળ્યો, એ પણ કેવો સુભગ યોગાનુયોગ!

બન્નેના આનંદનો પાર નહોતો.

વૅકેશન દરમિયાન તોરલે મમ્મી આગળ તૃપ્તિની ઘણી-ઘણી વાતો કરી હતી. તૃપ્તિની વાત એ એટલા ઉત્સાહથી કરતી કે ઘડીભર સાંભળનારને વહેમ જાય : આ છોકરી, છોકરીના નામે કોઈ છોકરાની તો વાત નથી કરતી ને!

તૃપ્તિ અને તોરલની જુગલજોડી જામી ગઈ. રૂમ નં. 39માં તોરલનો સામાન ગોઠવાઈ ગયો.

રૂમમાં દાખલ થતાંવેંત તોરલનું મન કૉળી ઊઠ્યું. રૂમ એકદમ છેવાડે હતી – ને ઝરૂખાની બરોબર સામે ઊભો-ઊભો પીપળો એની રાહ જોતો હતો.

એને એનો 'જેસલ' યાદ આવ્યો.

....अश्वत्थोऽहं वृक्षाणाम् ....એવો જાડેજે વાવ્યો રે પારસ પીપળો...!

ઓહ, મારા અશ્વત્થ! આખરે તું અહીં પણ આવી પહોંચ્યો કે!

તોરલ એકીટશે તાકી રહી હતી.

મમ્મીને રૂમ ગમી ગઈ હતી. એણે તો તોરલની પથારીમાં લાંબી જ તાણી દીધી. તોરલે આવેશમાં આવી જઈને એના ખુલ્લા થઈ ગયેલા ઉદરપ્રદેશને ચૂમી લીધો. મમ્મીને ગલીપચી થઈ એટલે એણે પાસું મરડી દીધું. તોરલનું સુંવાળું મુખ પોતાના પુષ્ટ ઉરોજો વચ્ચે દબાવીને એણે પાલવ વડે ઢાંકી દીધું.

એ સુભગ દૃશ્ય જોઈને તૃપ્તિને તસવીર ખેંચી લેવાનું મન થઈ આવ્યું. ચપોચપ એણે ક્યારે કૅમેરાની ચાંપ દબાવી, એની મા-દીકરીને ખબર સુધ્ધાં ન રહી!

'મમ્મી, તમને બેઉને મેં કૅમેરામાં કેદ કરી દીધાં છે!'

તૃપ્તિના આનંદનો પાર નહોતો.

'હાય, હાય!' કરતી મમ્મી સફાળી બેઠી થઈ ગઈ હતી :

'તારે જરા ઇશારો તો કરવો'તો! તોરુડીને શરમ નહિ આવે એનો આવો ફોટો જોઈને?'

'શાની શરમ? મમ્મી, હું નાની હતી ત્યારે તું મને ધી-ધી કરાવતી એમ –'

'ગાંડી, થોડું બોલ! હવે તું મોટી થઈ ગઈ! કૉલેજિયન; મેડિકલ સ્ટુડન્ટ!'

'એમાં શું થઈ ગયું? કૉલેજમાં જઉં ત્યારે કૉલેજિયન; મમ્મી, તારી સોડમાં સૂતી હોઉં ત્યારે તો તારી તોરુ જ ને!'

મમ્મીએ તોરલને છાતી સરસી દાબીને ચૂમીઓથી નવડાવી મૂકી હતી. મા-દીકરીના વહાલમાં ભાગ પડાવવા તૃપ્તિ પણ નજીક ધસી આવી હતી, એક જ કૉટમાં ત્રણે જણ એકમેકને લપેટાઈને એવાં બાઝી પડ્યાં હતાં...

ચોથું કોઈ હાજર હોત તો એ ત્રણને કૅમેરામાં કેદ કરવાનું જરીય ન ચૂકત.

*

મમ્મી એકાંત શોધતી હતી. તોરલને ઘણી-ઘણી શિખામણ આપવી હતી. તૃપ્તિ થોડીક આઘીપાછી થાય કે તરત મમ્મી શરૂ થઈ જતી : ‘બેટા, હજી તું નાદાન છે! દુનિયાની હવા તને લાગી નથી... આપણે ઘણાં આબરૂદાર માણસ છીએ, તોરલ! ખૂબ ધ્યાન રાખીને ચાલવું પડે. ફૂંકી-ફૂંકીને પગ મૂકવો પડે! જમાનો સારો નથી રહ્યો હવે...’

તોરલ રજેરજ સમજતી હતી. મમ્મીની અકળામણનો અર્થ એ જાણતી હતી. એને ઘણી વાર થઈ આવતું કે મમ્મીને પોતાના વિષે અને પ્રોફેસર જાડેજા વિષે જે ગેરસમજ ઊભી થઈ છે, એની દિલ ખોલીને સ્પષ્ટતા કરી લેવી જોઈએ... પણ થોડાક વિચાર પછી એ પોતાની જાતને પટાવી લેતી. એ જાણતી હતી : મમ્મીને કોઈ પણ રીતે સમજાવી શકાય એમ નહોતી. પ્રોફેસર વિષેની ગ્રંથિ, એના મગજમાંથી પોતે તો શું, ખુદ ભગવાન ઉપરથી નીચે ઊતરે તોય દૂર થઈ શકે એમ નહોતી. મમ્મી તોરલના પ્રોફેસર સાથેના સંબંધો પરત્વે ઘણી દુઃખી હતી; અને તોરલ મમ્મી સામે તર્ક-વિતર્કમાં ઊતરીને એને વધુ દુઃખ પહોંચાડવા નહોતી ઇચ્છતી. એની દ્વિધા એ પોતે જ વેઠ્યા કરશે – મમ્મીને તો હવે નહિ જ પજવે, હરગિજ નહિ!

મમ્મીને કુદરતે ઓછી નથી પજવી. પાંચ વરસ પહેલાં એના બાપુજી ગુજરી ગયા. વૃદ્ધ માતાની સેવા માટે મમ્મીએ એક પગ પિયરમાં ને એક પગ સાસરીમાં રાખીને ગાડું ગબડાવ્યે રાખ્યું. હજી છ મહિના ઉપર જ પપ્પાને બ્રેઈન હેમરેજ થઈ ગયું : એ તો મમ્મીનાં નસીબ કે ઑપરેશન કરીને લોહીનો ગઠ્ઠો કાઢી શકાયો. પપ્પા બચી ગયા ખરા, પણ કાયમને માટે અપંગ બની ગયા.’ સ્પીચ ઘણી મોડી પાછી ફરી. જોકે તો ય સાવ તોતડું, અડધુંપડધું જ બોલી શકે છે. ઈશ્વરની મહેરબાની કે એ જીવતા રહ્યા... સિત્તેરએંશી હજાર ખર્ચતાંય મમ્મીનો ચૂડલો તો સચવાયો!

પપ્પા.... મમ્મી.... અને તોરલ! એમના બાગનું નાજુક નમણું બુલબુલ! સ્વાભાવિક છે કે દીકરી પોતાના કહ્યામાં રહે એવું એ બેઉ જણ ઇચ્છે! એમનો અધિકાર છે – એકની એક દીકરી પાસે એનાં મા-બાપ એટલી અપેક્ષાયે ન રાખી શકે?

કેવાં-કેવાં સ્વપ્ન રચ્યાં હશે એ બેઉએ એમની લાડકડી દીકરીને નામે! તોરલને એ સ્વપ્નોના ભુક્કા બોલાવવાનો હક્ક ખરો? કોઈ જવાબ નહોતો – એ સવાલ સામે ટકી શકે એવો.

‘તોરલ!’ તોરલ એની જાત સાથે વાત કરવા લાગતી : તને શું થઈ ગયું છે? તેં શું કરવા ધાર્યું છે? મમ્મી કદાપિ તને માફ કરી શકવાની નથી. સગી નજરે એણે તને પ્રોફેસરના ખોળામાં સૂતેલી જોઈ છે. તારી નોટબુકોમાં એને ઉદ્દેશીને લખેલી શાયરીઓ એ વાંચી ગઈ છે. ને પ્રોફેસર તારી પાછળ ચરસના નશામાં આંટાફેરા કરતો હતો એ ય એની જાણ બહાર નથી. તને એક વાર એ સ્કૂટર પર બેસાડીને –

તોરલ એકદમ ચમકી. મમ્મી કોણ જાણે ક્યારનીય એકીટશે એની તરફ તાકી રહી હતી. એ જાણે કશુંક વાંચી રહી હતી... શું વાંચી રહી હશે એ? જવાબ સ્પષ્ટ હતો : તોરલનું મન!

તોરલે કૃત્રિમ સ્વસ્થતા ધારણ કરીને પૂછ્યું, ‘મમ્મી, આમ ટગર-ટગર તાકી રહી છે... શું યાદ આવ્યું તને?’

મમ્મીની આંખમાંથી ખર...ખર બે આંસુ સરી પડ્યાં : ‘કશું નહિ, બેટા! તું તારે તારું લેસન કર!’

‘ઓહ, મમ્મી!’ તોરલ એને બાઝી પડી : ‘તું રડે છે! તને તારી તોરલના સમ! તારે કંઈક કહેવું છે પણ કહી શકતી નથી!’

તોરલ ઉદાસ થઈ ગઈ.

મમ્મીએ કહ્યું : 'તોરુ બેટા, મને એમ થયું કે તારે એક ભાઈ હોત તો કેટલું સારું! પપ્પાને પણ અત્યારે કેટલી નિરાંત હોત!'

તોરલ મમ્મીની વેદના સમજી શકી : આખરે એ બિચારી એક સામાન્ય ભારતીય સ્ત્રી છે; વીસમી સદી પૂરી થશે તો ય ભારતીય સમાજમાં પુત્રનું મહત્ત્વ તો રહેવાનું જ!

એણે એને આશ્વાસન આપ્યું : 'મમ્મી, મને તું દીકરો જ ગણી લે ને! તું કહેતી હો તો હવેથી રોજ હું પેન્ટ-શર્ટ જ પહેરવાનું રાખીશ! આમેય તાકાત તો મારામાં છોકરાઓ કરતાંય વધારે છે!' તોરલને યાદ આવ્યું : તે સાંજે ગલતેશ્વરના ઢાળ પર પ્રોફેસર સ્કૂટર સ્ટાર્ટ કરી રહ્યા હતા. પોતે કેરિયર એટલું જોશથી ખેંચી રાખેલું કે પ્રોફેસર ઘણું મથ્યા છતાં સ્કૂટર એક તસુ જેટલુંય નહોતું ચસકી શક્યું! એમણે પાછું વાળીને જોયું ને એકદમ બોલી ઊઠેલા : 'પહેલવાન, હવે બસ કર! છાનીમાની પિલિયન પર બેસી જા – તારી તાકાતનું પ્રદર્શન કર્યા વિના!'

એ સ્મરણ તોરલને મીઠું દર્દ જગાડતું ગયું.

– ને આ તરફ મમ્મીએ કહ્યું : 'બેટા, તને દીકરો ગણીને જ ઉછેરી છે ને! તને કદી ઓછું આવવા દીધું છે કોઈ પણ વાતે?'

મમ્મીનું મન થોડુંક હળવું થયું. એના ચહેરા પર સ્મિત ડોકાયું : 'તને ખબર છે? તું મને જીવથીય વધારે વહાલી છે.'

– એક માને દીકરી આગળ આવું કહી બતાવવું પડે એ ય ઓછી કરુણતા છે? તોરલને થયું : આ પિસ્તાળીસ-પચ્ચાસની વયે પહોંચેલી પ્રૌઢા બિચારી એના મનમાં કેટકેટલું સંઘરીને જીવે છે! એણે જોયું : મમ્મીના પોણા ભાગના કેશ સફેદ થઈ ગયા હતા. એના ગોરાગોરા ચહેરા પર ઉંમરના ચાસ પડી ગયા હતા. એનાં અંગ શિથિલ થઈ ગયાં હતાં. અને શરીર પર મેદના થર બાઝી ગયા હતા – જોકે એમ છતાં એ એની ઉંમરની અન્ય સ્ત્રીઓ જેટલી બેડોળ નહોતી દેખાતી. જોનારને હજીય જોવી ગમે એવી એની 'ફિગર' હતી...

ને તોરલે બીજી જ પળે વિચાર્યું : હું પણ એની ઉંમરે તો કદાચ....

એનું મન બળવો કરી બેઠું : 'ઓહ! નો! નેવર! નેવર! મારા જેસલને તો મારું આજનું રૂપ કાયમી રહે એ ગમે! મને એ પ્રૌઢ સ્વરૂપમાં કલ્પી સુધ્ધાં ન શકે!'

મમ્મીએ વારંવાર એને એક જ વાત કહ્યા કરી : તોરલ, એ બહુ ખરાબ માણસ છે! અમદાવાદ આખામાં એની કોઈ વેલ્યૂ નથી. એણે કોણ જાણે અત્યાર લગી કેટકેટલી કુંવારી છોકરીઓનાં શિયળ લૂંટ્યાં હશે! એની આખા અમદાવાદમાં બૂમ છે..! તને ખબર છે – એણે કશું કહેતાં કશું બાકી નથી રાખ્યું. એ દારૂ પીએ છે, ગાંજો પીએ છે, ને હવે તો સાંભળ્યું છે... ચરસ પર ચડ્યો છે. કૉલેજનું મંડળ પણ એનાથી ત્રાસ પોકારી ગયું છે. મૂળ ગુંડા ટોળકીનો માણસ એટલે એને કોઈ કશું કહી શકતું નથી. તને ખબર નહીં હોય – એ લાઇસન્સ વગરની રિવોલ્વર પણ રાખે છે...!

મમ્મીને કઈ રીતે સમજાવવી કે મમ્મી, એ ગમે તેવો હશે તો ય મારો પ્રિયતમ છે... તોરલનો એ જેસલ જાડેજો છે. દુનિયા આખીને મન એ બહારવટિયો હશે, લૂંટારો હશે; પણ તોરલને મન તો...

તોરલ ચૂપ થઈ જતી. મમ્મીને બોલવા દેતી.

'તોરલ, મને પાકે પાયે વહેમ છે – એ તારો પીછો નહિ છોડે... એ અહીં સુધી આવશે. તું એને દાદ ન આપતી! મને બહુ બીક લાગે છે, બેટા! ગઈ અગિયારશને દિવસે પેલાં અંબાબહેન આવેલાં એ શું કહેતાં'તાં કહું? કહે : જોજો એનો વિશ્વાસ કરતાં! ક્યાંક એકની એક છોકરીને ખોઈ બેસશો! હું તો કહું છું – છોકરીને આગળ ભણાવવાનો વિચાર જ પડતો મૂકો! એ ગુંડો એની પાછળ પડી જશે તો બિચારી છોકરીને ફોસલાવીપટાવીને ક્યાંક લઈ જશે ને એની

આબરૂ લૂંટીને એને મારી નાંખશે. મારીને ક્યાંય ગટરમાં ફેંકી દેશે! છાપામાં નથી વાંચતાં? – કેવા કેવા કમકમાટીભર્યા કિસ્સા આવે છે હમણાં હમણાંથી!'

તોરલ બિચારી શું બોલે? એના ચહેરા ઉપર વિષાદ છવાઈ જતો. એને જમવાનું ન ભાવતું. આવા અવિશ્વાસભર્યા વાતાવરણમાં જીવવું એ કરતાં તો ઝેર પીને મરી જવું સારું – એવા એવા વિચારો આવવા લાગતા. મોસમના પહેલા વરસાદનાં ઝાપટાંની જેમ એનો મૂડ બદલાતો રહેતો. ઘડીક એને નવા વાતાવરણના આહ્લાદનો રોમાંચ થતો ને બીજી જ પળે મમ્મીના વહેમીલા માનસનો કોઈ જ ઇલાજ પોતાની પાસે નથી એ હકીકતનો અહેસાસ થતાં મન ગ્લાનિથી ભરાઈ જતું,. હા, તૃપ્તિની હાજરી હોય ત્યાં લગી એને જરૂર થોડીક શાતા રહેતી. તૃપ્તિ આગળ એ કશું કહેતી નહિ : અંદરની વેદનાને અંદર ને અંદર ઢબૂરી રાખતી. મમ્મી પણ તૃપ્તિની હાજરીમાં તો સારી સારી અને આનંદદાયક વાતો કર્યા કરતી. ખાસ કરીને પૌષ્ટિક આહાર લેવા અંગેનાં સૂચનો કર્યા કરતી. કરકસરપૂર્વક રહેવાનું અને છોકરાઓ જોડે સિનેમા જોવા નહિ જવાનું પણ સૂચવતી.

જોતજોતામાં મમ્મીને એકાદ અઠવાડિયું થઈ ગયું. એણે જવાની તૈયારી કરવા માંડી. પપ્પાની એને ઘણી ચિંતા રહેતી. રોજ એમને સંભારી સંભારીને દુઃખી થતી. આખરે એ નીકળી ત્યારે તોરલને અગાશીમાં લઈ જઈને એણે કહ્યું : 'તોરલ, પરણ્યા પછી દસ વરસ લગી મેં પેટ નહોતું માંડ્યું, મેં અંબેમાની બાધા રાખી હતી. તારા પપ્પાને તો છોકરાં વગર ચાલે, પણ મારે કોક 'મમ્મી' કહેનારું જોઈતું હતું! તોરલ, તું અંબેમાની આપેલી છે! તું જોગમાયાનો અંશ છે! તારા વિશે જેવી-તેવી વાતો થાય એ મને ન જીરવાય, સમજી? હું જઉં છું : પણ મારા સમ ખાઈને કહે – કે તું એને કદાપિ કાગળ નહિ લખે! એના હજાર કાગળ આવે ને, તો યે તારે એકેયનો જવાબ નહિ આપવાનો! ને એ તને મળવા આવે તો તારા રૅક્ટરને કહી દેવાનું કે હું આ માણસને ઓળખતી સુધ્ધાં નથી ને છતાં મારું નામ લઈ લઈને ચાલ્યો આવે છે! એનું અપમાન થશે એટલે આફૂડો સીધો થઈ જશે!'

તોરલના હૈયાને પૂછ્યે ખબર હતી. મમ્મીના દુઃખનો પાર નહોતો. ને બસનો ટાઇમ થઈ ગયો હતો.

એક આશાભર્યા સૂરે મમ્મીએ પૂછ્યું : 'બોલ, ખાય છે ને મારા સમ? મને ખાતરી છે કે તું મારા સમ પાળીશ!

'તારા સમ, બસ!'

– તોરલ માંડ એટલું જ બોલી શકી. પછી એની આંખો ઢળી ગઈ.

4

મમ્મી ગઈ ને તોરલને કોઈના સુંવાળા સહચારની તલપ જાગી ઊઠી.

ઘરે હતી ત્યારેય એને કંઈ મળી તો નહોતું જ શકાતું. હા, આવતાંજતાં નજર જરૂર મળી જતી. નજરનું મિલન પણ ઓછું સુખદ નહોતું. ઘણીબધી તૃપ્તિ થઈ જતી – માત્ર આંખોના ઇશારાથી જ.

અત્યારે તો હવે વચ્ચે પાંચસો કિલોમીટરનું અંતર હતું. એનાં ચરણોની બેડીઓ છૂટી ગઈ હતી, પણ ચરણોના સીમાડા પારના પ્રદેશમાં એ રહેતો હતો.

લેડીઝ હૉસ્ટેલની ક્ષિતિજો ઘણી ઢૂકડી હતી. તોરલની નજર એ ક્ષિતિજોને ટકરાઈ ટકરાઈને પાછી વળી જતી હતી.

એને અહીં પહોંચ્યે પખવાડિયું થવા આવ્યું હતું. તોરલનો જીવ બેચેન હતો.

એ નોટબુકનાં પાનાં ફેરવવા લાગી. મમ્મી હતી તો ય છુપાઈ છુપાઈને એણે દસ-વીસ પાનાં ચીતરી પાડ્યાં હતાં.

એને ઘણું મન થતું હતું એ પ્રણય નિવેદનો પોસ્ટ કરી દેવાનું. એક દિવસ એણે કવરમાં એ બીડ્યાંયે ખરાં. કવર ઉપર મરોડદાર અક્ષરોમાં સરનામું ચીતર્યું – પણ એટલેથી આગળ એ ન વધી શકી.

મમ્મીનો ચહેરો એને રહી રહીને યાદ આવતો હતો. જતાં-જતાં એ ગળગળા અવાજે કહી ગઈ'તી : 'તોરુ બેટા, મમ્મીનું આટલું વેણ રાખજે – રાખીશ ને?' એક માતા જ્યારે સજળ નેત્રે અને રૂંધાયેલા કંઠે એની લાડકવાયી દીકરી પાસે ભીખ માગવા માંડે ત્યારે સહૃદયી દીકરી શું એનું એટલુંય ન માને?

– પશ્ચિમની પુત્રી કદાચ ન માને, પણ તોરલ તો... ને એનો જીવ ઘમસાણે ચડ્યો : ચાલ મમ્મી, તારું વેણ રાખ્યું! એને હું પોસ્ટ નહિ કરું... લખી લખીને મૂકી રાખું, જાતે ને જાતે એ વાંચતો હોય એવી મુગ્ધતાથી વાંચ્યા કરું, એમાં તો વાંધો નથી ને તને? મમ્મી, પ્લીઝ! એટલી ઉદાર બન. એટલું તો તારે ચલવી જ લેવું પડશે. હું રોજેરોજ એને ઉદ્દેશી ઉદ્દેશીને લાંબાલચ્ચ પ્રેમપત્રો લખ્યા કરીશ. પણ તારા સમ, એકેય પત્ર એને પોસ્ટ નહિ કરું. હું લખું છતાં એને પહોંચે નહિ, એટલે એ તો ન લખ્યા બરાબર જ થયું ને, મમ્મી! એ ઓછો ત્રિકાળદર્શી હતો કે એને ખબર પડી જવાની હતી કે – મારી તોરુડી ભલે પોસ્ટ ન કરતી હોય પણ મને લખ્યા વગર તો રહે જ નહિ!

તોરલ લખતી જ રહી, લખતી જ રહી, લખતી જ રહી. આંસુભીના અક્ષરો લખી લખીને એ પરબીડિયામાં બીડતી ચાલી. કલાકો લગી ઘૂંટી ઘૂંટીને એના જેસલના નામનાં સરનામાં કરતી રહી, ને પછી દિલ ઉપર પથ્થર મૂકી-મૂકીને એ પરબીડિયાં એના લૉકરમાં સરકાવતી રહી...

*

એક વાર એણે લખ્યું હતું :

તારા વગરનું અસ્તિત્વ મને કબૂલ નથી. આકાશને સૂર્ય વિના ચાલ્યું છે કે ચાલશે? જેસલ, તારી પૂજા કરું છું. દુનિયા તને ગમે તેવો ગણતી હશે, પણ મારે મન તો તું મારો દેવ છે. મને ખબર છે કે મારો વલોપાત તારા સુધી પહોંચી શકવાનો નથી : વચ્ચે મારી માતાએ મેખ મારી દીધી છે, અને છતાં હું લખું છું. મને શ્રદ્ધા છે કે તને મારા અંતરમાં ઊઠતા તરંગો અગોચર અવકાશ ભેદીને ય સ્પર્શશે, તું જ્યાં બેઠો હોઈશ, ત્યાં તારા માનસમાં એક ભીનો સળવળાટ, એક નાજુક-હળવું સ્પંદન જાગશે; અને મારો પત્ર તને પહોંચે કે ન પહોંચે છતાં તને

એ વાંચ્યાનો ધરવ વરતાશે...

લેડીઝ હૉસ્ટેલની રૂમ નં. 39માં હું તને અવ્યક્ત સ્વરૂપે અનુભવ્યા કરું છું. કોઈ-કોઈ વાર હું ઊંઘતી હોઉં છું ને મને લાગે છે – જાણે કોક મારી સોડમાં સૂતું છે. હું તને બાથ ભરવા જઉં છું ને આંખ ઊઘડી જાય છે...

આંખ એનો ધર્મ બજાવ્યા કરે છે. ત્યાં હતી ત્યારે છાનીછપની તને મોગરાનાં ફૂલ આપી જતી, અહીં તને આંસુની અંજલિ આપીને જંપી જઉં છું...

તું ફક્ત સ્વપ્નમાં જ આવે છે, એવું નથી. સવારે ઊઠીને બાથરૂમ ભણી જતી હોઉં છું ત્યાં કોક ધીમા પગલે મારો પીછો કરતું વરતાય છે. અંદરથી સ્ટૉપર બંધ કરું છું ને કોક બાથરૂમના બારણે હળવા, ફક્ત મને જ સંભળાય એવા ટકોરા મારે છે. કાનમાં કહેતું હોય એવા અવાજે કોઈ ટહુકે છે : ‘તોરુ, બારણું ખોલ! મારે તારી જોડે સ્નાન કરવું છે...’

– એવું એવું તો ઘણુંબધું...!

રોજ રાત પડતી ને તોરલ એની નોટબુક ઉઘાડીને બેસી જતી. કલમ સડસડાટ ઊપડતી. લાગણીઓનું મહાકાવ્ય રચાઈ જતું. એ ચૂપચાપ ટેબલ લૅમ્પના અજવાળામાં, રાતના ઘેરા સૂનકાર વચ્ચે પોતાનું જ લખેલું પ્રણયનિવેદન વાંચતી અને વાંચી વાંચીને ઘેલી બની જતી. કોઈ ઉત્તમ સર્જનાત્મક કૃતિ વાંચ્યા જેટલો એને ધરવ થતો. કોઈ-કોઈ વાર એને એ લખાણ એટલી હદે ગમી જતું કે પહેલી ઊંઘમાં નિરાંતે નસકોરાં બોલાવતી તૃપ્તિને ઢંઢોળીને જગાડી મૂકતી : ‘તૃપ્તિ, તૃપ્તિ, જો તો ખરી! – જો ને, આ કેટલું સરસ લખાયું છે!’

– ને તૃપ્તિ બિચારી આંખો ચોળતી-ચોળતી એના કૉન્ટેક્ટ લૅન્સ શોધવા લાગતી.

શરૂ-શરૂમાં તો તોરલ તૃપ્તિને કશું જ કહેતી નહોતી. પણ એ સંયમ લાંબો ન ટકી શક્યો. તોરલ અંદરથી અકળાતી હતી. પોતાની જાત સાથે વાત કરી કરીને કેટલી વાર કરવી? અને તૃપ્તિ કંઈ પારકી નહોતી. એ નિર્દોષ, નમણી બ્રાહ્મણકન્યા સમક્ષ હૈયું ખોલવામાં એને ઔચિત્ય વરતાતું.

તૃપ્તિએ એક મધરાતે એનું પ્રણયનિવેદન વાંચીને પૂછ્યું : ‘તોરલ, શું ખરેખર તારા વરનું નામ જેસલ છે?’ તૃપ્તિની આંખો તોરલનો ઉત્તર સાંભળવા કેટલી આતુર હતી! સખીની નિર્દોષ પૃચ્છાથી તોરલ હસી પડી : ‘ગાંડી, તું કેવું કેવું બોલે છે?’

‘વર’ શબ્દનો પ્રયોગ તોરલને ખૂબ જ ગમ્યો હતો – કદાચ એથી વધુ સારો શબ્દ એ પોતે પણ ન યોજી શકી હોત. છતાં એણે અંદરના ઉમળકાને દાબીને કહ્યું : ‘એ કંઈ મારા વર થોડા છે? – ને એમનું અસલી નામેય કંઈ જેસલ નથી.’

એક રીતે તોરલની વાત સાચી પણ હતી. જેસલ તો એણે જાતે ધારણ કરેલો ખિતાબ હતો. સામે તોરલ હતી ને, એટલે!

એનું અસલી નામ ગમે તે હો; તોરલને મન તો એ એનો જેસલ જ હતો... કોણ કોની બૂડતી બેડલીને બચાવી રહ્યું હતું, એ પણ તોરલને મન અપ્રસ્તુત હતું. હા, એટલું તો એ જરૂર નક્કી સમજી બેઠી હતી કે પોતાની જીવનનૈયા જેસલના મજબૂત હાથમાં સલામત હતી.

ને તોય હાય રે નસીબ! એને મળવાનું કે એની જોડે રહેવાનું તો બાજુએ રહ્યું : એને પત્ર સુધ્ધાં પાઠવવાની આકરી મનાઈ હતી...!

લખેલું લખાણ પરબીડિયામાં બંધ કરી દઈને તોરલે પરબીડિયા પર લખ્યું : Not to be posted.

થૂંક લગાડી લગાડીને એણે પરબીડિયું બીડી દીધું. સરનામાના અક્ષરો ક્યારે ભીના થઈને વાદળી ખાબોચિયામાં તરવા લાગ્યા, એનું એને ભાન સુધ્ધાં ન રહ્યું.

એને તીરછી નજરે તાકી રહેલી તૃપ્તિની આંખો પણ ભીંજાઈ ગઈ. તૃપ્તિનો નિસાસો

સાંભળ્યો, ને તોરલ ચમકી ઊઠી.

'અરે, તું આમ ઢીલી થઈ જાય એ ચાલે કે?' એણે કૃત્રિમ રીતે હસીને પૂછ્યું : 'તૃપ્તિ, ઘર યાદ આવી ગયું?'

'એવું જ કંઈક'... તૃપ્તિએ વાત વાળી લીધી : 'તોરલ, ઘર તો યાદ આવે જ ને!' ને પછી તોરલને ટપી જાય એવી કૃત્રિમતાથી એણે ખુલાસો કર્યો : મારા ઘરમાં એક બિલાડી વિયાણી હતી. એનાં બચ્ચાં મને ખૂબ ગમતાં. સુંદર-સુંદર, સોનેરી વાળ વાળાં એ બચ્ચાંને હું ચંગુ-મંગુ કહીને બોલાવતી. મંગુ તો બિચારું મરી ગયું, પણ ચંગુ જીવે છે. ચંગુ મારી છાતીએ વળગીને એવું તો વહાલ કરતું! મને એનું વહાલ યાદ આવી ગયું!

તોરલની આંખો છલકાઈ ગઈ : 'મને ય મારું લલ્લુ યાદ આવી ગયું! લલ્લુ કોણ છે, ખબર છે? વાંદરાનું બચ્ચું છે, વાંદરાનું! એટલું બધું ગમે છે મને! એ દરરોજ સવારસાંજ મારા ઘરની પછીતની બારીએ આવીને બેસતું, હું એની રુવાંટી પર હાથ ફેરવતી અને એને રોટલી ખવડાવતી. એને તો જાણે મારી સાથે પ્રેમ જ થઈ ગયેલો, તૃપ્તિ! મારા વગર રહી જ નહોતું શકતું. મેં એના કપાળમાં તિલક કરેલું! એક વાર તો એને વરમાળા પણ પહેરાવી દીધેલી!'

'વરમાળા?' તૃપ્તિને રોમાંચ થઈ આવ્યો.

'ફૂલોની માળા કહો કે વરમાળા – શો ફરક પડે છે? શિવજીના બસ્ટને પહેરાવવા આણેલી માળા મેં મારા લલ્લુને પહેરાવી દીધી! મને લલ્લુ બહુ યાદ આવે છે, તૃપ્તિ!'

તૃપ્તિને બાઝીને એ શાન્ત પડી ગઈ.

તૃપ્તિ એના વાંસા ઉપર હાથ ફેરવતી રહી. તોરલની આંખો વરસતી રહી. 'તોરલ!' તૃપ્તિએ એના કાનમાં કહેતી હોય એમ ધીમેથી કહ્યું : 'લલ્લુને એકાદ કાગળ તો લખ!'

'લખું તો છું! જોતી નથી, હમણાં તો લખીને બીડ્યો!'

'ઓહ!' તૃપ્તિથી ન ખમાયું : 'એ બિચારું કેટલી આતુરતાથી રાહ જોતું હશે! ને તું છે તે લખી લખીને ડ્રોઅરમાં મૂકી રાખે છે. તોરલ, તું આટલી ક્રૂર શી રીતે બની શકે છે?'

તોરલ પાસે તૃપ્તિના પ્રશ્નનો કોઈ જવાબ નહોતો અથવા એમ કહો કે એનું મૌન એ જ એનો જવાબ હતો.

લેડીઝ હૉસ્ટેલના વાતાવરણમાં તોરલ અને તૃપ્તિનું મૌન ગૂંગળાઈ રહ્યું.

પૂર્વ દિશાની આષાઢી લહરીને એણે પૂછ્યું : છે કોઈ સંદેશ?

લહરી શરમાઈને સરકી ગઈ. તોરલ નિરાશ થઈ ગઈ. ડળક-ડળક આંસુ ટપકી પડ્યાં.

ને પેલી વાદળીથી એનું દુઃખ જોયું ન ગયું; એટલેસ્તો એ ય વરસી પડી, ઝરમર-ધારે.

તોરલ ઝરૂખાની જાળીના સળિયા પકડીને ઊભી રહી, છેક એનો ગાઉન ભીંજાઈ રહ્યો ત્યાં લગી. પછી ભીની ને ભીની એ તૃપ્તિને વળગી પડી : 'ઓહ, તૃપ્તિ...!'

ક્યારે ઊંઘ આવી ગઈ એની એને ખબર સુધ્ધાં ન રહી.

*

બીજે દિવસે રિસેસમાં જમવા માટે હૉસ્ટેલ પર આવી ત્યારે રૂમ ઊઘડતાંવેંત એને એક કવર મળ્યું.

અક્ષરો જોઈને એ નાચી ઊઠી. એના રોમેરોમમાં વીજળી દોડી ગઈ. ઓહ, આખરે તું આવ્યો ખરો, જેસલ! તારી તોરલ તને મેઘની જેમ ઝંખતી હતી – ખબર છે તને?

એકદમ આંખો મીંચીને એ સ્મરણોમાં ખોવાઈ ગઈ. પત્રને છાતી સરસો દાબીને એ ક્યાંય સુધી ઊંડા-ઊંડા શ્વાસ ભરતી ઊભી રહી. તૃપ્તિએ પાછળથી આવીને ક્યારે આંખો દાબી દીધી એનીય એને ખબર ન રહી.

'ઓહ, તૃપ્તિ...!' એણે નશીલા અવાજે કહ્યું : બસ, આ ક્ષણે હું દુનિયાની સુખીમાં સુખી

છોકરી છું...! ખરેખર, તૃપ્તિ આઈ એમ ધ હૅપ્પીએસ્ટ ગર્લ ઓફ ધ વર્લ્ડ!

– તૃપ્તિએ એના હાથમાં કવર જોયું ને એ કૂદી પડી :

'– માય ગૉડ!'

ઝટપટ કવર ફોડીને એ તો વાંચવા જ મંડી પડી.

'અરે-અરે! પણ તું મને તો વાંચી લેવા દે પહેલી!'

– તોરલે ઝૂંટાઝૂંટ કરી મૂકી. પત્ર ફાટી ગયો.

'સૉરી, તોરલ! વૅરી વૅરી સૉરી! પ્લીઝ, મને માફ કર!'

– તૃપ્તિની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. એણે પત્રના ટુકડા જોડીને ભેગા ગોઠવવા માંડ્યા : 'મને માફ કરી દે, બહેન! મારી તોરલ, આજનો દિવસ કેટલો સરસ ઊગ્યો છે! લે ચાલ, જો આ આખેઆખો પત્ર તૈયાર થઈ ગયો. લે વાંચ, હવે!'

તોરલના ચહેરા ઉપર આવી ગયેલી ગમગીનીની વાદળી ખસી ગઈ : 'ઇટ્સ ઓલ રાઇટ, તૃપ્તિ! તેં જાણી જોઈને ઓછો ફાડ્યો છે?'

એણે ટેબલ ઉપર ગોઠવેલા પત્રને નીચા નમીને મનભર ચુંબન કર્યું. પત્રના ટુકડા જરા આઘાપાછા થઈ ગયા. તોરલને એમાં જેસલનો વિદીર્ણ ચહેરો દેખાવા લાગ્યો.

– એને ગ્લાનિ થઈ. છાતી ભરાઇ આવી.

– ટપ... ટપ... ટપ... કાગળમાં અશ્રુબિંદુ રેલાઇ રહ્યાં. 'મમ્મીઈઈઈ...' એનાથી રાડ નંખાઈ ગઈ.

તૃપ્તિએ એને ખોળામાં લઈ, પંખો ફાસ્ટ કર્યો.

5

રાત આખી તોરલે એનો જવાબ લખ્યા કર્યો.

પત્રના ટુકડા ફૅવિકોલથી સાંધીને એણે ટેબલ ગ્લાસની નીચે મઢી દીધા હતા.

એક-એક શબ્દ એણે સો-સો વાર વાંચી લીધો હતો. શક્ય એટલા તમામ સંદર્ભો એણે વિચારી લીધા હતા. અને જે જવાબ એ કદાપિ પોસ્ટ નહોતી કરવાની એ લખવા માટે રાત આખી એણે માથે કરી હતી. તૃપ્તિ એની પથારીમાં રહ્યે રહ્યે તોરલની લીલા નીહાળી રહી હતી. ગજબ છોકરી છે! પ્રેમ તો બધી છોકરીઓ કરતી હોય છે, પણ આણે તો તપ કર્યું છે તપ!

તોરલે બગાસું ખાધું ને તૃપ્તિથી બોલાઈ ગયું : 'પાણી આપું?'

'તું જાગે છે હજી?' તોરલ ચમકી.

'તને એમ લાગેલું કે હું ઊંઘી ગઈ હોઈશ, ખરું?'

તૃપ્તિ બેઠી થઈ : 'લેટર લખાઈ ગયો પૂરેપૂરો?'

'લખાઈ ગયો.' નિસાસા સાથે તોરલે કહ્યું : 'ને હવે થોડી મિનિટો પછી ડ્રોઅરમાંય મુકાઈ જશે!'

– એના ચહેરા ઉપર ગ્લાનિ તરી આવી.

'લે, પાણી પી લે.' તૃપ્તિએ એને પ્યાલો ધર્યો. તોરલે પાણી પીધું. થોડું વધ્યું તે તૃપ્તિએ પી લીધું. 'લાવ, જોઉં!' – તૃપ્તિએ પત્ર વાંચવા માગ્યો. તોરલને થોડોક સંકોચ થયો : 'ચાલ, હું જ તને વાંચી સંભળાવું!'

'ના તું અમુક ભાગ સેન્સર કરીને વાંચે એ ન ચાલે!'

તૃપ્તિએ સિફતથી પત્ર ઝૂંટવી લીધો. દોડીને એ બાથરૂમમાં ઘૂસી ગઈ. અંદરથી સ્ટૉપર મારીને પત્ર વાંચવા લાગી.

'લુચ્ચી!' તોરલનો અવાજ સંભળાયો.

માંડ લાગણીભીનું સંબોધન પૂરું વાંચી રહે એ પહેલાં તો બાથરૂમમાં અંધારું થઈ ગયું. તૃપ્તિને હવે ખ્યાલ આવ્યો કે પોતે બાથરૂમની અંદર છે પણ બાથરૂમની લાઇટની સ્વિચ તો બહાર છે! 'તોર...લ!' એણે પ્રેમથી ટહુકો કર્યો : 'પ્લી...ઝ! લાઇટ કર ને! આઈ વિલ બી ગ્રેટફુલ ટુ યૂ!'

તોરલ એમ કંઈ લાઇટ કરતી હશે?

આખરે તૃપ્તિએ વૅન્ટિલેટરના અજવાળામાં મહામહેનતે પત્ર વાંચ્યો.

– પોતે લાઇટ વગર પણ પોતાનો મનોરથ સિદ્ધ કરી શકી છે, એ દર્શાવવા એણે કેટલીક પંક્તિઓ મોટેથી વાંચવા માંડી :

પ્રિય,

('પ્રિય' સંબોધન એણે વારંવાર નાટકીય ઢબે દોહરાવ્યા કર્યું.)

– પત્ર સ્વરૂપે જાણે તું જ મળ્યો આજે સાંજની ટપાલમાં!

– મિલનાતુર ઝંખનાઓય હવે કેવાં-કેવાં સ્વરૂપ પકડવા માંડી છે! અંદર ને અંદર આખો દરિયો ખળભળે છે. સમજવા કોશિશ કરું છું છતાં સ્વપ્નોના અર્થ સમજાતા નથી. મીરાંની જેમ મને પણ દ્વારિકાધીશ રોજ રાતે સાનમાં બોલાવે છે. અહીંથી બે-અઢી કલાકના અંતરે સ્તો બિરાજે છે. જવાનું ઘણું મન થઈ આવે છે, પણ હું એકલી જવાની નથી. તું આવે તો જ જઈશું : આપણે ત્રણે જણ – તું, હું ને તૃપ્તિ!

(તૃપ્તિએ પોતાનો ઉલ્લેખ થયેલો જોઈને ખૂબ પ્રસન્નતા અનુભવી : 'અરે વાહ, ક્યા બાત હૈ! જરૂર, તોરલ, જરૂર જઈશું!)

તમે – નહીં, તું, તું, તું જ – તું મને ખૂબ જ યાદ આવે છે. પ્રિય, તારી આંખોના વિશાળ ગગનમાં મને ફક્ત એક પંખી જ બની જવા દે. તારી હૂંફાળી ગોદમાં સમાવી લે મને... તારી શિરાઓમાં ધસમસતા રુધિરમાં ઓગાળી દેવા દે – મારા સમગ્ર સ્વ-ને.

આવ, પ્રિય! હૃદયના શત શત દીવડે તારી આરતી ઉતારવી છે...

તારી અને ફક્ત તારી જ
– તોરલ.

તૃપ્તિ બંધ બાથરૂમમાં કૂદકા મારવા મંડી. એના રોમાંચનો કોઈ પાર નહોતો. એણે પત્ર વાળીને કવરમાં બંધ કરી દીધો. કવરની એક તરફ તોરલે એના નાયકનું સરનામું કર્યું હતું; ને બીજી તરફ ભારે હૈયે લખ્યું હતું :

Not to be posted.

– બહાર તોરલની વિમાસણનો પાર નહોતો. રહી રહીને એ બાથરૂમનો દરવાજો ઠોકતી હતી : 'તૃપ્તિ! પ્લી...ઝ! ખોલ જોઉં!'

તૃપ્તિએ વગર લાઇટે પણ પોતાનો પત્ર પૂરી અદાકારી સાથે વાંચી લીધો એટલે તોરલનો હાર સ્વીકાર્યે જ છૂટકો હતો. એને અંદરથી તો તૃપ્તિનું આ વર્તન ખૂબ જ ગમ્યું હતું : ઘણુંબધું કહેવું હતું તૃપ્તિને... કારણ કે અંદર સંઘરેલું કોઈની આગળ તો ઠાલવ્યે જ છૂટકો હતો... ને તૃપ્તિથી વધુ યોગ્ય પાત્ર બીજું એને મળવાનું ય ક્યાં હતું?

'તૃપ્તિ, હવે તો તૃપ્ત થઈ ને? આજે નહિ તો કોક દિવસ તો હું તને બધું કહેવાની જ હતી. ચાલ, તેં જાતે જ તારો હક્ક ઝૂંટવી લીધો એ સારું કર્યું.' તોરલે તૃપ્તિનો હાથ ચૂમી લીધો.

તૃપ્તિના ચહેરા પર ઉદાસીનતાનું આવરણ હતું.

'તૃપ્તિ, તું બોલતી કેમ નથી? તને ખોટું લાગી ગયું? મેં લાઇટ બંધ કરી એથી?'

તૃપ્તિએ રડમસ અવાજે કહ્યું : 'તોરલ, મને માફ કરીશ?' તોરલને એનું વર્તન સમજાયું નહિ : 'એમાં તે તેં એવો કયો ગુનો કરી દીધો છે કે મારે તને માફ કરવી પડે? ગાંડી, ઘડીક પહેલાં તો કૂદાકૂદ કરી રહી હતી, ને એટલીવારમાં ઢીલીઢસ થઈ ગઈ? સાવ સેન્ટિમેન્ટલ છે, હોં!' થોડુંક અટકીને એણે કહ્યું : 'હવે તો મારો લેટર આપ!'

તૃપ્તિએ પડેલા મોંએ જવાબ આપ્યો : 'તોરલ, એની તો રામાયણ છે!' ને એક ઊંડો નિસાસો નાખીને ઉમેર્યું : 'લેટર વાંચ્યાનો આનંદ પણ લેટરની સાથે જ વહી ગયો!'

'લેટરની સાથે? પણ ક્યાં?' તોરલને સમજ ન પડી.

'અરે બાબા, કહું તો છું – તારે જે સજા કરવી હોય તે કર! મેં ઘણોય શોધ્યો પણ ટૉઇલેટના મરઘામાં પડી ગયેલો લેટર ઓછો હાથ આવવાનો હતો! સૉરી, તોરલ! આટલો ગુનો માફ કરી દે! રિયલી, આજ પછી આવી અવળચંડાઈ કદાપિ નહિ કરું, બસ!'

તોરલને ગ્લાનિ થઈ આવી. કેટલી ચીવટથી લખ્યો'તો એ પત્ર! ખેર, આમેય પોસ્ટ તો નહોતો જ કરવાનો ને! ડ્રોઅરમાં પડી રહેવાને બદલે એણે ગટરમાં સડી જવું વધારે શ્રેયસ્કર ગણ્યું! ઓહ...

એની આંખમાં પાણી ભરાઈ આવ્યાં.

'તોરુ, મને માફ નહિ કરી શકે ને તું?' – તૃપ્તિની આંખોમાંથી કાકલૂદી ટપકી રહી હતી.

તોરલે સ્વસ્થ થવા કોશિશ કરી. આંસુ લૂછીને એ હસી : 'અરે, હોય! તેં ઓછો જાણી જોઈને ફેંકી દીધો છે? ને આમેય એકવાર લખાઈ ગયા પછીનું એનું ભાવિ તો તું જાણતી જ હતી ને? એના અનેક સાથીઓ ભેળો એ પણ ડ્રોઅરના અંધારામાં જ પુરાઈ જવાનો હતો... ચાલ, કશો વાંધો નહિ!'

તૃપ્તિ એને વળગી પડી : 'તોરલ તું આમ ક્યાં લગી તારું પોતાનું ને પોતાનું કાળજું કરડ્યા

કરીશ? તોરલ, ચાલ, હું તારી જોડે બેસું છું : તું લખાવે એવું લખી લઉં, મમ્મીએ તને લેટર લખવાની મનાઈ ફરમાવી છે, કંઈ મારી ઉપર મનાઈ હુકમ લાગુ નથી પડતો. સમજી?'

તોરલને તૃપ્તિનો મુદ્દો વિચારવાલાયક લાગ્યો.

એ ગંભીર બની ગઈ : 'તારી વાત તો સાચી છે જાણે... પણ...'

'હવે પણ ને બણ. તોરલ, પ્રેમમાં પડેલાને વળી પણ શાનું ને બણ શાનું? ચાલ, ઊઠ. માંડ લખાવવા...! ને તારાથી ન લખાવી શકાતું હોય તો જેવું આવડે એવું હું જ લખી પાડું. મારી પાસે તારા જેવી ભાષા નથી પણ હિંમત તો છે!'

'શાબાશ!' તોરલે તૃપ્તિની હિંમતને બિરદાવી : 'તૃપ્તિ, તારી હિંમતને હું દાદ આપું છું.' પછી થોડુંક વિચારીને એણે ઉમેર્યું : 'પણ એમનો સ્વભાવ તું જાણે છે? પોતાના પત્રનો જવાબ રૂમપાર્ટનર પાસે લખાવ્યો – એ મુદ્દા ઉપર એ ચિડાઈ જશે તો? એ તો જબરા રિસામણા છે!'

'તો જાતે લખી દે ને, બાપલા! બે આંકડા પાડતાં તને શાની ચૂંક આવે છે?' તૃપ્તિએ ખિજાઈ જવાનો દેખાવ કર્યો.

'મમ્મીએ સમ ખવડાવ્યા છે ને, ખબર નથી?' તોરલે યાદ અપાવી.

તૃપ્તિ મૂંઝાઈ ગઈ.

એનો ચહેરો પડી ગયેલો જોયો ને તોરલને દયા આવી ગઈ. 'તૃપ્તિ, માય ડાર્લિંગ!' કહી એણે એને બાથમાં લઈ લીધી. એને બે-ચાર ચુંબન કરીને એણે કહ્યું : 'ચાલ, તું લખવા બેસી જા! મારી બહેન, આખી દુનિયાને રીસવ્યે ચાલશે, તારા વગર કંઈ ચાલવાનું છે? ચાલ, મૂડમાં આવી જા જોઉં!'

તૃપ્તિ મરક મરક મલકાઈ ઊઠી. કાગળ ને પેન લઈને તૈયાર થઈ ગઈ. તોરલ હોઠ ઉપર આંગળી અડકાડીને બેઠી હતી. ખાસ્સીવાર કંઈ સૂઝું નહિ એટલે એણે મુગ્ધભાવે પૂછ્યું : 'સંબોધન કેવું કરીશું'લી?'

'લે...! જાણે પહેલવહેલો પ્રેમપત્ર લખવા બેઠી હોય એમ મને પૂછવા લાગી છે!' તૃપ્તિએ ટોણો માર્યો : 'પ્રેમનો અનુભવ તને છે; મને ઓછો છે?'

'એમ કર. આજથી તું શરૂ થઈજા! મારે તો આમેય ઘણી કડાકૂટ છે!'

'મારીશ હોં! મને બહુ પજવવી નહિ. નહિતર જીજાજીને એવું લખી દઈશ ને કે –'

'તો લખી દે ને, મોટી લખવાવાળી થઈ ગઈ છો તે! મેં ક્યારે કાંડાં પકડી રાખ્યાં છે, મારી બાઈ?'

–ને તૃપ્તિએ છંછેડાઈને લખી પાડ્યું : 'પ્યારા, મીઠા જીજાજી!'

તોરલ તો એનું સંબોધન વાંચીને દંગ જ રહી ગઈ.

*

એકીસાથે બે પત્રો મળ્યા ત્યારે પ્રોફેસર જાડેજાની ખુશીનો પાર નહોતો. જાડેજાનું અસલી નામ તો જુદું હતું – પણ તોરલ એમને 'જેસલ' કહીને બોલાવતી. પ્રોફેસરને પણ એ ગમી ગયું હતું.

પ્રોફેસર જાડેજા સોહામણા યુવાન હતા. ગૌરવર્ણ, પ્રતાપી ભાલ, છટાદાર મૂછો. તોરલ એમને ત્યાં ટ્યુશને જતી. એ અંગ્રેજીના અધ્યાપક હતા. તોરલને અંગ્રેજી ઉપર કાબૂ મેળવવો હતો. પ્રોફેસર જાડેજાએ અત્યંત નિષ્ઠાપૂર્વક એને અંગ્રેજી શીખવ્યું હતું. તોરલે છ-એક માસના ગાળામાં એકીસાથે બબ્બે વિષયો પર જબ્બર કાબૂ જમાવી દીધો હતો. અંગ્રેજી ઉપર પણ, અને અંગ્રેજી શીખવનાર ઉપર પણ!

– ને જે ક્ષણે એણે અંગ્રેજી શીખવનાર પર કાબૂ જમાવ્યો, તે જ ક્ષણે એણે પ્રોફેસર જાડેજાનું નામ પાડ્યું હતું – જેસલ!

'તમે'માંથી 'તું' થઈ ગયેલા 'જેસલ જાડેજા'નું વેરાન જીવન તોરલના લીલછોયા પ્રવેશથી ભીનું ભીનું થઈ ઊઠ્યું હતું. ને વિધુર પ્રોફેસર જાડેજાના સુકાઈ ગયેલા મનઉપવનમાં તોરલ નામનો ટહુકો કૉળી ઊઠ્યો હતો.

'ઓહ, ડાર્લિંગ!' પ્રોફેસરે તોરલના પત્રને ચૂમી લીધો. એની સાથે જ આવેલો તૃપ્તિનો પત્ર પણ એમણે પ્રેમપૂર્વક પંપાળ્યો.

પોતાના પત્રનો આટલો ત્વરિત ઉત્તર મળતાં એ ખૂબ જ ખુશ થઈ ગયા હતા.

તોરલની ભાષા ઉપર એ આફરીન પોકારી ગયા : 'મારવેલસ! તોરલ, આ પત્ર નથી, કવિતા છે કવિતા! ઓહ યૂ પોએટેસ!' પત્ર વાંચીને એ નાચી ઊઠ્યા : 'તોરલ, મારી કોયલ! આઈ વિલ સેલિબ્રેટ યૉર લેટર! હું આજે તારી અનુપસ્થિતિમાં તને માણીશ – રાતભર માણીશ...! તારા પત્રના શબ્દેશબ્દનું અમૃત નીચોવી નીચોવીને તને સાંગોપાંગ અનુભવીશ; – અનુભવીશ એટલે?

– ખરા અર્થમાં તને ભોગવીશ! તોરુ પ્યારી, તું હજી નાની છે; તું મારી વાતનો અર્થ નહિ સમજી શકે. સ્ત્રીને એની ગેરહાજરીમાં પણ ભોગવી શકાય છે, તોરલ! ખરેખર!!'

પ્રોફેસરે બ્રિસ્ટોલમાંથી તમાકુ ખેરવી લીધી. બ્રિસ્ટોલમાં ચરસ ભરીને ચેતાવી. બે-ત્રણ કશ ખેંચ્યા ને રંગમાં આવી ગયા : 'ચરસ સૌથી સરસ!' એ બબડ્યા : 'તોરલ, ઓહ, આઈ ફીલ યૂ વૅરી ક્લોઝ ટુ મી. તું અહીં જ છે – મારી ત્વચાથી બહુ જ નજીક. ને સાંભળે છે? ત્વચા જ્યારે ત્વચા સાથે ઘસાય છે ને, – આઈ મીન, વ્હેન સ્કિન રબ્સ ધ સ્કિન, વ્હૉટ કમ્સ આઉટ ઈઝ રિયલી વન્ડરફુલ! ઇટ્સ બિયોન્ડ ઍની ડિસ્ક્રિપ્શન, માય ચાઇલ્ડ!

પ્રોફેસર જુદી જ દુનિયામાં સરી ગયા હતા.

એ દુનિયામાં કોઈ દુઃખ જેવી ચીજની હસ્તી જ નહોતી; એ દુનિયા બેહોશીની દુનિયા હતી, મદહોશીની દુનિયા હતી.

બંધ બારણે પ્રોફેસર ખુલ્લા આકાશની સફર માણી રહ્યા હતા.

ચરસની અસર જામતી ગઈ તેમ પ્રોફેસરનું મન ઊઘડતું ગયું.

– વર્ષો પહેલાં કોઈ મુસ્લિમ દોસ્તની સોબતમાં એ કામિલસાહેબની મઝારે જઈ ચડ્યા હતા. મઝાર ઉપરનું લખાણ વાંચીને એ ઝૂમી ઊઠ્યા હતા.

મઝારમાં સૂતેલો શાયર બોલી ઊઠ્યો :

'જબ મૈં છુપ જાઊંગા નિગાહોં સે
લોગ મેરે અસર કો જાનેંગે;
જાને કિતને હસીં જેવારુ
મેરે કૂચે કી ખાક છાનેંગે...'

પ્રોફેસર 'માશા અલ્લાહ! માશા અલ્લાહ!' કરતા ઊભા થઈને નાચવા લાગ્યા.

રાતનું અંધારું હતું, પણ પ્રોફેસરને લાગ્યું : કોઈ અલૌકિક અજવાસ આખા ઓરડાને અજવાળી રહ્યો છે. એ એકલા હતા, પણ હવે કોક અદૃશ્ય હસ્તી એમને સ્પર્શી રહી હતી... બહુ જ મુલાયમ હતો એ સ્પર્શ... બહુ જ નાજુક... એકદમ કોમળ કોમળ!

'તોરલ!!!' પ્રોફેસર ઝૂમી ઊઠ્યા.

'તોરલ, મેરે કરીબ આઓ! ઔર ભી કરીબ, અભી ઔર થોડા-સા નજદીક... કેન યૂ ફીલ માય થ્રોબિંગ? જરા ગૌર સે સુનો : મુઝ મેં કામિલ સહાબ શામિલ હૈં... સુન રહી હો ના? સુનો, મેરી જાન!

હર-એક રંજ મેં રાહત હૈ આદમી કે લિયે;
પયામે મૌત ભી ઝિંદા હૈ જિંદગી કે લિયે!

મૈં સોચતા હું કિ દુનિયા કો ક્યા હુઆ યા રબ!
કિસી કે દિલ મેં મુહબ્બત નહીં કિસી કે લિયે!
કિસીને દાગ દિયે દોસ્તી કે દામન કો –
કિસીને જાન ગંવાઈ હૈ દોસ્તી કે લિયે!'

પ્રોફેસરનો અવાજ ઊઘડતો ચાલ્યો :

'ઉન્હીં કે શીશ – ઓ – દિલ ચૂર ચૂર હો કે રહે :
તડપ રહે હૈં જો અબ તક મેરી રેફી કે લિયે!'

અને છેલ્લા શેઅર આવે ત્યાં લગી તો પ્રોફેસર સાનભાન ગુમાવી ચૂક્યા હતા. એ પાગલની જેમ લવતા રહ્યા : 'તોરુ ડાર્લિંગ! આઈ લવ યૂ! આઇ લવ યૂ મોર ધેન ઍનીથિંગ એલ્સ ઑન ધિસ અર્થ...! ઓહ, સ્વીટી! તું ચાલી ગઈ, ને જાણે મારી જિંદગી ચાલી ગઈ...! તોરુ, હું ખરાબ નથી હોં! તું તો મને સારી રીતે જાણે છે... બલકે તું જ મને સાચી રીતે ઓળખે છે, પ્રિયે! નો બડી ઍક્સૅપ્ટ યૂ નોઝ મી : નો બડી; રિયલી, તોરલ! કદાચ તું ન મળી હોત ને, તો તારો જેસલ જાડેજો કોણ જાણે કેવાં પાતક કરી બેઠો હોત..! કદાચ એણે કોઈ નિર્દોષ માનવીના રક્તથી એના હાથ રંગી દીધા હોત; કદાચ એણે નમણી નાગરવેલ સરખી તરુણીઓનાં તારુણ્ય રોળી નાખ્યાં હોત...

– પણ તોરલ, એને તું મળી ને, ત્યારનો એની અંદર સૂતેલો માનવી જાગી ઊઠ્યો : શયતાન ભાગી નીકળ્યો.... દુનિયા સાથે મારે શી મતલબ, તોરલ? મારે તો તારી સાથે ફક્ત તારી સાથે – ફક્ત અને ફક્ત તારી સાથે મતલબ છે...

– ગઝલ અધૂરી રહી ગઈ, ખરું? ઓહ, સૉરી? જો સાંભળ – જરા ધ્યાન દઈને સાંભળજે. કામિલ સહાબ ક્યા ફરમાતે હૈં –

હમારે બાદ અંધેરા રહેગા મહેફિલ મેં
બહોત ચિરાગ જલાઓગે રોશની કે લિયે;
ચમન ભી કહેતા થા મુઝસે કભી કભી 'કામિલ'
બહાર આતી હૈ લેકિન કિસી કિસી કે લિયે!

– સુન લિયા, તોરલ? શેર–એ–મક્તા સુન લિયા?

બહાર આતી હૈ, લેકિન?

એમ કંઈ દુનિયામાં બધાંને ઘેર જવા માટે બહાર નવરી ન હોય, તોરલ! એ તો મારા જેવા કોક ખુશનસીબનું જ આંગણું અજવાળે...! ઓ મોરી પ્યારી પ્યારી બહા...ર!!!'

પ્રોફેસર ધડૂ...મ્મ દઈને પટકાઈ પડ્યા.

6

તે રાતે તોરલને કોણ જાણે કેમ, ઊંઘ આવી જ નહિ. રાત આખી પડખાં ઘસતી રહી.

એક અજબ પ્રકારનો અજંપો એને ઘેરી વળ્યો હતો. રાતના દોઢ વાગ્યે એણે તૃપ્તિને જગાડી : 'તૃપ્તિ, મને ચેન નથી પડતું! પ્લીઝ, મારી જોડે સૂઈ જા ને! મને એકલવાયું લાગે છે!' તૃપ્તિએ ઘેનમાં પોપચાં ઊંચકીને જોયું : તોરલ તરફડી રહી છે. એને ચેન નથી.

ચૂપચાપ ઊઠી ને તૃપ્તિ એની પથારીમાં પડી.

તોરલે એને બાથ ભરી લીધી.

'તૃપ્તિ, તને આમ ઊંઘવા માટે નહોતી બોલાવી. મારી જોડે વાતો કર! જો તો ખરી, મને કેટલું ટેમ્પરેચર છે!'

– તોરલનું શરીર ખરેખર ધખી રહ્યું હતું. તૃપ્તિ દાઝી ગઈ! 'ઓય મમ્મી!' તૃપ્તિ હવે પૂરેપૂરી જાગી ગઈ હતી : 'તને શું થઈ ગયું, તોરલ? આટલો બધો તાવ!'

પછી કંઈક વિચારીને પૂછવા લાગી : 'ટૅબ્લેટ આપું?'

તૃપ્તિ બેઠી થઈ ગઈ હતી. તોરલની ગરમી એને અકળાવી રહી હતી. એણે લાંબા હાથે ટેબલ પરના પર્સમાંથી તાવની ગોળી શોધવા માંડી.

'ટૅબ્લેટની કોઈ જરૂર નથી, તૃપ્તિ! મને પિરિયડની શરૂઆતમાં દર વખતે આ ટ્રબલ થાય છે. નથિંગ સિરિયસ! ઉકળાટ આપોઆપ શમી જશે.' તોરલે ચોખવટ કરી.

હજી ગઈ સાંજે જ આકાશનો ઉકળાટ શમ્યો હતો. એક જોરદાર ઝાપટું પડ્યું અને બધે જ ઠંડક વળી ગઈ. તૃપ્તિએ બારી બહાર જોયું : આકાશ ખુશનુમા દેખાઈ રહ્યું હતું.

તોરલ પણ બેઠી થઈ : 'પાણી આપીશ?'

'તરસ બહુ લાગવા માંડી છે તને!' તૃપ્તિએ કટાક્ષ કર્યો. એના હાથમાંથી પ્યાલો પકડતાં તોરલ બોલી : 'તાવમાં પાણી ખૂબ ભાવે. અને તરસ તો –' આગળ એ ન બોલી.

'અટકી કેમ ગઈ?'

'હું કહેતી'તી : તરસ તો સ્ત્રી માત્રને લાગે...! તૃપ્તિ, તને તરસ નથી લાગતી?'

તૃપ્તિ મૂંઝાઈ ગઈ. જવાબ ન સૂઝો છતાં જેવું આવડ્યું એવું બોલી : 'હું હજી નાની છું!'

પછી બેઉ બહેનપણીઓ ડીમલાઈટના અજવાસમાં પરસ્પરના ચહેરા જોતી રહી. થોડીક ક્ષણો માટે મૌન પ્રસરી રહ્યું.

'આવતી કાલે જીજાજીનો લેટર આવવો જોઈએ – શું માને છે?' તૃપ્તિએ મૌન તોડ્યું.

'હું જરા જુદો અભિપ્રાય ધરાવું છું –' તોરલે હસવા પ્રયત્ન કર્યો : 'તૃપ્તિ, તું જોજે : કાલે એ જાતે જ આવી પહોંચશે!'

'ઓહ, ફાઈન! ખરેખર, તોરલ? આઈ વિશ યૉર વડ્ર્ઝ કમ ટ્રૂ!' તૃપ્તિ ઊછળી પડી.

તોરલે વધુ સ્પષ્ટ થઈને કહ્યું : 'આપણે કાલ કાલ કરીએ છીએ, પણ અત્યારે તો રાતના બે વાગ્યા છે! કાલ તો બે કલાક પહેલાં પડી ગઈ છે! તૃપ્તિ, મને ખાતરી છે કે સૂર્યોદય પહેલાં તો એ લેડીઝ હૉસ્ટેલના ગેટ બહાર ઊભા હશે. મારું મન ક્યારનુંય એમના જ વિચારે ચડ્યું છે.'

'આવતાંવેંત એ ખિજાઈ તો નહીં જાય ને?' તૃપ્તિએ ભયભીત બનવાનો અભિનય કર્યો : 'એ મારો ઊધડો તો નહિ લે ને?'

'ઊધડો શાનો લે વળી? તેં એમનું કંઈ ફોડ્યું-ઢોળ્યું છે કે તને તતડાવે? તેં તો ઊલટાનું એમને આમંત્રણ પાઠવ્યું – અહીં 'પધારવા'નું! હું ઓછી એમને નોતરાં મૂકવાની હતી?'

તૃપ્તિ રાજી થઈ ગઈ. એ ઘડિયાળ જોઈને રાત પૂરી થવામાં બાકી રહેલા કલાકો ગણવા લાગી : 'બે ને દસ થઈ છે. છ ને દસે સૂરજ ઊગે છે. ફક્ત ચાર કલાક બાકી રહ્યા, તોરલ! ઓહ, કેવી મજા પડી જશે! નીચેથી ચોકીદાર બૂમ મારશે : 'તોરલબેન!' ને તોરલબેનને બદલે હું જ સડસડાટ સીડી ઊતરી જઈશ. મને જોતાંવેંત બિચારા જીજાજી લમણે હાથ દઈ દેશે; કદાચ મને જ પૂછી બેસશે : 'બહેન, તમારી હૉસ્ટેલમાં તમે એક જ તોરલબહેન રહો છો? મારે મિસ તોરલ શાહને મળવું હતું. તમે મદદ કરી શકશો?'

'પછી તું શું જવાબ આપીશ?' તોરલે ઉત્સુકતાથી પૂછ્યું.

'હું કહીશ : આઈ ઍમ સોરી, જેન્ટલમૅન! આ હૉસ્ટેલમાં બીજી કોઈ તોરલ રહેતી હોય એવું મારી જાણમાં તો નથી. ઍની વે, મારું નામ લઈને જ સવારના પહોરમાં આવ્યા છો, તો ચા-કૉફી તો પીતા જાવ!'

'જબરી છે હોં કે! બિચારા જેસલનો તો મૂડ જ ખરાબ કરી નાખવાની તું!'

'મૅડમ, પુરુષ જાતને હજી તમે ઓળખી નથી. એમ હાલતાં-ચાલતાં મૂડ ખલાસ થઈ જાય તો-તો પુરુષમાં અને સ્ત્રીમાં ફરક જ શાનો રહે?'

'તો શું તું એમ માને છે કે મારો પ્રોફેસર તારી જોડે ચા-કોફી પીતો પીતો આનંદથી ગપ્પાં મારશે? તું એમ માને છે કે એના ચહેરા ઉપર પોતાની પ્રિયા નહિ મળ્યાનો વિષાદ નહિ અંકાઈ જાય?'

'હું કંઈ ડંફાસ બકવા માગતી નથી. તું જાતે જ જોજેને! એમ હોય તો વિઝિટર્સ રૂમની ટૉઈલેટમાં સંતાઈને સાંભળજે અમારી વાતચીત! તોરલ, પુરુષને ફક્ત સ્ત્રી જોઈએ : એ તોરલ હોય કે તૃપ્તિ – એનું એને મન ઝાઝું મહત્ત્વ નથી હોતું.'

'આઈ ડોન્ટ એગ્રી વિથ યુ.' તોરલે એનો પ્રતિકાર કર્યો. 'તું પુરુષોની જન્મજાત દુશ્મન લાગે છે!' એણે ઉમેર્યું : 'એટલે જ હજી લગી કોઈ પુરુષના પ્રેમમાં પડી નથી...!'

'સત્તર વરસની છોકરી કોરી રહી શકે ખરી?' – એકાએક તૃપ્તિ એવો સવાલ કરી બેઠી કે એના જવાબમાં તોરલ ખડખડાટ હસી પડી : 'ઓહ, તૃપ્તિ! યૂ આર ગ્રેટ!'

તોરલનું અટ્ટહાસ્ય સાંભળીને જોડેની રૂમમાં સંચાર થયો. રૂમ નં. 40નું રૂમ નં. 39 સાથે ઘનિષ્ઠ, જોડિયા બહેન જેવું સગપણ હતું. બન્નેની ગૅલેરી કૉમન હતી.

તૃપ્તિને લાગ્યું : ગીતા અને સ્પૃહા બેઉ જણ જાગી ગયાં છે. એણે આંખના ઇશારા દ્વારા તોરલને એ બાબત સમજાવી.

ઘડીક સોપો પડી ગયો.

સાવ ધીમા અવાજે તોરલ બોલી : 'તૃપ્તિ લાઈટ બંધ કરીને આપણે સૂઈ જઈએ. નહિતર હમણાં એ ચમચીઓ આવી જ સમજો!'

'મનેય એ જ બીક છે. એક વાર આવી ગઈ તો પછી જવાનું તો નામ જ નથી લેવાની. આપણો આખો મૂડ ખલાસ કરી નાખશે!'

'એ આવે પછી આપણે તો ફક્ત મૂંગાં શ્રોતાજનો જ બની જવું પડે છે – બેઉ જણીઓ પોતપોતાનું જ કૂટ્યે રાખતી હોય છે!'

'બોર છે બોર!' કહેતી સ્વિચ ઑફ કરીને તૃપ્તિ રજાઈ ઓઢીને સૂવા જ જતી હતી કે ગૅલેરીમાં પગરવ થયો : 'માર્યા!' એની પ્રતિક્રિયા એક જ ક્રિયાપદ બની શમી ગઈ.

'કેમ જાણે બહુ વાંચ્યું આજે તો! રાત માથે લીધી છે બેઉ જણીઓએ! ગોલ્ડ મેડલ લાવવા ધાર્યું છે કે શું?' આખરે ગીતા આવી જ પહોંચી!

એને પગલે પગલે સ્પૃહા પણ ચાલી આવી : 'ચાલ, હવે લાઈટ કર, છાની માની! ક્યારનીય બેઉ જણીઓ ગુસપુસ કરતી'તી નાહકની નીંદર બગાડી અમારી!'

ગીતા અમદાવાદની હતી. સ્પૃહા કચ્છ-માંડવીની. ગીતા ચીપી ચીપીને બોલતી. એને આડંબર કરવાનો શોખ હતો. જૂનાં સામયિકોમાંથી ઉઠાંતરી કરી કરીને નોટબુકમાં ઉતારેલી કવિતાઓ પોતે રચી હોવાનું કહેવામાં એને ખૂબ આનંદ આવતો. મોટા માણસો સાથે પોતાને ખૂબ જ અંગત પરિચય હોવાનાં બણગાં મારવામાં પણ એ નિષ્ણાત હતી. શરૂ-શરૂમાં એ સામેની વ્યક્તિને આંજી દેતી; પણ પરિચય જેમ-જેમ વધતો જતો તેમ-તેમ એનું પોકળ ઊઘડતું જતું. એનો દંભ ખુલ્લો પડી જતો અને સામેની વ્યક્તિ કાં તો એની દયા ખાવા લાગતી કાં તો એને નફરત કરતી થઈ જતી.

– એની પડોશણોમાં તૃપ્તિ એને નફરત કરતી થઈ ગઈ હતી અને તોરલ એની દયા ખાવા માંડી હતી.

સ્પૃહા પોતે પણ ગીતા તરફ સૂગ ધરાવતી થઈ ગઈ હતી. એનેય તોરલ-તૃપ્તિ જોડે ફાવતું એટલું ગીતા જોડે નહોતું ફાવતું. ગીતા જોડે ફવડાવવું એ કોઈ નાનાં છોકરાંના ખેલ નહોતા. એ માટે પુષ્કળ ધીરજ અને સહિષ્ણુતા જોઈએ; એની ફેંકાફેંક જીરવવાની તાકાત જોઈએ; એનાં કલ્પિત પ્રેમ પ્રકરણો સાંભળી રહેવા જેટલી અને એમને સાચાં માનવાનો ઢોંગ કરવા જેટલી

અભિનયશક્તિ જોઈએ.

– તોરલ, તૃપ્તિ કે સ્પૃહા : ત્રણમાંથી એકેય જણમાં ઉપરની લાયકાતો પૂરતા પ્રમાણમાં નહોતી.

ગીતા એમ સમજવા માંડેલી કે ત્રણે જણીઓ મિડિયોકર છે. પોતે જિનિયસ છે. પોતે અત્યંત સ્વરૂપવાન હોવાનો પણ એને 'વહેમ' હતો. અલબત્ત, એ બાકીની ત્રણેય કરતાં ઊજળા રંગે જરૂર હતી, પણ એની ઊંચાઈ ખૂબ ઓછી હતી. એ બેઠા કદની, થોડીક સ્થૂળ ગણી શકાય એવી છોકરી હતી. છતાં એનું અંગ-સૌષ્ઠવ કંઈ કાઢી નાખવા જેવું નહોતું. એનું એક આગવું વ્યક્તિત્વ હતું – મુગ્ધ અને ગરિમાપૂર્ણ. અને એની બોલી ઘણી જ મીઠી હતી. એવી જ મીઠી હતી એની નજર. એના અક્ષરો મરોડદાર હતા. કૉલેજનું ભીંતપત્ર એણે પોતાના હસ્તક કરી લીધું હતું. ઇતર-પ્રવૃત્તિઓમાં એને એટલો બધો રસ હતો કે કૉલેજની ચૂંટણીમાં એ લિટરેચર સેક્રેટરીના પદ માટેની નિશ્ચિત ઉમેદવાર હતી.

સ્પૃહાનું તંત્ર જરા જુદું હતું. એ બિચારી સાવ દુર્બળ હતી. એની એકેએક પાંસળી ગણી શકાય એટલી ઊપસી આવેલી હતી. ચહેરો ચીમળાઈ ગયેલો હતો. નસો વાંચી શકાય એટલી સ્પષ્ટ હતી. વાળ ભૂખરા હતા. વજન સાવ જ ઓછું હતું. એને કોઈ રોગ નહોતો, પણ એના પિતાનો આનુવંશિક વારસો એના ભાગમાં આવી પડ્યો હતો. માતા પર પડી હોત તો એ આટલી દૂબળી, સાવ હાડપિંજર જેવી તો ન જ હોત.

એ કોઈ ને કોઈ ભીના મનના માનવીની શોધમાં રહેતી; કોઈ ને કોઈ પુરુષ નામના પ્રાણી તરફ ટગર ટગર તાક્યા કરતી, આખરે કોઈનોય પ્રતિભાવ ન પામી શકતી ત્યારે નિરાશ થઈને એકલી એકલી ટૂંટિયાં વાળીને પડી રહેતી. મનનાં ઊંડાણોમાં સરી જતી, ત્યાંય એકલતા ને અંધકાર સિવાય બીજું કશું જ એને નજરે ન ચડતું. અલબત્ત, એ નિખાલસ હતી. પોતાના અંગ-દૌર્બલ્ય પ્રત્યે સભાન હતી, ને છતાં તોરલ, તૃપ્તિ કે ગીતાની એને અદેખાઈ ન આવતી. એની બોલીમાં કચ્છનો રણકાર હતો. તોરલને એ રણકાર ખૂબ જ ગમતો.

તૃપ્તિએ લાઇટ કરી એટલે સ્વભાવ મુજબ ગીતાએ જ શરૂઆત કરી : 'સાચ્ચું કહેજો હોં! તમે લોકો લવ-અફેરની ચર્ચા કરતાં'તાં ને?'

તોરલ ઉપર તો જાણે વીજળી જ પડી ગઈ!

બેમાંથી એકાદ જણ કશોક જવાબ આપવાની હિંમત કરે એ પહેલાં તો ગીતાએ ભારપૂર્વક કહ્યું : 'આઈ કેન રીડ ફ્રોમ યૉર ફેઈસ! – ને થોડીક ગુસપુસ મને સંભળાયેલી પણ ખરી! બી ફ્રેન્ક! લવ કરવો એ કંઈ ગુનો થોડો છે? લવ ઈઝ અ યુનિવર્સલ ફિનોમેના...!'

પ્રેમશાસ્ત્રની પ્રખર જાણકાર હોવાનો ગીતાનો દાવો હતો. પોતે પ્રેમકળાની નિષ્ણાત છે એવો રોફ છાંટવા જ અત્યારે એ આવી હતી. તોરલ એને જલદી વિદાય કરવા માગતી હતી. એણે પોતાના તાવની ઢાલ આગળ ધરી : 'એવું નથી ગીતા, જો મને કેટલો સખત તાવ છે! મને પુષ્કળ તરસ લાગી હતી એટલે તૃપ્તિને જગાડેલી.'

'તાવ???' ગીતા અને સ્પૃહા બેઉ જણનું ચિત્તતંત્ર સંક્ષોભ અનુભવી રહ્યું.

'જરા અડકી જુઓ, એટલે આપોઆપ ખાતરી થઈ જશે!' તૃપ્તિએ ટાપશી પુરાવી.

બેઉ જણ તોરલને એકીસાથે અડક્યાં, ને બેઉ જણ એકીસાથે ચમકી ઊઠ્યાં – 'ઓહ્ ગોડ!'

વાર્તાલાપનો વિષય બદલાઈ ગયો. ગીતાએ પ્રેમને બદલે હવે તાવ વિષેના પોતાના જ્ઞાનનો લાભ આપવા માંડ્યો!

સ્પૃહા એની રૂમમાં દોડી જઈને બામ લઈ આવી. તોરલે ઘણી ના કહી છતાં એ બામ ઘસીને જ જંપી.

બામ ઘસતી-ઘસતી તોરલની છાતી પર આવી, ને સ્પૃહાના ચિત્તમાં તીણો લસરકો વાગ્યો. એ માંડ સ્વસ્થ રહી શકી. તોરલને ગલીપચી થઈ એટલે એ પડખું ફરીને સૂઈ ગઈ.

'કમ્મર દુખે છે ને?'

કમ્મર તો ખરેખર દુખતી જ હતી. તોરલે હા પાડી.

સ્પૃહાએ એની મિડી અધ્ધર કરીને કમ્મરના ભાગ ઉપર માલિશ કરી. નીકરના આચ્છાદન તળે પોઢેલા પુષ્ટ નિતંબ જોયા, અને એની છાતીમાં બીજો સણકો ઊપડ્યો.

માંડ-માંડ અંદરની ચીસ અંદર દબાવી ને એણે માલિશ ચાલુ રાખી આંખમાં ઊભરાઈ આવેલાં ઝળઝળિયાં સખીઓની નજરે ન ચડે એટલા સારુ એ આડું જોઈ ગઈ.

– તોરલે ધીરે રહીને કપડાં સરખાં કરી લીધાં. સ્પૃહાનો એક હળવો, ઉષ્ણ ઉચ્છ્વાસ એના શરીરને સ્પર્શી રહ્યો.

'બિચ્ચારી સ્પૃહા!' મનોમન તોરલને એની દયા આવી. કરુણાભરી નજરે સ્પૃહાની અલ્પવિકસિત કાયા તરફ તાકીને એ કૃત્રિમ રીતે હસી : 'થેન્ક યુ, સ્પૃહા! તારી આંગળીઓમાં એવો તો જાદુ છે કે મારો બધો જ દુખાવો એકદમ ઓસરી ગયો!'

'માલિશ કરતી વખતે એનાં હાડકાં ભોંકાયાં નહિ?' – તૃપ્તિએ પૂછતાં તો પૂછી લીધું, પણ પછી એને લાગ્યું કે આવી ક્રૂર મશ્કરી ન કરી હોત તો સારું.

તોરલ કે સ્પૃહાએ તો એનો કોઈ ઉત્તર ન આપ્યો, પણ ગીતાને પાછો નવો જ એક વિષય મળી ગયો. સ્પૃહાએ પુષ્ટ બનવા શું-શું જમવું જોઈએ એ વિષે અડધો કલાક લગી ગીતાએ પ્રવચન આપ્યું.

એ પ્રવચન ટૂંકાવવાનો કોઈ જ ઉપાય ન જણાતાં તોરલ અને તૃપ્તિ બેઉએ ઊંઘ આવતી હોવાનો ડોળ કર્યો.

સ્પૃહાએ કહ્યું : 'બિચારી તોરલ બીમાર છે, એને ઊંઘવા દઈએ!' ગીતાએ એનો પ્રસ્તાવ મંજૂર રાખ્યો. તોરલ તો સાચેસાચ જાણે ઊંઘી જ ગઈ! તૃપ્તિએ રૂમ નં. 39 વતી પડોશી રૂમની કન્યાઓને સૌજન્યભરી વિદાય આપી.

એ બે જણના ગયા પછી અડધોએક કલાક તો તોરલ અને તૃપ્તિ એકદમ શાન્તિપૂર્વક, બોલ્યાચાલ્યા વગર પડી જ રહ્યાં – પરસ્પરને આલિંગીને. જોડેની રૂમમાં પણ સોપો પડી ગયેલો વરતાયો, ત્યારે ધીરે રહીને તૃપ્તિએ તોરલના ગાલ પર અંગુલિસ્પર્શ કર્યો : 'સાંભળે છે?'

'કહે ને!' બહુ જ ધીમા, મૃદુ અવાજમાં તોરલે એનો પ્રતિભાવ રજૂ કર્યો : 'તૃપ્તિ, સાલી ચમચીઓએ આપણો મૂડ બગાડી મૂક્યો, નહિ?'

'શું થાય? ઇન્ડિયા-પાકિસ્તાન જેવું રહ્યા જ કરવાનું જોડિયા-રૂમોની વચ્ચે તો! આપણને ગમે કે ન ગમે!'

'તું ક્યાં પાછી પોલિટિક્સની પત્તર ખાંડવા લાગી?'

'મારે ક્યાં કોઈ લવર છે કે એની ગળી મધ જેવી વાતે વળગી પડું? તોરલ, તું લકી કહેવાય! નાની ઉંમરમાં તને બહુ મોટો પ્રેમી મળ્યો, એની પાછળ જરૂર તારો કોઈ પાવરફુલ સ્ટાર કામ કરી ગયો હોવો જોઈએ!'

'જો, પોલિટિક્સ છોડીને પાછી ઍસ્ટ્રોલોજીની ગલીમાં ઘૂસી ગઈ!'

'ભૂલ થઈ ગઈ બાપુ, હવે તું જ કહે : મારે કોની વાત કરવી?'

'ફક્ત એમની જ – અરે ના, એની જ! મારા પ્રોફેસરની, મારા જેસલની, તારા પ્યારા જીજાજીની જ!'

– ને તોરલ આકુળવ્યાકુળ થઈ તૃપ્તિને વળગી પડી. 'તૃપ્તિ તું શું ધારે છે! એ આવશે ખરા ને?' એનાથી આગળ ન બોલાયું. અવાજ ગળગળો થઈ ગયો : 'તૃપ્તિ, એ નહિ આવે ને, તો મને

બિલકુલ નહિ ફાવે! સાચ્ચું કહું છું.'

તૃપ્તિથી એનું દુઃખ ન ખમાયું : 'આવશે, તોરલ! જરૂર આવશે! તારો પ્યાર એમને ખેંચી લાવશે! વિશ્વાસ રાખ! દુનિયામાં કશું જ નહિ બચ્યું હોય તે ક્ષણે પણ સાચો પ્રેમ તો જરૂર જીવતો હશે.... એ વગર પૃથ્વી રસાતળે જાય, તોરલ! પૃથ્વી હરક્યુલસની પીઠ ઉપર કે શેષનાગના માથા ઉપર નહિ, પ્રેમના પવિત્ર પાયા ઉપર ટકી રહી છે, તોરલ!'

તૃપ્તિના શબ્દોથી તોરલના સંતૃપ્ત મનને ટાઢક વળી. ઘડિયાળમાં ચાર વાગી ને દસ મિનિટ થઈ ગઈ હતી. તોરલ ને એક ધીમું સ્પંદન ઘેરી વળ્યું : અમદાવાદથી રાતે ઊપડતી પહેલી બસ અત્યારે ગ્રેઈન માર્કેટના સ્ટૅન્ડ પર આવી પહોંચી હશે...!

– એને રોમાંચ થયો.

બીજી જ ક્ષણે બીજું કશુંક થયું. એ ઊભી થઈ ને બાથરૂમ ભણી ચાલી ગઈ.

બહાર નવલખ ધારે આકાશ વરસી રહ્યું હતું.

7

બરાબર ચાર ને દસ મિનિટે બસ ગ્રેઈન માર્કેટના સ્ટૅન્ડ પર થોભી. એક આંચકા સાથે પ્રોફેસર જાડેજાની ઊંઘ છટકી ગઈ. ઘરેથી પહેર્યે લૂગડે નીકળીને ક્યારે આ બસમાં ચડી બેઠા, એનુંય એમને પૂરતું સ્મરણ નહોતું રહ્યું. ઈશ્વરની મહેરબાની સમજો કે બસ ખોટી ન પકડાઈ ગઈ!!

પ્રોફેસરે કંડક્ટરને પૂછ્યું : 'લેડીઝ હૉસ્ટેલ જવા માટે અહીં ઊતરવું અનુકૂળ રહેશે ને?'

કંડક્ટરને આ પેસેન્જર જરા વિચિત્ર લાગ્યો. એણે બેપરવાઈથી જવાબ વાળ્યો : 'હજી માંડ સવા ચાર થયા છે. ન્યાં અંધારે-અંધારે કોણ ગરવા દેશે? આરામથી દાતણપાણી પતાવીને જજોને મેઈન બસ સ્ટેશનેથી. રિક્ષાવાળો બિચારો લઈ-લઈને રૂપિયો વધારે લેશે!'

ને પ્રોફેસરના પ્રતિભાવની રાહ સુધ્ધાં જોયા વિના એણે બેલ મારી દીધી.

બસ શહેરના રાજમાર્ગો વળોટતી મુખ્ય બસ સ્ટેશન તરફ ધસી રહી હતી. પ્રોફેસરને લાગ્યું : શહેરમાં ગઈ રાતે ઘણું પાણી પડ્યું લાગે છે. બસ રોડ ઉપર ભરાયેલાં ખાબોચિયાંમાં છબછબિયાં કરતી કોઈ અલગારી કૉલેજ-કન્યાની અદાથી આગળ ધસી રહી હતી.

તળાવની પાળ ઉપર થઈને બસ ડેપો તરફ વળી. પ્રોફેસરે જોયું : ઉતારુઓ સામાન સજી રહ્યા હતા. હવે એમને યાદ આવ્યું કે સામાન તો પોતે લાવ્યા જ નથી. ચરસના ઘેનમાંથી જેવા જાગ્યા એવા સીધા પહેરેલાં કપડે બસ સ્ટેશન ભણી દોડ્યા હતા. સામાનમાં સામાન ગણવો હોય તો પેલા બે પત્રો અને પેન્ટના પાછલા ગજવામાં હંમેશની જેમ પડી રહેલા પચાસ-સાઠ રૂપિયા!

સિગારેટનું પાકીટ સુધ્ધાં ભુલાઈ ગયેલું, ત્યાં બીજા સામાનની તો વાત જ ક્યાં રહી? નહિતર ક્યાંક બહાર જવાનું હોય ત્યારે પ્રોફેસર કેટલી તૈયારી સાથે નીકળે : ઍરિસ્ટોક્રેટની ઍટેચીમાં બે જોડી કપડાં, ટુવાલ, નેપકિન, બ્રશ, કાંસકો, સાબુ, પેસ્ટ, દાઢી ન રાખતા તે દિવસોમાં શેવિંગસેટ પણ ખરો. વળી એકાદ ડાયરી, એકાદ કાવ્યસંગ્રહ, એકાદ સામયિક...

પ્રોફેસરને પોતાની જાત ઉપર હસવું આવ્યું : તોરલને કેવો લાગીશ! સાવ બાઘા જેવો! લઘરવઘર!

– જોકે એને મારું લઘરાપણું ગમે છે. આમેય ત્યાં ઘરમાં તો સાવ અઘોરીની જેમ જ રહીએ છીએ ને! ઘર તો ગૃહિણીનું ગણાયું છે. ગૃહિણી બિચારી ગઈ તે દિવસનું તો ઘર સ્મશાન જ બની ગયું છે. તોરલને ક્યાં ખબર નથી?

– એનાથી ક્યાં કશું અજાણ્યું છે?

– ઊલટાની એ દયા ખાશે. ટ્યુશને આવતી ત્યારે તો થોડુંક ઘર પણ સંભાળી લેતી. ક્યાંક બહાર જવાનું થતું ત્યારે ઍટેચી પોતે જ તૈયાર કરી આપતી. સંભારી સંભારીને બધી ચીજવસ્તુઓ મૂકતી. બધું પૅક થઈ જતું એ પછી પોતાના તરફથી સ્પેશિયલ ભેટ તરીકે એક વસ્તુ મૂકતી : ફાઈવસ્ટાર ચૉકલેટ!

– ફાઈવસ્ટાર ચૉકલેટ એને ખૂબ પ્રિય હતી. પ્રોફેસરને થયું : મારે એને માટે ચૉકલેટ લઈ જવી જોઈએ. એમણે મનોમન નિર્ધાર કર્યો : બસમાંથી ઊતરતાંવેંત કૅન્ટીનમાં જઈને પહેલાં તો ફાઈવસ્ટાર ચૉકલેટ જ ખરીદી લઉં...! રખેને પાછું ધૂનમાં ને ધૂનમાં ભૂલી જવાય!

બસ ઊભી રહી. સૌ પોતપાતાનો સામાન લઈને ઊતરવા માંડ્યું. એકલા પ્રોફેસર જ ખાલી હાથે હતા! એ ઊતરવા જતા હતા ત્યાં કંડક્ટરે એમનો હાથ પકડ્યો : 'એ મોટા! બાકીની રકમ ધર્માદા કરવાનો વિચાર છે કે શું?'

પ્રોફેસર ખંચકાઈને ઊભા રહ્યા. કંડક્ટરે પચ્ચીસ રૂપિયા પાછા આપીને પૂછ્યું : વીસ

પૈસા છૂટા છે? વીસ પૈસા આપો તો બેની નોટ આપું!

પ્રોફેસરને હવે ભાન થયું કે પોતે પચાસની નોટ આપી હશે; અમદાવાદથી જામનગરની ટિકિટ રૂ. 23.20 પૈસાની થતી હતી.

'તમે તમારે રાખો! ચા પીજો આપણા તરફથી!' કહી પ્રોફેસર ઊતરી ગયા. કંડક્ટરને આ પહેલો જ અમદાવાદી એવો મળ્યો કે જે એક રૂપિયો ને એંશી પૈસા છોડી દઈને ચાલતો થઈ ગયો. એને વહેમ પડ્યો કે એ સાચો અમદાવાદી નહિ હોય. અમદાવાદમાં નોકરી-ધંધો કરતો હશે, બાકી રહેવાસી બહારનો હશે!

બસમાંથી ઊતરતાંવેંત પ્રોફેસર કૅન્ટીન શોધવા લાગ્યા. લાલ અક્ષરનું પાટિયું તો વંચાયું : 'ઉપહારગૃહ!' પણ આટલી વહેલી સવારે પ્રોફેસરને ઉપાહારનો ઉપહાર આપવા કોઈ નવરું નહોતું. સવારે સવા પાંચ વાગ્યે માતાજીની આરતી વગાડીને ટેસથી કૅન્ટીનવાળો કૅન્ટીન ખોલતો. દુનિયા રાત આખી માથે કરતી ફરે એટલે પોતેય એના વાદે ચડીને ગાલાવેલા થઈ જાવું! – એવું કોણે કીધું'તું?!

પ્રોફેસર મૂંઝાઈ ગયા. થોડીક વાર સ્થિર ઊભા રહ્યા. પછી કંઈક સૂઝ્યું એટલે 'શૌચાલય મર્દોં કે લિયે' – તરફ આગળ વધ્યા. ગંદું, ગોબરું – જેવું મળ્યું તેવું – પોતાના નસીબ જેવું – શૌચાલય ઉઘાડવા ગયા ત્યાં અંદરથી કોક બારણું દબાવીને બેઠું બેઠું કરાંજી રહેલું વરતાયું.

ઝાઝી રાહ જોયા વગર પ્રોફેસર પાછા વળી ગયા. હજી અંધારું હતું – માંડ ચાર ને વીસ થઈ હતી. એક અંધારો ખૂણો જોઈને પ્રોફેસરે હળવાશ અનુભવી લીધી. ત્યાં ઊભા-ઊભા જ એમણે જોયું કે બસ સ્ટેશનની બહાર ચા-કૉફીની 'દુકાન' ચાલુ હતી. જઈને બેઠા : 'એક ચા!'

– પછી એમને લાગ્યું કે અહીં તો દાતણપાણીનીય સગવડ છે! પેલો કંડક્ટર બિચારો સાચું કહેતો'તો!

– ચા ગટગટાવીને એમણે દાતણ માગ્યું. આજુબાજુના ગ્રામીણ ઉતારુઓને નવાઈ લાગી.

દાતણનો કૂચો ચાવતા જ હતા ત્યાં એક શ્રદ્ધાળુ 'જય હનુમાન, જ્ઞાન ગુણ સાગર' ગાતા ગાતા એમની જોડેની જ ખુરશી પર ગોઠવાયા. એ પહેલાં થોડીક વાર તો ટીકી ટીકીને પ્રોફેસર તરફ જોઈ જ રહ્યા. પછી ન જીરવી શક્યા એટલે બોલ્યા : 'ક્યાં રહેવું? ગુજરાતના લાગો છો!'

પ્રોફેસરને નવાઈ લાગી : 'કેમ, આ પ્રદેશ ગુજરાતની હદમાં નથી ગણાતો?'

'ભૂગોળની રીતે તો નહિ જ. રાજકીય નકશામાં ભલે અમને તમે ગુજરાત ભેળા ગણી લેતા હો! બાકી આ તો સૌરાષ્ટ્ર, ને સૌરાષ્ટ્રમાંય પાછો હલમલતો હાલાર!'

'તમે અલગ સૌરાષ્ટ્રની ચળવળ ચલાવતા લાગો છો!'

'ના ભાઈ, ના! એમ કોણ નવરું બેઠું છે ચળવળો ચલાવવા! ચળવળો ચલાવીને આપણી કોઠીમાં કાંઈ આવી જવાનું છે? ઈ કરતાં બે ઘડી રામનું ભજન નો કરીએ – ભવસાગર તો તરી જઈએ!'

'સાહેબ!' કૅન્ટીનવાળો વચ્ચે પડ્યો : 'આંહીં તો રિવાજ જ છે તમને લોકોને ગુજરાતી કહેવાનો. બાવળું – બગોદરું મૂક્યું એટલે તમે ગુજરાતના ને આ બાજુવાળા સૌરાષ્ટ્રના. એમાં કોઈ ચળવળનો સવાલ જ નથી. એમ કાંઈ ઓછા આપણે નોખા પડી જાવાના હતા? ગાંધી બાપુ કાઠિયાવાડના હતા તોય ગુજરાતી નો કહેવાઈ ગયા?'

પ્રોફેસરને હવે સમજ પડી. પેલા ભાઈ ચા પી ને 'અખિલ બ્રહ્માંડમાં....' ગણગણતાં ગણગણતાં ઊભા થયા : 'લ્યો, હાલો આવવું હોય તો! કાશી વિશ્વનાથનાં દર્શન કરીને જાજો જ્યાં જાવું હોય ત્યાં!'

'થૅન્ક-યુ. મારે જરા ઉતાવળનું કામ છે – હૉસ્પિટલ તરફ જવું છે.'

'ડૉક્ટર છો?' – એમ કંઈ હાલારી ભાયડો ગાંજ્યો જવાનો હતો?

'ના, પ્રોફેસર છું.'

'પ્રોફેસર? એ....મ!' – એ એટલું બોલી રહે ત્યાં લગી તો પ્રોફેસર ઊભા થઈને રિક્ષાવાળા તરફ ખસી રહ્યા હતા. 'અરે ભાઈ, પ્રોફેસર સાહેબ! હોસ્પિટલ જવા માટે કાંઈ રિક્ષા કરવાની જરૂર નથી. માંડ પંદર મિનિટનો રસ્તો છે. હાલી નાખીશું! તમારેય એટલી કસરત થાશે!'

પ્રોફેસરને થયું : માણસ સીધો લાગે છે. અને ખિસ્સામાં ય ક્યાં ખાસ કશું છે? પાછી રિક્ષા કરવી એટલે સહેજે પાંચનું પત્તું પડી જવાનું!

ને લેડીઝ હૉસ્ટેલ આટલી વહેલી ઓછી ઊઘડવાની હતી પ્રો. જેસલ જાડેજા જેવા વી.આઈ.પી. માટે? ઓછામાં ઓછા બે કલાક પસાર કરવાના હતા! બે નહિ તો દોઢ તો સાચો જ!

પ્રોફેસર સંમત થઈ ગયા : 'ભલે, ભગતજી! હાલો ત્યારે!'

બેઉ જણાએ ચાલતી પકડી. પ્રોફેસરને યાદ આવ્યું : ચૉકલેટ લેવાનું તો ભૂલી જ જવાયું!

એ પાછા વળ્યા. એમના જોડીદારે પૂછ્યું : 'કાં? કાંઈ સામાન-બામાન ભૂલ્યા કે શું?'

'સામાનમાં તો હું પોતે જ છું.' પ્રોફેસરે કહ્યું : 'જરા ચૉકલેટ લઈ લેવી'તી!'

'વજન કરાવી ને લ્યો! સસ્તી પડશે!'

પ્રોફેસરે કંઈ બોલ્યા ચાલ્યા સિવાય પેલી દુકાનવાળાને પૂછ્યું :

'ફાઈવસ્ટાર મળશે કે?' જરા વધુ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું :

'ફાઈવસ્ટાર ચૉકલેટ આવે છે ને!'

'આવતી હશે! અમે તો સાદી ચૉકલેટ રાખીએ છીએ. જોઈએ છે?'

પ્રોફેસર પાછા વળી ગયા.

પેલા ભાઈએ જીવ ખાવાનું ચાલુ રાખ્યું : 'શો ભાવ કીધો?'

'મારે જોઈતી'તી એ ચૉકલેટ એની પાસે નહોતી.'

પ્રોફેસર ચાલવા લાગ્યા. થોડુંક ચાલ્યા પછી પૂછ્યું : 'પહેલાં કાશી વિશ્વનાથ આવશે કે હૉસ્પિટલ?'

'અરે, સાહેબ! આપને મૂકવા તો હું મારો રૂટ બદલીને આવ્યો – કાશી વિશ્વનાથ તો ઓલી બાજુ રહ્યા. આપને છેક હૉસ્પિટલના દરવાજે મૂકીને હું પાછો જઈશ! દર્શન તો મારે કરવાં જ પડે!'

– શા માણસો પડ્યા છે! પ્રોફેસરને અચરજ થયું. રાતનો વરસાદ હજુ રસ્તાઓ રોકીને બેઠો હતો. વાતાવરણ ખુશનુમા હતું. ઠંડો પવન વાઈ રહ્યો હતો. આકાશ રોઈ રોઈને સ્વચ્છ થઈ ગયેલી કોક નમણી આંખ જેવું શીતળ ભાસી રહ્યું હતું. ધરતીની કાયા મહેકી રહી હતી. વૃક્ષો વરસાદી ભીનાશમાં નાહીને ઊભેલી મહિલાઓ જેવાં લાગતાં હતાં. તરતની નાહેલી સ્ત્રીના કેશરાશિમાંથી ટપકતાં જલબિંદુઓની જેમ વૃક્ષોનાં પર્ણ પર ઝિલાઈ રહેલાં જલશીકર પવનના હળવા સ્પર્શ માત્રથી ખરી પડતાં હતાં.

પ્રોફેસરને એ અનુભૂતિ ગમી.

'હૉસ્પિટલમાં કોઈને દાખલ કર્યું છે?'

'હા, એક સ્નેહીની બેબી છે. એની ખબર જોવા આવ્યો છું!'

'ભલે, ભલે! કહેતા હો તો હું પણ બેબીની ખબર કાઢતો જાઉં!'

'નાહક આપને તકલીફ આપવી. આપે આટલી તકલીફ લીધી એ બદલ આપનો

આભાર. આપ હવે સુખેથી કાશી વિશ્વનાથનાં દર્શને પધારો.’

હૉસ્પિટલનું બોર્ડ દેખાયું એટલે પેલાએ કહ્યું :

‘આ આપની હૉસ્પિટલ. મોટો ઝાંપો બંધ હશે; નાનો ઝાંપો ચાલુ હશે. સમજ્યા?’

પ્રોફેસરને થયું કે હવે આ સત્પુરુષ જાય તો સારું : ‘એ તો બધું જોયેલું જ છે. આપ હવે શાન્તિથી પધારો!’

‘ભલે, ભલે!’ કહેતા એ ભાઈ પાછા વળ્યા : ‘બેબીની મારા વતી ખબર પૂછજો. ને આપને ય ટાઈમ મળે તો જરૂર પધારજો. કડિયાવાડમાં રહું છું. નાથાલાલ કહેશો એટલે નાનું છોકરુંય બતાવશે!’

નાથાલાલ ગયા. પ્રોફેસરે ‘હાશ’ અનુભવી.

એમણે રોડની ધાર પર ઊભા રહીને ચારે તરફ જોયું. ઉપર આકાશ હતું. તોરલના હૃદયની જેમ એ લાગણીઓથી ભર્યું ભર્યું લાગ્યું. આકાશ ભીનું હતું, ને નીચે ધરતી પણ. પવનના સ્પર્શમાં પણ એક આષાઢી ભીનાશ વરતાઈ રહી હતી, ને સામે હોસ્પિટલ હતી : ઈરવીન હૉસ્પિટલ. હૉસ્પિટલ સૂમસામ લાગી રહી હતી. કોક રડીખડી નર્સ કપડાં સંકોરીને એની ડ્યૂટી પૂરી થતાં નર્સીસ હૉસ્ટેલ તરફ જતી દેખાઈ.

પ્રોફેસરે તક ઝડપી લીધી. ઉતાવળે હૉસ્પિટલના ચોગાનમાં પ્રવેશીને એને બૂમ મારી : ‘એક્સ્ક્યૂઝ મી, સિસ્ટર!’

નર્સ ઊભી રહી.

‘લેડીઝ હૉસ્ટેલ અંદર છે ને? કેમ્પસમાં?’

‘તમે મારી સાથે ચાલો. અમારી હૉસ્ટેલની બિલકુલ પાસે જ છે લેડીઝ હૉસ્ટેલ.’ પછી થોડુંક અટકીને બોલી : ‘પણ આટલી વહેલી સવારે તમે કેવી રીતે જશો?’

‘કંઈ વાંધો નહિ, સિસ્ટર! હું ગેટ ઊઘડશે ત્યાં લગી બહાર ઊભો રહીશ.’ પ્રોફેસરે વિનમ્ર અવાજે કહ્યું : ‘વહેલી બસમાં આવ્યો ને, એટલે કલાક-દોઢ કલાક ધોખ્યા વગર છૂટકો જ નથી!’

‘બેબી ભણે છે? કયા વર્ષમાં છે?’

‘ફર્સ્ટ એમ.બી.બી.એસ.માં છે.’ પ્રોફેસરને થયું : નર્સ બિચારી કેટલી ભોળી છે! દાઢી-મૂછ જોઈને એણે મને પિતૃસ્વરૂપમાં કલ્પી લીધો! દુનિયા આપણે ધારીએ છીએ એટલી હદે બગડી નથી ગઈ…

નર્સ એની હૉસ્ટેલ તરફ વળી ગઈ : ‘આ જોડેનું જ બિલ્ડિંગ. ઓ. કે.?’

‘થેન્ક-યુ સિસ્ટર!’ કહી પ્રોફેસર પુનઃ એકલતાના આંગણામાં દાખલ થઈ ગયા.

બિલ્ડિંગ ભવ્ય હતું. ઊઘડતા પરોઢના અજવાસમાં પ્રોફેસરને એ ઘણું જ મોહક લાગ્યું. મકાન તરફ આજ પહેલાં એમણે કદીયે મોહ અનુભવ્યો નહોતો. સુંદરતાને રહેવા માટે સુંદર મકાન પણ જરૂરી છે, એવું કશુંક એ વિચારવા લાગ્યા. હૉસ્ટેલમાં અનેક બાળાઓ રહેતી હશે. એ તમામના સૌંદર્યને ઝીલે એવું સુંદર છે આ બિલ્ડિંગ! લવ્લી! એન્ડ લાઈવ્લી ટૂ!!

આછા ગુલાબી અને રાખોડી રંગના બ્લૉક્સ પ્રોફેસરને અત્યંત રુચિકર લાગ્યા. કેટલીક રૂમોમાં પ્રકાશ ચાલુ હતો. લીલા કાચમાંથી ચળાઈને આવતો એ પ્રકાશ શાતાદાયક લાગ્યો. રાત્રે વરસાદ આવ્યો હતો, તેથી લેડીઝ હૉસ્ટેલની દીવાલો ભીંજાઇ ગઈ હતી. ભીંજાયેલી દીવાલોને એક આગવી મહેક ફૂટી હતી. કદાચ એ મહેકમાં અંદર રહેનારી તરુણીઓની ત્વચાની મહેક પણ ઓગળી ગઈ હશે… પ્રોફેસરને લેડીઝ હૉસ્ટેલની દીવાલો સૂંઘી આવવાનું મન થયું.

પ્રોફેસર ઊભા-ઊભા ખ્યાલોમાં ખોવાઈ ગયા.

પાછળથી કોઈનો કઠોર પગરવ સંભળાયો ને એ ચમક્યા : 'કૌન?' ભરાવદાર મૂછો, કરડાકીભર્યો ચહેરો, ખાખી ડ્રેસ, હાથમાં દંડો. એ ચોકીદાર હતો.

'સાંભળો છો?' એનો પડકાર સાંભળીને પ્રોફેસરને પરસેવો વળી ગયો!

'કાકા, હું બહારથી આવું છું!' પ્રોફેસરે પોતાની નિર્દોષતા વ્યક્ત કરવા જણાવ્યું : 'બેબી અહીં રહે છે. એને મળીને દ્વારકાની બસ પકડવી છે!'

'ભલે, ભલે! આપને હજુ કલાકેક રાહ જોવી પડશે.' અને પછી બીડી ધરતાં બોલ્યો : 'સાહેબ, અમે તો ચિઠ્ઠીના ચાકર. અને આ તો જુવાન દીકરીઓનો રાફડો! વેળા-કવેળાએ ખાતરી રાખવી જ પડે! જમાનો બદલાઈ ગયો છે!'

પ્રોફેસર એના પ્રેમનો અનાદર ન કરી શક્યા. ચોકીદારે લાઈટરથી બીડી સળગાવી આપી. બેઉ જણા લેડીઝ હૉસ્ટેલની સામેની દુકાનોનાં પગથિયાં પર બેઠા. બીડી પીધી.

'ગુજરાતથી પધારતા લાગો છો!' ચોકીદારે ઊભા થતાં કહ્યું : 'શી નાતે છો?'

'રજપૂત છું, જાડેજો છું!'

'તો-તો મૂળ હાલારના જ, કાં પછી કચ્છ બાજુના!' ચોકીદાર થોડોક ઝંખવાણો પડ્યો : 'આ શહેર મૂળે તો આપના જ વડવાઓએ વસાવેલું ને!'

'મારા વડવાઓ તો બિચારા મજૂરી કરવા કચ્છ છોડીને ગુજરાત ચાલ્યા ગયેલા! શહેર વસાવી શકે એવા લોકોના વંશજો આમ મવાલીની જેમ રઝળે ખરા, કાકા?'

'હોય, સાહેબ! આપને કંઈ મવાલી કહેવાય, અમ ગરીબ થકી?' ચોકીદાર ચાલવા માંડ્યો : 'થોડીક રાહ જુઓ! છ-સવા છ વાગ્યે દૂધવાળો આવશે. એની સાથે જ આવી જજો અંદર.' થોડુંક ચાલીને એ પાછો વળ્યો : 'બેબી કઈ રૂમમાં રહે છે?'

'39 માં.'

'ભલે ભલે! તોરલબહેન કે તૃપ્તિબહેન?' ચોકીદાર આખી હૉસ્ટેલને ઓળખતો હતો – નામ જોગ!

પ્રોફેસરને નવાઈ લાગી : 'એ જ એ જ! તોરલ નામ છે એનું...' ચોકીદાર ચાલ્યો ગયો.

એની પૂંઠ પડી ને પ્રોફેસરને થયું : સાલું, બફાઈ ગયું! ચોકીદાર આગળ 'જાડેજા'ને બદલે 'શાહ' કહેવાની જરૂર હતી! ખેર!

પાછા પ્રોફેસર એકલા પડી ગયા.

લેડીઝ હૉસ્ટેલમાં સળવળાટ શરૂ થયો. રૂમોના કાચ પ્રકાશિત થવા લાગ્યા. પ્રોફેસરની આતુરતા વધી ગઈ.

– તોરલ જાગી હશે. ભલી હશે તો મારી રાહ જ જોતી હશે. સાચા સ્નેહની એક આગવી સંચારવ્યવસ્થા હોય છે... તમારે એને જે નામ આપવું હોય તે આપો! કેટલાક એને 'ટૅલિપથી' કહે છે!

અજવાસ ઊઘડતો ચાલ્યો. સાઈકલોની બેઉ તરફ દૂધનાં કેન બાંધી બાંધીને ઝપાટાબંધ હાલારના આયરો શહેરની સુંવાળી પ્રજાને દૂધ ભેળી કરવા હડિયાપાટી કરવા લાગ્યા.

એક સાઈકલ લેડીઝ હૉસ્ટેલના ગેટ આગળ થોભી, ચોકીદારે ગેટનું તાળું ખોલ્યું. પ્રોફેસરના શરીરમાં ઝણઝણાટી બોલી ગઈ. હૈયું ધક્ ધક્ થઈ રહ્યું. આંખો અધીરી બની ગઈ.

ધીમે પગલે એ લેડીઝ હૉસ્ટેલના પ્રાંગણમાં પ્રવેશ્યા. ચોકીદાર મૂછમાં હસ્યો. પછી એણે જરા અંદરની તરફ જઈને બૂમ મારી : 'તોરલબહેન!'

8

પ્રોફેસર જાડેજાએ ચહેરા પર કૃત્રિમ ગંભીરતા આણવા પ્રયત્ન કર્યો. ચોકીદારના બાંકડા પર એક પગ ટેકવીને દીવાલ પર ટિંગાડેલ નોટિસ-બોર્ડ પર એ નજર ફેરવવા લાગ્યા.

ચોકીદારે બીજી બૂમ મારી : 'તોરલબહેન!'

'એ આવી ઇઇઇ....!' તોરલનો ટહુકો સાંભળીને પ્રોફેસરની રગેરગમાં રોમાંચનું મોજું ફરી વળ્યું.

ચોકીદારે પ્રોફેસર પાસે આવીને કહ્યું : 'હવે ઈ કાયદા તો ખાલી કાચમાં મઢી રાખવા પૂરતા છે! કોઈ કાયદો પળાતો નથી, ફક્ત મુલાકાતીઓ દીકરીઓની રૂમુંમાં નથી ઘૂસતા એટલું જ!'

પ્રોફેસરને ચોકીદારનાં વેણ હાડ સોંસરવાં ઊતરી ગયાં. દડબડ દડબડ સીડી ઊતરીને તોરલ દોડી આવી. એ કેટલી મદહોશ હતી! નદીની જેમ એ ધસમસી રહી હતી.

પ્રોફેસરને થયું : ક્યાંક અહીં ને અહીં બાઝી ન પડે!

ચોકીદાર આમેય સમજી તો ગયો જ છે; ને પાછું – પણ એમ કંઈ તોરલ કોઈનાથી ઝાલી રહેવાની હતી? શ્વાસભેર દોટ મૂકીને એ સીધી પ્રોફેસરની સામે જ આવીને ઊભી રહી. એમના બેઉ ખભા પર પોતાના કોમળ હાથ ટેકવીને એ એટલી બધી નજીક આવી કે ખુદ પ્રોફેસરને ઘડીક દીનદુનિયાનું સાનભાન ભુલાઈ ગયું.

– એની છાતી ધમણની જેમ હલમલી રહી હતી.

એના શ્વાસમાં કામવાયુની મહેક હતી. એની આંખોમાં ગ્રીષ્મની ધરતીની તરસ હતી.

ચોકીદાર સમજીને જ દૂર ચાલ્યો ગયો.

'ઓહ, જેસલ! તમે કેટલા ક્રૂર છો! કેટલી તડપાવી મને! આજે કેટલા બધા દિવસ થઈ ગયા, ખબર છે?'

'પણ તારો સંદેશો તો મને મળવો જોઈએ ને? સરનામું મેળવતાં ય મને ફાંફાં પડી ગયેલાં, ખબર છે? તું તો સાવ અબુધ છો! પહેલો પત્ર તારે લખવાનો હોય કે મારે? મને થોડી ખબર હતી કે તું ફલાણી હૉસ્ટેલની ફલાણી રૂમમાં રહે છે? ગાંડું!'

પ્રોફેસરે ધીરે રહીને એના બેઉ હાથ ખભા પરથી નીચે મુકાવ્યા : 'તને ખબર તો છે કે તારા ઘરનાં માણસો મારા ઉપર ખૂબ જ વહેમાય છે. મારી સાથે તો 'કેમ છો'નો વ્યવહાર પણ એમણે કટ કરી નાખ્યો છે. એ તો વળી મિસિસ પંડ્યા મારી વ્હારે ધાયાં ને તારી મમ્મી જોડે શાક ખરીદતાં ખરીદતાં એને ખબરેય ન પડે એટલી ચાલાકીથી તારું સરનામું જાણી લીધું! ખરો આભાર તો મારે એમનો માનવાનો છે!'

'તમને એમ લાગે છે કે મેં તમને સમૂળગા લેટર નહિ જ લખ્યા હોય? તૃપ્તિને પૂછજો – કેટકેટલા લેટર લખી લખીને મેં ડ્રોઅરમાં સરકાવી દીધા છે...!' એની આંખો ભરાઈ આવી : 'જેસલ, એક છોકરીના મનને તમે શું જાણો? તમને એક મિનિટ પૂરતાય વીસરી શકી નથી. તમારો લેટર તો હમણાં આવ્યો, બાકી મેં તો –'

'તો પછી પોસ્ટ ના કરીએ? તોરલ, તું નાહક ઢીલી થાય છે... તને મારા વગર ચાલવાનું તો નહોતું જ – ને મારે ય તારા વગર નહોતું ચાલવાનું. માનીશ? હું તો, તું તારી મમ્મી સાથે જામનગર જવા નીકળી તે જ દિવસે તારું પગેરું સૂંઘતો ચાલ્યો આવ્યો હોત! કેટલી મહેનત પડી હતી મન ઉપર કાબૂ મેળવતાં! મારે અકારણ તને તકલીફમાં નહોતી મૂકવી, તોરલ! હું જાણું છું – તારી મમ્મીએ તું મારી સાથે કોઈ પણ 'ટચ' ન રાખે એવું વચન લીધું છે તારી પાસેથી, ખરું ને?'

તોરલ રડવા લાગી : 'એવું એવું મને યાદ ન કરાવો, જેસલ! તમે આવ્યા છો તો બે ઘડી આનંદની વાતો કરીએ. દુઃખ સંભાર્યે શું વળવાનું હતું?'

'આ તો મને મિસિસ પંડ્યાએ કહ્યું. એમને તારી મમ્મીએ કહ્યું! હું તો જાણે ડાકુ હોઉં ને! એની વે –'

પ્રોફેસરે અવાજનો રણકો બદલ્યો! 'ફરગેટ ઇટ, તોરલ! લેટ્'સ ઍન્જોય ધ પ્રેઝન્ટ ટેન્સ! વર્તમાનને માણીએ! બોલ, ક્યાં જઈશું? બાય ધ વે, તૃપ્તિ ક્યાં છે?'

તોરલ એકદમ સપનામાંથી જાગી હોય એમ બોલી : 'ઓહ, એ તો બિચારી ક્યારનીય તમને મળવા માગે છે! રાત આખી તમારી જ વાતો કર્યા કરી છે. તમે ટૅલિપથીમાં માનો છો?' તોરલે અત્યંત મુગ્ધ ભાવે ઉમેર્યું : 'બોલો, મને તમે આવી જ રહ્યા છો, એનો સંકેત મળી ગયેલો!'

'વન્ડરફુલ!'

'તમે સવાચાર વાગ્યા વાળી બસમાં આવ્યા?'

'તને શી રીતે ખબર પડી?'

'તૃપ્તિને પૂછજો : મેં એને કહેલું કે નહિ?'

'તોરુ!' પ્રોફેસર લાગણી ભીના થઈ ગયા : 'મનેય તારા વગર ફાવતું જ નહોતું. ગઈ સાંજે તમારા બેઉ જણના પત્રો મળ્યા. બસ, મને જાણે આખું હિંદુસ્તાન મળી ગયું! ખોટું નહિ બોલું, મેં ચરસની સિગારેટ પીધી – ને પછી તો મને ખબર પણ નથી રહી કે ક્યારે હું બસમાં બેઠો! ચાર ને દસે બસ ગ્રેઈન માર્કેટના સ્ટૅન્ડ પર ઊભી રહી, ને મારી આંખ ઊઘડી!'

'ચાર ને દસ – ઓહ માય ગોડ! વ્હોટ એ ગ્રેટ ટૅલિપથી!'

'તૃપ્તિઇઇઇ...!' કરતી એ દોડી ગઈ : 'આવું, હોં! એ તો તમને મળવા કેટલી આતુર બની ગઈ હશે!' તોરલ સડસડાટ સીડી ચડી ગઈ.

તૃપ્તિ માથું ઓળીને તૈયાર થઈ ગઈ હતી : 'તું ના બોલાવત, તોય હું નીચે જ આવતી હતી.'

'ચમચી, તારે મારાથી છુપાવવાની શી જરૂર હતી? મારો લેટર એમને પોસ્ટ કરી દીધો ને મારા આગળ નાટક કર્યું!'

તૃપ્તિ અને તોરલ બેઉ એકમેકની સામે જોઈ જોઈને જુદી જ તરાહનું હસતાં રહ્યાં.

તૃપ્તિએ કબૂલ્યું : 'મને તારી બીક લાગતી હતી ને, એટલે!'

તોરલને સમજાયું નહિ કે તૃપ્તિએ આ કાવતરું કર્યું ક્યારે!

'એ તો કહે! મારો લેટર તેં સંતાડ્યો કઈ રીતે, ને પોસ્ટ ક્યારે કરી આવી?'

'તોરલ, મેં મારા આત્માના અવાજ પ્રમાણે જે કરવા જેવું લાગ્યું, તે કર્યું! તને એથી નુકસાન નથી થયું – ફાયદો જ થયો છે!'

'તેં મને અંધારામાં રાખી, એનો વાંધો છે! જબરી છે, હોં!'

'તે દિવસે મેં લેટર પડી ગયાનું કેવું નાટક કરેલું – નહિ! હકીકત કહું? લેટર મેં નીકરમાં સંતાડી દીધેલો! કદાચ તું મારું ચેકિંગ કરત, તોય લેટર તો તને ન જ મળત! એ તો એની ઉપર જેનું ઍડ્રેસ લખાયું હતું એને જ મળત!'

'ચમચી! બદમાશ! લુચ્ચી!' તોરલે એને અપાય એટલા સરપાવ આપ્યા, ને પછી એનો હાથ ખેંચીને દોડી : 'ચાલ, તારો સગલો તારી રાહ જુએ છે! બહુ હોશિયાર થઈ ગઈ છે તે!'

'આવું છું! છોડ તો ખરી – મારો હાથ ઊતરી જશે!'

– તૃપ્તિ એની પાછળ-પાછળ ઘસડાતી ચાલી. તોરલ એક ગુનેગારને પકડી લાવે એ રીતે છેક વિઝિટર્સ રૂમ સુધી તૃપ્તિને ખેંચી ગઈ.

'– મુજરિમ હાજિર હૈ!' તોરલે એને પ્રોફેસર તરફ ફંગોળતાં કહ્યું : 'આ તમારી તૃપ્તિ! એના વગર સૂના પડી જતા'તા તે!'

–ને પછી એવું મોં બનાવ્યું કે ત્રણે જણ હસી પડ્યાં.

'તોરલ, તું કેટલી લકી છે કે આવી સુંદર, નાજુક, વફાદાર પાર્ટનર મળી છે તને!'

– પ્રોફેસર આગળ કશું બોલે, એ પહેલાં તો તોરલ અને તૃપ્તિ બેઉના મોંમાંથી 'વફાદાર?'નો પ્રશ્નાર્થ સરી પડ્યો. તોરલે સ્પષ્ટતા કરી : 'જગતમાં બેવફાઈ, ગદ્દારી અને જુઠ્ઠાણાનો શ્રેષ્ઠ નમૂનો ન જોયો હોય તો જોઈ લો આ તૃપ્તિને!'

'હં...હં...' હસીને એણે ઉમેર્યું : 'તમે પ્રોફેસર અંગ્રેજીના છો. ગુજરાતી ભાષાના શબ્દોનો દુરુપયોગ બંધ કરો તો સારું!'

'મને તમારી વાત જરાય સમજાઈ નથી.' પ્રોફેસરે કહ્યું, 'મને લાગે છે કે પુરુષમિત્રને પજવવાનો પરંપરાગત સ્ત્રીસહજ ગુણધર્મ તમે બેઉ પ્રદર્શિત કરી રહી છો.'

'જોયું?' તોરલે તૃપ્તિને ચીમટો ભરી લીધો : 'બહુ વકીલાત કરતી'તી ને? 'જીજાજી! જીજાજી!' કરીને મોં સુકાતું હતું – જોયા જીજાજીના વિચારો? બહુ ચગ્યાં'તાં! લેતાં જાવ!' એણે ડિંયો બતાવ્યો.

તૃપ્તિ ઓછી એના કહ્યામાં આવે એમ હતી? 'જા ને હવે! તું એમને ખોટા ચીતરીશ એટલે કંઈ હું એમ માની જઉં એવી નથી. મારે તો જીજાજી પહેલા! પછી તું!!'

'વાહ!' તોરલે આંખો નચાવી : 'ભલી હશે તો ઘડીક પછી કહેશે – હું તો તને ઓળખતી જ નથી! આ તો મારા જીજાએ જરીક તારું નામ આપ્યું, એટલે! વાહ રે વાહ, તૃપ્તિબહેન! તમે તો જબરાં નીકળ્યાં હોં કે!'

'હવે તમે ઝઘડવાનું બંધ કરશો?' પ્રોફેસર બિચારા મૂંઝાઈ ગયા હતા.

'ના રે ભાઈ, અમારે શું કામ ઝઘડવું પડે?' તોરલે નાટકીય રીતે કહ્યું : 'તમને કાલે ઊઠીને એ પ્રેમ કરવા માંડે તોય મને શો વાંધો હોઈ શકે?' એણે ગંભીરતા ધારણ કરવાનો ડોળ કર્યો.

'કાલે શું કામ, હું તો આજે જ, અત્યારે જ એમને પ્રેમ કરવા માંડી છું! જા, તારાથી થાય તે કરી લે!'

– તૃપ્તિના પડકારથી પ્રોફેસર ધ્રૂજી ઊઠ્યા.

'ભલે, ભલે, ભલે!' આઈ વિશ યુ સક્સેસ! આઈ વિશ યુ હેપ્પી મૅરીડ લાઈફ!' તોરલે ઓવારણાં લઈને કહ્યું : 'તમે પંદરેક મિનિટ પ્રેમ કરો, એટલી વારમાં હું કૉફી બનાવીને લઈ આવું છું.'

'ના, કૉફી તો જીજાજીને મારા જ હાથની પિવડાવવી છે!'

તૃપ્તિ ઊભી થઈ. પ્રોફેસરે એને બાવડું પકડીને પોતાની પાસે બેસાડી દીધી : 'હવે બહુ ડાહી થા મા! એતો જશે એને જવું હશે તો! તું તારે બેસ!'

તોરલ લટક મટક, મોં મચકોડતી ચાલી ગઈ. જતાં-જતાં દસ વાર તો પાછું વળી વળીને એણે જોયું.

– સીડી સાથે ભટકાતાં ભટકાતાં રહી ગઈ.

પ્રોફેસર અને તૃપ્તિ હસવું ન ખાળી શક્યાં. તોરલે શરમાઈને સીડી ઉપર દોટ મૂકી. એકીસાથે બબ્બે-ત્રણ-ત્રણ પગથિયાં ઠેકતી એ ચડી ગઈ.

– લેડીઝ હૉસ્ટેલ આખી ધમધમી ઊઠી.

શરૂઆત પ્રોફેસરે જ કરી : 'આ તોરલ બહુ સારી છોકરી નથી, હોં કે તૃપ્તિ! તારે એનાથી જરી ચેતીને ચાલવા જેવું છે!'

'એ...મ!' તૃપ્તિના ચહેરા ઉપર આખું 'એ...મ' છપાઈ ગયું.

'સાચું કહું છું! બહુ જ ઊંડી છોકરી છે! જો ને, હું ક્યાં ને એ ક્યાં –! તે તોય મને કેવો ફસાવી દીધો છે!'

'એ...મ!!' તૃપ્તિના ચહેરા ઉપર બીજી વાર 'એ...મ' વંચાયું!

'તું પણ એની થઈ ગઈ છે. તને ખબર નથી – એના થઈ જનાર સાથે પાછળથી એ કેવું વર્તન કરે છે... હજી તું ઘણી કાચી છે!'

'એ...મ!!!' આ ત્રીજું 'એ...મ' એના ચહેરા પર એટલા મોટા અક્ષરે ઊપસી આવ્યું કે પ્રોફેસર ઠરી જ ગયા.

એ મૂંગા મૂંગા વિઝિટર્સ રૂમની દીવાલો ઉપરના વૉલપીસ જોવા લાગ્યા. તૃપ્તિ અંદર ને અંદર હસતી રહી.

કૉફી લઈને તોરલ આવી ત્યાં લગી બેઉ જણ એકમેકની સામે પણ જોયા વિના મૂંગા મંતર બેસી રહ્યાં.

તોરલનો પગરવ સાંભળીને પ્રોફેસર ચમક્યા; એકાએક એમનાથી બોલી જવાયું : 'આ તૃપ્તિ સાવ નક્કામી છે, તોરલ! જો ને, મને ત્યારનો કેટલો પજવે છે!'

અત્યાર લગી અંદર દબાઈ રહેલું હાસ્ય ધોધની જેમ વછૂટી ગયું; તૃપ્તિ ગાંડાની જેમ હસતી રહી.

'એ તો છે જ એવી!' તોરલે કહ્યું : 'તમને આવતાંવેંત તો ચેતવ્યા'તા મેં!'

'એ કેવું કેવું કરતી'તી, ખબર છે?' પ્રોફેસરે ચાળા કર્યા : 'મને તો એવી શરમ આવી ગઈ, તોરલ! આખરે હું એક અધ્યાપક છું; વળી પાછો ખાનદાન ઘરાનાનો નબીરો અને ઉંમરવાળો માણસ!'

તોરલનો અવાજ બદલાઈ ગયો : 'ઓહ્હો! મેં તમને કેટલી વાર કહ્યું કે ઉંમર ઉંમર કરીને મારું મગજ ન બગાડો! તમે એંશી વરસના તો નથી થઈ ગયા ને? આવતીકાલે તો નથી મરી જવાના ને?' તોરલની આંખો ઊભરાઈ આવી : 'હું તમને એટલા જ કારણસર ચાહું છું કે તમે ઉંમરવાળા છો! સમજ્યા?'

'એમાં આટલી ગરમ શાની થઈ જાય છે? મેં તને ચાહવાની કયે દહાડે ના પાડી? ચાહ્યા કરને ચાહવું હોય એટલું?'

પ્રોફેસરને લાગ્યું : તોરલને નાહક માઠું લગાડી બેઠો. એ બિચારી કેટકેટલા અવરોધો વચ્ચે મને પ્રેમ કરે છે; ને હું છું તે –

'સૉરી તોરલ!' પ્રોફેસરે કહ્યું : 'જો, આમ વાતવાતમાં ખોટું નહિ લગાડી દેવાનું, સમજી?' એમણે તોરલની ચિબુક ઉપર આંગળી અડકાડીને ઉમેર્યું : 'આમ જો તો મારી સામું!'

તોરલે એમની સામે જોયું. આંખો મળી. ડળક ડળક કરતાં બે આંસુ તોરલના ગાલ પર રેલાઈ રહ્યાં.

તૃપ્તિ આડું જોઈ ગઈ.

પ્રોફેસરે કૉફીનો એક ઘૂંટ પીધો. પછી કપ તોરલના હોઠે અડકાડ્યો. તોરલે ઘૂંટડો ભર્યો. પાછા પ્રોફેસર કૉફી પીવા લાગ્યા.

તોરલે ગાલ લૂછતાં કહ્યું : 'તૃપ્તિને કેમ અન્યાય કરો છો?' – ને એ હસી.

'એ શું અન્યાય કરતા'તા? હું મારી મેળે જ પી લઉં એવી છું!' અને પ્રોફેસરના હાથમાંથી એણે કપ ઝૂંટવી જ લીધો. બધી કૉફી પોતે જ ગટગટાવી ગઈ. ખાલી કપ બતાવીને બેઉ જણને ચીડવવા લાગી.

'હું કહેતો'તો ને! સાવ નક્કામી છે તારી પાર્ટનર!' પ્રોફેસરે ઉમેર્યું : 'આજે મારી કૉફી પી

ગઈ, કાલે વધારે તરસી થાય તો એનું ભલું પૂછવું – મને ય ગટગટાવી જાય!’

તોરલે તૃપ્તિના ગાલ પર ચુંબન ધરી દીધું : ‘ભલે ગટગટાવી જતી! તમે એ જ દાવના છો!’

તૃપ્તિ ખુશ થઈ ગઈ : ‘હવે ક્યાં લગી ગપાટા મારતા બેસી રહેશો? નહાવા-ધોવાનોય વિચાર છે કે પછી આમ ને આમ –’

તોરલને યાદ આવ્યું કે પોતે પણ જેવી પથારીમાંથી ઊઠી એવી નાઠી છે : નથી ઓળ્યું માથું કે – અરે, હજી તો બ્રશ પણ કોણે કર્યો છે? ને તૃપ્તિ તો એકદમ બનીઠનીને જાણે જાનમાં જવાનું હોય એમ તૈયાર થઈ ગઈ છે!

પ્રોફેસરે કહ્યું : ‘હું તો ધૂની માણસ છું. નહાઉં તો દિવસમાં ત્રણ-ત્રણ વાર નહાઉં, ને ન નહાઉં તો જુમ્મે સે જુમ્મા! ને હું તો સામાન પણ ક્યાં લાવ્યો છું? પહેર્યે કપડે ચાલ્યો આવ્યો છું! તમારે મારું જે કરવું હોય તે કરો!’

‘તમારે મારું કરવું હોય તે કરો!’ – તોરલે ચાળા પાડ્યા : ‘આવ્યા છે મહેમાનગતિ કરાવવા!’

‘જોયું, તૃપ્તિ? જોયું તારી સખીનું અસલી સ્વરૂપ? એક તરફ કેવાં કાકલૂદીભર્યા નોતરાં મૂકે છે, ને ઘડીકમાં કેવી બદલાઈ જાય છે! કોઈ પણ સ્વમાની પુરુષ એને પ્રેમ કરી શકે એવું લાગે છે તને?’ – પ્રોફેસરે બરાબરની ધાક બેસાડી દીધી.

‘મોટા સ્વમાનવાળા ના જોયા હોય તો!’ કહેતી તોરલ મોં મચકોડીને ઊભી થઈ ગઈ : ‘હવે ડહાપણ ડહોળ્યા વિના નાહી લ્યો! હું ખિજાઈ ગઈ તો આ પહેરેલાં કપડાં પણ ફાડી નાખીશ, હા!’ – ને તૃપ્તિને ઉદ્દેશીને બોલી : ‘જાને, મારો કોરો ટુવાલ ને સાબુ લઈ આવ તો! બંડી-જાંઘિયો તો બજારમાંથી ખરીદી લઈશું ત્યારે! અત્યારે છો મેલાં ને મેલાં કપડાં પહેરતા!’

પ્રોફેસર સૂનમૂન સાંભળતા રહ્યા.

તૃપ્તિ પાછી આવી એટલે તોરલે એમને અતિથિઓ માટેનું બાથરૂમ બતાવતાં કહ્યું : ‘તમે તૈયાર થાવ. હું ય એટલી વારમાં તૈયાર થઈને આવું છું.’ ને પછી તૃપ્તિને એમનો હવાલો સોંપીને ચાલવા માંડી : ‘તું બહાર ઊભી ઊભી એમની ચોકી કરજે! આ તો ખાલી કહેવાના પ્રોફેસર છે! બહારવટિયા છે બહારવટિયા!’

– પ્રોફેસર જાડેજાને બહારવટિયાનું બિરુદ ગમ્યું.

9

તૈયાર થઈને ત્રણે જણ નીકળ્યાં.

બસ સ્ટેશને પહોંચ્યાં ત્યારે અગિયાર વાગી ગયા હતા. દસેક મિનિટમાં જ દ્વારકાની બસ મુકાવાની હતી.

'તોરલ, તારા શહેરમાં ફાઈવસ્ટાર ચૉકલેટ તો મળતી હશે ને?' પ્રોફેસરે વહેલી સવારનો અનુભવ યાદ કરતાં કહ્યું : 'મેં સવારે પેલા ગલ્લા પર પૂછી જોયેલું! જાણવા મળેલું કે અહીં તો ચૉકલેટો વજન ઉપર વેચાય છે!'

'અમારા શહેરની આબરૂ ન કાઢો! તમારે કેટલી જોઈએ છે, કહો જોઉં!'

– એણે પોતાનું પર્સ ખોલીને પ્રોફેસરની પસંદગીની ચૉકલેટ કાઢી આપી. પ્રોફેસરે પહેલાં એની પાસે બટકું ભરાવ્યું, પછી જાતે ખાવા લાગ્યા.

'તૃપ્તિને ભૂલી ગયા કે પાછા?' તોરલે એમને ટોક્યા. 'સૉરી તૃપ્તિ!' કહી પ્રોફેસરે એને ચૉકલેટ ચખાડી. બસ મુકાઈ કે ધક્કામુક્કી શરૂ થઈ ગઈ. તૃપ્તિ વીરાંગનાની જેમ સૌથી પહેલાં ઘૂસી ગઈ. તોરલની સૂચના મુજબ છેલ્લી ખૂણા તરફની સીટો રોકી પાડી. તોરલ તેમ જ પ્રોફેસર આરામથી ચડ્યાં. ત્રણે જણ ગોઠવાઈ ગયાં. બસ ચિક્કાર થઈ ગઈ. પ્રોફેસર તો ખાલી ખિસ્સે આવ્યા હતા. આર્થિક વહીવટ તોરલે સંભાળી લીધો : 'ત્રણ દ્વારકા.'

કંડક્ટરે ટિકિટો કાપી આપી. તોરલે પૈસા આપ્યા. તૃપ્તિ પ્રોફેસરના ચહેરા સામું જોઈને હસી; પ્રોફેસર ખુશ થઈ ગયા. ફક્કડ ગિરધારીની જેમ એમણે હાથ અધ્ધર કરી દીધા : 'હું ખૂબ પ્રસન્ન છું! હું તો ઇચ્છું કે આખા ભારતવર્ષના પુરુષોને મારા જેવું સુખ પ્રાપ્ત થાય! ઇંદિરાજીના દેશમાં મહિલાઓ વહીવટ સંભાળતી થાય એથી મોટું બીજું કયું તર્પણ હોઈ શકે એ મહાન સન્નારીનું?'

તોરલ એવી તો ખિજાઈ! ખાખી બાવાને કહેવુંય શું? એણે ગુસ્સે થવા કોશિશ કરી પણ ઊલટાનું એનાથી હસી પડાયું.

પ્રોફેસરે વિજયસૂચક સ્મિત ફરકાવ્યું.

તોરલે ધીરે રહીને એવી ચૂંટી ખણી લીધી કે પ્રોફેસર તૃપ્તિ ઉપર પડતા માંડ બચ્યા. કશું જ ન હોય એમ પાછા સ્વસ્થ થઈને બેઠા; અને આજુબાજુના પેસેન્જરો ઉપર પ્રભાવ પડે એ રીતની સાંપ્રત ચર્ચા કરવા માંડ્યા : 'ભ્રષ્ટાચાર કૂદકે ને ભૂસકે વધતો જાય છે! સરકાર ગમે તેટલા મુદ્દાઓનો કાર્યક્રમ ઘડી કાઢે, ઇંદિરાબહેન બિચારાં ગરીબી હટાવવાના મુદ્દા ઉપર પોતે ગરીબ બની જાય, તોય આ ખાંધિયાઓ સુધરે એમ નથી!'

આગળની સીટ ઉપરના એક વયોવૃદ્ધ પેસેન્જર એમની વહારે ધાયા : 'તમે બિલકુલ સોળ આના સાચી વાત કીધી! અમે તો ગાંધી મા'ત્માની હારે જેલું ભોગવી સે; ને આ આજકાલના બની બેઠેલા કાંધિયા તો ઈ દહાડે ઈમની માવરોનાં પેટમાંય નો'તા પાંગરેલા!'

કાકાની કથની સાંભળીને તોરલ અને તૃપ્તિ બેઉ જણીઓને હસવું આવી ગયું. બન્ને મોં ઉપર રૂમાલ દાબીને માંડ હસવું ખાળવાની કોશિશ કરતી હતી ત્યાં પ્રોફેસરે ગંભીર ચહેરો બનાવીને કાકાની વાતનો મોટે ઉપાડે હોંકારો ધર્યો : 'તમારા જેવું હાચું કે'નારા ને હાંભળનારા આ મુલકમાં કેટલા? પૂરા આંગળીના વેઢા જેટલાય ખરા? પછી આ દેશ ઊંચો આવે જ કઈ રીતે?' – ને બેઉ તરફ બેઉ છોકરીઓને ગોદા મારીને ગંભીરતાપૂર્વક કાકાની સાથે લાગુ થઈ ગયા : 'કાકા, કિયે ગામ રહેવું?'

– બિચારી છોકરીઓ હસે નહિ તો કરે શું? ઘણો સંયમ રાખી જોયો, પણ આખરે એમનાથી હસી જ પડાયું.

કાકાને ખોટું લાગી ગયું. પ્રોફેસરના પ્રશ્નનો જવાબ આપવા જ જતા હતા, ત્યાં આ 'જુવાન છોકરિયું'ના ખિખિયાટાએ એમને ખીજવી મૂક્યા : 'જોયાને આ નવી પેઢીના સંસ્કાર? અમારા વખતમાં તો બેનદીકરી ઉતાવળો શ્વાસ લેતાંય વિચાર કરતી! હરિ, હરિ!' ને પછી બેઉ છોકરીઓ સામે હાથ જોડીને બોલ્યા : 'માફ કરજો, બેનું! મારે ઘેર તો દીકરાને ત્યાં તમારા જેવડી દીકરિયું છે. પણ જોઈ હોય તો ખાંડાની ધાર ઉપર જીવે છે! તમારી જેમ મોટેરાંઓની સામે દાંત નથી કાઢતી.'

બેઉ જણનાં મોં પડી ગયાં. બેઉ જણ મૂંગી મંતર બેસી રહી. આ બધા કાવતરાનું મૂળ તો બેઉની વચ્ચે જ બેઠેલું હતું, પેલા કાકાને બિચારાને એની ખબર જ ક્યાં હતી?

બેઉ સખીઓ એકમેકનું મોઢું જોઈને, સમસમીને બેસી રહી. કાકા વચ્ચેના કોઈ સ્ટેન્ડે ઊતરે ત્યારે વાત! બદતમીઝ પ્રોફેસરને એવો પાઠ ભણાવીએ કે ખો ભૂલી જાય!

પ્રોફેસર તો ગેલમાં જ આવી ગયેલા : 'શું કરીએ કાકા! આપણે તો ઘણાય સંસ્કારો રેડવા કોશિશ કરીએ છીએ, પણ નવી પેઢીને એ ઝીલવા જ નથી ત્યાં! આ સિનેમા આવતાં કરીને તો આપણી આખી યુવાપેઢી ખલાસ થઈ ગઈ છે!'

કાકા પ્રોફેસરની વાત ઉપર ખુશ થઈ ગયા : 'તમારું કહેવું સો ટકા નહિ, એકસો ને દસ ટકા સાચું છે!'

તોરલ અને તૃપ્તિને ફરી વાર હસવું આવતાં આવતાં રહી ગયું. સદ્ભાગ્યે કાકા પહેલા જ સ્ટેશને ઊતરી ગયા. જતાં-જતાં વિવેકપૂર્વક પ્રોફેસરને 'રામ, રામ' કરતા ગયા, આગ્રહ પણ કર્યો : 'કોક દિવસ આવતાં જતાં આંગણું પાવન કરજો! અહીં તો માજી સરપંચ કહો એટલે ધાવણું છોકરું યે ઓળખે!'

બન્ને જણને છેક દૂંટીમાંથી હસવું ઊપડ્યું. એને રોકતાં ભારે શ્રમ પડ્યો. આંખે પાણી આવી ગયાં. કાકાને લાગ્યું કે બિચારી જુવાન છોકરીઓને ખરા અંતઃકરણનો પસ્તાવો થયો છે. પગથિયે ઊભા-ઊભા બોલ્યા : 'બોલ્યુંચાલ્યું માફ કરજો! બે કડવાં વેણ કીધાં હશે તોય દીકરીઓ ગણીને કીધાં છે એમ જાણજો. માઠું ના લગાડશો!'

'ભલે!' કહી તોરલે કાકાના જીવને વલોપાતમાંથી છોડાવ્યો, ને બીજી જ ક્ષણે પ્રોફેસરને એવી જોરૂકી ચૂંટી ખણી કે પ્રોફેસર ઊભા થઈ ગયા...

બસની ટિકિટની પાછળ એણે કંઈક લખ્યું અને બસ ઊપડી કે તરત પ્રોફેસરને વંચાવ્યું. વાંચીને પ્રોફેસરને ચમચમાટી થઈ આવી. એમણે ટિકિટ તોરલ પાસેથી ઝૂંટવી લઈને તૃપ્તિને વંચાવતાં કહ્યું : 'તોરલનું સંસ્કૃત કેટલું પાવરફુલ છે, જોયું? એક ક્ષણ વારમાં એણે કેવો શ્લોક બનાવી દીધો!'

તૃપ્તિએ વાંચ્યું; લખ્યું હતું : 'કેમ ચગ્યું છે 'લ્યા, પ્રોફેસરિયા?'

– પાછું રમૂજનું વાતાવરણ જામી ગયું.

અંદર રમૂજ ને બહાર વરસાદ. એકદમ હેલી જામી ગઈ હતી. બસના એન્જિનનો અવાજ વરસાદના એકધારા સંગીતમાં ભળીને અદ્ભુત નાદ-રસાયણ સર્જી રહ્યો હતો.

અંદર બેઠાં-બેઠાં ત્રણે જણને ઠંડી વાવા લાગી. ત્રણે જણ એકમેકની નજીક દબાઈને બેઠાં. પ્રોફેસરને બેઉ તરફથી હૂંફ મળવા લાગી. 'આઈ એમ લકી ઈનફ ટુ હેવ નેચરલ હીટર્સ ઓન બોથ સાઈડ્સ!' અન્ય ઉતારુઓ સમજી ન શકે એટલા સારુ પ્રોફેસરે અંગ્રેજીમાં ચલાવ્યું. બન્ને સખીઓને એ ગમ્યું.

તોરલે દુપટ્ટો પસવાર્યો. પ્રોફેસરનો હાથ પોતાના હાથમાં લઈને રમાડવા લાગી : 'તમારો હાથ કેટલો ઠંડો છે!' – એનાથી બોલી જવાયું. કોઈ જોઈ તો નથી ગયું ને – એવો વિચાર આવતાં એ જરા આઘીપાછી થઈ અને પ્રોફેસરનો હાથ દુપટ્ટાતળે પૂરેપૂરો ઢંકાઈ જાય એ રીતે

ગોઠવાઈને બેઠી.

પ્રોફેસર જાડેજાને એ સ્થિતિ અત્યંત સુખદાયક લાગી. બસ આગળ ધપી રહી હતી. પ્રોફેસરનું મન થોડુંક પાછળ દોડી ગયું : હજી અઠવાડિયા ઉપર જ વતનના ગામડેથી મોટાભાઈનો પત્ર આવ્યો હતો. મોટોભાઈ સાધારણ ખેડૂત હતો. આઠ ચોપડી ભણીને ખેતીમાં લાગી ગયો હતો. જોકે એમના સમાજમાં ખાસો પુછાતો આદમી હતો. પંદર વીઘાં જમીન હતી. કાંડામાં બળ હતું ત્યાં લગી જાતે હળ ફેરવ્યું. પણ ઘડપણ વહેલું આવ્યું. ડોસા વહેલા વિદાય થઈ ગયા હતા. ડોશીને મૂકતા ગયા હતા. મોટો જબરો માતૃભક્ત. પરણેતરની હજાર હઠ છોડાવીને ડોશી ભેળો જીવ્યો. બૈરીનું નામનું ય સુખ ન મળ્યું. ઝઘડા, ઝઘડા ને ઝઘડા. રોજેરોજ જુવારાના ઝઘડા. મોટો એકનો બે ન થયો. નાનાને ભણાવ્યો. ભણીને નાનો 'સાહેબ' થયો તે દહાડે ગામ આખામાં મોટાએ ગોળ વહેંચ્યો હતો. નાનાને પરણાવ્યો. બિચારો પરણતાંવેંત રાંડ્યો. એનું દુઃખ મોટાથી જોયું નહોતું જતું. બીજું બૈરું કરવા ઘણો સમજાવ્યો પણ નાનો ન માન્યો...

બરોબર ગયા વરસના આષાઢની વદ બારશની વહેલી સવારે ડોશીએ દેહ છોડ્યો. નાનો તો નોકરી ઉપર હતો. તાર કરીને બોલાવેલો. પ્રોફેસર હતો ને! બાર દિવસ રોકાઈને પાછો વળી ગયો'તો!

– ને મોટો એકલો પડી ગયો હતો. બૈરાછોકરાંમાંથી મન ઊપડી ગયું હતું.

ગયા અઠવાડિયે એણે લખ્યું'તું : ભાઈ, માજી ગયા વરસે બરોબર આજના દહાડે દેવલોક થયાં હતાં. માંદલી મા જોડે જીવવાનું ફાવી ગયું હતું... આજે એની ખૂબ યાદ આવી. રડવું આવી ગયું. તમે આવ્યા હોત તો ઠીક રહેત. રાહ જોઈ હતી... ગઈ સાલ મરવાના આગલે દહાડે કહેતાં'તાં : 'હું માંદી ભલે રહી, પણ દિવાસાની કુલેર ખવડાવીને જઈશ!' જોકે દિવાસાના ત્રણ દિવસ અગાઉ એમને જતાં રહેવું પડ્યું હતું...!

ચાલો, ઈશ્વરને ગમ્યું તે ખરું! ભગવાન એમના આત્માને સદ્ગતિ આપો! એમના પરિવારને સુખ, સમૃદ્ધિ અને સદ્બુદ્ધિ આપો!

પ્રોફેસરના ચહેરા ઉપર વિષાદની વાદળી છવાઈ વળી. તોરલને એનું કારણ ન સમજાયું. દુપટ્ટા નીચેની એની હથેળી પંપાળતી એ બોલી : 'આમ એકાએક ઉદાસ કેમ થઈ ગયા તમે?'

'તોરલ!' પ્રોફેસર જાણે ઊંઘમાંથી ઝબક્યા : 'આખું આકાશ ઉદાસ છે! જોને, કેવું ચોધાર આંસુએ રુવે છે!'

તૃપ્તિએ એનો અર્થ સમજ્યા વિના જ ચલાવ્યું : 'ચાલો, આપણે પણ એની સાથે જ રડીએ!'

'કેટલાંક માણસોના નસીબમાં રડવાનું સુખ પણ નથી લખ્યું હોતું, તૃપ્તિ!' પ્રોફેસરના અવાજમાં ગમગીની હતી : 'હું એવો એક કમનસીબ માનવી છું, જે સગી માના મોત પાછળ પણ રડી નથી શક્યો!'

તોરલે એને આજીજી કરી : 'પ્લી...ઝ! જેસલ, તમે ઉદાસ થાઓ તો તમને મારા સમ છે! બિચારાં માજી તો સ્વર્ગમાં ચાલ્યાં ગયાં, એમને સ્મરીને દુઃખી થવાથી તો ઊલટાનો એમનો આત્મા દુઃખી થાય!'

તૃપ્તિ પણ પરિસ્થિતિની ગંભીરતા સમજીને ઉદાસ થઈ ગઈ. તોરલે અપેક્ષાભરી નજરે પ્રોફેસર સામે જોયું. આંખોમાં આંખો ભળી કે પ્રોફેસરની અને તોરલની – બેઉ જણની પાંપણો ભીની થઈ ગઈ. પછી બેઉએ એકમેકની સામે લાંબા સમય લગી જોયા કર્યું, ને પછી બેઉના ચહેરા પર વિષાદમિશ્રિત સ્મિત અંકાઈ રહ્યાં. તૃપ્તિ અંતર્મુખ બનીને બેસી રહી.

'ચાલો, ભાટિયા!' – કંડક્ટરનો અવાજ અને ઘંટડીનો રણકો એકીસાથે સંભળાયાં. થોડી

વારમાં બસ ઊભી રહી. પેસેન્જર ઊતરવા લાગ્યાં. 'બિસ્કિટ! સેવ! ભજિયાં ગરમ'ના બહુરંગી ઉચ્ચારણો સાથે ત્રણ-ચાર ફેરિયા બસને ઘેરી વળ્યા.

તોરલે બે પૅકેટ બિસ્કિટ ખરીદ્યાં. પ્રોફેસર નીચે ઊતરીને હળવા થઈ આવ્યા. બસનાં પેસેન્જર ચા પીવા ઊતરી ગયાં હતાં.

'ચા પીવી છે?' પ્રોફેસરે દરખાસ્ત મૂકી.

'ચાલો, પી નાખીએ!' તૃપ્તિએ અનુમોદન આપ્યું.

પ્રોફેસરે ત્રણ ચા નો ઑર્ડર આપ્યો. ચા પિવાઈ ગઈ. બસ પાછી ભરાઈ ગઈ. બધાં યથાસ્થાને ગોઠવાઈ ગયાં. બહાર સામાન્ય ઝરમર ચાલુ હતી. લગભગ બધાં જ પેસેન્જરોનાં વસ્ત્ર ભીંજાયાં હતાં. તોરલ અને તૃપ્તિ તો બસમાં જ બેસી રહેલાં એટલે એ લાભ એમને ન મળ્યો. બસ ઊપડી ત્યારે એ લાભથી વંચિત રહ્યાનો ખટકો ઊપડ્યો : 'અમે તો કોરાં જ રહી ગયાં!'

'– ચાલો, આગળ જઈને ભીંજાજો! આગળ રણછોડરાયનો મુલક આવે છે! એણે વ્રજમાં કોઈને ભીંજવ્યા વગર મૂક્યું નહોતું, યાદ છે ને?' પ્રોફેસરે 'યાદ' અપાવી! બિસ્કિટ ખાતાં ખાતાં તૃપ્તિએ કહ્યું : 'એ તો બિચારો મૂર્તિ થઈને મંદિરમાં પેસી ગયો છે, પણ તમે અમને જરૂર ભીંજવજો!'

તૃપ્તિના શબ્દો જેના જેના કાને પડ્યા એ બધાંય પેસેન્જર પાછલી સીટ તરફ જોવા લાગ્યાં : એક કહાન ને બે ગોપીઓ! ખરાં નીકળી પડ્યાં છે શ્રાવણનાં સરવરિયાંમાં ભીંજાવા!

બસની ઝડપ વધતી ચાલી. બારીના કાચ પર ભેજ જામી ગયો હતો. બસ દોડવા માંડી એમ વરસાદ પણ વધતો ચાલ્યો. ધોળે દિવસે બસમાં અંધારું ઘોર થઈ ગયું. ભારે વરસાદને કારણે રસ્તો પણ દેખાતો બંધ થઈ ગયો. વૃક્ષો આછાં આછાં, વાદળોની જમાતમાં વટલાઈ ગયાં હોય એવાં લાગતાં હતાં. બસની ગતિની વિરુદ્ધ દિશામાં વાદળોનાં ટોળાં સાથે દોડી દોડીને એ કોણ જાણે કોને મળવા જઈ રહ્યાં હશે – તોરલને સમજાયું નહિ.

એને એક વિચિત્ર વિચાર સ્ફુર્યો : વૃક્ષોમાં માણસજાત જેવું પ્રેમ-તત્ત્વ અસ્તિત્વ ધરાવતું હશે ખરું? નર વૃક્ષો નારી વૃક્ષોની પાછળ ઘેલછા અનુભવતાં હશે ખરાં? કદાચ એવી રચના હોય તો બિચારાં વૃક્ષો કેટલાં શાપિત કહેવાય! ઝૂરી ઝૂરીને એક જ સ્થળે – જ્યાં ઉગાઈ ગયું ત્યાં ને ત્યાં જ – જિંદગી આખી પૂરી કરી નાખવાની! પ્રિયપાત્રને મળવાનો તો કોઈ જોગ-સંજોગ જ ન મળે!

– ઓહ્ ભગવાન! કૃષ્ણ કનૈયા! મને તેં વૃક્ષ ન બનાવી, તે સારું કર્યું... નહિતર મારા જેસલને હું મળી જ કઈ રીતે શકત?

વળી એને બીજો વિચાર આવ્યો : ધારો કે હું વૃક્ષ હોત, પણ જેસલ પુરુષ જ હોત તો! તો-તો ખૂબ જ મજા પડત. હું ઊભી ઊભી એના આવવાની રાહ જોયા કરત. એ આવે ત્યારે ફૂલોના શણગાર સજત. પક્ષીઓ પાસે એના આગમનનાં મંગલાષ્ટક ગવડાવત. ને જેવો એ મારી છાયામાં પ્રવેશ કરત એવો એને મીઠો પવન ઢોળીને, ડાળખીની આંગળી અડકાડી ને...

એ એકદમ ખોવાઈ ગઈ. એણે પ્રોફેસરનો હાથ પોતાના હાથમાં લઈને રમાડવા માંડ્યો. પ્રોફેસરને ઝપકી આવી ગઈ હતી. ઉપર વરસાદ, પાસે તોરલ નામનું લીલુંછમ્મ ઝાડ! એમણે તોરલના ખભા ઉપર ગરદન ઢાળી દીધી.

તૃપ્તિને એ દૃશ્ય ગમ્યું. તોરલ સામે સૂચક નજરે સ્મિત કરીને એ બોલી : 'બિચારા થાકી ગયા હશે! આખી રાતની મુસાફરીનો થાક તો લાગે જ ને!'

'એમને તો ઓશીકું મળી ગયું! હવે મને ઝોકું આવે તો મારે કોના ખભા પર માથું ટેકવવું?' તોરલે તૃપ્તિના સ્મિતનો જવાબ આપ્યો.

'એમ કર : તું મારા ખભાનું ઓશીકું બનાવજે' – તૃપ્તિએ ઓફર કરી.

'ને ધાર કે તનેય ઝોકું આવી ગયું તો?'

તૃપ્તિ જવાબ શોધવા લાગી. આખરે એને સરસ જવાબ જડી ગયો : 'તો હું કૃષ્ણ કનૈયાના ખભે માથું ઢાળી દઈશ!'

તોરલને એનો જવાબ ખૂબ જ ગમી ગયો : 'ફાઈન, વેરી ફાઈન, તૃપ્તિ! પ્રોફેસર જાગતા હોત તો તારો જવાબ સાંભળીને તારી પીઠ થાબડ્યા વિના ન રહેત!'

પ્રોફેસર તો ઊંઘી ગયા હતા, પણ નજીકમાં બેઠાં-બેઠાં આ બે છોકરીઓની વાતોના તડાકા સાંભળતાં એક પ્રૌઢ મહિલા બોલ્યાં : 'આખરે આખી પૃથ્વીનો ભાર ઈ હજાર હાથવાળાના ખભા ઉપર જ મંડાયો છે ને!'

વરસાદ એટલો બધો વધી ગયો કે આગળ-પાછળ કશું દેખાતું જ બંધ થઈ ગયું. ડ્રાઈવરે બસની લાઈટો ચાલુ કરી.

તૃપ્તિએ કહ્યું : 'અલી તોરલ, જો આપણી બસમાં રાત પડી ગઈ!'

તોરલે પ્રોફેસરની દાઢી પર હળવો હાથ ફેરવીને કહ્યું : 'મારો સૂરજ ઊંઘી ગયો ને, એટલે!

પેલાં પ્રૌઢા બોલ્યાં : 'ચિંતા ના કરશો! દ્વારકા આવવાની તૈયારી જ છે!'

'હજી કેટલું દૂર છે!'

'હવે આવ્યું જ સમજો! આ તો ચારેકોર અંધારું થઈ ગયું છે, નહિતર દરિયાનાં પાણી દેખાવા લાગ્યાં હોત…!'

દરિયાનું નામ સાંભળીને તોરલ નામની નદી ગાંડીતૂર બની ગઈ. મનોમન બબડી : 'મારો દરિયો તો આ સૂતોને, મારી સોડમાં જ!'

'ધજા દેખાય છે?' અંદરથી કોક ભાવિકે ડ્રાઇવરને ઉદ્દેશીને પૂછ્યું.

'આટલા અંધારામાં ધજા ક્યાંથી દેખાય? પણ પાંચ મિનિટમાં જ તમને દ્વારકાના પાદરમાં પહોંચાડી દઉં છું!'

– ડ્રાઇવરનો ઉત્તર સાંભળીને ભાવિકો ગેલમાં આવી ગયા : 'બોલો, રણછોડ રાય કી…'

– 'જય' સાંભળીને પ્રોફેસરની આંખો ઊઘડી ગઈ.

ચમકીને એ બેઠા થયા. જોયું તો તોરલ એમની સામે ગુલાબી ગુલાબી, ભીનું ભીનું હસી રહી હતી.

તૃપ્તિએ પૂછ્યું : 'બહુ ઊંઘ આવી ગઈ?'

પ્રોફેસરે માત્ર સંકેતમાં હળવું મલકી દીધું.

10

પલળતાં પલળતાં પેસેન્જર કૃષ્ણની દ્વારકામાં પ્રવેશ્યાં.

પ્રોફેસરે પૂછ્યું : 'બોલો, શો વિચાર છે?'

'વરસાદ રહી જાય ત્યાં લગી અહીં જ ઊભાં રહીએ!'

તૃપ્તિએ કહ્યું : 'ખુદ કૃષ્ણ કનૈયાની નગરીમાં આવ્યાં છીએ ત્યારે એને ચિંતા નહિ હોય આપણી?'

'બિચારાને સોળ હજાર એકસો ને આઠ તો છે! એમની ચિંતા કરે કે તમારી?' પ્રોફેસરે કટાક્ષ કર્યો.

'એમની સલામતી ખાતર તો એણે આખી દ્વારકા રચાવી.' તોરલે કહ્યું : 'નહિતર ફક્કડ ગિરધારી એકલપંડે હોત, તો એને મથુરા છોડીને છેક આટલે સુધી દોડવાની શી જરૂર હતી?'

'યૂ આર રાઇટ! સ્ત્રીઓ ખાતર બિચારા ભગવાનને પણ કેટલી લાચારી વેઠવી પડી છે! સ્ત્રી જાત આદિ-કાળથી પુરુષજાત માટે મુશ્કેલીઓ સર્જતી આવી છે, – કેમ તૃપ્તિ?'

તૃપ્તિ એમ એકદમ સંમત થાય એવી નહોતી. એણે તોરલ સામે જોયું. તોરલે હાથે કરીને ઉપાધિ વહોરી હતી! પોતે જ્ઞાનનું પ્રદર્શન થોડું ઓછું કર્યું હોત તો પ્રોફેસરને આવો કટાક્ષ કરવાની તક જ ન મળત. વિષયાન્તર કરવા એણે કહ્યું : 'જુઓ ને, વરસાદ પણ એવો જામ્યો છે –! આખી દ્વારકા પર જાણે કે કૃષ્ણ છવાઈ ગયા છે! ઉપર આભ, નીચે દરિયો; ને વચ્ચે આ દ્વારકા. બધું જ કાળું ડિબાંગ! જેસલ, જોયું કૃષ્ણનું સચરાચરમાં વ્યાપક વિશ્વરૂપ?'

પ્રોફેસરને તોરલની કલ્પના ગમી. 'વિશ્વરૂપ તો એનું અદ્ભુત છે. મને એ રૂપમાં રાચવું ગમે – તું સાથે હોય ત્યારે તો ખાસ!' તોરલ એકદમ પ્રોફેસરની નજીક સરકી. તૃપ્તિને ખ્યાલ ન આવે એ રીતે એણે અંગૂઠા વડે પ્રોફેસરની પાનીને સ્પર્શ કર્યો.

ધીરે-ધીરે ઉતારુઓ વિખેરાવા લાગ્યાં. આકાશ ઘેરાયેલું હતું એટલે સમયનો ખ્યાલ નહોતો આવતો, નહિતર ઓછામાં ઓછા ત્રણ-સાડાત્રણનો શુમાર થઈ ગયો હતો. એકાએક તૃપ્તિએ ઘડિયાળ તરફ જોયું ને ચમકી પડી : 'અરે, ત્રણ ને વીસ થઈ ગઈ! આપણે તો આજે સમૂળગો ઉપવાસ થઈ ગયો!'

'વાંધો નહિ, શ્રાવણનો સોમવાર છે! પુણ્ય જમા થશે!' તોરલ બોલી.

'આ યે કેવો સુયોગ! આજે આપણે ભગવાનનાં દર્શન કરશું; જાત્રાની જાત્રા ને પિકનિકની પિકનિક!' પ્રોફેસરને રોમાંચ થયો.

'દર્શન તો તમે બે જણાં કરી આવજો –' તોરલે ખંચકાઈને કહ્યું : 'ને કૃષ્ણ કનૈયાને મારી યાદ આપતાં આવજો!'

'કેમ?' પ્રોફેસરે આશ્ચર્ય સાથે પૂછ્યું : 'તું તો કૃષ્ણની ખાસ પ્રશંસક છે!'

'તે છું સ્તો!' – ને એના ચહેરા પર સુરખી ઢોળાઈ ગઈ.

'એનાથી દર્શન થાય એવું નથી' – તૃપ્તિએ ફોડ પાડ્યો : 'અમારે સ્ત્રી જાતને તો કેટલી ઉપાધિઓ!'

પ્રોફેસરને સમજણ પડી ગઈ. એમને સમજણ પડી છે એનો ખ્યાલ આવતાં તોરલ વધુ શરમાઈ : 'હું તો આવતો અવતાર પુરુષનો માગવાની છું! તમે છોકરી બનજો, એટલે ખબર પડે!'

'મને તો છોકરી થવું જ ગમે! ઈશ્વર સામો મળે, તો હું તો આ ક્ષણે જ મને છોકરી બનાવી દેવાની વિનંતી કરું! અરે, મજા પડી જાય, બાપુ! લેડીઝ હૉસ્ટેલમાં રહેવાનું, સુંદર-સુંદર વસ્ત્રો પહેરવાનાં, સરસ મઝાની વાનગીઓ બનાવવાની, –ને પુરુષો તો કૂતરાની જેમ

પાછળ-પાછળ પૂંછડી પટપટાવ્યા કરે! બોલ, તારે પહેરી લેવાં છે મારાં કપડાં? હું તો ઇસી ઘડી તોરલ બની જવા તૈયાર છું! કેવો મસ્ત લાગું! તને તો હાથ પણ ન અડાડવા દઉં!'

'શરમાવ, શરમાવ! કેટલું બકશો હજી?' તોરલે પ્રોફેસરને ટોક્યા : 'જોયું ને, તૃપ્તિ! છોકરી બનવાના કેવા અભરખા જાગ્યા છે!'

'છોકરી થવું ગમે – એક તો બેહદ સુંદરતા મળે ને જિંદગીમાં જરા સરખી પણ જવાબદારી નહિ! શાસ્ત્રોમાં કહ્યું છે – न स् त्री स्वातंयमर्हति। સ્ત્રી આઝાદીને પાત્ર નથી. નાની હોય ત્યાં લગી એને પિતાનું રક્ષણ મળે, યુવાવસ્થામાં પતિનું, ઉત્તરાવસ્થામાં પુત્રોનું!! બિલકુલ, નો રિસ્પોન્સિબિલિટી!' પ્રોફેસરે આબાદ અભિનય કર્યો : 'નો રિસ્પોન્સિબિલિટી'નો.

તોરલ ચિડાઈ પડી : 'આ ના જોયા હોય તો મોટા 'રિસ્પોન્સિબિલિટી' વાળા! નથી લૂગડાંનું ઠેકાણું : જાંઘિયો-બંડીય મારે ખરીદી આપવાં પડશે! – ને પાછા વટ મારી ખાય છે રિસ્પોન્સિબિલિટીનો!'

આખરે પલળતાં પલળતાંય દ્વારિકાપુરીમાં ફરવું જ એવો સંકલ્પ કરીને ત્રણે જણ રિક્ષાની શોધ કરવા લાગ્યાં. રિક્ષાને બદલે ઓખા જતી બસ નજરે ચડી. તાબડતોબ વિચાર બદલીને ત્રણેય જણાં બસમાં ચડી બેઠાં. બસ ખાલીખમ હતી. આટલા ધોધમાર વરસાદમાં ઓખા જવા કોણ નવરું હોય? આ ત્રણ સાહસિકો ખાતર માર્ગ પરિવહન ખાતાને આખી બસ દોડાવવી પડી!

પ્રોફેસરે તો ઓખામંડળ ફરી ફરીને જોઈ લીધેલું હતું. વાઘેરો ઉપર મહાનિબંધ લખીને વાચસ્પતિપદ પ્રાપ્ત કરનાર એક અર્ધમાનવ એમનો દોસ્ત બની ગયેલો. એની ગાંડીઘેલી વાતોમાં પ્રોફેસરને પહેલાંથી જ રસ હતો. વાઘેરોના એ ગોર જોડે પગપાળા રઝળીને પ્રોફેસર જાડેજાએ પાંચેક વરસ પૂર્વે આખો વિસ્તાર ધમરોળેલો.

'ચાલો, સારું થયું!' પ્રોફેસરે કહ્યું : 'કૃષ્ણની ભૂમિમાં આવી ને આપણે ય કૃષ્ણ જેવાં પરાક્રમી બની ગયાં.'

બસ રુક્મિણીના મંદિર પાસે થઈને પસાર થઈ. પ્રોફેસરે ભોમિયાનું કામ શરૂ કર્યું : 'જોયું? આ રુક્મિણીનું મંદિર. કૃષ્ણની પ્રાણપ્રિયાનું ધામ!'

'એ વિધાન સામે મારો વાંધો છે!' તોરલે કહ્યું : 'એને કૃષ્ણની પ્રાણપ્રિયા કહીને તમે રાધાને અન્યાય કરી રહ્યા છો!'

'એ જમાનાની સ્ત્રીઓમાં આજની મહિલાઓ જેવી ઈર્ષા નહોતી. બધી સંપીને રહેતી. રાધા અને રુક્મિણી કદી કૃષ્ણ માટે ઝઘડતાં નહિ! એ જમાનાની સ્ત્રીઓ કેટલી ઉદાર હશે, એનો કદી વિચાર કર્યો છે? એક જ પુરુષને હજારો સ્ત્રીઓ એકીસાથે ચાહતી હતી! ને આજે તો –'

'કેમ અટકી ગયા, બોલો ને?' તોરલે કહ્યું.

'આજે તો તૃપ્તિ મને અડકી જાય તોય તું બળવા માંડે!'

પ્રોફેસરની વાત ઉપર તોરલ છેડાઈ પડી : 'તમે તો સાવ નાગા છો!'

'ચંદ્રવંશી રાજપૂત છું ને! થોડાક કૃષ્ણના ગુણો ના ઊતરે?'

બસ આગળ વધી રહી હતી. વરસાદ પણ બસની હરીફાઈ કરી રહ્યો હતો. આરંભડા આવ્યું. પ્રોફેસર બોલ્યા : 'આ ગામનું નામ આરંભડા છે – आरंभ द्वार । દ્વારકાપુરી આટલે સુધી વિસ્તરેલી હશે એવું વિદ્વાનો માને છે.' થોડુંક થોભીને વળી એમણે ચલાવ્યું :

'હવે મીઠાપુર આવશે, તાતા કેમિકલ્સવાળું!'

'પ્લીઝ સ્ટૉપ યોર કૉમેન્ટરી!' તોરલે ચીડ કરી : 'અહીં અમે ભૂગોળ ભણવા નથી આવ્યાં!'

પ્રોફેસર થોડાક ઘાયલ તો થયા, પણ પાછા 'ભૂગોળ' શબ્દનો ટેકો લઈને લંગડાતાં-લંગડાતાં બોલ્યા : 'આ ભૂગોળ વિષય મને ગમે છે! સ્ત્રીની ભૂગોળ તો ખાસ!'

તોરલે આંખો કાઢી. તૃપ્તિ જોઈ ગઈ. તોરલ હસી પડી. પ્રોફેસર ચૂપ થઈ ગયા.

વરસાદ થોડો ધીમો પડ્યો. બસ ઓખા પહોંચી ત્યાં લગી તો લગભગ રહી જ ગયો.

'સામે દેખાય છે તે બેટ દ્વારકા – કૃષ્ણનો રણવાસ!'

'બહુ સુંદર સ્થળ છે, નહિ!' તોરલે ધરાઈ ધરાઈને એ દૃશ્ય જોયા કર્યું : 'કેવું સોહામણું દૃશ્ય લાગે છે! ચારેકોર દરિયો જ દરિયો, ઉપર ઝળૂંબતું મેઘમય આભ! સુપર્બ!'

એની ઘેલછા દરિયાનાં પાણીની જેમ વધતી ચાલી : 'જેસલ, તું ઘડીક કૃષ્ણ બની જા. આવ, તને હું વીંટળાઈ વળું – રાધાની જેમ!'

'તું મને ફક્ત પત્રોમાં જ 'તું' કહે છે. વાતચીતમાંય 'તું' સર્વનામ મને ખૂબ ગમશે! સમજી?'

'પણ હું તમને 'તમે' કહેતાં ટેવાઈ ગઈ છું ને! 'તું' કહેવું તો મનેય ખૂબ ગમે છે, ...પણ બોલતાં મુશ્કેલી પડે છે.'

'પ્રોફેસર!' તૃપ્તિએ પૂછ્યું : 'કૃષ્ણને રુક્મિણી શું કહેતી હશે?'

'– 'તમે' – કારણ કે એ એના પતિ હતા. પણ રાધા એમને 'તું' કહીને બોલાવતી –'

'– કારણ કે એ એમની પ્રેયસી હતી!' તોરલે વાક્ય પૂરું કર્યું.

'પત્રમાં તો હું આસાનીથી તું-કાર વાપરી શકું છું : પણ પ્રત્યક્ષ જોઉં છું, ને ગભરાઈ જાઉં છું!'

તૃપ્તિએ ચલાવ્યું : 'એનો અર્થ એ કે પત્રમાં તું એમની રાધા છે ને રૂબરૂમાં રુક્મિણી!'

તોરલને તૃપ્તિનો સરપાવ ગમ્યો. થોડીક લજ્જા સાથે એ બોલી : 'તૃપ્તિય દિવસે-દિવસે ખીલતી જાય છે!'

નૌકામાં બેસવા જતી વખતે તોરલનો પગ લપસ્યો. પ્રોફેસરે એને ઝીલી લીધી. એમ કરવા જતાં એનો વક્ષપ્રદેશ દબાયો. પ્રોફેસરને એના હૈયાનો ધબકાર સ્પર્શી ગયો.

'જરા સાચવ, જરા સાચવ! હમણાં દરિયાભેગી થવામાં જ હતી!'

'ઓહ, એવડું મોટું મારું સદ્ભાગ્ય ક્યાંથી! દરિયો તો મારો આ બેઠો ને, મારી સોડમાં જ!'

નૌકા ચાલી. યંત્રના અવાજને લીધે ત્રણે જણ ખસીને નૌકાના છેડા તરફ બેઠાં. દરિયો ડહોળતી નૌકા આગળ વધી. ઝીણી ઝરમર ચાલુ હતી. માછલીની જેમ મોં અધ્ધર રાખીને તોરલ મેઘબિંદુ ઝીલી રહી હતી; ઘડીકમાં વળી અંજલિમાં દરિયાનાં પાણી લઈને હોઠે અડકાડતી હતી.

તોરલે જોયું : વાદળ બેઠું હોય એમ દરિયા વચ્ચે બેટ બેઠો હતો. બેટ પર આછાં આછાં મકાન દેખાતાં હતાં, ઉપર આભ ઝળૂંબી રહ્યું હતું – બેટને દરિયાનો ભાગ ગણવો કે આકાશનો? રોમાંચક સમસ્યા હતી!

'આમ ને આમ આખી રાત દરિયામાં ફરવાની કેવી મજા આવે!' તોરલે શિશુ સહજ ઉદ્ગારો કાઢ્યા.

'બાપ રે! મને તો બીક લાગે!' તૃપ્તિએ એનું સંવેદન રજૂ કર્યું : 'દરિયો પણ આખરે તો –'

'એ કહેવા માગે છે : દરિયો પણ આખરે તો પુરુષની જાત ને! રાતે અમને જોઈને તોફાને ચડે તો?' તોરલે સ્પષ્ટ કર્યું.

પ્રોફેસરને મજા આવી : 'તો-તો મારે દરિયા સાથે યુદ્ધ કરવું પડે!' ને પછી ઉમેર્યું : 'તોરલ, કૃષ્ણે સાચેસાચ દરિયા સાથે યુદ્ધ કરેલું, પણ કોઈ સ્ત્રીના નિમિત્તે નહિ, – ગુરુપુત્ર

પાછો મેળવવા ખાતર. શંખાસુર સાંદીપનિના પુત્રને ઉઠાવી જઈને દરિયામાં છુપાઈ ગયો'તો! છેવટે દરિયાને બ્રાહ્મણનું રૂપ લઈને કૃષ્ણને નમવું પડ્યું હતું...'

'– અને શંખાસુરને હણીને ભગવાને ગુરુપુત્ર પાછો મેળવ્યો હતો.' તોરલે પોતાનું પુરાણજ્ઞાન પ્રદર્શિત કરીને પ્રોફેસરને મહાત કરી દીધા!

નૌકા નાંગરી અને ટાયરોનાં સોપાન ઠેકી ત્રણે એકમેકનો હાથ ઝાલી બેટના પુલ પર ઊતર્યાં.

'છે રૂપયે.' નાવિકે ભાડું માગ્યું. તૃપ્તિએ ચૂકવી દીધું : 'સૉરી હાં, વાતોમાં ને વાતોમાં તમને પૈસા આપવાનુંય ભૂલી જવાયું!'

દૂરથી દેખાતું બેટનું સૌંદર્ય બેટ પર પગ મૂકતાંવેંત અદૃશ્ય થઈ ગયું. તોરલે કૃષ્ણના રણવાસનાં ખંડેર જોવા મળશે એવી કલ્પના કરેલી. રાણીઓને બદલે ગાંડાઘેલા ભક્તો અને વૈષ્ણવોનાં અરુચિકર ટોળાં જોવા મળ્યાં! ખંડેર ને બદલે વૈષ્ણવ સંપ્રદાયની હવેલીઓ દૃષ્ટિગોચર થઈ!

'હવેલીનાં દર્શને જઈશું ને?' – પ્રોફેસરે પૂછ્યું.

'મારે તો અવાય એવું છે જ નહિ.' તોરલે ઉદાસીનતાભર્યો પ્રતિભાવ આપ્યો : 'ને મને તો દ્વાપરયુગની હવેલી જોવામાં રસ હતો... હા, તમે ને તૃપ્તિ બે જઈ આવો!'

'તને એકલી મૂકીને મને ભગવાન પાસે જવાની કોઈ ઇચ્છા નથી.' પ્રોફેસરે ઉમેર્યું : 'ને સાચું કહું? મને સ્ત્રીમાં રસ છે એટલો ઈશ્વરમાં છે પણ નહિ!'

'ઈશ્વરને પોતાનેય ક્યાં ઓછો રસ હતો સ્ત્રીમાં? એ તો વળી ત્રિલોકનું રાજ એક તરફ મૂકીને સ્ત્રીમાં પરોવાઈ જતા હતા!'

'અરે, સત્યભામાની હઠ ઉપર આખું પારિજાત વૃક્ષ ઉખાડી લાવેલા સ્વર્ગમાંથી. ને એને કારણે ઇંદ્ર જેવા ઇંદ્ર સાથે ભયંકર યુદ્ધ ખેલેલું!'

વાતો ચાલતી રહી. છેક હવેલીને દરવાજે આવ્યાં ત્યાં તોરલે વ્યૂહ બદલ્યો : 'તૃપ્તિ, એમ કર : અમારા બન્ને વતી કૃષ્ણ ભગવાનને પ્રણામ કરતી આવ અને પ્રસાદ લેતી આવ! સવારનાં ભૂખ્યાં છીએ!'

તૃપ્તિ સંમત થઈ ગઈ.

એ ગઈ એટલે તોરલ અને પ્રોફેસર એકમેકમાં આંખો પરોવીને ઊભાં રહ્યાં. થોડી વાર બેમાંથી એકેય જણ કશું જ બોલ્યું નહિ. આખરે તોરલે મૌન તોડ્યું : 'જેસલ, લે, મને તો કૃષ્ણનાં દર્શન થઈ ગયાં; અહીં જ – મારી પોતાની જ આંખમાં!'

'ને મને રાધા, રુક્મિણી, સત્યભામા એ તમામનાં – તોરલ, સાચ્ચું!!!'

બેઉ એકમેકની આંખોમાં ઝિલાતી છબિઓને ધરાઈ ધરાઈને જોતાં રહ્યાં.

'એક વાત કહું?' પ્રોફેસરે કુમાશથી પૂછ્યું : 'તોરલ, પ્રણય એકાંતનો વિષય છે! Love ceases to be a pleasure when it ceases to be a secret!'

'તમે શું કહેવા માગો છો, એ મને સમજાયું નહિ.' તોરલ સમજી ગઈ હતી છતાં એણે સ્પષ્ટતા ખાતર પૂછ્યું : 'કહો ને!'

'મારે કશું જ કહેવું નથી.' પ્રોફેસરે એકદમ નજીક સરકીને કોઈ જોઈ ન જાય એમ એના ગાલ પર ચૂમી ભરી લીધી.

તોરલે હળવું-શું સ્મિત વેર્યું : 'તૃપ્તિને સાથે લાવી એ ન ગમ્યું, ખરું?'

'ગમવા – ન ગમવાનો સવાલ નથી. છોકરી કેટલી પ્રેમાળ છે! તને એક સુંદર સખી મળી છે, એનો આનંદ પણ છે. એને મળ્યાનો પણ આનંદ છે... પણ તોરલ. એ બિચારી એકલી એકલી કેવું વિચારતી હશે!! ને આપણેય ગમેતેટલો સંયમ તોડીએ તોય એકલાં હોઈએ એટલી

હદે તો ન જ ઊઘડી શકીએ ને!'

તોરલ કશું બોલી નહિ. પોતાની ભૂલનો એણે મૂંગો એકરાર કરી લીધો.

'ઉદાસ ના થઈ જતી, હોં! જરાય માઠું લગાડે તો તને મારા સમ છે!'

'ના, ના. હું ઉદાસ નથી થઈ. તમારી વાત સાચી છે. બીજી વાર આપણે એકલાં જ મળીશું...' ને પછી નિસાસો મૂકીને બોલી : 'બિચ્ચારી તૃપ્તિ...!!!'

ત્યાં તો તૃપ્તિ સામેથી ડોકાઈ.

એના હાથમાં પ્રસાદનું પડીકું હતું.

કૃત્રિમ ઘેલછા વ્યક્ત કરતાં તોરલે કહ્યું : 'ઓહ, તૃપ્તિ! યૂ આર સો નાઈસ! ચાલ દરિયા કિનારે ક્યાંક કોરી જગા જોઈને બેસીએ.' – ને પછી ત્રણે જણ પ્રસાદ ઉપર તૂટી પડ્યાં.

'આટલી વાર કેમ લગાડી? દર્શન કરવા રોકાઈ હતી?'

'કૃષ્ણ કે એમની કોઈ રાણી-બાણી કે છોકરું છૈયું તો નહોતું ભેટી ગયું ક્યાંય? એવડા મોટા ફૅમિલીનું ભલું પૂછવું ભાઈ!' પ્રોફેસરે તડાકા પાડ્યે રાખ્યા. તૃપ્તિએ વિગતો આપી. એણે કહ્યું : 'પાપપુણ્યનો થાંભલો જોયો છે? પુણ્યશાળી હોય એ જ હવેલીની દીવાલ અને થાંભલા વચ્ચેની જગામાંથી નીકળી શકે છે!'

'તું નીકળી શકી'તી કે ખડાઈ રહેલી?' તોરલે રમૂજ કરી.

'તને શું લાગે છે? તારા કરતાં હું વધારે પુણ્યશાળી છું!'

રાત પડવા આવી હતી. નૌકાવાળો બૂમો પાડતો હતો : 'જલદી ચલો! છેલ્લો ફેરો ઊપડે છે!'

'જવું છે?'

'ના ના! આજે તો બેટમાં જ રાત ગાળીએ!' તોરલે કહ્યું : 'બની શકે તો દરિયામાં જ!'

'દરિયામાં?' તૃપ્તિને કુતૂહલ થયું.

'આ તારા જીજા તને દરિયા જેવા નથી લાગતા?'

દરિયો એના શબ્દોને નવાજતો હોય એમ ખળભળી ઊઠ્યો.

11

દરિયા કિનારો અત્યંત રમણીય લાગી રહ્યો હતો.

ધૂંધળું-ધૂંધળું આકાશ ભૂરાં-ભૂરાં દરિયાઈ જળમાં એકાકાર થઈ ગયું હતું. ઠંડી હવા છાતી સોંસરવી નીકળી જતી હતી.

કોક રડીખડી ટિટોડી તીણી ચીસ પાડીને વાદળોમાં ખોવાઈ જતી લાગી ને બીજી જ ક્ષણે દીપશિખાનો પ્રકાશપુંજ દરિયાનાં પાણી અજવાળતો છેક કિનારે બેઠેલી તોરલની કીકીઓમાં ધસી ગયો...

તૃપ્તિએ કહ્યું : ‘બહુ પસ્તાવો થાય છે! સાથે કૅમેરો લાવી હોત તો કેટલા સુંદર સીન ઝડપી શકાયા હોત?’

‘ખરા સીન તો હજી બાકી છે! રોલ ખલાસ ના કરી દેતી! ‘પ્રોફેસરે એવી અશ્લીલ ચેષ્ટા કરી કે તોરલ મોં ફુલાવીને બેસી ગઈ : ‘તમે કદી સુધરવાના નથી. મમ્મી બિચારી ખોટું નહોતી કહેતી!’

‘મમ્મીને જઈને કહીશ કે તારી લાડકીએ ચૂંટીઓ ખણીખણીને મારા પવિત્ર દેહને ચૂંથી નાખ્યો છે!’ પ્રોફેસરે બળતામાં ઘી હોમ્યું!

‘જાવ હું તમારી સાથે નથી બોલવાની! તમારે મારી જોડે વાત નહિ કરવાની!’ તોરલ અવળું ફરીને બેઠી.

‘સત્યભામા, જો તો ખરી, આ રુક્મિણી રિસાઈને કેમ બેઠાં છે?’ તૃપ્તિ તો ફક્ત હસી જ; જ્યારે તોરલ તો એકદમ તૂટી જ પડી : ‘એ કંઈ તમારી બૈરી નથી, સમજ્યા?’

– ત્રણ-ચાર ધબ્બા મારીને આંખો બતાવતી બોલી : ‘બહુ ચગ્યા છો તો જોયો આ દરિયો? ટિંગાટોળી કરીને જલસમાધિ આપી દઈશું, હા! તમે અમને શું સમજી બેઠા છો?’

‘તમે લોકો દરિયામાં ફેંકી દેશો તોય હું તમારું શ્રેય જ કરીશ. હું તમારા માટે દરિયામાંથી મોતી વીણી લાવીશ! અરે, ડૂબી ગયેલી દ્વારકાનો વૈભવ વીણી લાવીશ!’

ડૂબી ગયેલી દ્વારકાના વૈભવની વાતો કરતાં-કરતાં ક્યારે રાત પડી ગઈ એનો કોઈને અણસાર સુધ્ધાં ન રહ્યો. દરિયો શાન્ત હતો. સૂરજ એના પેટાળમાં સરી ગયો હતો. કિનારે કોઈ ચકલુંય ફરકતું નહોતું. નૌકાઓ નાંગરીને નાવિકો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા હતા. દીવાબત્તી થઈ ને કિનારો પાછો સળવળવા લાગ્યો. પગરવ શરૂ થયો.

‘આ માણસો અત્યારે ક્યાં જવાના?’ તૃપ્તિને કુતૂહલ થયું.

‘સૌ પોતપોતાના પેટ ખાતર રખડે છે! આપણા જેવાં ભાગ્યશાળી બધાં ન હોય ને! તૃપ્તિ, આ માણસોમાંથી કેટલાક મચ્છી મારવા જશે ને કેટલાક –’ પ્રોફેસરે અવાજ બદલ્યો : ‘તને ખબર છે ને, રૂપેણ બંદર ઉપરથી હમણાં કરોડોની કિંમતની ચાંદી પકડાયેલી?’

તોરલ નખશિખ કંપી ઊઠી. એકદમ નજીક સરકીને એણે કહ્યું : ‘પ્રોફેસર! ચાલોને હવે ક્યાંક રૂમ લઈ લઈએ! મને આ દાણચોરોની બીક લાગે છે!’

‘અહીં તો ફક્ત ધર્મશાળા છે! ખુદ ભગવાન કૃષ્ણ પાછા પધારે તોય એમને કોક ધર્મશાળામાં જ રાત ગાળવી પડે! મંદિરો અને હવેલીઓ તો ગોસાંઈજીઓ માટે છે! ત્યાં બિચારી રાધા, રુક્મિણી કે સત્યભામાને એ લોકો પગ પણ ન મૂકવા દે!’

‘એટલે કે આપણે ધર્મશાળામાં રહેવું પડશે???’ – તોરલને ધ્રાસકો પડ્યો : ‘માય ગોડ!’

ત્રણે જણ ઊઠ્યાં. પ્રોફેસરે આશ્વાસનની ભાષામાં કહ્યું : ‘સારું છે કે આપણે આડા દિવસે આવ્યાં છીએ; એમાંય પાછી વરસાદની હેલી! યાત્રાળુઓ સાવ ઓછાં હોવાનાં. આપણને મનપસંદ રૂમ મળી જવાની!’

થોડુંક ચાલ્યાં ને એક ધર્મશાળા નજરે પડી. બરાબર દરિયા કિનારે જ હતી. તોરલને એનું 'સિચ્યૂએશન' ગમી ગયું : 'બસ, અહીં જ રોકાઈ પડીએ! પૂછી જુઓ તો –'

'એમાં પૂછવાનું હોય જ નહિ. દાતાઓએ આપણા જેવાં 'ભાવિકો'ની સગવડ ખાતર તો દાન આપ્યાં છે! જઈને ઊભા રહ્યા એટલે જગા!'

'નામ લખાવવું પડશે ને?'

'હા સ્તો! શી ખાતરી કે તમે દાણચોર, ખૂની, બદમાશ માણસ નહિ હો? ખોટું તો ખોટું – પણ નામ તો લખાવવું જ રહ્યું!'

'ખોટું શું કામ, ખરું જ લખાવીએ!'

'તો-તો લખનારો મહેતાજી બિચારો ઊભો જ થઈ જાય! આમ કવેળાનાં જેસલ-તોરલ અંજારની સમાધિમાંથી જાગીને રાત ગાળવા બેટ દ્વારકા આવી પૂગે, એ તો એને અજાયબી જેવું જ લાગે ને!'

તૃપ્તિ મરકી. તોરલનેય હસવું આવ્યું. જોકે પ્રોફેસરની વાત કાઢી નાખવા જેવી તો નહોતી જ. પ્રોફેસર એમની અટક લખાવે તોય પેલો ચમકે : આ જાડેજો, આ તોરલ, ને આ બાઈ તે...

તોરલે પૂછ્યું : 'ત્યારે શું કરશો? બીજું કોઈ નામ લખાવો!'

'હુંય એ જ વિચારું છું.' પ્રોફેસરને મજાક સૂઝી : 'મારા મગજમાં એક વિકલ્પ છે ખરો!'

'કયા નામનો?'

'ઘણા મંથન પછી હું નિર્ણય ઉપર આવ્યો છું. ને એ એવાં નામો છે કે સાંભળતાંવેંત મહેતાજી 'બ્રહ્મલીન' થઈ જશે! મારાં ચરણોમાં પડી જશે અને તમને બેઉને 'માતાજી! માતાજી!' કહી વલવલશે!'

તોરલને એમનું ટીખળ સમજતાં વાર ન લાગી : 'ફરી પાછું તમારામાં કૃષ્ણનું ભૂત ભરાઈ ગયું છે?'

'આજે જીજાજીની દાનત બગડી લાગે છે!' તૃપ્તિએ કટાક્ષ કર્યો : 'મને લાગે છે – આજે મને એ સત્યભામા બનાવીને જ જંપશે!' તૃપ્તિ થરથરી ગઈ. સુખદ રોમાંચને લીધે એની રુવાંટી ઊભી થઈ ગઈ.

આખરે અનિર્ણયનું પોટલું ઊંચકીને ત્રણે જણ ધર્મશાળામાં પ્રવેશ્યાં.

ધર્મશાળા ખાલીખમ હતી. રડ્યાંખડ્યાં બે-પાંચ માણસ દેખાયાં.

મહેતાજી ટેબલ પર પગ લંબાવીને ઝોકાં ખાઈ રહ્યા હતા.

પગરવ સાંભળીને એ ઝબક્યા : 'રાત રોકાવાનું છે, સાહેબ?'

પ્રોફેસરનો ચહેરો જોઈને જ બિચારા મહેતાજી પ્રભાવિત થઈ ગયા. જોકે બાકીના બે ચહેરાઓનોય પ્રભાવ કોઈ રીતે ઓછો આંકી શકાય એમ તો હતો જ નહિ.

નામઠામ લખ્યા વગર જ મહેતાજીએ ધર્મશાળાના શેઠિયાઓ માટેની રિઝર્વ્ડરૂમ એમને ખોલી આપી : 'આમ તો અમારા ટ્રસ્ટીઓ કોઈ-કોઈ વાર બૉમ્બેથી આવે ત્યારે જ આ રૂમ ઊઘડે છે! આપ જેવાં હાઈ ક્વૉલિટીનાં માણસોને માંકડ-મચ્છરવાળી રૂમ આપતાં અમનેય શરમ આવે ને?'

રૂમ પહેલે માળે હતી. એકદમ સ્વચ્છ, સુઘડ, પેઈન્ટેડ.

તૃપ્તિ અને તોરલને આ અનપેક્ષિત આતિથ્યથી નવાઈ લાગી. મહેતાજીએ જતાં-જતાં પૂછ્યું : 'સાહેબ, જમવાનું બાકી હશે ને? માણસ મોકલીને વીશીમાંથી ટિફિન મંગાવી લઉં, કહેતા હો તો! શુદ્ધ વૈષ્ણવ ભોજન!'

ભૂખને તો ત્રણે જણાંએ વિસારે જ પાડી દીધી હતી. મહેતાજીએ યાદ અપાવી ને ભૂખ જાગી.

'ભલે, ભલે! ત્રણ ડિશ મંગાવી આપો!'

થોડી જ વારમાં નોકર આવીને રૂમ સાફસૂફ કરી ગયો.

શેઠિયાઓની રૂમ હતી એટલે એમાં પંખો પણ હતો. વળી બહાર ગૅલેરી હતી જે બિલકુલ દરિયા કિનારે પડતી હતી. ગૅલેરીમાંથી ભૂસકો માર્યો હોય તો સીધું દરિયામાં જ ખાબકાય!

ટિફિન આવ્યું. ત્રણે જણ ધરાઈને જમ્યાં.

તોરલે લંબાવ્યું : 'પથારી જોઈ એટલે થાકની ખબર પડી!'

'મારો કોઈએ વિચાર કર્યો છે? ક્યારનો નીકળ્યો છું! પથારી તો પરમ દિવસે જોયેલી! ગઈ રાત આખી બસમાં ને બસમાં!'

'ચાલો, સૂઈ જઈએ! તૃપ્તિ, તારે મારી જોડે ઊંઘવું છે ને?'

'ના ભાઈ! આપણે તો આખો પલંગ જોઈશે!'

રૂમમાં બે જ પલંગ હતા. જોકે ઍક્સ્ટ્રા ગાદલાંથી તો આખું કબાટ ભરેલું હતું.

'એમ કરો : તમે બેઉ જણ પલંગમાં સૂઈ રહો. હું નીચે પથારી કરી દઈશ! હું તો આમેય ઓલિયો માણસ! બ્રહ્મચારી. મારે ચાલશે!'

તોરલને દયા આવી : 'ના, ના; હું જ ભોંય પર સૂઈ જઈશ. તમે થાક્યા છો!'

તૃપ્તિને વળી નવો જ 'આઈડિયા' સ્ફુર્યો : 'મને આમ બંધિયાર રૂમમાં 'બ્રહ્મચારી'ની કંપનીમાં સૂવાનું નહિ ફાવે! હું તો ગૅલેરીમાં ગાદલું લઈ જઉં છું! આરામથી ઊંઘ તો આવે! ને રાત્રે દરિયો જોવાનીય મજા પડે!'

'તૃપ્તિ નસીબદાર છે! એને રાત્રે દરિયો જોવા મળશે!' પ્રોફેસરે વિનોદ કર્યો. એમના કટાક્ષનો અર્થ સમજતી હોવા છતાં તોરલે ગંભીર હોવાનો દેખાવ કર્યો : 'મને તો બહાર સૂઉં તો તરત જ શરદી થઈ જાય! બાપ રે, બાપ! કેટલું ઠંડું હવામાન છે!'

આખરે તૃપ્તિ મનોમન મલકાતી ગાદલું ઊંચકીને ગૅલેરીમાં ચાલી ગઈ. એ રાજકુંવરીની અદાથી સૂઈ ગઈ અને જેસલ-તોરલ એને 'ગૂડ નાઈટ!' કહીને રૂમમાં પુરાઈ ગયાં.

સાવ ધીમા પગલે, તૃપ્તિને અણસારો ન આવે એટલી ધીરે, તોરલ પ્રોફેસરના પલંગ તરફ સરકી. વસ્ત્રોનોય અવાજ ન થાય એમ સાચવી સાચવીને બેઉ જણ સૂતાં. શ્વાસ અને અવાજ બેઉનું નિયમન ઘણું આકરું લાગ્યું. તોરલને સમજાયું : હવેલીની બહાર ઊભાં ઊભાં વાત-વાતમાં પ્રોફેસરે કેવું નગ્ન સત્ય ઉચ્ચાર્યું હતું! તોરલ, પ્રણય એકાન્તની કળા છે! Love ceases to be a pleasure when it ceases to be secret!

તોરલે મન મનાવી લીધું : ચાલો, કંઈ વાંધો નહિ! તૃપ્તિથી ક્યાં કશું અજાણ્યું છે! બિચારી સમજીને તો બહાર ગૅલેરીમાં સૂવા ચાલી ગઈ!

ધીરે-ધીરે બેઉ જણાં ઊઘડ્યાં. તોરલે અજવાળું સદંતર બંધ કરાવ્યું હતું. ચુંબન પણ ધ્વનિરહિત હોય તો સારું, એવો એનો આગ્રહ હતો. બહુ અકળાયા ત્યારે પ્રોફેસરે કહી નાખ્યું : 'આપણે સમૂળગાં અલગ સૂઈ રહીએ તોય તૃપ્તિ તો એમ જ માનવાની કે આપણે –'

'બસ, બસ્સ, નો નોઇઝ, પ્લીઝ!' તોરલે પ્રોફેસરનું મોં દાબી જ દીધું : 'શાન્તતા! કોર્ટ ચાલૂ આહે!'

ગૅલેરીમાં સૂતેલી તૃપ્તિથી ન રહેવાયું. ઘણી કોશિશ કરી એણે, છતાં સંયમ ન જાળવી શકી અને 'ફસ્સ્સ....' કરતું હાસ્ય ફૂટી ગયું! જોકે તરત જ પાછી એ ચૂપ થઈ ગઈ અને પોતે ઊંઘમાં કે પછી સપનામાં હસી હશે, એવો ભ્રમ ઊભો કરવાના અભિનયમાં પરોવાઈ ગઈ.

આ બાજુ રૂમની અંદર એકદમ સ્મશાન શાન્તિ છવાઈ વળી. બેઉ જણ ગુનેગારની જેમ સંકોચાઈને ચૂપચાપ એકમેકને ચોંટીને પડી રહ્યાં. તૃપ્તિ ગમે તે ક્ષણે ઊભી થઈને રૂમનું ગૅલેરી

તરફનું બારણું ટકોરશે તો? નથી ને કદાચ એને તરસ લાગી તો? ઠંડા પાણીની મટુકી તો રૂમની અંદર છે! કે પછી –

– કદાચ એને બાથરૂમ જવું પડ્યું તો?

આશંકાઓનો પાર નહોતો. તૃપ્તિ તૃપ્તિ મટીને જીવતો બૉમ્બ બની ગઈ હતી! દરિયો ઘૂઘવી રહ્યો હતો....

– મધરાત થઈ ગઈ. બેમાંથી એકેયને નિરાંત નહોતી. અડોઅડ સૂતાં હતાં છતાં મિલન અધૂરું રહ્યાનો વસવસો હતો. પ્રોફેસરથી ન રહેવાયું. આખરે એમનું પુરુષાતન જાગ્યું, ને છેડાઈ પડ્યા : 'જો તોરલ, આમ ચોરની જેમ તારી સોડમાં છુપાઈને પડ્યા રહેવું આપણને પસંદ નથી!'

તોરલે એકદમ સિસકારો બોલાવ્યો : 'સ્સ્સ્સ...! પ્લી...ઝ!!'

પ્રોફેસર ઉપર એની પ્રતિકૂળ અસર પડી : 'તું તારે બોલાવ્યા કર સિસકારા! હું આ હજાર માઈલની ખેપ કરીને તારા સિસકારા સાંભળવા નથી આવ્યો; સમજી?'

પ્રોફેસરના અવાજમાં રોષ હતો. રોષ એકલો નહિ, વેદનાભર્યો રોષ! પોતાને થઈ રહેલા અન્યાય સામેનો એક જબરજસ્ત વિદ્રોહ!

તોરલ મૂંગી થઈ ગઈ. મડદાની જેમ પડી રહી. દરિયો ઘૂઘવતો રહ્યો. પ્રોફેસર વધુ છંછેડાયા : 'હવે તો હદ થાય છે, હોં! પછી મારે મારી જાત ઉપર જવું પડશે! કહું છું –' ને અવાજ મૃદુ બનાવીને તોરલનાં અંગો પર હળવો હાથ ફેરવતાં કાકલૂદી કરવા લાગ્યા : 'તોરલ, આમ કરગરાવવાથી શું મળે છે તને? કહેતી હો તો એક વાર નહિ, હજારવાર તારા પગે પડી જઉં! તોરુ બકા, મને તું કેટલી વહાલી છે. તને કઈ રીતે સમજાવું?'

તોરલની આંખો ભીની થઈ ગઈ : મમ્મીયે આવું જ કહેતી હતી ને કંઈક?

એણે મગજમાંથી મમ્મીને ખંખેરી નાખવાનો પ્રયત્ન કર્યો : મમ્મી તો બીજુંય ઘણુંબધું કહેતી'તી...! મમ્મીની કઈ વાત માની હતી પોતે? માની શકાય એમ હતું ય ક્યાં?

એણે પાસું ફેરવીને એકદમ પ્રોફેસરને પોતાના આલિંગનમાં સમાવી લીધા. પ્રોફેસરનાં ટેરવાં એના ગાલ પર ફરવા લાગ્યાં. આંસુનો સ્પર્શ થતાં જ એ ચમક્યા : 'અરે! તું રડે છે, તોરુ! તને ખોટું લાગી ગયું? મારી તોરુ બકુ, મને માફ કરી દે; બસ!' અને અનેક ચુંબનોથી નવાજીને પ્રોફેસરે ઉમેર્યું : 'એ તો તોરુ, મારું બ્લડ ગરમ ખરું ને? રજપૂતનું બ્લડ! ખોટું નહિ લગાડવાનું હોં! મારી વ્હાલુડી તોરલ! મારી ચકુડી!'

એ સ્નેહલ હાથ તોરલના રોમ રોમ પર સાપની જેમ સરતો રહ્યો; કોણ જાણે કેટલીય વાર સુધી!

આકાશમાંથી વાદળો ખસે એમ તોરલની કાયા પરથી વસ્ત્રો ખસતાં ચાલ્યાં. ઢોળાવોની પુષ્ટ ઋજુતા ઉપર માત્ર રાત્રિનું આવરણ જ બાકી રહ્યું. ત્વચાને ત્વચાની ચિનગારી ચંપાઈ ગઈ, અને નીવીબંધ પર પહોંચેલો હાથ તોરલે એક ઝાટકા સાથે દૂર હડસેલી દીધો : 'પ્લી...ઝ! જેસલ, તું સમજતો કેમ નથી?'

'જેસલને કંઈ જ સમજવું નથી!' પ્રોફેસરે ફરી વાર એ જ ચેષ્ટા કરી.

'તને ખબર તો છે! તું જાણે છે, છતાં કેમ અટકતો નથી?'

'યૂ...શટ'પ!' પ્રોફેસરે જોર કર્યું. ગાંઠ છૂટી નહિ, પણ કશુંક તૂટ્યું જરૂર!

'જેસલ, પ્લીઈઈઝ!' તોરલ વલવલતી રહી.

'જેસલ' ન માન્યો. એ કશુંક પૂરું કરી નાખવા કૃતનિશ્ચય હતો.

તોરલથી ન રહેવાયું : 'મમ્મીઈઈઈ...!'

– એની ચીસ સાંભળીને ગૅલેરીમાં સૂતેલી તૃપ્તિ જાગી ગઈ.

'– તોર...લ!' એનાથી પુછાઈ ગયું : 'સૂઈ જા. ઊંઘ નથી આવતી?' ને એ પડખું ફરીને સૂઈ ગઈ.

બાકીની રાત બેઉ જણાંએ જુદા જુદા પલંગ પર પસાર કરી. પ્રોફેસર ખૂબ જ ધૂંધવાઈ ગયા હતા. એમને પરાજય શ્વાસે શ્વાસે ડંખી રહ્યો હતો.

ધૂંધવાટ શમ્યો ત્યારે પ્રોફેસરે સાંભળ્યું : તોરલ ડૂસકાં લઈ રહી હતી. એમને દયા આવી. પલંગ પર બેઠા થઈ જવાયું. પગ નીચે મૂક્યો, ને વિચાર બદલાયો : 'ના, એવી વેવલાઈને વશ નથી જ થવું!'

તોરલના પલંગ તરફ આગળ વધતાં ચરણ ગૅલેરી તરફ વળ્યા. બારણું ખોલીને એ ગૅલેરી બહાર ઘૂઘવતા દરિયા તરફ મીટ માંડીને ઊભા રહ્યા.

આકાશમાં સુદ શ્રાવણનો ચંદ્ર આસમાની વાદળોની ચાદર તળે જાગી રહ્યો હતો. ચાદર આખી એના અજવાસમાં ઝબકોળાઈને ધવલ બની ગઈ હતી. ઠંડો અજવાસ આસમાનના પાત્રમાં પારાની જેમ રેલાઈ વળ્યો હતો. તારા નહોતા દેખાતા. વીજળી પણ નહોતી; હા, પેલી દીવાદાંડીનો તેજલિસોટો ખડેપગે દરિયા સાથેના આકાશના સંવનનની ચોકી જરૂર કરી રહ્યો હતો.

તમરાં અને મંડૂકગણનું રાત્રિગુંજન દરિયાના ધસમસતા ઘુઘવાટ વચ્ચે અવિરત તાલ પુરાવી રહ્યું હતું.

મોજાં ઊછળી ઊછળીને છેક ધર્મશાળાની દીવાલને અડકી જતાં હતાં. સ્પર્શ સુખથી સંતુષ્ટ થઈને દરિયો પાછો વળી જતો હતો. વળી પાછો થોડીક વાર પછી ફરીથી ફૂંફાડા મારતો ધસી આવતો હતો...

પ્રોફેસરને લાગ્યું : પૂર્વજન્મમાં આ દરિયો કોઈ માણસ હોવો જોઈએ. એને જરૂર કોક પ્રેયસી ભટકાણી હશે – તોરલ જેવી! અધૂરી વાસનાઓ હૈયે સંઘરીને એ મૃત્યુ પામ્યો હશે. મૃત્યુ પછી એ ભૂત થવાને બદલે દરિયો થયો હશે. દરિયો થઈને એ એની પ્રેયસીને મળવા અધીરો બન્યો હશે... નથીને ક્યાંક આવા કોઈ તીર્થસ્થાને પોતાની પ્રેયસી દર્શનાર્થે આવી હોય, ને કદાચ આવી કોઈ ધર્મશાળામાં રાતવાસો કરી રહી હોય... દરિયો એની રિસાઈ ગયેલી પરભવની પ્રેયસીનાં મનામણાં ખાતર જ આટલો વલવલાટ કરતો હોવો જોઈએ...!

પ્રોફેસરને થયું : મનેય મારી તોરલ સાથે રિસાઈ જઈને દરિયો બનવું ગમે! માથાં પછાડી પછાડીને પશ્ચાત્તાપ કરવાનીય તક તો રહે!

પાસે જ તૃપ્તિ ઘસઘસાટ ઊંઘી રહી હતી. પ્રોફેસરે ગૅલેરીમાં ઊભા-ઊભા સિગારેટ સળગાવી. સિગારેટ જલતી ગઈ. દરિયો ઘૂઘવતો ગયો. રાત રૂમઝૂમ પગલે આકાશ અને દરિયા વચ્ચે નાચતી રહી...

પ્રોફેસર ખોવાઈ ગયા.

પાછળથી આવીને તોરલે ક્યારે એમની આંખો પર હથેળીઓનાં પર્ણ ઢાંકી દીધાં, એની એમને ખબર સુધ્ધાં ન રહી.

'ઓહ, તો...રલ!'

આટલું બોલ્યા ત્યારે પ્રોફેસર અડધા દરિયામય હતા ને અડધા આકાશમય!

પછી તૃપ્તિ સળવળે એ પહેલાં બેઉ જણ રૂમની અંદર સરકી ગયાં.

– જો કે તૃપ્તિ ફાંગી આંખે અંધારામાં બધું જોઈ જ રહી હતી!

12

બેટની સવાર ઘણી સુંદર હતી.

શ્રાવણી તડકો આખા બેટને અજવાળી રહ્યો હતો.

દરિયા ઉપર જાણે સોનું રોળાઈ ગયું હતું.

ત્રણે મુસાફર ગૅલેરીમાં ઊભાં ઊભાં બ્રશ કરી રહ્યાં હતાં.

મહેતાજી ડોકાયા : સાહેબ, ઊંઘ આવી'તી ને? મચ્છરબચ્છર તો કરડ્યા નહોતા ને?

'થોડાક કરડ્યા હતા!' પ્રોફેસરે રમૂજ કરી : 'પણ મને નહિ, આ બહેનને!'

તોરલ શરમની મારી આડું તાકી ગઈ.

ને તૃપ્તિએ જોયું : બિચારી તોરલના બેઉ ગાલ રાતાચોળ થઈ ગયા હતા!

મહેતાજી ચાલ્યા ગયા એટલે તોરલે કહ્યું : 'તૃપ્તિ, આ બે-પગા મચ્છરની કોઈ દવા છે તારી પાસે?'

'બે-પગા મચ્છરોને તો દવા કે દુઆ કંઈ જ અસર કરતાં નથી.'

તૃપ્તિએ હળવે રહીને ઉમેર્યું : 'ને એવા મચ્છરોમાં દયાનો છાંટોય હોતો નથી. જેને ડંખે એને ચીસ પડાવ્યા વિના ન રહે!'

તોરલ એના કટાક્ષથી ડઘાઈ ગઈ. રાતનું દૃશ્ય એની નજર સમક્ષ તરવરી રહ્યું : 'મમ્મીઈઈઈ...!'

– એનાથી એક છાની ચીસ નંખાઈ ગઈ.

સ્વસ્થ થઈને એણે કહ્યું : 'તું ય જબરી છે, હોં!'

ને પછી પ્રોફેસરનો હાથ પકડીને બોલી : 'સાંભળ્યું? તમારે લીધે મારે કેવું કેવું સાંભળવું પડે છે? આ ચમચી પાછી ત્યાં જઈને આખી હૉસ્ટેલ ગજવશે! મારી તો દશા જ બેસી ગઈ સમજો!'

ચોમાસુ તડકો ચોમેર રેલાઈ વળ્યો હતો. મુગ્ધ શિશુની જેમ સૂરજ દરિયાના દર્પણમાં પોતાનો ચહેરો જોઈ જોઈને રાજી રાજી થઈ રહ્યો હતો. અચાનક તોરલની નજર રાતોરાત ફૂટી નીકળેલા લાલ-લાલ મોચીડાઓની લંગાર પર પડી : 'તૃપ્તિ, જો તો! પેલાં ગુલાબી જંતુઓની હાર દેખાય છે તને?'

કૉન્ટેક્ટ લૅન્સ ચડાવીને તૃપ્તિ જોવા માંડી.

'એમને મોચીને બદલે મોતી કહીએ તો!' તોરલે સુધારો રજૂ કરતાં દલીલ કરી : કેવા રમણીય લાગે છે! હું તો એમને મોતી જ કહીશ! સાચું નામ પણ કદાચ મોતી જ હશે... પછીથી એનું અપભ્રંશ થયું હશે!'

'કહેતી હો તો થોડાંક વીણી લાવું! બોલ, એરિંગ તરીકે ઉપયોગ કરવો છે એમનો?'

'આઈડિયા! કેવાં સુરમ્ય કર્ણફૂલ લાગે! સુંવાળાં સુંવાળાં; ને પાછાં ગુલાબી ગુલાબી!'

'તો લઈ આવું હાલ ને હાલ?'

'બિચારા મોતીડાને વીંધવું – મારા કાનની શોભા કાજે એની કુમળી કાયામાં ધાતુના વાયર પરોવવા અને એનો જીવ લેવો એ કરતાં મને તો અહીં ઊભાં ઊભાં એની વિચરણ લીલા નિહાળવી વધુ ગમે!' એ મુગ્ધભાવે પેલી લાલ લંગારભણી તાકી રહી.

'અમારાં તોરલબહેન તો દયાની દેવી છે!' તૃપ્તિએ કટાક્ષ કર્યો. દરિયા કિનારે ફેંકાઈ ગયેલા ઝીંગા, કરચલા અને શંખ તરફ એનું ધ્યાન દોરતાં તૃપ્તિએ કહ્યું : 'આ જીવાત્માઓ નજરે પડે છે ને? અને તું જોજે હોં, હમણાં પેલો કાળો છોકરો કશાકને માટે ટાંપીને જ બેઠો છે...'

તૃપ્તિ આગળ કશું બોલે એ પહેલાં તો ભેખડ પરથી ભૂસકો મારીને પેલા છોકરાએ

કરચલાને પકડી જ લીધો. નજીકમાં જ મૂકી રાખેલી ટોપલીમાં એનો ઘા કરી બીજા કરચલા શોધવામાં પરોવાઈ ગયો.

બે ત્રણ બગભગત પણ આહારની શોધમાં ટાંપીને ઊભા હતા. તૃપ્તિને એ જોવાની મઝા પડી ગઈ.

પણ તોરલને તો ગ્લાનિ જ થઈ આવી : ‘અરેરે, કુદરતે કેવો ક્રૂર ક્રમ રચી રાખ્યો છે!’

પ્રોફેસરે કહ્યું : ‘જીવો જીવસ્ય જીવનમ્! અને એમાંય આ તો પાછા દરિયાલાલ! દરિયાલાલે એમના સાગરપુત્રોને માટે પકવેલી ફસલ કહેવાય આ તો!’

તોરલના મનનું એથી સમાધાન ન થઈ શક્યું, પણ એની ગ્લાનિ જરૂર ઓછી થઈ : ‘તમારી વાત સાચી હશે. કેટલાંય કુટુંબ દરિયાલાલને આશરે જીવતાં હશે; નહિ?’

‘કુટુંબોની ક્યાં વાત કરે છે? કંઈ લાખો-કરોડો ગામનાં ગામ દરિયા પાછળ જીવે છે! પૃથ્વીનો પોણો ભાગ બથાવીને તો બેઠો છે આ દરિયો! પછી પૃથ્વીવાસીઓને કંઈકનું કંઈક તો એણે આપવું જ રહ્યું ને!’ દરિયાઈ સંપત્તિ વિશે પ્રોફેસરે નાનકડું વ્યાખ્યાન બમકાવી દીધું અને સમાપન કરતાં બોલ્યા : ‘છતાં કહ્યું છે ને – ‘મહેરામણ માઝા ન મૂકે!’ આટલા ધોધમાર વરસાદથી નદીઓ ગાંડીતૂર બની જવાની; જે ઝપટમાં આવ્યું એને તાણી જવાની પણ દરિયો કોઈને તાણી ગયો હોય એવું સાંભળ્યું છે?’

થોડીક વાર તો બેઉ બહેનપણીઓ મૂંગી જ બની ગઈ; પણ તોરલને કંઈક સૂઝ્યું ને એ તાનમાં આવી ગઈ : ‘કેમ, સોનાની દ્વારકાને સાત સાત વખત તો ડુબાડી છે એણે!’

પ્રોફેસર બિચારા શું બોલે?

– જોકે તોરલ સામે હારી જવું એમને ગમતું હતું.

મહેતાજીએ પાસેની હોટેલમાંથી સ્પેશિયલ દ્વારિકાધીશ ચા મોકલાવી. તૃપ્તિએ ચા પીરસી. ત્રણે જણ ચા પીને સ્નાનવિધિની વેતરણમાં પડ્યાં.

પ્રોફેસરના વસ્ત્રદારિદ્ર પર વિવિધ કટાક્ષો થયા :

‘મહેતાજીનું ધોતિયું માગી લાવું?’

‘ના, ના, તોરલનો દુપટ્ટો પહેરીને જ નાહી લ્યો!’

‘એમ કરો : કલાક બે કલાક બારીબારણાં બંધ કરીને બેસી રહીશું. તમે તમારે કપડાં ધોઈ જ નાખો! એકાદ કલાકમાં સુકાઈ જશે!’

આખરે પ્રોફેસરને કહેવું પડ્યું : ‘એ કરતાં તોરલનાં પેન્ટ-બુશર્ટ પહેરી લઉં તો શું ખોટું?’

‘ચોક્કસ! બોલો, કાઢી આપું?’

પ્રોફેસર બાથરૂમમાં ચાલ્યા ગયા. આ તરફ તૃપ્તિને રમત સૂઝી : ‘તોરલ, ચાલો એ નાહીને આવે ત્યાં લગી આપણે કશુંક રમીએ!’

‘ગૂડ આઈડિયા! કઈ રમત રમશું, બોલ જોઉં!’

તૃપ્તિ શરૂ થઈ ગઈ : ‘આંખો મીંચી દે! જો, મેં પણ આંખો મીંચી દીધી છે!’

તોરલે આંખો મીંચી દીધી. રમત શરૂ થઈ.

તૃપ્તિ એને પકડવા દોડી : ‘એન ઘેન દીવા ઘેન, તારા મનમાં કોણ છે?’

તોરલની આંખ ઊઘડી ગઈ : ‘મારા મનમાં?’

ને પાછી અધમીંચી આંખો રાખીને તૃપ્તિ દોડતી બોલી : ‘મારા મનમાં દરિયો છે!
મારા મનમાં સૂરજ છે!
– ને તારા મનમાં?’

તૃપ્તિએ મીંચેલી આંખે જવાબ આપ્યો :

‘મારા મનમાં ઝીંગો છે!

મારા મનમાં શંખ છે!'

તોરલને હસવું આવી ગયું...! તૃપ્તિને ખબર પડી ગઈ : 'સાલી લુચ્ચી! તું ઉઘાડી આંખે રમતી'તી ને?' એ મારવા દોડી.

બાથરૂમમાં રહ્યે-રહ્યે પ્રોફેસર બોલ્યા : 'તૃપ્તિ, ગાળ અને વાળ બેઉ પુરુષના મોં પર જ શોભે!'

– ને બેઉ સખીઓ પ્રોફેસરના વાક્ય પર ખડખડાટ હસી પડી. પ્રોફેસર તોરલનો ટુવાલ વીંટાળીને બહાર આવ્યા. પોતાની દયનીય દશા તરફ તૃપ્તિનું ધ્યાન ખેંચતાં એ બોલ્યા : 'તૃપ્તિ, તોરલ જેવી તું નિષ્ઠુર નથી. તોરલ ગઈકાલની કહ્યા કરે છે પણ મારે માટે બનિયન-જાંઘિયો કશું કહેતાં કશું લાવી નથી. તું જ હવે મારી વહારે ધાઈ શકે એમ છે. જા ને, બહેન! હવેલીની આજુબાજુમાં જ ક્યાંક રેડીમેડ કપડાંની દુકાનનું પાટિયું જોયું'તું મેં ગઈ કાલે! એક જોડી લેંઘો-ઝભ્ભો ને એક જોડી બંડી-જાંઘિયો : શક્ય એટલાં સસ્તાં લઈ આવ! એકવાર મારી ઉપર નજર નાખી લે એટલે માપનો ખ્યાલ આવી જશે!'

તોરલ મોં મચકોડતી બાથરૂમમાં પેસી ગઈ અને તૃપ્તિને ફરજિયાત જીજાજીનું મન રાખવા બજાર જવું પડ્યું!

પ્રોફેસર મૂડમાં આવી ગયા. બાથરૂમની લાઇટની સ્વિચ બહાર હતી. સ્વિચ ઑફ થઈ ને અંદર તોરલ ટહુકી : 'પજવો નહિ ને પ્લી...ઝ! અહીં તો એકદમ અંધારું થઈ ગયું છે!'

'મેં કઈ તૃપ્તિને અમસ્તી નથી મોકલી, હોં કે!' પ્રોફેસરે બાથરૂમનાં બારણાં પર ટકોરા માર્યા : 'તો...રુઉઉઉ!'

'હું બે મિનિટમાં જ આવું છું, બસ!' તોરલે વિનંતી દોહરાવી :

'પ્લીઈઈઝ, લાઇટ ચાલુ કરો ને! તમે લાઈટ ચાલુ ના કરો તો તમને –'

'તું બાથરૂમ ન ખોલે, તો તને–'

'પણ મેં કપડાં કાઢી નાખેલાં છે! તમેય શું નાના બાળકની જેમ હઠ પકડો છો!'

'તું બારણું નહિ ખોલે ત્યાં લગી લાઈટ ચાલુ નથી જ થવાની!'

'તોરલ, પ્લીઈઈઝ હું બીજું કંઈ જ નહિ કરું! ફક્ત મારે તને જોવી છે!'

'આખી રાત તો જોયા કરી છે' – તોરલના અવાજમાં ભીનાશ હતી.

'રાતેય ક્યાં તેં દાદ આપી'તી? ડીમલાઈટ સુધ્ધાં ક્યાં ચાલુ રાખવા દીધી'તી?'

'તમે તો સાવ નાગા છો! શરમાવ, જરા!'

'બસ, એક જ મિનિટ, તોરલ! ઓન્લી વન મિનિટ!'

'નો, નો, નો, નો!' તોરલે 'નો'નાં આવર્તનો ઘૂંટ્યે રાખ્યાં.

'ફક્ત એક સેકંડ! બસ! હવે તો માની જા! હમણાં તૃપ્તિ આવી જશે!'

'બિલકુલ અશક્ય; એકદમ અસંભવ!' અંધારામાં આંખ થોડીક ટેવાઈ કે તરત તોરલ શાવર ચાલુ કરીને નહાવા લાગી.

'તોરલ, પ્લી...ઝ! આટલી નિષ્ઠુર કેવી રીતે બની શકે છે તું?'

'તોરલે અંદરથી જ કહ્યું : 'હજી આનાથીય વધુ નિષ્ઠુર બનવાની છું, જો જો ને!'

'તને મારા સમનીય પડી નથી?' પ્રોફેસરે નિરાશાભર્યા અવાજે પૂછ્યું : 'હું આજ પછી કદીય આવી હઠ નહિ લઉં, બસ! આજનો દિવસ માની જા! મારે તને જોવી છે : તોરલ, તને સમજ કેમ નથી પડતી? એક પુરુષ એની પ્રેયસીને આંખ ભરીને જોવા કેટલો આતુર હોય છે – એની તને ખબર જ ક્યારે પડશે?'

'મને શરમ આવે છે!!!' તોરલે અંદરથી કહ્યું : 'લાઇટ કરો ને, મને મારાં કપડાં જડતાં નથી!'

પ્રોફેસરે લાઇટ ન જ કરી. ને તોરલે વસ્ત્રો પહેર્યા બાદ જ બારણું ઉઘાડ્યું.

બહાર નીકળીને એ પ્રોફેસરને ચુંબન કરી લેવા દોડી; પ્રોફેસરનું મોં સાવ પડી ગયું હતું.

તોરલે એમની દાઢી પર આંગળીઓ ફેરવી : 'જેસ...લ! આવોય તે ગુસ્સો કરતો હશે કોઈ જેસલ એની તોરલ પર?'

ને જેવી એ નીચે નમીને પ્રોફેસરના હોઠ પર હોઠ ટેકવવા ગઈ કે બારણે તૃપ્તિ ટકોરાઈ : 'ખો...લોઓઓ!'

તૃપ્તિના અવાજ છતાં તોરલ ન જ અટકી. એણે પ્રોફેસરને એટલા જોશથી ચૂમી ભરી લીધી કે એનો અવાજ છેક તૃપ્તિ સુધી પહોંચ્યો. ને પછી –

'વન મિનિટ!' કહી તોરલ બારણું ખોલવા દોડી.

તૃપ્તિ વસ્ત્રોનો ખડકલો ઊંચકીને રૂમમાં પ્રવેશી.

'હાય હાય!' તોરલે અચંબો પામી કહ્યું : 'જુઓ તો ખરા, આ ગાંડી તો આખી દુકાન ઉપાડી લાવી છે!'

'દુકાનદાર બિચારો ભલો માણસ હતો! કહે – બહેન, ત્રણ-ચાર સેટ લઈ જાવ; જે તમારા પપ્પાને ફિટ બેસે તે રાખજો; બાકીના પાછા આપી જજો!'

પ્રોફેસરને ફરજિયાત હસવું પડ્યું : 'એટલે કે તેં તારા પપ્પા માટે ઝભ્ભા-લેંઘા માગેલા, એમ ને?' તોરલ પણ હસી પડી.

'કંઈક તો આઇડિયા દોડાવવો જ પડે ને!' મેં કહ્યું'તું : 'ભાઈ મારા પપ્પા જરા બીમાર જેવા રહ્યા કરે છે. વૈષ્ણવ ધર્મશાળાના ટ્રસ્ટી છે. બૉમ્બેથી થોડા દિવસ માટે આવ્યા છે. બે-ચાર લેંઘા-ઝભ્ભા બતાવશો?'

'જબરી છે હોં કે!' પ્રોફેસરે કહ્યું : 'તોરલ, અત્યારે તો તું હસે છે પણ આ છોકરી તો ભયંકર છે! કાલે ઊઠીને તારે માટે કશુંક ખરીદવા જશે તો દુકાનદાર આગળ શું ભરડીને આવશે, એની કલ્પના આવે છે?'

'હા...ય!' તોરલ એકદમ શરમાઈ ગઈ. તૃપ્તિને બાઝી પડતાં એ અત્યંત આર્દ્ર સ્વરે બોલી : 'બે...બીઈઈઈ?'

પ્રોફેસરે બધા 'ડ્રેસ' વારાફરતી પહેરી જોયા. તોરલે પસંદ કર્યા એ બે ડ્રેસ રાખી લીધા. બાકીના પરત કરવા 'બેબી'ને સોંપ્યા.

તોરલે પૈસા આપવા કોશિશ કરી પણ તૃપ્તિ ન માની :

'તારા ગમે તે હોય! મારા તો પપ્પા છે ને! એમનાં કપડાંના પૈસા હું તારી પાસેથી લઉં કોઈ દિવસ?'

પ્રોફેસરે સમાધાન કરાવી આપ્યું : 'ચાલો, દીકરી છે ને! આજે નહિ, તો કાલે એનું કરજ વાળશું. એનું કરજ કંઈ માથે થોડું રાખી મુકાશે?'

ત્રણે જણ સાથે જ નીકળ્યાં. તોરલે ધર્મશાળાનું બિલ ચૂકવ્યું. તૃપ્તિ દુકાનનું કામ પતાવીને પાછી ફરી ત્યાં લગી તોરલે શંખ અને છીપલાંના કલાત્મક નમૂનાઓ જોયા કર્યા. 'ટી' વાળી બે કીચેઈન ખરીદીને એણે પ્રોફેસરને ભેટ આપી : 'એક મારા તરફથી ને બીજી તૃપ્તિ તરફથી!'

તૃપ્તિએ કહ્યું : 'જીજાજી એમની યાદગીરી લેખે આપણનેય કશુંક લઈ આપશે ને?'

'જરૂર!' ને પ્રોફેસરે દુકાનદારને આંગળી ચીંધીને પૂછ્યું : 'પેલો વૉલપીસ કેટલામાં આપ્યો?'

'ત્રીસમાં પડશે, સાહેબ! જેસલ-તોરલ છે!'

પ્રોફેસરે પૈસા કાઢ્યા! તોરલને આશ્ચર્ય થયું : 'તમારી પાસે હતા? કે મારા પર્સમાંથી ધાડ પાડી?'

દુકાનદારને રમૂજ થઈ : 'જેસલ જાડેજો તો બહેન ધાડ પણ પાડે ને લૂંટફાટેય કરે! જ્યાં લગી એને તોરલ સતી નોં ભેટે ત્યાં લગણ ઈનો કોઈ ભરૂસો નૈ!'

ત્રણે જણ એ વાત પર મલકાયાં.

ચાલતાં ચાલતાં પ્રોફેસરે કહ્યું : 'શું તું મને સાવ લુખ્ખો સમજી બેઠી છે? પચ્ચીસ પચાસ રૂપિયા તો મારા ખિસ્સામાં હોય જ! તને હજી ખબર જ ક્યાં છે – દિવસનું પચાસ-પચાસ રૂપિયાનું તો હું ચરસ પી જઉં છું!'

'ગઈ કાલે તો નહોતું પીધું!' તોરલે કહ્યું : 'ગઈ કાલની તો સિગારેટ સુધ્ધાં નથી પીધી તમે!'

'તોરલ, તારો નશો હોય ત્યાં ચરસ કે સિગારેટની જરૂર રહે ખરી?'

– તોરલ શરમાઈ ગઈ : 'તમે તો કેવું કેવું બોલો છો!'

'એ નશામાં છે ને! નશામાં માણસ આવું જ બોલે!' તૃપ્તિએ કટાક્ષ કર્યો. તોરલ વધુ શરમાઈ. જોકે તૃપ્તિને તો એણે આંખો જ બતાવી!

ચાલતાં ચાલતાં ત્રણેય જણ બેટના પુલ પાસે આવી પહોંચ્યાં. નૌકાઓ તૈયાર હતી. ઉઘાડ હતો એટલે ઉતારુઓ પણ હતાં. માછીમાર સ્ત્રીઓ મચ્છી ભરેલા સૂંડલા લઈને નૌકાઓ ભણી જઈ રહી હતી, તો વળી કેટલીક વૈષ્ણવ મહિલાઓ 'રાધે ગોવિંદ ભજો, રાધે ગોવિંદ!'ની ધૂન ગાતી ગાતી ચાલી જઈ રહી હતી.

સમુદ્ર શાન્ત પડી ગયો હતો. તૃપ્તિ એકીટશે કશુંક જોઈ રહી હતી. તોરલને એની આ ધ્યાનાવસ્થાનું રહસ્ય ન સમજાયું. એણે પૂછ્યું : 'શું જુએ છે આમ દરિયાની અંદર? દેખાય છે કશું?'

'આ છીછરા દરિયામાં તો શું દેખાવાનું હતું? ડૂબેલી દ્વારકાના સોનેરી અવશેષ પણ કદાચ મળે તો છેક દૂરના દરિયામાંથી મળે!' પ્રોફેસરે તૃપ્તિના ખભા પર હાથ મૂકીને ઉમેર્યું : 'હા, અહીં બેટના દરિયામાં પદ્મની છાપ વાળા શંખ જરૂર મળી આવે છે!'

તૃપ્તિએ જરા ગંભીર અવાજે પૂછ્યું : 'જીજાજી! આગના સપનાનો અર્થ જાણો છો?'

'આગનું સપનું?' તોરલ અને પ્રોફેસર એકીસાથે અચંબો પામ્યાં.

'આગ પણ કેવી! મુશળધાર વરસાદ વચ્ચે ભડકી ઊઠેલી આગ!' એના ચહેરા પર ભય વંચાઈ રહ્યો હતો : 'તોરલ, રાતે મને એવું ભયંકર સપનું આવેલું! સવારે વાતોમાં ને વાતોમાં કહેવું જ ભૂલી ગઈ... બાપ રે! એ તો યાદ આવે છે ને રૂંવાડાં ઊભાં થઈ જાય છે!' તૃપ્તિની આંખો વિસ્ફારિત થઈ રહી.

'આગ ક્યાં લાગેલી તૃપ્તિ?'

'સ્થળ તો નક્કી નથી કહી શકાય એમ – પણ એ આગમાં તુંતો એવી સપડાઈ ગયેલી, તોરલ! ને એક બાજુ આખો દરિયો ઘૂઘવે! દરિયો પણ જાણે સળગતો ન હોય, એવું લાગે! ને વરસાદ તો અનરાધાર! તોય આગના ભડકા તો ઊંચે ને ઊંચે જતા જાય! તોરલ, નવાઈની વાત તો એ લાગી કે એટલી પ્રચંડ આગમાં ફસાયેલી હતી છતાં પાછી તું હસતી હતી...!'

તોરલ ચીસ પાડી ઊઠી : 'માય ગૉડ!'

'આગમાં હું એકલી જ હતી?' એણે ગભરુ અવાજે પૂછ્યું. તૃપ્તિ કંઈ કહે એ પહેલાં પ્રોફેસરે જ વાત ઉપાડી લીધી :

'તું એકલી નહોતી; હું પણ હતો જ! તૃપ્તિને દેખાયો નહિ હોઉં, – તેં ક્યાં ડીમલાઈટ પણ ચાલુ રાખવા દીધી'તી? તોરલ, એ પ્રેમની આગ હતી... 'પ્રેમપંથ પાવકની જ્વાળા' – યાદ આવે છે એ કવિતા?'

મુગ્ધ મુગ્ધ નજરે તોરલે એક વાર પ્રોફેસર સામે જોયું, પછી તૃપ્તિ સામે; અને પછી

એકદમ ઉતાવળમાં હોય એમ બેઉના હાથ ઝાલીને ખેંચવા લાગી : ‘કંઈ ભાન છે? પેલો હોડીવાળો ક્યારનો બૂમો પાડે છે?’

– દોડીને ત્રણેય જણ હોડીમાં ગોઠવાઈ ગયાં.

13

ત્રણ-ત્રણ રાત્રિઓ સાથે ગાળીને પ્રોફેસર જાડેજા પાછા ફરી રહ્યા હતા.

બસ દોડી રહી હતી અને એક-એક પળ એમને તોરલથી વધુ ને વધુ દૂર લઈ જઈ રહી હતી. પાસેની બેઠક પર તોરલ નહોતી, એટલો ખ્યાલ સુધ્ધાં એમની ચેતનાને ઊંડી વ્યથા પહોંચાડી રહ્યો હતો.

રહી રહીને વિદાય વખતનો તોરલનો દયામણો ચહેરો એમની આંખો આગળ ઊપસી આવતો હતો.

'ક્યારે આવશો?' એટલું પૂછતાં તો એ ભાંગી પડી હતી. એની વેદના આંસુની ભાષામાં વહેવા લાગી હતી.

'તોરલ, જવાનું જ મન નથી થતું, ત્યાં તું આવવાનું પૂછે છે?' – પ્રોફેસર ગળગળા થઈ ગયા હતા : 'મારું ચાલે ને, તોરુ! તો કાયમને માટે અહીં જ રહી પડું! ત્યાં ક્યાંક લેડીઝ હૉસ્ટેલની આજુબાજુમાં જ મકાન ભાડે રાખી લઉં...! પણ –' તોરલ હીબકાં લેવા માંડી હતી.

તૃપ્તિ વચ્ચે પડી હતી : 'હવે રડતી ન હો તો! બિચારા જીજાજી તારો લેટર પહોંચતાંની સાથે તો દોડી આવ્યા! – આખરે એમનેય સર્વિસનું જોવું પડે કે નહિ? આવશે પાછા પંદર-વીસ દિવસે!'

'આવશો ને?' ભીની, ગળતી આંખે તોરલે પૂછ્યું હતું : 'જરૂર આવજો, હોં! તમારા વગર જરીય નથી ફાવતું!'

– ને બસ ઊપડી હતી. છેક લાખોટા તળાવના વળાંક લગી એનો રૂમાલ ફરકતો દેખાયો હતો.

પ્રોફેસરે એક લાં...બો શ્વાસ મૂક્યો! કેટલું બધું અંતર પડી ગયું! બસ ઊપડ્યે દોઢેક કલાક થવા આવ્યો! હમણાં પા-એક કલાકમાં તો રાજકોટ આવી જશે! ને બીજા ચાર-સાડાચાર કલાકમાં અમદાવાદ પણ આવી પહોંચશે. તોરલ! કેવાં વસમાં છેટાં પડી ગયાં આપણા બેની વચ્ચે! હજી ગઈ રાતે તો કદીય અળગાં નહિ પડવાનાં વચનની આપ-લે થતી હતી... તોરલ, એ વચન ભુલાઈ તો નથી ગયું ને? હું બહુ સેન્ટિમેન્ટલ છું, તોરલ!

બસ રાજકોટના મુખ્ય બસ સ્ટેશન પર પહોંચી. અડધે અડધાં ઉતારુ ઊતરી ગયાં. કેટલાંક એમનો સામાન મૂકી મૂકીને ચા-પાણી પૂરતાં ઊતર્યાં. પ્રોફેસર બેસી રહ્યા.

જિંદગીની બસ એ વિસામે રોકાઈ, ન રોકાઈ, ને આગળ વધી ગઈ હતી... ઘણાં વર્ષો પછી પ્રોફેસરને એમની પત્ની યાદ આવી! અને એમના બચપણના સાથી ડૉ. દલાલ પણ!

પ્રોફેસર ઉદાસ થઈ ગયા.

બસમાં પૅસેન્જર ભરાઈ ગયાં. એમની જોડેની બેઠક પરનું પૅસેન્જર પણ બદલાઈ ગયું. બસ ઊપડી. રાજકોટના રાજમાર્ગો વળોટતી એ રાષ્ટ્રીય ધોરી માર્ગ પર પહોંચી ગઈ.

પ્રોફેસરે આંખ ઢાળી ત્યાં એક વીશેક વરસની યુવતી મૂંગી મૂંગી આંખોના ઊંબરે આવી ને અટકી. એ કશું બોલતી નહોતી; પણ એની આંખોમાં અદૃષ્ટ તહોમતનામું વાંચી શકાતું હતું. એ ફરિયાદ નહોતી કરતી છતાં એના રોમેરોમ પર ફરિયાદની ભાષા છપાયેલી હતી.

'રાજ બા, તમે?'

એ કશું જ બોલી નહિ. એમ ને એમ સ્થિર, મૂંગી પૂતળીની જેમ ઊભી રહી.

રાત ઘેરાતી ચાલી. અમદાવાદ જનારી આ છેલ્લી બસ હતી.

કંડક્ટરે બસની લાઇટો બંધ કરી દીધી. ઉતારુ બેઠાં-બેઠાં જ ઊંઘવા લાગ્યાં.

'રાજ બા, તમે આમ કવેળાએ?' – પ્રોફેસરનું મન પૂછી બેઠું : 'આજ પહેલાં કદીયે નહિ

ને આજે જ કેમ? કંઈ માગવા આવ્યાં છો? બોલો, તમારા આત્માની તૃપ્તિ ખાતર હું ગમે તે કરીશ! તમને આમ અધૂરી વાસનાઓ સાથે ભટકતાં જોવાં મને નહિ પાલવે!'

– પેલી યુવતીએ કોઈ ઉત્તર ન આપ્યો. ચૂપચાપ, નીચી આંખે, વિષાદ ભર્યા ચહેરે એણે પ્રોફેસરના ચહેરા સામું જોયા કર્યું.

બસ દોડતી રહી. રાજકોટની લાઈટો દેખાતી બંધ થઈ. વાદળ ઘેર્યા આકાશનો શ્રાવણી અંધકાર રોડ ઉપર સૂઈ ગયો હતો. તમામ પેસેન્જર સૂઈ ગયાં હતાં. ખુદ કંડક્ટર સુધ્ધાં સૂઈ ગયો હતો. જાગતી હતી માત્ર ઓખા-મોડાસા વાળી એ બસ; ઉતારુઓમાં એકલા પ્રોફેસર જાગતા હતા; અને હા, એક બીજી વ્યક્તિ પણ – જેને ઓખા-મોડાસામાં પ્રવાસ કરવા માટે કોઈ ટિકિટ નહોતી લેવી પડી... એનું નામ રાજ બા હતું.

બસમાં એ કયા સ્ટેશનેથી ચડી બેઠી એની કોઈને ખબર નહોતી.

પ્રોફેસર સિવાય કોઈ એને જોઈ શકે એમ નહોતું.

પ્રોફેસરની મૂંઝવણનો પાર નહોતો.

રાજ બા ચૂપ હતી. એક મટકુંય માર્યા વગર એ ઢાળેલાં નયણે પ્રોફેસર સામે જોઈ રહી હતી. પ્રોફેસરે જોયું : એના માથા ઉપર પાનેતર પથરાયેલું હતું. એની સેંથીમાં કંકુ રોળાયેલું હતું. એણે નથણી પહેરેલી હતી, ને કાનમાં એણે સોનાનાં પાનડિયાં પહેરેલાં હતાં. એના કપાળનો ચાંદલો...

'રાજ બા...!!!' પ્રોફેસરે એને અડકવા પ્રયત્ન કર્યો. પાસેની બેઠક પર બેઠેલા ઉતારુએ ઊંહકારું કર્યું : 'જરા સીધા બેસો ને યાર!'

પ્રોફેસર સંકોચાઈને 'સીધા' બેસી ગયા.

પંદર વરસ પહેલાં પ્રોફેસર જાડેજા 'પ્રોફેસર' નહોતા. એ વખતનો એમનો મિજાજ આટલો લાગણીશીલ પણ નહોતો. એ વખતે આજના જેટલી સમજણ અને સહનશીલતા હોત, તો કદાચ –

'રાજ બા, મને માફ કરો!' એમનું મન ડંખી રહ્યું હતું : મારે પંદર વર્ષ પહેલાં માફી માગવી જોઈતી હતી, નહિ? તો તમે મને જરૂર માફ કરી દીધો હોત! તમે કદાચ અત્યારે –

એક વિચિત્ર કલ્પના ચમકી ગઈ : એવું થયું હોત તો કદાચ તમે આજે અધિકારપૂર્વક મારી જોડેની સીટ ઉપર બેઠાં હોત. કદાચ મારી છાતી પર માથું ઢાળીને સૂતાં હોત...! રાજ બા! એવી કોઈ રેખા તમારી હથેળીમાં ફૂટતાં પહેલાં જ અટકી ગઈ, તો એમાં મારો દોષ ખરો?

– જવાબ ન મળ્યો.

'તમે જીવતાં હોત તોય તોરલ તો મારા પ્રેમમાં પડવાની જ હતી! રાજ બા, એની હથેળીમાં પ્રેમની રેખા પડી હોય ત્યાં મારું કે તમારું શું ચાલવાનું હતું?'

પ્રોફેસરનું મન તરંગે ચડી ગયું : મને વિશ્વાસ છે, રાજ બા! તમે તોરલનો કદીય તિરસ્કાર ન કરી શક્યાં હોત...? તમે એને નાની બહેન તરીકે સ્વીકારી લીધી હોત! તમે મને સામે ચાલીને કહેત : 'તોરલ આટઆટલી ઝૂરે છે, ને તમે એને મળવાય જતા નથી? કેટલા ક્રૂર છો તમે!' – કેમ, ખરું ને, રાજ બા!

મનમાં ને મનમાં પ્રોફેસર હસ્યા : તમે કેટલાં ખાનદાન છો, રાજ બા! બીજી કોઈ સ્ત્રી હોય તો –

ગડમથલ ચાલતી રહી. ઘણાં વર્ષો પછી પ્રોફેસરે રાજ બા વિષે જરા જુદા દૃષ્ટિકોણથી વિચારવું શરૂ કર્યું. એમાં એનો શો દોષ હતો! એક તરુણી યૌવનને ઉંબરે પગ મૂકતી વેળા લપસી પડે એમાં એનો શો દોષ? પણ મેં એ વખતે એને જ દોષિત ગણી હતી. આજે આખી વિચારસરણી બદલાઈ ગઈ છે! નથી ને કાલે તોરલ ક્યાંક ભૂલથાપ ખાઈ બેસે, તો હું એને

આપઘાત તો ન જ કરવા દઉં! ના – કદીય ના કરવા દઉં...! એને કહું : તોરલ, મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે...! ને ટૂંકામાં સમજી લે – હું, તું ને આ આપણી આજુબાજુ છે ને, એ સર્વે માટીપગાં મનુષ્યો જ છીએ...! ઉત્ક્રાન્તિ પામતાં પામતાં મત્સ્યમાંથી કચ્છપ, એથી આગળ વરાહ, નૃસિંહ ને એમ કરતાં-કરતાં આ વામણા મનુષ્યનું રૂપ આપણને સાંપડ્યું છે! પુરાણો ખોટાં નથી, તોરલ! રામ સીતાનો ત્યાગ કરી શકે છે : જરા જુનવાણી પુરુષ ખરા ને! પણ કૃષ્ણ સોળહજાર ભ્રષ્ટ મહિલાઓને રાણીનો દરજ્જો આપી શકે છે. તોરલ, મેં પંદર વરસ પહેલાં દ્વારિકાધીશનાં દર્શન કર્યાં હોત તો પરણ્યાની પહેલી રાતે રાજ બાને ગળે ફાંસો ન ખાવો પડત..! ચાલો, એમનું એવું નસીબ! એમની જીવનરેખા ઉપરનું ઘાતચિહ્ન હું મિટાવી ન શક્યો... બીજું શું?

બામણબોરનાં અજવાળાં દેખાવા માંડ્યાં. પ્રોફેસરે બસની બારીનો કાચ લગાર ખસેડ્યો. ઠંડી હવાની એક લહેર અંદર ચાલી આવી. એ લહેર સાથે રાજ બા જાણે બસ આખીમાં ઘૂમી વળી!

પંદર વરસ પહેલાંના એ દિવસો તાદૃશ થઈ રહ્યા... જાડેજા એ વખતે કૉલેજના છેલ્લા વરસનો વિદ્યાર્થી હતો. તેજસ્વી યુવક હતો, અત્યંત ગંભીર, ફૂંકી-ફૂંકીને પગ મૂકનારો. એને એક ઊજળી કારકિર્દી બનાવવી હતી. અને ખેતરને ખોળે માટી ભેળો માટી થઈને જીવનારો પેલો મોટો ભાઈ એને મોટો સૂબો બનાવવાનાં સ્વપ્ન સેવતો હતો. વૃદ્ધ માતા એના લાડકવાયા દીકરાને ‘સાહેબ’ બનેલો જોવા જ જીવતી હતી – નહિતર દમ નામનો યમ કેટલીય વાર એનાં બારણાં ખખડાવી ગયો હતો...

ને જાડેજા યુનિવર્સિટીની ડિગ્રી લઈને બહાર આવે, એ પહેલાં તો ઘરેથી મોટાભાઈનું કહેણ આવ્યું હતું : ભાઈ, માજીની ઇચ્છા આ વૈશાખમાં જ પતાવી દેવાની છે... તું ના ન પાડતો! ઘરડા જીવોને દુઃખ ન પહોંચાડીએ. પાપ લાગે!

જાડેજા નામનો એ કૉલેજિયન યુવાન એ જમાનામાં ખૂબ જ આદર્શવાદી હતો. વડીલોની આજ્ઞા શિરોધાર્ય ગણીને એણે સંમતિ દર્શાવી દીધી હતી. કન્યા ખાનદાન કુળની હતી; થોડુંક ભણેલી પણ ખરી. કૉલેજના સહાધ્યાયીઓ જાનમાં આવ્યા હતા. એક આલ્બમ પડ્યું છે ક્યાંક – ઇતિહાસના દસ્તાવેજી અવશેષ સમું. એમાં જાડેજાનો સાફો ઘણો શોભી ઊઠે છે... ને રાજ બાનો ઘૂંઘટ પણ!

પંદર વરસનો સમય આલ્બમ પર ક્રૂર સરમુખત્યારની અદાથી ચડી બેઠો છે. આલ્બમ ગૂંગળાઈ ગયું છે....

– ને રાજ બાનાં ઝાંઝર થીજી ગયાં છે : સોહાગરાતનાં શમણાંની ચિતાની જેમ...

એક સિફતભર્યો આંચકો, ને બસ એ જ ઝડપે આગળ દોડી. ટ્રક સાથે અથડાતાં સહેજમાં બચી ગઈ. મુસાફરોના જીવ હાલી ઊઠ્યા : ‘આ લોકોને કંઈ ભાન ખરું? બેફામ ધમધમાવ્યે રાખે છે!

– ગઈ કાલે દસ માણસ ના મરી ગયાં ચોટીલા પાંહે!

– માનો ના માનો, કુદરતી કોપ ઊતર્યો છે!

– ઓલ્યું વેમાન નોં તૂટી પડ્યું દરિયામાં? સલામતી ક્યાંય છે જ નહિ?

– હવે તો ભગવાને ય બાપડો કંટાળી ગ્યો સે! પાપનો ઘડો ભરાઈ જાય પછી ફૂટે નૈં તો શું થાય?

– એ કાકા, લગાર જંપવા ધો!

....ફરી પાછો સોપો પડી ગયો. ઉતારુઓ જંપી ગયાં.

....રાજ બા અને પ્રોફેસર સિવાયનાં બધાં જ ઊંઘી ગયાં. બસ દોડતી રહી; એને છેક

અમદાવાદ પહોંચવું હતું! રાત ઘેરાતી ચાલી. વાદળો વીંધીને ચાંદની વરસવા લાગી.

– પંદર વરસ પહેલાંની એ વૈશાખી રાતે પણ જળ જંપી ગયાં હતાં. ઓસરીમાં સૂતેલી મા ઉધરસ ખાઈ ખાઈને શાન્ત પડી ગઈ હતી. ગરીબ ઘરમાં વૈશાખી ધોમ ઘરજમાઈ થઈને જામી પડ્યો હતો. વીજળી જ નહોતી, ત્યાં પંખો તો હોય જ ક્યાંથી? હા, હાથવીંઝણો હતો. રાજ બાએ વીંઝણો ઢોળ્યો, મટુકીમાંથી ટાઢું પાણી પાયું; ને પછી –

'ગરાસણી, આમ ગુમસૂમ કેમ લાગો છો જાણે? કાંઈક ઊઘડો! કાંઈક મીઠી વાત સંભારો! જુઓ, જળ જંપી ગયું છે – જાગવામાં જાગીએ છીએ ફક્ત હું ને તમે! ને આ રાત તો કોઈના બાપની થઈ નથી કે થાવાની નથી. આમ ને આમ બેઠાં રહ્યાં તો હમણાં કૂકડો બોલશે ને વલોણાવાળીઓ જાગશે... પછી તમારા જાડેજાથી પથારીમાં નહિ પડ્યા રહેવાય, સમજ્યાં? આપણને તો ભાઈ, મોટેરાંઓની બહુ જ શરમ આવે છે! કોઈની આંખમાં આંખ પરોવીને વાત કરવાની ય આપણી તો હિંમત નહિ! ભણ્યા એનો અર્થ કંઈ શરમ તોડી નાંખવી એવો નથી થતો, હોં કે!'

– ને ગરાસણીની આંખો વરસી પડી હતી અનરાધાર... રાજ બા, એ યાદ ન કરાવો! એ સંભારવી ન ગમે એવી કરુણતા છે, રાજ બા! આજે આટલાં વર્ષે અહીં, નવી જિંદગીની તલાશ કરી પાછા વળી રહેલા એક પામર માનવીને તો કદાચ ગાંડો બનાવી મૂકે એવી ક્રૂર એ ઘટના છે...

ઓહ, તોર...લ!

તોરલ તો દૂર રહી ગઈ – કોણ જાણે કેટલાય ગાઉ દૂર! ને અહીં તો આ રાજ બા જ રાજ બા છે... આખી બસ જાણે રાજ બાના અણદીઠ ઓથારથી કંપે છે...!

પ્રોફેસરના રોમેરોમમાં એક લખલખું ફરી વળ્યું. એમની આંખો આગળ એક ભયંકર દૃશ્ય ભજવાઈ ગયું :

'દરબાર, તમે તો દેવ જેવા છો! તમે –'

'બોલો ગરાસણી! જે કહેવું હોય તે કહો. મન ખોલીને કહો...'

'સાંભળી શકશો? દરબાર, ક્યાં ગઈ તમારી કટાર? જરા સાબદા બનો! હું તમને છેતરવા નથી માગતી, મારા દેવ!' આંસુની નદી વહી ચાલી હતી. જાડેજાના શરીર પર વૈશાખી રાતનો પરસેવો રેલાઈ રહ્યો હતો. એક ઊંડો નિસાસો નીકળ્યો ને દીવડું રામ થઈ ગયું હતું...

પ્રોફેસરે જોયું : રાતના અઢી વાગી ચૂક્યા છે.

એ રાતે પણ બરાબર અઢી વાગ્યાનો શુમાર હતો. રાજ બાએ દીવડું ચેતવ્યું હતું. એમની આંખો રાતી હિંગળોક બની ગઈ હતી. નાક ગળી રહ્યું હતું. યૌવન ઓગળી રહ્યું હતું... 'દરબાર! તમે બહુ મોટા મનના આદમી છો... તમે મને બહુ જ સુખ આપ્યું છે, પારાવાર... બેહદ સુખ! હું જે સુખને લાયક નહોતી, એ સુખ આપ્યું છે...! ભગવાન તમારું ભલું કરજો!'

ફરી એક ઉચ્છ્વાસ, ને ઓરડામાં અંધારું ફેલાઈ વળ્યું હતું. – બેઉ શરીર એકમેકમાં ઓગળી ગયાં હતાં. સ્ત્રી અને પુરુષના પરસેવાનું સંયોજન થતાં જે વિશિષ્ટ વાસ પ્રગટે છે, એ વાસથી ઓરડો ઊભરાઈ રહ્યો હતો. રાત ગળતી ચાલી અને જાડેજાની ઉદાર છાતીમાં ધ્રુસકાં ઢોળતી રાજ બાએ દીવડો ફરી ચેતાવવાની કોશિશ માંડી વાળી...

દૂર ડુંગર ધારે સારસ ટહુક્યાં ને રાજ બા હળવે રહી ને ઊભી થઈ ગઈ હતી. જાડેજાનું થાકેલું મન અને ઢગલો વળી ગયેલું તન એ ક્યારે ચાલી ગઈ એ પારખી નહોતું શક્યું...

ને આંખ ઊઘડી ત્યારે જાડેજાએ જોયું હતું : રાજ બા ઓરડામાં નહોતી. ધડકતા હૈયે જાડેજાએ ચારે કોર નજર કરી – અંદરની ભોગળ તો એમની એમ ભીડેલી હતી. ભાંગેલા પગે એ મેડીએ ચડીને જુએ છે, ત્યાં...

'ચાલો, લીંબડી!' કંડક્ટરે બસમાં લાઈટ કરી.

ધ્રૂં...ધ્રૂં... કરતી બસ લીંબડીના બસસ્ટેશનમાં પ્રવેશી.

'બસ પંદર મિનિટ રોકાશે. ચા-પાણી કરવાં હોય તે કરી આવે!'

– પાછી બસ ખાલી થઈ ગઈ. એકાદ-બે ઉતારુઓ સિવાય બધાં જ ઊતરી ગયાં. ધીમે રહીને પ્રોફેસર પણ ઊતર્યા.

પ્રોફેસર હારી ગયેલા યોદ્ધાની માફક કૅન્ટીન તરફ ચાલ્યા. ચા મંગાવી. માંડ અડધી પી શકાઈ. અડધી એમ ને એમ મૂકી દીધી.

રૂપિયો આપીને રવાના થઈ ગયા. પેશાબ કરી આવ્યા. બસમાં પાછા આવીને ગોઠવાઈ ગયા.

આંખ ઉઘાડીને જોવા લાગ્યા. રાજ બા અદૃશ્ય થઈ ગઈ હતી. એકદમ અલોપ. બે-ચાર વાર આંખ ઉઘાડવાસ કરી. રાજ બા ન દેખાઈ! 'અદ્ભુત!' પ્રોફેસરને થયું : 'આનો શો અર્થ સમજવો?' એ જરા સ્વસ્થતાપૂર્વક વિચારવા લાગ્યા : પંદર વર્ષ પહેલાંની એક કારુણિકા રાજકોટથી લીંબડી વચ્ચેના પ્રવાસમાં પુનઃ પ્રસારિત થઈ ગઈ. પણ રાજ બા બોલ્યાં કશું જ નહિ! બસ, ટગર ટગર મારા ચહેરા તરફ જોતાં રહ્યાં, એટલું જ! શું એમને કંઈ ફરિયાદ હશે? કંઈ કહેવું હશે? એમને મારા ઉપર અનહદ માન હતું : કદાચ મારું કશુંક અહિત થવાનું હોય તો એની આડે હાથ ધરવાય આવી પહોંચ્યાં હોય...! એ આમ અવગતિયાં થઈને ફરે નહિ; જરૂર એમના મનમાં કશુંક હતું, પણ એમની જીભ ઊપડી નહિ...

એમને મેં ક્યાં કશું કહ્યું હતું? એ વખતેય જાતે ને જાતે એ ઉપાધિ વહોરી બેઠાં'તાં... અલબત્ત, એમની ભૂલોનો એકરાર સાંભળીને મારે મૂંગા નહોતું રહેવા જેવું...! પણ એ વખતનું માનસ જરા જુદું હતું, ઘડાયેલું નહોતું. કદાચ અંગત જીવનના મારા આદર્શો અને પત્ની વિશેની કલ્પનાઓ વચ્ચે આવ્યાં હશે. હું એમને આશ્વાસન નહોતો આપી શક્યો. ઠપકો ય નહોતો આપ્યો. જોકે એક ઊગતી જિંદગી એ રીતે મૂરઝાઈ ગઈ, એ સારું તો ન જ થયું. કોઈ પણ સૌંદર્ય અકાળે કરમાઈ જાય એ ઘટના કરુણ જ ગણાય...

પ્રોફેસરે આંખ મીંચવા પ્રયત્ન કર્યો. બસ ધોરી માર્ગ ઉપર દોડવા લાગી. કંડક્ટરે લાઈટો બંધ કરી દીધી.

પ્રોફેસરનું માનસ વલોવાઈ ગયું હતું. રહી રહીને રાજ બાનો દુખિયારો ચહેરો યાદ આવતો હતો : હવે ફક્ત યાદ આવતો હતો; દેખાતો નહોતો.

ઘડીક એમને લાગ્યું : રાજ બાનો ચહેરો ફરી દેખાયો હોત તો એમને મન ખોલીને પૂછી લેત – રાજ બા, આ તોરલને મળવા જઉં એની સામે વાંધો તો નથી ને તમને? તમે રજા આપો તો જ જઈશ! આ પંદર વરસ ના ચલાવ્યે રાખ્યું સ્ત્રી વગર? મારે તો ચાલશે!

– પણ તોરલને ક્યાં ચાલે એવું છે!

પ્રોફેસર વિચારે ચડી ગયા : શું ખરેખર તોરલને મારા વગર ન જ ચાલી શકે?

થોડીક ગડમથલને અંતે એમને લાગ્યું : સ્ત્રીને પુરુષ વગર ન ચાલે... કદાચ પુરુષને ય સ્ત્રી વગર ન જ ચાલે. સ્ત્રી માત્ર પત્ની જ હોય એવું જરૂરી નથી. ગમે તે સ્વરૂપે પુરુષને સ્ત્રીનું સાન્નિધ્ય જોઈએ છે. મોટાભાઈને માતાનું સાન્નિધ્ય મળ્યું, કૃષ્ણને રાધાનું, રામને સીતાનું, અરવિંદને માતાજીનું... જેસલને તોરલનું...!

અમદાવાદ આવ્યું ત્યાં લગી એ ગડમથલ ચાલુ જ રહી.

*

ઘરે પહોંચીને તાળું ખોલ્યું. એક વિચિત્ર પ્રકારની વાસ આખા ઘરમાં પ્રસરી વળી હતી.

સ્ત્રી વગરના ઘરને એક આગવી ગંધ હોય છે. એ ગંધથી પંદર-પંદર વરસ લગી ટેવાઈ

ગયેલા પ્રોફેસરને ઘરમાં સ્ત્રીના શરીરની વાસ ફેલાયેલી જોઈને અચરજ થયું.

– શું એ તોરલના શરીરની સુવાસ હતી?

પ્રોફેસરે ખાતરી કરી જોઈ : ના, ના! એના શરીરની સોડમ તો જુદી જ ભાતની છે...

– ઘર આખું સ્વચ્છ, સુઘડ લાગતું હતું! પથારી પણ કેટલી વ્યવસ્થિત હતી! ક્યાંય સિગારેટનાં ઠૂંઠાં નજરે નહોતાં પડતાં. અને કપડાં પણ કેવાં લાઈનસર હેન્ગર પર લટકાવેલાં હતાં. પુસ્તકો સરખી રીતે ગોઠવેલાં હતાં.

પ્રોફેસર જાડેજાને નવાઈ લાગી. ચરસના નશામાં ઘર છોડ્યું ત્યારે તો કેવી લઘરવઘર હાલતમાં, એમ કહો કે બિલકુલ બેભાન અવસ્થામાં, બધું જેમતેમ ફંગોળીને ચાલી નીકળેલા! ને તાળું ય માર્યું'તું કે નહિ, એની કોને ખબર હતી? આ તો ટેવ પ્રમાણે ગોખલામાં હાથ નાંખ્યો ને ચાવી મળી આવી!

પ્રોફેસર અંદરના ઓરડે ગયા. સ્વિચ દબાવી જોઈ. લાઇટ થતાવેંત જે દૃશ્ય જોયું એનાથી એ હેબતાઈ જ ગયા.

– એ એકદમ ભોંય પર બેસી ગયા.

જલદી બેસી ન ગયા હોત તો કદાચ પડી ગયા હોત!

14

ઓરડાની ખીંટી પર લાશ લટકી રહી હતી.

– નવોઢા રાજ બાએ પાનેતરનો ગાળિયો બનાવીને ટૂંપો ખાઈ લીધો હતો.

–ને ઘર આખામાં એ નવોઢાના શરીરની સુવાસ મઘમઘી રહી હતી.

આશ્ચર્ય!

પ્રોફેસરે સાંભળ્યું હતું : મૃતદેહને સુગંધ નથી હોતી. એકાદ દિવસ પડી રહેલા મૃતદેહમાંથી દુર્ગંધ વછૂટવા માંડે છે...

ને આ પંદર વરસ પહેલાંની એક લાશ...!

પ્રોફેસરે નજીક જઈને જોયું : એ રાજ બા જ હતી.

એ જ ચહેરો, એ જ આંખો...!

અરે, ક્ષણ પહેલાં જ ફૂટ્યાં હોય એવાં પરસેવાનાં બુંદ પણ એનાં એ જ –

ને ઘડીક પહેલાંના મિલનનો એક આગવો રોમાંચ! પ્રોફેસરે હિંમત કરીને લાશને અડવાનો પ્રયત્ન કર્યો.

ને એક બીજું આશ્ચર્ય સર્જાયું : લાશ ગાયબ થઈ ગઈ!

લાશની સાથે જ પેલી સુવાસ પણ ચાલી ગઈ.

ફરી પાછું એ જ અસ્તવ્યસ્ત મકાન : સિગારેટનાં ઠૂંઠાં, લઘરવઘર લૂગડાંના ડૂચા, વેરવિખેર ચોપડાં...ને ઘર આખું પુરુષ નામના પ્રાણીની વરવી વાસથી ખદબદી રહ્યું. પ્રોફેસરને થયું : રાજ બાની લાશને હું અડકવા ન ગયો હોત તો હજીય મકાન એની જોબન-સુવાસથી મઘમઘતું હોત! મેં ભૂલ કરી!

થોડીક ક્ષણો માટેનું એ અદ્ભુત જીવન પ્રોફેસરને વારંવાર જીવવાનું મન થઈ આવ્યું... કેટલાં વર્ષો પછી એણે પોતાની ખબર લીધી! ને કેવા સુખદ રોમાંચ સાથે એણે વિદાય લીધી! આખરે એ પરણેતર હતી... ચૉરીના ચાર ફેરા ફરીને આવી હતી...!!

પ્રોફેસર રાજ બાના સ્મરણમાં ખોવાઈ ગયા.

ફરી પાછી એ જ રાત એમના સ્મરણમાં જીવતી થઈ ગઈ.

– રાજ બાએ સોહાગ રાતની વહેલી સવારે આપઘાત કર્યો હતો.

એના એ વર્તનને પ્રોફેસર કદાપિ માફ નહોતા કરી શક્યા.

જિંદગી ઉપર માત્ર જીવનારનો જ અધિકાર હોવો જોઈએ, એવો સિદ્ધાંત પ્રોફેસર જાડેજાને આજ લગી ગળે ઊતરી શક્યો નથી.

રાજ બાએ જાણ્યે-અજાણ્યે કોઈ અપકૃત્ય કર્યું હોય તો એને એ ભૂલી જવા તૈયાર હતા. એણે પરણ્યાની પહેલી રાતે જ પોતાના પાપની કબૂલાત કરી, એટલું પૂરતું હતું. બલકે એ પાપ પણ ન ગણાવું જોઈએ. બહુ બહુ તો એને 'ભૂલ' કહી શકો. એણે પોતે જ પોતાના અપરાધનો ન્યાય તોળવા બેસી જવાની જરૂર નહોતી. એણે ઘણી ઉતાવળ કરી નાખી હતી...

પોતે જ પોતાને સજા આપીને એ તો જાણે છૂટી ગઈ પણ એથી યુવાન જાડેજાને શું-શું વીત્યું એની ક્યાં કોઈને ખબર છે?

સૌની ના ઉપરવટ યુવાન જાડેજા પત્નીની સ્મશાનયાત્રામાં જોડાયો હતો. એની ચિતાની સાક્ષીએ ભીની નહિ થઈ શકેલી વ્યથાસભર આંખોએ એણે મૂંગા શપથ લીધા હતા : રાજ બા, તમે એમ માનતાં હશો કે જાડેજાને સ્ત્રી વગર નહિ ચાલે! દુનિયામાં કદાચ એવો દસ્તૂર હશે પણ ખરો. પણ તમે મારી સાથે જે વર્તન કર્યું છે ને – એનો હું બદલો વાળીશ! રાજ બા, મારે સ્ત્રી વગર ચાલશે. હું આજીવન વિધુર રહીશ! તમને પણ ખબર પડવી જોઈએ કે પુરુષો બધા

સરખા નથી હોતા...!!

કઠોર હૈયે એ સ્મશાનમાંથી પાછો ફર્યો હતો.

ને એણે નવોઢા પત્નીનું સ્મરણ સુધ્ધાં મગજમાંથી ખંખેરી નાખ્યું હતું. આખરે પોતે તો કંઈ ગુનો નહોતો જ કર્યો ને? – વગરવાંકે પોતાનું જીવન ઉજ્જડ બનાવનાર રાજ બાને એ કઈ રીતે માફ કરે? ગુનો કદાચ કંઈ હોય તો એનો પોતાનો હતો. એ અંગે જાડેજાએ તો કોઈ પૂછપરછ સુધ્ધાંય ક્યાં કરી હતી? એક મૂક શ્રોતા તરીકે પત્નીની કેફિયત સાંભળ્યા કરી હતી. ધાર્યું હોત તો એને આકરામાં આકરો ઠપકો આપી શકત. એવુંય કશું ન કર્યું, ને છતાં દુનિયાની નજરોમાં તો –

પ્રોફેસરને ગામ આખામાં જાગેલો એ ઝંઝાવાત સાંભરી આવ્યો : 'ભણેલા છોકરાઓનો ભરોસો રાખ્યો એ જ મોટી ભૂલ કરી.'

'શહેરમાં રહેનારનું મન ઝાલ્યું રહેતું હશે કદી? – ભાઈ જરૂર ક્યાંક લપટાણા હશે! એ વગર આમ ટાઢે કાળજે બાપડી બાયડીનું કાસળ ન કાઢે!'

'બચારી હતીય કેવી રૂપાળી! દેવરૂપ કન્યા હતી! મૂઓ પાપિયો આંહીં છૂટી જશે, કંઈ ઉપરવાળો છોડવાનો છે?'

મા-બાપના અને મોટાભાઈના દુઃખનો કોઈ પાર નહોતો. ભોજાઈ તો બહુજન સમાજમાં ભળી જઈને આકરામાં આકરાં વેણ બોલી ચૂક્યાં હતાં. ઊલટાનો દોઢડાહ્યો થઈને બૈરીના સ્મશાને જઈ આવ્યો એટલે લોકોને નિંદા કરવાની બેવડી તક સાંપડી હતી. સારુ હતું કે એ જમાનામાં જાડેજાઓના ગામમાં પોસ્ટમોર્ટમનો રિવાજ હજુ દાખલ નહોતો થયો. કોઈ કમોતે મરતું ત્યારે ગામ આખું જાણતું ખરું, પણ પોલીસને ગામમાં પેસવાની મનાઈ હતી : વર્ષોની આમન્યા બંધાઈ ગયેલી એ આઝાદી પછીનાં વીસ વર્ષેય તૂટી નહોતી...

એટલે કોર્ટકચેરીનો તો કોઈ પ્રશ્ન જ નહોતો : હા, સમાજની કોર્ટમાં તો એમનો ગુનો નોંધાઈ જ ગયો હતો!

પ્રોફેસરે એ પછી સ્ત્રી નામના પ્રાણી તરફ જોયું સુધ્ધાં નહોતું, ભૂલેચૂકે કોક સ્ત્રી જોવાઈ ગઈ હશે તોય એના પત્ની સ્વરૂપ તરફ તો એમને કદાપિ આદર ઊપજ્યો નહોતો.

આજે આટલાં વર્ષે એમને પત્નીનો મેળાપ થયો – એય પાછો કેટલો વિચિત્ર રીતે! પ્રોફેસરના ઉદ્વેગનો પાર નહોતો...

તે રાત્રે અધૂરી મૂકેલી ચરસની સિગારેટનું ઠૂંઠું નજરે પડ્યું, ને પ્રોફેસરના જીવને થોડીક શાતા વળી.

સિગારેટ સળગી : અધવચ્ચે બુઝાવી દીધેલી સિગારેટ! ને પ્રોફેસરનું મન ઊઘડતું ચાલ્યું : રાજ બા! તમેય જબરાં નીકળ્યાં! પંદર-પંદર વરસ લગી જાડેજાના ઘરને રેઢું મૂક્યું, ને જાડેજાના જીવનમાં તોરલ ટહુકી એ તમને ખટક્યું! કેમ ખરું ને, રાજ બા! ચરસના કશ સાથે જ બંધ મનના દરવાજા ઊઘડતા ચાલ્યા : રાજ બા, મેં તમને મરવા માટે મજબૂર નહોતાં કર્યાં! મેં તો તમારી વ્યથાસભર મનોદશામાંથી તમને મુક્ત કરવા સારુ મન મારી મારીને ય તમને ભોગવ્યાં હતાં... એક રજપૂતનું લોહી રગોમાં વહેતું હોવા છતાં મેં ઘણો સંયમ રાખ્યો હતો, રાજ બા! નહિતર કયો પુરુષ એના લગ્નની પહેલી રાતે તમારા જેવી અપરાધગ્રંથિથી પીડાતી પત્નીને અડકે, કહો જોઉં? મારામાં સૂતેલો રજપૂત એ ક્ષણે જાગ્યો હોત, તો રાજ બા, શું પરિણામ આવ્યું હોત – કલ્પ્યું છે કદી? રાજ બા, તમે નહિ માનો! હું જિંદગીમાં કદાપિ તમને નફરત કરી શક્યો નથી! સાચ્ચું કહું છું, બસ! તોરલના સમ ખાઈને કહું છું – રાજ બા, મને નિરપરાધીને અપરાધી ગણતાં રહ્યાં હશો; પણ મેં તો તમને કદીયે ગુનેગાર ગણ્યાં જ નથી!

– તમે વિચાર તો કરો : તમને ગુનેગાર ગણતો હોત તો મારે જિંદગી આખી વિધુર

રહેવાની શી જરૂર હતી? સમાજમાંથી ન મળત તો સમાજ બહારથી ય ગમે તે સ્ત્રી તો હું લાવી શક્યો હોત! હજી ય કંઈ ઉંમર નથી થઈ ગઈ મને! બત્રીસ-પાંત્રીસ તે કોઈ ઉંમર ગણાતી હશે પુરુષ માટે? લોકો પચાસ પચાસ વર્ષે પુનર્લગ્ન કરે છે... બેશુમાર દાખલા છે સારાસારા માણસોના! પણ મને હવે પરિણીત જીવનમાં રસ નથી રહ્યો. આ તોરલ તો એક સપનું છે, રાજ બા, કોણ જાણે કેટલું ચાલશે...! ભલું હશે તો અધવચ્ચે જ ક્યાંય વિલાઈ જશે! અલબત્ત, મને એ સપનું ખૂબ વહાલું છે! એ સપનું મને જીવવાનું કારણ પૂરું પાડે છે, રાજ બા! તમે માનશો? સ્ત્રીનો પડછાયો નહીં લેનારો હું તોરલને પ્રેમ કરવા માંડ્યો છું...!

– પ્રોફેસર ઊછળીને પલંગમાં પડ્યા : તોરલ, આઈ લવ યૂ! તને એમ હશે કે તું જ મને ચાહે છે, ખરું ને? તને મારે કઈ રીતે ખાતરી કરાવવી કે તું મને ચાહતી હોઈશ એના કરતાં હજાર ગણી વધારે હું તને ચાહું છું...! ને હું તને ચાહું છું, એટલે? આ એક રજપૂત બોલે છે, તોરલ! અને રજપૂતના બોલની કિંમત હોય છે, બેબી! હું તને ખરા અંતરથી ચાહું છું! મારી પત્નીને હું ચાહી ન શક્યો – કેટલી કમનસીબ હતી બિચારી! મરી ગઈ! જાતે જ મરી ગઈ! મારે નહોતી મારવી પડી...! હું બહુ દયાળુ છું, તોરલ! એક કીડી મારતાંય મારો જીવ ન ચાલે ત્યાં સ્ત્રીને મારવાની તો હિંમત જ ક્યાંથી લાવું? – ને છતાં મારું ગામ આખું માને છે કે મેં જ એને મારી નાખી હતી! તોરલ, ગામવાળાઓને કંઈ હું એમ કહેવા જાઉં કે મારી પત્નીએ એનાં પોતાનાં કારણોસર આપઘાત કર્યો હતો? બોલ, તોરલ! એક પતિ તરીકે એવું વર્તન મને છાજે ખરું?

તેં જોયું કે? આજે –

પ્રોફેસર ઊભા થઈ ગયા. એમને અડબડિયું આવી ગયું : તોરલ, તેં જોયું કે? પંદર-પંદર વરસ પછી આજે એણે મોં બતાવ્યું! અત્યાર લગી ક્યાં સંતાઈ ગઈ'તી એ? અત્યાર લગી કેમ પડતો મૂક્યો હતો મને? હું વેરણછેરણ થઈ ગયો હતો, તોરલ! તને ખબર છે – પુરુષ સ્ત્રી વગર વેરવિખેર થઈ જતો હોય છે...! ખરેખર!

પ્રોફેસર ઊંધા માથે સૂઈ ગયા. કેટકેટલા ઉજાગરા ચડ્યા હતા! એમને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. ક્ષણ વારમાં એ જુદી જ કોઈ દુનિયામાં સરી ગયા.

હિમાલયનાં ઉત્તુંગ શિખરો; જ્યાં જુઓ ત્યાં બરફ, બરફ ને બરફ! જોતાંવેંત આંખો અંજાઈ જાય એવાં શ્વેત-શ્વેત પારાના પાણીથી છલબલ સરોવરો... ને એક શ્વેત કેશધારી જટાજૂટ જોગીડો... કંઈ કેટકેટલાં કલ્પોથી એની તપોસાધના ચાલતી હશે, કોને ખબર? એક ચહેરો સરોવરમાંથી પ્રગટ્યો ને જોગીની આંખ ખૂલી ગઈ : 'કોણ છે, ભદ્રે! આ કૈલાસપ્રદેશમાં સુભગે, તમારું આગમન...' ચહેરો સરોવરમાં અલોપ થઈ ગયો. જોગીથી ન રહેવાયું. કંઈ હજારો કલ્પોનું તપ મૂકીને એ ઊઠ્યો.

'સબૂર, સબૂર...!' ક્યાંક કૈલાસનાં શિખરો પરથી કોઈનો ઘેઘૂર અવાજ આવ્યો ને વાદળો સાથે અથડાઈને ત્રણ-ત્રણ વાર પડઘાયો... કોણ રોકી રહ્યું હતું એ?

જોગીનાં ચરણ ઘડીક થંભી ગયાં...

– ફરી એક વાર પેલા સરોવરમાં પેલો નમણો ચહેરો ડોકાયો... ચહેરા પર ફૂલને ફૂટે એવું સ્મિત ફૂટ્યું. ને પાંપણો લગાર હલમલી.

જોગીથી ન સહેવાયું.

આંખો મીંચીને, કાનમાં આંગળાં નાખીને એ કૂદી પડ્યો...

હળુ-હળુ હાસ્ય પેલા સરોવરમાં લહેરાઈ વળ્યું.

જોગીએ આંખ ઉઘાડી ત્યારે એ બીજા જ કોક પ્રદેશમાં આવી પડ્યો હતો. ઉત્તુંગ શિખરો માત્ર આછાં આછાં વાદળ જેવાં દેખાતાં હતાં. એના પગ માટીથી ખરડાઈ ગયા હતા.

– ને પેલું સરોવર સમુદ્રમાં પલટાઈ ગયું હતું. સરોવરના તરલ જળને બદલે જોગીની અંજલિમાં દરિયાનું ખારું દવ પાણી પ્રવેશી ગયું હતું...

જોગીએ ક્ષુબ્ધ થઈને નિસાસો મૂક્યો. એ શ્વાસનો સ્પર્શ થતાંની સાથે પેલી અલૌકિક રમણી અઢાર વર્ષની માનવકન્યા બની ગઈ...

એ સફાળા જાગી ગયા : સ્વપ્ન સરી ગયું.

'તો...ર...લ!' એમનાથી ચીસ પડાઈ ગઈ.

એક ઊંડો શ્વાસ લઈને એ મનોમન બબડ્યા : હવે સમજાયું – તોરલ, તેં મને હિમાલયની ઊંચાઈઓ પરથી સમુદ્રની સપાટી પર પટક્યો છે... તોરલ, તું મારા તપોભંગનું નિમિત્ત બની છે...! ઓહ, હું કદાચ કોઈ એક સમયમાં વિશ્વામિત્ર હોઈશ; ને એ વખતે તું મેનકા થઈને નાચી હોઈશ મારી તપોમગ્ન નજરો સમક્ષ; તોરલ! તું યુગોથી મને હરાવતી આવી છે –, હું હારતો આવ્યો છું... ભલે! ઈશ્વરેચ્છા એવી હશે, ત્યારે જ ને!

*

પ્રોફેસર કૉલેજ ન જઈ શક્યા. સાંજે પટાવાળો પ્રિન્સિપાલની ટપાલ લઈને આવ્યો. પ્રોફેસરે ટપાલ ફોડી : 'તમે છેલ્લા કેટલાક દિવસથી કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર ગેરહાજર રહ્યા છો. આ અંગે ખુલાસો કરવો અને શક્ય એટલા વહેલા ફરજ પર હાજર થઈ જવું.'

પ્રોફેસર જાડેજાને હસવું આવ્યું : પ્રિન્સિપાલ પર, કૉલેજ પર, પોતાની જાત પર અને આખી દુનિયા પર...! શું સમજતા હશે આ લોકો એમના મનમાં? હું માનું છું કે ઇન્ડિયા આઝાદ કન્ટ્રી છે... શું એના એક નાગરિકને બે-ત્રણ દિવસનું અંગત જીવન જીવવાનો ય હક્ક નથી? શું મારે આ પ્રિન્સિપાલ પટેલના અદના ગુલામ તરીકે નોકરી કર્યા કરવાની છે? આ એક હજાર નવસો ને પંચોતેર રૂપરડીમાં જાડેજાને ખરીદી લેવામાં આવ્યો છે?

– મારે એમ વેચાઈ જવું નથી, સાહેબ! નોકરી કાલે ચાલી જતી હોય તો ભલે આજે ચાલી જાય! તમારે નોટિસ મોકલતાં પહેલાં વિચારવું જોઈતું હતું કે પ્રોફેસર જાડેજા એક શાપિત જીવ છે... વર્ષોથી એ નિયમિતપણે એક પણ રજા ભોગવ્યા સિવાય કૉલેજને પોતાની સન્નિષ્ઠ સેવાઓ આપતો આવ્યો છે. એના ઘરમાં એ એકલો રહે છે; ખબર છે કે તમને? સવાર-સાંજ અડધો લિટર દૂધ પી લે છે; ક્યાંક લૉજ-બૉજમાં એકાદ ટંક જમ્યો, ના જમ્યો ને એ ચૂપચાપ એની મઢૂલીમાં પુરાઈને સૂઈ જાય છે. એની આજ લગીની સર્વિસ તપાસી જુઓ : છે કોઈ ફરિયાદ? વિદ્યાર્થીઓ એને લીધે સ્પેશિયલ ઇંગ્લિશ રાખે છે, સાહેબ! તમને એ વસ્તુ ભુલાઈ કેવી રીતે ગઈ?

.... આટલાં વર્ષે એ એકાદવાર તમને પૂછ્યાગાછ્યા વગર ત્રણ-ચાર દિવસ ક્યાંક ચાલ્યો ગયો, તો એનો આમ ઊધડો લઈ નાખવાનો? લાવો, મારી ચડેલી રજાઓ લાવો! પછી માગો મારી પાસે હિસાબ! મારે ખોટાં મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરીને રજાઓ મંજૂર નથી કરાવવી. સાંભળવું હોય – સાંભળવાની તાકાત હોય, તો સાંભળી લો : પ્રોફેસર જાડેજા એમની પ્રેયસીને મળવા ગયા હતા! એ બીમાર નહોતા પડ્યા! બહાનાં કાઢવાનું તો એમને આવડ્યું જ નથી!

ચરસની ત્રણ સિગારેટો એક પછી એક, લાગટ ખેંચી લીધી. પ્રોફેસરને મસ્તી ચડી ગઈ.

ને એ મકાનને તાળુંય માર્યા વિના બહાર નીકળી ગયા. નાકની દાંડીએ પહોંચ્યા પ્રિન્સિપાલના બંગલે.

કૉલબેલ દબાવ્યો. દરવાજો ઊઘડ્યો. એક નાજુક ચહેરો ડોકાયો. 'રાજ બા! તમે? અહીં?' પ્રોફેસર હોશ ગુમાવી બેઠા હતા : 'ના, રાજ બા! આમ મને પજવો નહિ! હું તમને – તમને – તમને હું ચાહું છું. રાજ બા! સાચ્ચું કહું છું... ઓહ્, આવો, આવો આપણે એકમેકમાં

ભળી જઈએ! ભૂલી જાવ એ ભૂતકાળની ભૂલને... રાજ બા!!'

પ્રિન્સિપાલ બહાર દોડી આવ્યા. પ્રોફેસરને મદહોશ હાલતમાં જોઈને ગભરાઈ ગયા : 'પ્રોફેસર જાડેજા! પ્લી...ઝ, લર્ન ટુ બિહેવ! આ શો લવારો કરી રહ્યા છો? તમે એક જવાબદાર પ્રાધ્યાપક છો. આમ મોડી રાતે પ્રિન્સિપાલના બંગલે આવીને ધાંધલ કરતાં શરમ નથી આવતી?'

બારસાખ પકડીને પ્રોફેસર ઝૂમી રહ્યા હતા : 'સૉરી, સર! મને માફ કરો. આપને ખબર નથી : કેટલાં વર્ષો પછી આજે મને મારી મરી ગયેલી પત્ની દેખાઈ હતી...! ઓહ્, ઇટ્સ એ સૅડ, સૅડ, સૅડ સ્ટોરી!'

એક બહુ લાંબો નિસાસો નાખીને પ્રોફેસર દરવાજા આગળ ઢગલો થઈને પડ્યા. પ્રિન્સિપાલનો ગુસ્સો સાતમે આસમાને પહોંચ્યો હતો. એમનાં પત્ની અંદર બેઠાં-બેઠાં હીબકાં લઈ રહ્યાં હતાં.

'જાડેજા, તમે નશામાં લાગો છો! તમારા પ્રિન્સિપાલની પત્નીનો હાથ પકડતાં તમને...' પ્રિન્સિપાલ ધ્રૂજી રહ્યા હતા : 'ધન્ય છે તમને! એની વે, મારી કૉલેજના એક અધ્યાપક છો એટલે તમને પોલીસને હવાલે નથી કરતો.' એમણે ચોકિયાતને મોટેથી બૂમ મારીને બોલાવ્યો : 'ખુમાનસિંગ!'

ખુમાનસિંગ હાજર થઈ ગયો.

'જાડેજા સાહેબને હાલ ને હાલ ઊંચકીને કૉલેજના કંપાઉન્ડની બહાર મૂકી દો.'

ખુમાનસિંગને નવાઈ લાગી.

'ઊભો શું રહ્યો છે?' પ્રિન્સિપાલ ત્રાડ પાડી ઊઠ્યા.

ખુમાનસિંગ કશુંક કરી શકે એ પહેલાં તો પ્રિન્સિપાલને ચક્કર આવવા લાગ્યાં હતાં. એ લમણે હાથ દઈને બેસી પડ્યા.

'ખુમાનસિંગ, ડૉક્ટરને બોલાવી લાવો; જલદી! સાહેબનું બ્લડપ્રેશર વધી ગયું છે... ઝટ કરો! દોડો!'

– 'બહેનજી'નો આદેશ સાંભળીને ખુમાનસિંગ નજીકની સોસાયટીમાં રહેતા એમના ફૅમિલી ડૉક્ટરને બોલાવવા દોડી પડ્યો.

રાત્રિના અંધકારમાં ખુમાનસિંગના બૂટ ખડ ખડ ખડ ખખડતા બંધ થયા અને એકાએક પ્રોફેસર જાડેજાએ નશીલી આંખે પ્રિન્સિપાલનાં પત્ની તરફ નજર કરીને પૂછ્યું : 'મૅડમ મે આઇ હેલ્પ યૂ?'

પારેવાની જેમ ફફડી ઊઠેલાં પ્રિન્સિપાલનાં પત્ની રડી પડ્યાં : 'નો, નો, નો, પ્લીઝ! તમે ચાલ્યા જાવ, જાડેજા! અને આજ પછી કદી આ બંગલાનું પગથિયું ચડશો નહિ...!'

હતાશ ચહેરે પ્રોફેસર પાછા ફર્યા હતા. પાછા ફરતી વખતે હાથ જોડીને એ બોલી રહ્યા હતા : 'મને માફ કરજો, બહેન! મેં ચરસ પીધું છે...! ચરસના નશામાં કંઈ બોલાઈ ગયું હોય તો માફ કરજો...!'

પ્રોફેસર કૉલેજના ગેટમાંથી નીકળ્યા અને પ્રિન્સિપાલના ફૅમિલી ડૉક્ટર શર્મા ખુમાનસિંગની સાથે દાખલ થયા.

બેઉ ઘટનાઓ એકીસાથે બની...

15

'જાડેજા, તમે માણસ છો કે કોણ છો?'

– પ્રોફેસર જાડેજા ગરીબડું મોં કરીને ઊભા હતા.

પ્રિન્સિપાલની ખુરશીમાં ખાદીનાં ઇસ્ત્રી ટાઈટ વસ્ત્રોમાં સજ્જ કૉલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી બેઠા હતા.

બીજે દિવસે સવારે પ્રોફેસરને પ્રિન્સિપાલની ચેમ્બરમાં હાજર રહેવા ફરમાવાયું હતું.

'તમને ગરીબ સમજીને નોકરીમાં રાખેલા. તમારા વિષયમાં તમારી માસ્ટરી હશે, પણ તમારા વર્તન સામે મને ગંભીર ફરિયાદ મળી છે!'

'જાડેજા!' પ્રમુખશ્રી ટેબલ પરના કાગળો પર ત્રૂટક ત્રૂટક નજર નાખતાં બોલ્યા : 'નોકરી કરવાનો વિચાર બદલ્યો છે કે શું?'

પ્રોફેસર અક્ષરેય બોલ્યા વિના, અપરાધીની જેમ નીચી મૂંડીએ ઠપકો સાંભળતા રહ્યા.

'સારું છે કે હજી આ કેસ કૅમ્પસ બહાર નથી પહોંચ્યો. પ્રિન્સિપાલ બિચારા ભલા માણસ છે. બીજું કોઈ હોત તો અત્યારે પોલીસના રિમાન્ડ હેઠળ હોત! છાપાવાળા તમને પબ્લિસિટી આપવામાં કસર ન કરત! કૉલેજની આબરૂની મા પૈણાઈ જાત!'

પ્રમુખશ્રી મૂળ મહેસાણા બાજુના પટેલ હતા. એમની તળપદી તાકાતવાળી બોલી કૉલેજ વર્તુળમાં જાણીતી હતી.

'તમને આવું બીભત્સ વર્તન કરતાં શરમ ન આવી? તમે તે પ્રોફેસર છો કે પશુ છો? પશુ પણ આવું વર્તન તો ન કરે! કૉલેજના આજ લગીના ઇતિહાસમાં આ ટાઈપની કંપ્લેઈન આ પહેલી જ છે!' પ્રમુખની વેદનાનો પાર નહોતો : 'અમારે માટે આ પ્રેસ્ટિજ ઇસ્યૂ છે. ગઈ રાતે તમે પ્રિન્સિપાલની પત્નીનો હાથ પકડ્યો; આવતીકાલે તમારા ક્લાસની કોઈ છોકરીનો પકડશો! તમારો ભરોંસો શો? એક અધ્યાપક તરીકે તમારી લાયકાત કઈ? ફક્ત ચોપડિયું જ્ઞાન માણસને સારો શિક્ષક બનાવવા માટે પૂરતું નથી; જ્ઞાન કરતાં એનું વર્તન વધારે મહત્ત્વનું છે. તમારી પાસેથી આવી અપેક્ષા નહોતી રાખી, સમજ્યા?'

પ્રોફેસર દયામણો ચહેરો કરીને સાંભળતા રહ્યા.

'અમારે હજાર કામ હોય : અમે તમારી જેમ નવરા નથી. તમારે તો ત્રણ કલાક છોકરાં ભણાવીને બે હજાર ગણી લેવાના હોય છે; અમે કેટલું કામ ખેંચીએ છીએ – ખબર છે? જઈને જોઈ આવજો કોક દિવસ થલતેજ બાજુ સોસાયટીઓ બંધાય છે એ! ત્રણ હજાર મકાન બંધાઈ રહ્યાં છે! દોઢસો એકર જમીનની ખેતીનું ધ્યાન આપવાનું એ તો જુદું! પાર્ટીના સંગઠનનું કામ; મહિનામાં ત્રણ વાર તો દિલ્હી દોડવું પડે છે! ટાંટિયાનું તોરણ થઈ જાય છે, સમજ્યા? એક બાજુ ડિસ્ટ્રિક્ટ કો-ઑપરેટિવ બૅન્ક, બીજી બાજુ ડેરી, આ કૉલેજ, સાર્વજનિક હૉસ્પિટલ, વૃદ્ધાશ્રમ, અંધશાળા : એક માણસ ખેંચી ખેંચીને કેટલું ખેંચી શકે? તોય તમે જુઓ છો ને, છેલ્લાં વીસ વરસથી એકધારું ખેંચ્યે રાખીએ છીએ! હજી જાણે ઓછું પડતું હોય એમ સરકારે યુનિવર્સિટીની સેનેટમાં મોકલી આપ્યો! ઘરનું તો ધ્યાન રખાતું જ નથી. જિંદગી આખી સાર્વજનિક બની ગઈ છે! અમારા કરતાં તો કૂતરાની જિંદગી સારી! કહેવાઈએ નેતા, પણ હાલત તો વેઠિયા મજૂરથીય ભૂંડી! તમારે કેટલો આરામ છે! કોઈ ચિંતા નહિ! મહિનો થાય કે બે હજાર રોકડા! કેટલું ભણાવ્યું કે ન ભણાવ્યું એ પૂછવા સરકાર આવે છે કદી? આંતરે દહાડે હડતાલો; છાશવારે રજાઓ! આજના ભણતરમાં શું રહ્યું છે હવે? ખાલી નામનું ભણતર છે! અમારા વખતમાં મૅટ્રિક થયેલો માણસ અત્યારના એમ.એ. થયેલાને હંફાવે! મારી વાત સાચી છે કે નહિ?'

– ખોટી કહેવી હોય તોય કઈ હેસિયતથી કહી શકાય?

પ્રોફેસર જાડેજા ચૂપચાપ ઊભા રહ્યા એટલે પ્રમુખશ્રી તડૂક્યા : 'ત્યારના બોલતા કેમ નથી? હું ઘાસ કાપું છું તમારી આગળ? તમને ખબર છે – એક ફંક્શનમાં જવાનું ટાળીને આ તમારી મોંકાણ કરવા આવવું પડ્યું છે! જુઓ, માન્યામાં ન આવતું હોય તો આ ઇન્વીટેશનકાર્ડ –' પ્રમુખશ્રીએ ઝભ્ભાના ખિસ્સામાંથી એક કાર્ડ કાઢીને બતાવ્યું. વાંચો, છાપ્યું છે ને એ લોકોએ નામ? અતિથિવિશેષ તરીકે? એ લોકોની સમક્ષ ભાષણ કરવાને બદલે તમારી સમક્ષ કરવું પડ્યું! આખરે અમારે આ કૉલેજ ચલાવવાની છે; તાળાં નથી મારી દેવાનાં! દાતાઓએ રૂપિયા આપ્યા છે તો એમના રૂપિયા ઊગી નીકળવા જોઈએ! પણ તમારા જેવો એકાદો નમૂનો પાકે એટલે આખી સંસ્થાનું નામ બોળે! મારી વાત ખોટી છે?'

'સાચી છે!' પ્રોફેસર જાડેજા અડધો કલાકથી ચાલતા વાર્તાલાપમાં આ પહેલું જ વાક્ય બોલ્યા.

'અને પ્રિન્સિપાલ સાહેબનાં મિસિસનો હાથ પકડ્યાની વાત!'

– પ્રમુખની આવી તીખી ગુલાંટ પ્રોફેસર જાડેજાએ કલ્પી નહોતી. આખરે એ રીઢા રાજકારણી હતા!

'જાડેજા!' પ્રમુખે અવાજ બદલતાં કહ્યું : 'તમે હદ કર નાખી છે. પ્રિન્સિપાલ બિચારા કેટલા સીધા માણસ છે! મારા જેવો હોય ને, તો ભડાકો કરે ભડાકો! સમજ્યા?'

'સાહેબ, મારી ભૂલ થઈ ગઈ હશે!' પ્રો. જાડેજાએ ગરીબડા થઈને કહ્યું : 'પણ મેં જે કંઈ કર્યું હશે, એમાં મારો બદઈરાદો નહિ હોય, સાહેબ! મારો પાછલો રેકોર્ડ આપની પાસે છે...'

'આવી ભૂલ ચલાવી શી રીતે લેવાય? તમે બે-પાંચ હજારની ઉચાપત કરી હોય તો ચલાવી લઈએ; બે-પાંચ પિરિયડ ન લીધા હોય તો ચલાવી લેવાય; પણ આ તો તમે કોઈ પણ માણસને શરમ ઉપજાવે એવું હીણું કૃત્ય કર્યું છે! એ તો એ બાઈના સદ્ નસીબે એના પતિ બંગલામાં હાજર હતા : નહિતર તમે તો નશો કરીને બદદાનતથી જ ગયેલા ને? બાઈ એકલી હોત તો એની શી દશા થઈ હોત, કલ્પી શકો છો?'

'કલ્પી શકો છો?' એ શબ્દો પ્રોફેસરને છુરીની જેમ ભોંકાયા. કલ્પનાની તો આ મોંકાણ મૂઈ'તી! પ્રિન્સિપાલનાં સ્વરૂપવાન પત્નીમાં એમને પોતાની પત્નીનો ચહેરો વંચાયો, એ કલ્પનાએ જ એમને ફસાવી મારેલા ને! આ બેઇજ્જતી થઈ એની પાછળ તો આખરે એ કલ્પના જ પડેલી હતી ને! – પ્રોફેસરના પસ્તાવાનો પાર નહોતો.

'ધરતી મારગ આપે તો સમાઈ જવાનું મન થાય છે, સાહેબ!' પ્રોફેસરની આંખો ભરાઈ આવી : 'જિંદગીમાં આવું દુઃખ પણ આવશે એવી ખબર હોત તો ઘણો વહેલો આપઘાત કરી દીધો હોત... એક ગરીબ ઘરનો છોકરો છું. આપે મહેરબાની કરી છે, આપે નોકરી આપી, એક કારકિર્દી બનાવવાની તક આપી...'

'પણ તમે એ તકનો દુરુપયોગ કર્યો. સદુપયોગ કર્યો હોત તો મને આનંદ થાત! પ્રોફેસર થયા છો તો કોક સારી ચોપડી લખો ને! એનું વિમોચન કરવા કહેતા હો તો ગવર્નરને બોલાવી લાવું! પણ તમે તો એકદમ ઊંધાં કામ કરવા માંડ્યા! જાડેજા, બીજું બધું માફ થઈ શકે છે; હું તો કદાચ તમારો આ ગુનો પણ માફ કરી દઉં... પણ લોકો છે ને, આ બાબતમાં સાલા ઘણા સેન્સિટિવ હોય છે! તમારી આ વાત બહાર ન ફૂંકાય તો સારી વાત છે, નહિતર કોઈ તમારો પડછાયો લેવા તૈયાર નહિ થાય, સમજ્યા? આ ઈન્ડિયા છે, અમેરિકા નથી! અને અમેરિકામાંય સામેની વ્યક્તિની ઇચ્છા વગર એને અડકવા જાવ તો તમારું ઇન્સલ્ટ કરે!'

– પ્રમુખ મરક્યા.

પ્રો. જાડેજાના ચહેરા ઉપરથી ગંભીરતા હળવી ન થઈ શકી.

'સાહેબ, હું જાણું છું કે હવે આ વિસ્તારમાં હું હડધૂત થઈ જઈશ. બહાર વિદ્યાર્થીઓનું ટોળું ઊભું છે. કદાચ એ લોકો પણ મારો હુરિયો બોલાવશે. અધ્યાપકો મારી સાથે વાત સુધ્ધાં નહિ કરે... અને વિશ્વાસ તો મારો કોઈ જ નથી કરવાનું.

– હું એ પણ જાણું છું કે આપની સંસ્થાને મારે કારણે બટ્ટો લાગશે. વાલીઓ એમની દીકરીઓને આવા પ્રોફેસર પાસે ભણાવવાનું સલામત ન સમજે, એ સ્વાભાવિક છે –'

પ્રમુખને કશુંક સાંભરી આવ્યું. એકદમ બોલી ઊઠ્યા : 'એ બાબતમાંય મને તમારી વિરુદ્ધ ફરિયાદ મળી હતી. જાડેજા, તમે કૅરેક્ટરના આવા લૂઝ છો, એવી ખાતરી હોત તો તમને નોકરીમાં રાખત જ નહિ!'

પ્રોફેસર ચૂપ થઈ ગયા.

'શહેરનાં મહિલા આગેવાન તમારી ફરિયાદ લઈને આવેલાં; માનશો? તમે કોઈ છોકરીને ફસાવી છે એવું કહેતાં'તાં!' પ્રોફેસરે આંખો ઢાળી દીધી.

ચૅમ્બરની બહાર વિદ્યાર્થીઓનું ટોળું ભેગું થઈ ગયું હતું. ગઈ રાતના પરાક્રમની વાત આગની જેમ ફેલાઈ ગઈ હતી. વિદ્યાર્થીઓના કુતૂહલનો પાર નહોતો. આજ લગી ગંભીરતાનો મુખવટો પહેરીને ફરનાર પ્રોફેસર જાડેજાનું અસલી રૂપ ખુલ્લું પડી ગયું હતું. વિદ્યાર્થીઓએ એક વાર સામૂહિક 'મુર્દાબાદ' બોલાવ્યું અને આખું કૉલેજ બિલ્ડિંગ ખળભળી ઊઠ્યું.

ગુસ્સે થઈને પ્રમુખ બહાર આવ્યા. એમને જોતાંવેંત વિદ્યાર્થીઓ ચૂપ થઈ ગયા.

'શાની ધમાલ છે આ બધી? તમે લોકો ભણવા આવો છો કે સૂત્રો પોકારવા?'

– કોઈએ છુપાઈને તીણા અવાજે કહ્યું : 'પ્રોફેસરને પૂછોને!' 'કયો છે એ દોઢડાહ્યો?' પ્રમુખ ઊકળ્યા : 'આમ મારી સામે આવ!'

જી.એસ.ને અપમાન લાગ્યું. એણે ઊંચા અવાજે કહ્યું : 'તમે આ રીતે વિદ્યાર્થીઓનું ઇન્સલ્ટ કરો તે બરાબર નથી. તમે મોટા છો, એટલે અમે માન જાળવીએ છીએ. તમે પાડાના વાંકે પખાલીને ડામ આપી રહ્યા છો. એક પ્રોફેસર કક્ષાનો માણસ પ્રિન્સિપાલની પત્ની સાથે પ્રેમચેષ્ટાઓ કરે, એને તમે સાંખી શકો છો; અને એક વિદ્યાર્થી તમને એ અંગે ઇશારો કરવા પ્રયત્ન કરે તો એને દબડાવવા લાગો છો! અમે આ મુદ્દા ઉપર હડતાલ પાડી દઈશું, સમજ્યા કે?'

– પ્રમુખ પરિસ્થિતિને વણસતી જોઈને ઢીલા પડી ગયા. જી.એસ.ને પાસે બોલાવીને થાબડ્યો. પછી અત્યંત પ્રેમપૂર્ણ અવાજમાં બોલ્યા : 'તમે યુવાનો તો આ દેશનું ધન ગણાઓ. તમારી પાસે અમને બહુ મોટી આશાઓ છે! ભાઈ ત્રિવેદી, જરા વિચાર તો કરો – આ કૉલેજ કોની છે? તમારી. એની આબરૂ એ તમારી આબરૂ છે. પ્રોફેસર જાડેજાના વર્તનથી તમને એકલાને દુ:ખ થયું છે? મેં જાણ્યું એવો તરત દોડી આવ્યો છું. એક ફંક્શન હતું એમાં જવાનું મોકૂફ રાખીને દોડી આવ્યો છું. એમને ઠપકો જ આપતો હતો અંદર બેઠો બેઠો! આવી વાતોના ધજાગરા ન કરાય, દોસ્ત! આ તો આપણા ઘરની વાત ગણાય. ઘર ખૂણે જ એની પતાવટ થાય. તમે લોકો તરવરિયા છો – હડતાલ પાડો, છાપામાં ચમકાવો તો એથી કોઈની આબરૂમાં ઉમેરો થવાનો છે? બોલો, પેલાં બિચારાં નિર્દોષ બહેન કેવી મૂંઝવણભરી સ્થિતિમાં મુકાઈ જશે, એ વિચાર્યું છે?'

– પ્રમુખની વાત ગળે ઊતરી એટલે વિદ્યાર્થીઓએ હડતાળ પાડવાનું માંડી વાળ્યું. બધા પોતપોતાના વર્ગ ખંડોમાં ચાલ્યા ગયા.

પ્રમુખે ઘડિયાળ તરફ જોયું : દસ વાગી ગયા હતા. એમણે ચૅમ્બરમાં જઈને ઉતાવળે ઉતાવળે ફોન કરી દીધો :

'બહેન બોલો છો ને? કેમ છે હવે પ્રિન્સિપાલ સાહેબને!'

‘સૂતા છે. કોઈ-કોઈ વાર અચાનક ઉશ્કેરાઈ જાય છે!’

‘ડૉક્ટરને બોલાવી લેજો. ટેન્શન ન રાખતા, એમને કહીએ!’

‘આપ નથી પધારતા?’

‘આજે તો એકદમ ઍન્ગેજ છું.’ થોડું અટકીને એમણે ઉમેર્યું. ‘મેળ પડશે તો રાત્રે આંટો લગાવી જઈશ.’

પ્રમુખે જતાં-જતાં કહ્યું : ‘જાડેજા, તમે બહુ ભારે ગુનો કર્યો છે. તમારે બહેનની લેખિત માફી માગવી પડશે. પ્રિન્સિપાલ સાહેબ તમને માફ કરી દેતા હોય તો અમને વાંધો નથી. પણ ફરી વાર આવી ફરિયાદ ન આવવી જોઈએ.’

પ્રોફેસર નીચી મૂંડીએ ચૅમ્બર બહાર નીકળ્યા.

પટાવાળાએ એવી સૂચક નજરે જોયું કે એમને જેમતેમ થઈ ગયું. ઘણા ભારે હૈયે, ધ્રૂજતા પગે એમણે ક્લાસરૂમમાં પ્રવેશ કર્યો.

વિદ્યાર્થીઓ ગંભીર બનીને બેઠા હતા. વિદ્યાર્થિનીઓ નીચી આંખે બેસી રહી. કોઈ કશું જ બોલ્યું નહિ.

પ્રોફેસર જાડેજાએ શરૂ કર્યું : ‘ગઈ વખત આપણે ‘પિક્ચર ઑફ ડૉરેન ગ્રે’ વિષે વાત કરતા હતા, યાદ છે ને?’

એમણે ફિક્કું સ્મિત કર્યું. સામેથી કોઈ પ્રતિભાવ ન મળ્યો. એ ખમચાયા. થોડીક ચુપકીદી પછી એ બોલ્યા : ‘ઑલરાઈટ, આજે એના સર્જક વિશે થોડુંક કહીશ – ઑસ્કાર વાઇલ્ડ વિશે!’

16

પ્રોફેસરે પત્ર શરૂ કર્યો :

પ્યારી તોરલ,

આવીને તરત જ તને પત્ર લખવો હતો. ઘણી રાતોના ઉજાગરા ભેગા થયેલા હતા એટલે ઊંઘ આવી ગઈ. કાલનો આખો દિવસ બગડ્યો. આજે સવારે કૉલેજ જવું પડ્યું. ત્યાંથી આવીને સીધો તને પત્ર લખવા બેસી ગયો છું. ખાધું પણ નથી. ખાવાનો મૂડ પણ નથી.

તારી સાથે ગાળેલા એ 63 કલાક અત્યાર સુધીની મારી જિંદગીના શ્રેષ્ઠ કલાકો છે. દુનિયાદારીને ભૂલી જઈને આપણે એકમેકમાં કેટલાં ઓતપ્રોત થઈ ગયાં હતાં! દ્વારિકાધીશની ભૂમિમાં આપણે મળ્યાં-હળ્યાં – મજા માણી! તોરલ, શું એ રસતરસ્યો કનૈયો આટલા યુગો પછી પણ આપણને અવ્યક્ત સ્વરૂપે જીવી રહ્યો હોય એવું નથી લાગતું?

પ્રેમ અને ભક્તિને હું પર્યાયવાચી શબ્દો ગણું છું. તીર્થક્ષેત્રમાં પરંપરાગત ભક્તિની ધૂન બોલાવતાં સાધારણ માનવીઓ કરતાં અવશ્ય આપણે કશુંક વધારે માણ્યું છે! ખુદ કૃષ્ણને પણ એ વધારે ગમ્યું હશે! તું શું માને છે?

કૃષ્ણ રાધા વગર અસ્તિત્વશૂન્ય બની રહે છે. તોરલ વગરના જેસલની કોઈ જ કિંમત નથી. સ્ત્રી જ પુરુષના અસ્તિત્વની નિર્માતા છે. સ્ત્રી ધારે તો પુરુષને હિમાલયની ઊંચાઈઓ પર પહોંચાડી શકે છે, અને ધારે તો એને પાતાળે – છેક સાતમા પાતાળે ચાંપી શકે છે. પુરુષના ભાગ્યચક્રની ધરી તો સ્ત્રી જ છે! તોરલ, સ્ત્રી વગરની જિંદગી મને કોઠે પડી ગઈ હતી : સ્ત્રી વગર પણ જીવી શકાય એવો મને ફાંકો હતો.

– તારાં પગલાં થયાં, ને મારું અભિમાન ઊતરી ગયું! તારા વગર હું નહિ જીવી શકું, તોરલ! ખરેખર!

તું મારું સ્વર્ગ છે, તું જ મારું સર્વસ્વ છે...

કદાચ તને મારું વર્તન થોડુંક અજુગતું પણ લાગ્યું હશે. વર્ષોથી મારા શરીરમાં પુરાઈ રહેલા પુરુષને એક નવયૌવનાનું આટલું નિકટનું સાન્નિધ્ય પહેલવહેલું સાંપડ્યું, એને કારણે હું થોડોક આક્રમક પણ લાગ્યો હોઈશ. તું નહિ સમજે – પણ પુરુષના મનની ચરમ ઝંખના સ્ત્રીને પૂર્ણસ્વરૂપે ઓળખવાની રહી છે.

.....એ મુજબ મેં તને થોડીક પજવી હોય તો હું ક્ષમાપાત્ર છું.

આશા રાખું કે તું મને સમજી શકી હોઈશ.

બાકી બહુ જ મજા આવી ગઈ.

અહીં આવ્યા પછી એવું લાગે છે – જાણે એકાએક નંદનવનમાંથી નરકમાં પટકાઈ ગયો છું!

તૃપ્તિને ખૂબ ખૂબ વહાલ. મારી ગેરહાજરીમાં તું એને જ તારો જેસલ કલ્પી લેજે!

પત્રની રાહ જોઉં છું. આવજે.

– જાડેજા.

પત્ર પૂરો કરીને પ્રોફેસરે સિગારેટ સળગાવી.

કેટલો તફાવત! કેટલો બધો ફરક! ક્યાં પેલું મુગ્ધ, મુગ્ધ, મુગ્ધ શ્રાવણી આકાશ જેવું ભર્યું ભર્યું, ભીનું ભીનું જીવન; ને ક્યાં આ ક્લેશ, કલહ, કંકાસ, અવહેલના અને વિટંબણાઓથી ખદબદતું, મૃત્યુથી ય બદતર –

'જીવન' શબ્દ એને માટે વાપરવો યોગ્ય ખરો?

પ્રોફેસર વિષાદમાં સરી પડ્યા.

માત્ર ત્રીસ કલાકમાં ગ્રહો કેટલા બદલાઈ ગયા હતા!

ત્રીસ કલાક પહેલાં પ્રેમ જ પ્રેમ હતો; ત્રીસ કલાક પછી અહીં બદનામી અને નફરત સિવાય કશું જ નથી! પ્રભુ, તારી લીલા અપાર છે!

પ્રોફેસર મકાનનાં બારીબારણાં બંધ કરીને અંદર પુરાઈ ગયા.

ભૂખ મરી ગઈ હતી. જમવાનું તો લૉજમાં 'માસિક' બાંધી દીધેલું હતું, પણ આજે એમને બહાર નીકળવાનું મન જ ન થયું. પોતાનું ચાલે તો એક ઘડીનોય વિલંબ કર્યા વિના આ શહેર છોડી દે! પણ દૂર-દૂરના ડુંગરો વચ્ચે વસેલા પેલા નાનકડા ગામડામાં ભાઈને 'સાહેબ' થયેલો સાંભળીને ખુશ થનારો એક ખખડી ગયેલા શરીરવાળો મોટોભાઈ રહેતો હતો. માંદલી માની ચાકરી કરીને એણે તો એનો ભવ સુધારી લીધો હતો; પણ હવે શહેરમાંથી બદનામીનું પોટલું લઈને એની ઝૂંપડીમાં કયા બહાના હેઠળ પગ મુકાય? એતો સગો ભાઇ છે; કંઈ કાઢી ન જ મૂકે, પણ એને સાચી હકીકત કહેવા જેટલી હિંમત આ જાડેજો લાવે ક્યાંથી?

પ્રોફેસરની આંખમાં આંસુ તગતગી રહ્યાં.

ટપાલ સાંજના છ વાગ્યે ઊપડતી હતી. માત્ર તોરલને લખેલો પત્ર પોસ્ટ કરવા પૂરતું બહાર નીકળવું પડશે – નીકળીશું સાડાપાંચ-પોણા છ એ!

પ્રોફેસર આડે પડખે થયા.

જિંદગીનું એ અત્યંત નિરાશાજનક ચિત્ર એમની આંખો સામે તાદૃશ થયું. ભાંખોડિયાં ભરતો એક ગ્રામીણ બાળક, તોતડાતી જબાને બોલતાં શીખ્યો ત્યારથી માંડીને હમણાં કલાક-બે કલાક પૂર્વે શહેરી છોકરડાંને અંગ્રેજી શીખવી પાછો ફર્યો, ત્યાં લગીની કડીબદ્ધ તાસીર પેશ થઈ ગઈ. કંઈ કેટલાય અરમાનો ઊગ્યા ને પૂરા થતાં પહેલાં જ આથમી ગયા...! પ્રોફેસરે કોઈ એક કાળે હાઈસ્કૂલની વિદ્યાર્થી અવસ્થામાં એક સ્ત્રીનું શમણું જોયું હતું... કોઈ એક કુમારિકાનું – જે પોતાની જિંદગીની ભોગળ ઉઘાડીને રૂમઝૂમ પગલે પ્રવેશ કરશે ને જિંદગીના બગીચામાં બહાર આવી જશે; જિંદગીનું વૃક્ષ વાસંતી વાયરા ઢોળતું રંગબેરંગી ખુશ્બોથી લચી પડશે... આકાશમાં સૂરજ સલામી ભરતો હશે, સાગર ચરણ પખાળતો હશે! જાણે દુનિયામાં માત્ર બે જ માનવીઓનું સામ્રાજ્ય ચાલતું હશે...

ઓહ્, એ શમણું તો કોક અગોચર પારધિના ક્રૂર હાથે રહેંસાઈને ક્યારનુંય શમી ગયું હતું..! કુમારિકાને બદલે એક એવી કન્યાએ એમના જીવનમાં પ્રવેશ કર્યો કે બસ, એનાં લોહિયાળ પગલાં હજી પંદર-પંદર વર્ષેય ભૂંસાઈ શક્યાં નથી...! ઓહ, નિયતિ!

'રાજ બા, તમે ક્યાં લગી પજવશો, બોલો જોઉં?'

– પ્રોફેસર પૂછી બેઠા.

રાજ બા ક્યાં હતાં કે જવાબ મળે?

ને પછી પ્રોફેસરને દુનિયાભરની સ્ત્રી જાતિ સામે વેર બંધાયું હતું. કોઈ-કોઈ વાર તો થઈ આવતું! – બસ, મન ભરીને માણી લઉં, ધરાઈ ધરાઈને ભોગવી લઉં આ સ્ત્રી નામનું સુખ! બહુ સાચવ્યા કરી છે અત્યાર લગી ખાનદાનીની ખખડધજ ઇમારતને... હવે ભલે એ કડડભૂસ કરતી તૂટી પડતી!

પણ પ્રોફેસર એવું કશું કરી શક્યા નહોતા. એવું કરવા માટે ય એક ખાસ પ્રકારની નફ્ફટાઈ જોઈએ ને! પ્રોફેસરમાં એ ક્યાં હતી?

છત સામું તાકીને લવારો કરવા લાગ્યા : 'રાજ બા, મારે એક વફાદાર ઓરત જોઈતી હતી. વફાદારીના ખ્યાલો કેવા પોકળ હોય છે, નહિ! તમે મળ્યાં ત્યારે જ એ સમજાયું! જરાક જીરવીને જીવ્યાં હોત તો ક્યાં મોટું આભ તૂટી પડવાનું હતું? પણ તમે નીકળ્યાં પાતળા પેટનાં...! પેટમાં તમારું પાપ સુધ્ધાં ન ટકી શક્યું!!! નહિતર આજે આપણા ઘેર લીલી વાડી

હોત. કોણ કહેવા આવવાનું હતું તમારો ભૂતકાળ! રાજ બા, તમે ભયંકર ભૂલ કરી!'

કોઈએ બારણું ખખડાવ્યું. પ્રોફેસર ઝબકીને બેઠા થઈ ગયા. ટપાલી હતો. પ્રોફેસરનું હૃદય ધડકી ઊઠ્યું! તોરલનો પત્ર હશે?

એ ટપાલ જોઈ લેવા અધીરા બન્યા.

ટપાલમાં ફક્ત સામયિકો હતાં. કોઈ પત્ર નહોતો. એ નિરાશ થયા. જોકે એ સમજતા હતા કે પોતે નીકળ્યા એ પછી તરત ને તરત તોરલ પત્ર લખવા બેસી જાય, તોપણ પત્રને પહોંચતાં તો ત્રણ-ચાર દિવસ લાગે જ! પત્ર માણસ નથી કે એકીદહાડે પહોંચી જાય!

– હતાશ હૃદયે એ પલંગ પર પટકાઈ પડ્યા.

કશું જ સૂઝતું નહોતું. મન ઉદાસ થઈ ગયું હતું, આવડા મોટા અમદાવાદમાં મોં છુપાવવા જેટલીય જગ્યા જાણે કે પ્રોફેસરના નસીબમાં નહોતી. સંચાલકોને વિશ્વાસ ઊઠી ગયો હતો. પ્રિન્સિપાલનું મન તો સમૂળગું ડગી ગયું હતું. ભલા હશે તો કહેશે! કાં આ જાડેજા નહિ, કાં હું નહિ! એણે મારી બૈરી પર આંખ બગાડી છે...! શી ખાતરી કાલે ઊઠીને મારું મર્ડર નહિ કરાવે?

પ્રોફેસરની મૂંઝવણનો પાર નહોતો : કેવી રીતે એ નિર્દોષ, સજ્જન પ્રિન્સિપાલના મન પર પડેલો ઘા રુઝવવો? એમની આગળ જઈને રડી પડું? પગ પકડીને બહેનની ક્ષમા માગી લઉં?

ચરસના નશામાં મને બહેનમાં રાજ બા દેખાયેલાં, એવી નિખાલસ કબૂલાત કરી લઉં? શું કરું તો એમના મનનું સમાધાન થાય?

પ્રોફેસરનો વલોપાત વધતો ચાલ્યો. સાંજ ક્યારે પડી ગઈ એની ખબર સુધ્ધાં ન પડી. એમને યાદ આવ્યું – તોરલ ઉપરનો પત્ર તો પોસ્ટ કરવાનો રહી જ ગયો છે! એ ઉતાવળે ઉતાવળે કપડાં બદલવા લાગ્યા. વૉશબેઝિન આગળ ઊભા-ઊભા ચહેરા પર પાણીની એક-બે છાલક મારી; વાળમાં થોડોક કાંસકો આઘોપાછો કર્યો. ઝટ ઝટ બહાર નીકળ્યા. પાંચેક મિનિટમાં ટપાલ નીકળી જવાની હતી. ઉતાવળાં ડગલે એ આગળ વધ્યા.

ટપાલપેટી પાસે પહોંચીને ખિસ્સામાંથી તોરલને લખેલો પત્ર કાઢ્યો. પત્ર ટપાલપેટીમાં સરકાવવા જ જતા હતા, ત્યાં પાછળ કોઈનો પગરવ સંભળાયો. પ્રોફેસરે જોયું : તોરલની મમ્મી ટપાલ નાખવા આવી હતી!

એક હળવો આંચકો લાગ્યો. તોરલની મમ્મી છેલ્લા છ એક મહિનાથી પ્રોફેસરને સામા મળ્યે બોલાવતી સુધ્ધાં નહોતી. સરદાર પાર્કના બાંકડા પર પ્રોફેસરના ખોળામાં માથું નાખીને સૂતેલી તોરલને જોયેલી, તે દિવસથી એને પ્રોફેસર ઉપર સખત અણગમો થઈ ગયો હતો...

પ્રોફેસરે તીરછી નજરે તોરલની મમ્મી સામે જોયું.

કોઈએ ગઈ રાતવાળી વાત એને કહી તો નહિ દીધી હોય?

ભલું પૂછવું! – પ્રોફેસરની વિટંબણાનો પાર નહોતો.

તો શું તોરલની મમ્મીએ એ વાત એને લખી જણાવી હશે?

પ્રોફેસરને થયું – હમણાં પાંચેક મિનિટમાં ટપાલ ઊપડશે. ટપાલી માની જાય ને તોરલ શાહના સરનામા વાળો પત્ર જોવા દે, તો કેવું સારું! એક બહુ મોટી ગેરસમજ ઊગતાં પહેલાં જ ડામી દેવાય...! પણ એમ કંઈ ટપાલી માને ખરો કે? બીજા કોઈનું તો માને, પણ આપણું – પ્રોફેસર જાડેજાનું માને ખરો? પ્રોફેસર જાડેજાના નામના તો ડંકા વાગી ગયા છે, ગઈકાલ રાતના બનાવ પછી! ઓછામાં પૂરું છોકરીના સરનામાવાળો કાગળ ફોડવાની વાત! ટપાલી ભલો હોય, તો ઘેર ઘેર નોતરાં મૂકતો આવે : જો જો હોં, આ પ્રોફેસરનો વિશ્વાસ નથી રાખવા જેવો! છોકરીઓના કાગળ ફોડતો ફરે છે!!

આખી સોસાયટીની મહિલાઓનો મોરચો નીકળે, પ્રોફેસર જાડેજા!

– તમારી આબરૂ (?)ના ધજાગરા થાય, ધજાગરા!

પ્રોફેસરને એકાએક કંઈક ‘આઈડિયા’ સ્ફુર્યો અને એ તાબડતોબ પોસ્ટઑફિસ ભણી ઊપડ્યા! અત્યારે ટપાલ તો નીકળી ગઈ હશે, પણ ઇન્લૅન્ડ તો મળશે ને? પછી તો વાંધો નથી. આર. એમ. એસ.માં જઈને નાંખી આવશું! ત્યાં તો છેક સાડા આઠ વાગ્યા લગી ટપાલ નીકળે છે. એમ હશે તો ‘લેટ ફી’ લગાડી દઈશું!

ઇન્લૅન્ડ લઈને એ પોસ્ટઑફિસની ઓસરીના એક ખૂણામાં ભરાઈ ગયા. ઝટ ઝટ લખવા માંડ્યા :

તોરલ,

પહેલો પત્ર બપોરે લખ્યો હતો. એ પોસ્ટ કરી દીધા પછી મને લાગ્યું કે ઘણુંબધું લખવાનું રહી ગયું છે, તેથી આ પત્ર અત્યારે – મોડી સાંજે લખું છું. રેલવે મેલ સર્વિસમાં એ ઊપડશે તો પૂરેપૂરી શક્યતા છે કે બેઉ પત્રો તને એકી સાથે મળશે!

તોરલ, હું એકદમ નિખાલસ માણસ છું! તને મારે એક ખૂબ જ કષ્ટપ્રદ ઘટના જણાવવી પડે એમ છે. પહેલા પત્રમાં જ એ જણાવી દીધી હોત તો મારે આમ ઉતાવળે ઉતાવળે આ બીજો પત્ર ન લખવો પડ્યો હોત. પણ એ વખતે મને લાગેલું કે મારી કુમળી કળી જેવી તોરુને નાહક આવો દુઃખદ પ્રસંગ જણાવીને શું કામ વ્યથા પહોંચાડવી જોઈએ? જોકે હું તને કહ્યા વગર તો રહી શકવાનો જ ક્યાં હતો? પણ રૂબરૂમાં કહેવામાં અને લખી જણાવવામાં ઘણો ફરક હોય છે. રૂબરૂમાં સામેની વ્યક્તિના મનમાં જાગતા સવાલોનું તત્કાલ સમાધાન કરી શકાય છે... પત્ર એ પરોક્ષ માધ્યમ છે...! ચાલ, હું મુખ્ય વાત ઉપર આવું...

તારી પાસે હતો ત્યાં લગી જાણે હું સ્વર્ગમાં હતો. તને અને તૃપ્તિને છોડીને નીકળ્યો ને મારી કમ્બખ્તી શરૂ થઈ. રાજકોટના બસસ્ટેશને મને એક વિચિત્ર અનુભૂતિ થઈ. પંદર વરસ પહેલાં પરણ્યાની પહેલી રાતે જ આપઘાત કરીને મરી ગયેલી મારી પત્ની – રાજ બા મારો પીછો કરતી હોય, એવું લાગવા માંડ્યું. પંદર-પંદર વરસ લગી કદી એ સપનામાં પણ નહોતી આવી. કોણ જાણે કેમ, તે રાત્રે છેક લીંબડી સુધી એ બસમાં મારી લગોલગ પ્રવાસ કરતી રહી! લીંબડીથી ક્યાં ચાલી ગઈ, એનો પણ ખ્યાલ ન રહ્યો! – તને આવો આભાસ થયો હોય તો તું જરૂર છળી જ મરે! પુરુષ જેવો પુરુષ થઈને હું જ ગભરાઈ ગયેલો ત્યાં!

પણ છળી મરાય એવી વાત તો હજી હવે આવે છે : જેવો મારું મકાન ખોલીને અંદર દાખલ થાઉં છું કે ઘર આખું સુવાસથી ભર્યું ભર્યું લાગવા માંડ્યું. વળી હું બધું જ અસ્તવ્યસ્ત મૂકીને તારી પાસે ચાલ્યો આવેલો, ને જઈને જોઉં છું તો બધું જ સ્વચ્છ, સ્વચ્છ; સુવ્યવસ્થિત! મને નવાઈ લાગી. સુવાસનું મૂળ શોધવા હું ફાંફાં મારવા મંડ્યો. અંદરનો ઓરડો ઉઘાડીને જોયું – દીવાલની ખીંટી પર રાજ બાની લાશ લટકી રહી હતી!!!

કોઈ ઢીલુંપોચું માણસ હોત તો ત્યાં ને ત્યાં જ ઢગલો થઈને પડ્યું હોત કે નહિ?

અલબત્ત, હું ભૂતપ્રેતમાં નથી માનતો એવું જાહેરમાં કહ્યા કરું છું, પણ મારા લોહીના સંસ્કારો કંઈક જુદા છે. કદાચ નિખાલસપણે કહેવું પડે તો હું એમ કહેવાનું પસંદ કરું કે હું અડધુંપડધું માનું છું ને અડધુંપડધું નથી ય માનતો! કોઈ પણ ભારતીય માનવીની મનોદશા વાસ્તવિક સ્વરૂપમાં તો આ છે. આધુનિકતા અને વિજ્ઞાનના ચમકારા હેઠળ એ એના મનમાં પડેલું કબૂલતાં અટકે, એ જુદી વાત થઈ!

– ચાલ, હવે આગળ વધું.

મને થયું કે મારે લાશને સ્પર્શ કરવો જોઈએ. જેવો હિંમત કરીને હું એને અડકવા ગયો, એવી લાશ ગાયબ થઈ ગઈ!

....એ પછીની વાત જ મારી ખરી યાતનાનું કારણ છે. તોરલ, હું ખૂબ દુઃખમાં આવી

પડ્યો છું. તારા સ્મરણ માત્રનો એક સહારો છે! કદાચ તારું સ્મરણ મારી વહારે ન ધાયું હોત તો મેં કલાકો પહેલાં આત્મહત્યા કરી દીધી હોત...!

ગઈ કાલે સાંજે કૉલેજનો પટાવાળો પ્રિન્સિપાલ સાહેબનો પત્ર લઈને આવ્યો. અકારણ, રજા મૂક્યા વગર કૉલેજમાં ગેરહાજર રહેવા અંગેની પૂછપરછ કરતો એ પત્ર વાંચીને હું છંછેડાઈ પડ્યો. તોરલ, તું જાણે છે : આટલાં વરસ લગી મેં કેટલી નિષ્ઠાપૂર્વક અધ્યાપન કાર્ય કર્યું છે! એક દિવસનીય મેં રજા ભોગવી નથી. મેં મારા અંગત જીવનની કદી પરવા કરી નહોતી. મારે અંગત જીવન જેવું કશું હતું ય ક્યાં? અંગત જીવન તો હજી ચાર દિવસ પહેલાં શરૂ થયું, તોરલ! ને આટલું ય આ જમાનાને મંજૂર ન હોય તો મારે પછી જમાનાને નામંજૂર રાખ્યા વિના છૂટકો નથી...!

હું ચરસ લગાવીને તૈયાર થયો. સીધો પ્રિન્સિપાલના ઘરે પહોંચી ગયો. (તોરલ, હવે પછીનાં વાક્ય ખૂબ ધ્યાનથી વાંચજે!)

– બારણે જઈને કૉલબેલ વગાડ્યો. ને તોરલ, તને માન્યામાં ન આવે છતાં તારે તારા જેસલ ખાતર પણ એ માનવું પડશે – તોરલ, જેવું બારણું ઊઘડ્યું કે મને કોણ દેખાયું, ખબર છે?

– મને રાજ બા દેખાયાં! હું નશામાં હતો ને? તોરલ, મને એ ક્ષણે સાનભાન કશું જ નહોતું રહ્યું. હું મારી કૉલેજના પ્રિન્સિપાલના બંગલાની ઓસરીમાં ઊભો છું, એટલું ય યાદ ન રહ્યું! ને મેં 'રાજ બા...!'કહીને બૂમ પાડી. (રાજ બાને એની એક આગવી સ્ટોરી છે, તોરલ! એ બધું પત્રમાં લખવું બરાબર નથી. ઇન્લૅન્ડમાં એ બધું સમાઈ પણ ન શકે. રૂબરૂ મળીશું એટલે એ અંગે ડિટેઈલમાં વાતો કરીશું.)

તોરલ, એ પછી શું થયું એની મને ખબર નથી. જબરી હો-હા મચી ગઈ હતી. પ્રિન્સિપાલનું કહેવું છે કે મેં એમનાં પત્નીનો હાથ પકડી લીધો હતો! હોઈ શકે! જોકે મને ખબર નથી! હું ભાનમાં જ ક્યાં હતો, તોરલ?

– આમ તો અમારા પ્રિન્સિપાલ ખોટું બોલે એવા નથી; એ ખરેખર સજ્જન છે. એટલે મને લાગે છે કે મેં જરૂર એમનાં પત્નીનો હાથ પકડ્યો જ હશે! આખરે હું નશામાં હતો, તોરલ! તે દિવસે સામટું એક તોલો ચરસ પી ગયેલો, ત્રીસ રૂપિયાનું ચરસ!

– બસ, એ જ મારો ગુનો. બીજી સવારે સંચાલક મંડળના પ્રમુખે મારી ધૂળ કાઢી નાંખી. તોરલ, હું થૂ-થૂ થઈ ગયો છું. વિદ્યાર્થીઓ હડતાલ પર જવાના હતા. પ્રમુખની સમજાવટથી ન ગયા. જોકે હું એમની નજરમાં ખૂબ નીચો ઊતરી ગયો છું. મને લાગે છે કે આ શહેરમાં હવે મારે માટે કોઈ સ્થાન નથી. માફી માગી લઈશ, તો નોકરી તો બચી જશે, પણ ગયેલી ઇજ્જત પાછી વળવાની નથી. તોરલ, હું વહેલામાં વહેલી તકે આ શહેર છોડી દેવા માગું છું. પણ આવા સંજોગોમાં મને નોકરીમાં રાખે ય કોણ? હું બદનામ બની ગયો છું, તોરલ!

કદાચ પોલીસ કેસ થયો હોત તો અત્યારે હું કસ્ટડીમાં હોત. પ્રમુખ અને પ્રિન્સિપાલ બેઉ ઘણા દયાળુ માણસ લાગ્યા. એમણે પોલીસ કેસ કરવાને બદલે ઘરખૂણે વાત પતાવી દીધી. પણ એમ કંઈ પાપ છૂપું રહે? અને કૉલેજ તે કંઈ ઘરનો ખૂણો ગણાય?

– મારી વાત ચોરે ને ચૌટે ચર્ચાતી હશે. મને તો એકએક માણસ પર વહેમ જવા માંડ્યો છે..!

પહેલો પત્ર આવી ભારે વ્યથાભરી મનોદશામાં જ લખ્યો હતો. એમાં હું તને રડતો વંચાઈશ – જરા ધ્યાનપૂર્વક વાંચી જોજે! મેં એમાં કશો ફોડ પાડ્યો નથી છતાં કશુંક અઘટિત બન્યાનો સંકેત તો તને એમાંથી અવશ્ય મળશે!

એ પત્ર પોસ્ટ કરવા જ આવેલો ને તારી મમ્મીને જોઈ ગયો. એણે પણ ટપાલપેટીમાં

કંઈક નાખ્યું છે. કદાચ તારા ઉપર એણે પત્ર લખ્યો હશે. મને શંકા પડી કે તાજેતરની દુઃખદ ઘટનાનો એમાં વિકૃત રીતે ઉલ્લેખ થયો હશે. ખોટી ગેરસમજ ઊભી થાય એ પહેલાં જ મારે તને સત્ય હકીકત નિખાલસપણે જણાવી દેવી જોઈએ, એમ વિચારીને આ બીજો પત્ર ઉતાવળમાં ને ઉતાવળમાં લખી રહ્યો છું.

તારે મને નફરત કરવી હોય તો નફરત કરજે. જોકે તારી નફરતને હું પ્યારથી ય વધુ પ્યારી માનીને ચાલીશ. તોરલ, ભૂલ તો મેં કરી જ છે; હું ક્યાં ના પાડું છું? ને દુનિયા આખી મને નફરત કરતી પણ થઈ ગઈ છે. મારી તોરલ દુનિયાપારની ચીજ છે. એ મને નફરત નહિ કરે, એવી ઊંડે-ઊંડે પડેલી પ્રતીતિ જ મને જીવવાનું કારણ પૂરું પાડે છે.

ઘણું લખવું છે. ઇન્લૅન્ડ ખીચોખીચ ભરાઈ ગયું – આટલા ઝીણા અક્ષરે લખ્યું તો ય! ચાલ, હવે ફરી કોઈ વાર.

આજની ટપાલમાં તારા પત્રની રાહ જોઈ હતી. કેમ આમ આળસ કરે છે? આ પત્ર મળે કે તરત જ વિગતવાર પત્ર લખજે. તારે ઠપકો આપવો હોય તો ઠપકો આપજે! ઉપદેશ આપવો હોય તો ઉપદેશ પણ આપજે! – પણ લખજે, જરૂર!

જાડેજાએ તો એનું પાપ પ્રકાશ્યું; જોઈએ, તોરલ રાણી એને ડુબાડે છે કે તારે છે!

– જોકે તારશે જ, એવી શ્રદ્ધા છે!!!

– જાડેજા.

17

તોરલ ચાતક નજરે પ્રોફેસરના પત્રની વાટ જોઈ રહી હતી. તે રાત્રે ઓખા-મોડાસાવાળી બસ ઊપડી ને તોરલના નાજુક-નમણા મનનું પંખી પણ એની પાછળ-પાછળ ઊડતું ચાલ્યું. આટલી નિકટતાપૂર્વક કોઈ પુરુષને મળ્યાનો આ પહેલો જ પ્રસંગ હતો. પ્રોફેસર પાસે અંગ્રેજી શીખવા જતી અને એમના વ્યક્તિત્વથી અંજાતી, એ અનુભવ કરતાં આ ત્રણ રાત્રિઓ એમની સાથે પસાર કર્યાનો અનુભવ ઘણો જુદો હતો. એ ખોવાઈ ગઈ હતી. એનું રોમેરોમ પ્રોફેસરમય બની ગયું હતું.

એમ કહો કે એને પ્રોફેસર નામનું વ્યસન વળગ્યું હતું... પ્રોફેસરની વિદાય એનાથી જીરવી ન શકાઈ.

'તૃપ્તિ!' એને કશુંક કહેવું હતું, છતાં કહી નહોતી શકતી.

તૃપ્તિ વગર કહ્યે પણ બધું સમજી લેતી હતી. જોકે તોરલના દૂઝતા ઘા રૂઝવવાનો કોઈ ઇલમ એને સૂઝતો નહોતો.

ઉદાસ તોરલને એણે ફક્ત આટલું જ કહીને મન વાળ્યું હતું :

'તોરલ, વિયોગ તો પ્રેમની દિવ્ય કસોટી છે! દરેક પ્રેમીને એ ખમવો જ રહ્યો! સહન કર – કોક દિવસ જરૂર પાછું મિલનનું ફૂલ મ્હોરશે!'

'જો ને, હજી લગી એમનો કાગળ ન આવ્યો! શું એમને ખોટું લાગ્યું હશે? કહેને, તૃપ્તિ! એ મારી ઉપર રિસાઈ તો નહિ ગયા હોય ને?'

તૃપ્તિ ખિજાઈ ગઈ હતી : 'તારામાં અક્કલ છે? ગાંડી નહિ તો! તેં એમને રિસાવાનું કોઈ કારણ આપ્યું હશે તો રિસાયા હશે! બુધ્ધુ છે બુધ્ધુ!'

તોરલ એનું અંતર ઢંઢોળી વળતી : કારણ તો કોઈ આપ્યું હોય એવું મારી જાણમાં નથી! હા, પિરિયડમાં હતી, એટલે...! પણ એમ તો કંઈ એ ઓછા અણસમજુ છે? પરિસ્થિતિ તો સમજે જ ને! એ હઠ પકડતા, એ અલગ વાત છે... પુરુષ માત્રને સ્ત્રીની તલપ જાગે ત્યારે એ હઠ તો પકડે!

થોડુંક એને બીજુંય સાંભરી આવતું : એમણે ખૂબ ખખડાવ્યું'તું, છતાં મેં બાથરૂમ નહોતું ખોલ્યું! એ એમની તોરલને ફક્ત 'જોવા' માગતા હતા! તોરલે શરમાઈને ના પાડી દીધી હતી. એથી એ ઘણા ધૂંધવાઈ ગયા હતા.

એ સ્મરણ સાથે તોરલની આંખ શરમથી ઢળી ગઈ : હાસ્તો, એમ કંઈ પુરુષના ગાંડપણ આગળ ઝૂકી જવાતું હશે? શરમ ન આવે? જબરા છે, હોં કે! કેમ વળી – એમાં શું નવું જોવાનું હતું કે આટલા ધમપછાડા માંડ્યા હશે?

તોરલને એટલીબધી શરમ આવી ગઈ કે એણે મનનાં બારણાંને સ્ટૉપર મારી દીધી.

ત્રણ દિવસ તો ત્રણ યુગ જેવા થઈ પડ્યા. લેડીઝ હૉસ્ટેલ જેલ જેવી લાગવા માંડી. કૉલેજ કૉલેજ મટીને કારખાનું બની ગઈ.

એ એકદમ હતાશ થઈ ગઈ; એકદમ મૂડલેસ! આકાશની ગમગીની આખી એના તન-મનને ઘેરી વળી.

છેક ચોથે દિવસે બપોરના બે વાગ્યે એના જીવમાં જીવ આવ્યો. ટપાલીને રૂમ તરફ આવતો જોયો ને એનું રોમેરોમ પ્રકંપિત થઈ ઊઠ્યું. દોડીને એ સામે ગઈ; ટપાલી પાસેના બંડલમાં ઉપર જ ગોઠવાયેલો પોતાના સરનામાવાળો પત્ર જોઈને તો એ પાગલ જ થઈ ગઈ : 'તૃપ્તિ! આ ગયા, અપના લેટર આ ગયા!'

એ કૂદકા મારતી રહી ને ટપાલીએ ફટાફટ એક પછી એક એમ એના નામના ત્રણ પત્રો

એને આપ્યા; ને ચાલતી પકડી.

– એના આનંદનો પાર નહોતો : ‘અરે! એકી સાથે ત્રણ લેટર! એમાંય બે તો એમના જ!’

ત્રીજો પત્ર એની મમ્મીનો હતો.

તૃપ્તિએ કહ્યું : ‘લે, હવે તો જીવ હેઠો બેઠો ને! તું ન લખે એટલે કંઈ એય ન લખે એવું થોડું છે? એ તારા જેવા જડ નથી, સમજી!’ ને પછી ચાળા પાડતી બોલી : ‘મમ્મીએ સમ ખવડાવ્યા છે!’ મમ્મીવાળી ન જોઈ હોય તો મોટી! મમ્મીએ જિંદગીમાં કોઈ દહાડો પ્રેમ કર્યો છે કે એને પ્રેમ શી ચીજ છે એની ખબર પડે?’

‘મારી મમ્મી વિશે જેમતેમ નહિ બોલવાનું!’ તોરલે આંખો કાઢી : ‘નહિતર માર પડશે, હા!’ – ને પછી હસી પડી. તૃપ્તિએ એને ચૂંટી ખણી લીધી : ‘લે માર, આ ઊભી!’ ને કમ્મરે હાથ દઈને અદાથી ઊભી રહી : ‘મમ્મી મમ્મી કરે છે ને મમ્મીનો લેટર તો એક બાજુ મૂકી રાખ્યો છે! તાલાવેલી તો કોઈ જુદા જ માણસના પત્રો વાંચવાની લાગી છે! ના જોયાં હોય તો મોટાં માતૃભક્ત!’

– તોરલે એને મનાવી લીધી : ‘ચાલ, હવે બેસી જા ચૂપચાપ!’ એણે પત્ર ફોડતાં ટકોર કરી : ‘પાછી ઝૂંટાઝૂંટ ન કરી મૂકતી પેલી વખતની જેમ!’

એણે પત્ર વાંચવા માંડ્યો. યોગાનુયોગ ઇન્લૅન્ડ લેટર એણે પહેલો ફોડ્યો હતો...

થોડુંક વાંચ્યો ને એના ચહેરા પર વાદળ ઘેરાવા લાગ્યાં. અડધે આવી ને એને ગભરામણ વછૂટી. તૃપ્તિએ જોયું : તોરલ કશીક મૂંઝવણ અનુભવી રહી છે.

‘શું લખ્યું છે, તોરલ! આમ એકદમ –’

‘જો ને, કેવું કેવું લખ્યું છે!’ તોરલના અવાજમાં ભયભીતતા હતી : ‘તૃપ્તિ, એ ઘણી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે!’

‘મુશ્કેલીમાં? કેવી મુશ્કેલીમાં?’

‘લે વાંચ!’ ધ્રૂજતા હાથે એણે પત્ર તૃપ્તિને આપ્યો. એના ચહેરા પર ઘેરી ઉદાસી ફરી વળી.

બીજો પત્ર પરાણે ફોડી શકાયો. વાંચી ને મૂકી દીધો. પછી મમ્મીનો પત્ર વાંચ્યો : ફક્ત રાજીખુશીના સમાચાર હતા. સાચવીને રહેવાનું લખ્યું હતું. દર શનિવારે હનુમાન ચાલીસાનો પાઠ કરવાની સલાહ આપી હતી. ‘કોઈનો વિશ્વાસ નહિ કરવો’ – એ પ્રકારની મોઘમ ટકોર ત્રણ-ચાર વખત દોહરાવી હતી અને અભ્યાસમાં ધ્યાન આપવાનું તેમજ ચોમાસું હોઈ બને ત્યાં સુધી બહાર નહીં નીકળવાનું સૂચવીને પત્રની પૂર્ણાહુતિ કરી હતી.

ત્રણે પત્રો વંચાઈ ગયા. પત્રો મળ્યા પહેલાંનો રોમાંચ પત્રો મળ્યા પછીની ગણતરીની ક્ષણોમાં જ વિલાઈ ગયો.

તોરલની વેદના અકથ્ય હતી. તૃપ્તિ પાસે એ વેદનાનો કોઈ ઇલાજ નહોતો.

‘શું કરવું, બોલ!’ તોરલે એની સલાહ માગી.

‘મનેય કશી સમજ પડતી નથી.’ તૃપ્તિએ ગંભીર અવાજે કહ્યું. પછી થોડીક શંકા રજૂ કરતાં બોલી : ‘એમણે આપણને બનાવવા ખાતર તો આવું નહિ લખ્યું હોય? તોરલ, પુરુષોને આવી ક્રૂર મજાક કરવામાં આનંદ આવતો હોય છે! જોકે તારા પુરુષને તું જાણે!!’ એ હસી.

‘મારો પુરુષ મને આ રીતે ન પજવે!’ તોરલે નિઃશ્વાસ મૂક્યો : ‘તૃપ્તિ, એ ખરેખર મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ને હું જાણું છું – આ બધી જ મુશ્કેલીનું મૂળ છે ચરસ!’

‘તું એમને ચરસ છોડાવી કેમ નથી દેતી? તારી જગાએ હું હોઉં તો ક્યારનાય સીધા દોર કરી દીધા હોય!’

તોરલ મૌન રહી.

‘મને લાગે છે, – હવે મમ્મીના સમ લાંબો વખત નહિ ચાલી શકે.’ તોરલે વલોવાઈ જતાં

હૈયે ઉમેર્યું : 'તૃપ્તિ, મારે એમને લાઈન ઉપર લાવવા પડશે! ને હું ચૂપ રહીશ, તો પ્રોફેસર જાડેજાને કોઈ જ નહિ બચાવી શકે; કદાચ ભગવાન પણ નહિ!'

'તારી વાત સો ટકા સાચી છે. આખો પ્રશ્ન ગંભીરતાપૂર્વકની વિચારણા માગી લે એવો છે. તું એમને આજે જ જવાબ લખ. એ ખૂબ જ આતુરતાપૂર્વક રાહ જોતા હશે!'

'જવાબ લખ્યા વગર છૂટકો જ નથી, તૃપ્તિ! નહિતર વાત વણસી જતાં વાર ન લાગે. કોણ જાણે એ આવા સંજોગોમાં શું ય કરી બેસે! કશું નક્કી નહિ!'

તોરલ ઉતાવળે જવાબ લખવા બેસી ગઈ.

તૃપ્તિએ સૂચન કર્યું : 'એમને ઠપકો ન આપતી, સમજી? અત્યારે એમને આશ્વાસનના બે મીઠા શબ્દોની જરૂર છે.'

'તું ખરું કહે છે. આવી મનોદશામાં ગેરસમજ થતાં જરાય વાર ન લાગે! એમને એવું તો ન જ લાગવું જોઈએ કે તોરલ મને નફરત કરવા લાગી છે!'

– એ પત્ર લખવામાં પરોવાઈ ગઈ. વિચારી વિચારીને એણે વાક્યો કંડાર્યાં. ખાસ્સો દોઢ કલાક લીધો એણે પત્ર લખવામાં, તૃપ્તિ અકળાઈ ગઈ : 'નિબંધ લખવા લાગી કે શું? જલદી કર; સાંજની ટપાલમાં ઊપડી જવો જોઈએ!' ને પછી અટકીને ઉમેર્યું : 'મારી ખૂબ ખૂબ યાદ લખજે!'

તોરલે પત્ર પૂરો કર્યો. એણે લખ્યું હતું :

વહાલા મારા દરિયાપીર,

ચાતક નજરે તમારા પત્રની રાહ જોતી હતી. આજની ટપાલમાં એક ને બદલે બબ્બે પત્ર સામટા જોઈને હૈયું કિલકારી ઊઠ્યું હતું. જોકે વાંચ્યા પછી ઘણો જ વિષાદ થયો. આખરે તમારું દુઃખ એ મારું જ દુઃખ ગણાય ને! આપણે બેઉ એકમેકમાં એટલી હદે ઓગળી ગયાં છીએ કે હવે ખુદ પરમાત્મા સુધ્ધાં આપણને અલગ તારવી શકે એમ નથી! તમે નીકળ્યા ત્યારથી જ કશાક અમંગળની આશંકા મને ઘેરી વળી હતી. મન તમારી પાછળ ને પાછળ તણાયે જતું હતું. તમે છેક અમદાવાદ પહોંચ્યા હશો ત્યાં લગી મને અજંપો રહ્યા કર્યો હતો. તમે જતા રહ્યા એ મને જરાયે નહોતું ગમ્યું. ખરેખર, જાડેજા, તમે ગયા જ શું કામ? તમને તમારી તોરલમાં એવું તે શું ખૂંચ્યું કે ફક્ત ત્રણ રાતની મહેમાનગીરીમાં એનાથી ઉબાઈ ગયા? મેં મારી જાતનું વિશ્લેષણ કરવામાં કોઈ કસર નથી રાખી – ને છતાં તમારા મનનાં ઊંડાણોને હું તાગી ન શકી. આખરે હું તો એક અબળા જ ને!

ખૂબ આતુરતાપૂર્વક તમારા પત્રની પ્રતીક્ષા કરતી રહી. ત્રણ દિવસ તો ત્રણ યુગ જેવા લાગ્યા.

પ્રિયતમ, તમે પુરુષ છો.

પ્રેમમાં પડેલી તરુણીના તલસાટને તમે નહિ સમજી શકો!

તમે કલ્પી શકો એથી અનેકગણી તીવ્રતા હોય છે એમાં!

....ને હું તો એક કમનસીબ પ્રેયસી છું! મમ્મીના સમ પાળતી રહી આજની ક્ષણ સુધી! ખૂબ, ખૂબ, ખૂબ ઇચ્છા હતી તમને પત્ર લખવાની. નહોતી લખી શકતી. તમને ખબર છે? અગાઉ પણ અનેક પત્રો લખી લખીને, મરોડદાર અક્ષરોમાં તમારું સરનામું ઘૂંટી ઘૂંટીને, ભારે હૈયે મારા ડ્રોઅરમાં સરકાવતી રહી છું. તૃપ્તિએ ચાલાકી ન કરી હોત, તો મારો પત્ર તમને કદીય ન પહોંચી શક્યો હોત!

– પણ આજે એ સમ ભાંગીને આ પત્ર લખવા બેઠી છું. આખરે હું એક પ્રેયસી છું. મારો પ્રિયતમ મને વિશ્વની કોઈ પણ વસ્તુથી (કે વ્યક્તિથી) વધારે વહાલો છે. તૃપ્તિ મારી જોડે જ બેઠી છે. એ લખાવે છે : જીજાજી, તમે તો બહુ મોટા માણસ ગણાઓ. અમે નાનાં છોકરડાં

તમને શું શિખામણ આપવાનાં હતાં? અને અમારું આશ્વાસન પણ તમારા જેવા પ્રતિભાશાળી પુરુષને કેટલું ઉપકારક બનવાનું હતું? છતાં પત્ર વાંચીને જે આઘાત અનુભવ્યો છે, એથી કંઈક કહેવાનું મન થઈ આવે છે. અમે માનીએ છીએ કે આ બધું ચરસને કારણે થયું. ચરસ માણસના મગજને વિકૃત બનાવી મૂકે છે. અમે આપને બે હાથ જોડીને, ગંભીરતાપૂર્વક વિનંતી કરવા માગીએ છીએ – આપ વહેલામાં વહેલી તકે ચરસ છોડી દો!

પ્યારા જેસલ,

તમને આ વ્યથાના દિવસોમાં મદદરૂપ નથી થઈ શકતી એનું પારાવાર દુઃખ છે. મારી ફરજ તો એ છે કે હું તમારા દુઃખમાં ભાગીદાર થવા દોડી આવું. સુખ, દુઃખ, કીર્તિ, અપકીર્તિ, હર્ષ, શોક – તમામને આપણે બેઉએ સરખે ભાગે વહેંચીને જીવવાનું છે. તમે આવી પડેલી આપત્તિથી જરાય વિચલિત થશો નહિ. દુનિયા કોઈની થઈ નથી કે થવાની નથી; રાજા રામની નહોતી થઈ, ત્યાં આપણી તો ક્યાંથી જ થાય?

જે કંઈ થઈ ગયું છે એનો પસ્તાવો કર્યાનો કોઈ અર્થ નથી. ગઈકાલને યાદ કરી કરીને દુઃખી થવાથી શો ફાયદો? ચાલો, આપણે એક ઊજળી આવતીકાલની તૈયારીઓ આરંભીએ!

મારે ઘણું-ઘણું કહેવું છે. બધું કંઈ કલમના માધ્યમથી ન કહી શકાય. કલમ કહી શકે એ કરતાં ઘણું વધારે તમે એટલે દૂર બેઠાં-બેઠાં ય મારી આંખોમાં વાંચી શકશો! મમ્મીનો પત્ર મળ્યો છે. એણે તમારા વિશે કશું જ લખ્યું નથી. તમે નાહક એવી કાલ્પનિક વ્યથાઓથી પીડાશો નહિ! મમ્મીને કૉલેજની વાત કોણ કહેવા જવાનું હતું? અને કદાચ કોઈ કહે તોપણ તમારે એની ચિંતા ન કરવી. તમારી તોરલ તમને પૂરેપૂરા ઓળખે છે. કોઈનાં સલાહસૂચનો કે અભિપ્રાયથી એ ચળી જાય એવી નથી. તમને એ બાબતની શ્રદ્ધા હોવી જોઈએ.

ગઈ વખતે તમારું મનગમતું સન્માન કરી શકી નથી. એ વાત ઊંડે-ઊંડે ખટક્યા કરે છે. સમય મળે કે તરત આવી જજો! તમારી રાહ જોઉં છું! ફરી એક વાર મારા પ્યારા જેસલ, તમને ખૂબ, ખૂબ, ખૂબ પ્યાર!

(આજે કોણ જાણે કેમ હું તમારે માટે ‘તું’ સર્વનામ નથી યોજી શકી. મનની ઉદાસ હાલતનો એ પરથી અંદાજ બાંધી શકશો!)

પરિસ્થિતિનો મક્કમતાથી સામનો કરજો!

हर गलती उन्नति की सीढी है।

તમારી જ, તોરલ.

પત્ર ઉતાવળે ઉતાવળે વાંચીને તૃપ્તિએ બીડી દીધો. ઝટપટ તૈયાર થઈને બેઉ જણ પોસ્ટ ઑફિસ ભણી ચાલ્યાં. રસ્તામાં તોરલે પૂછ્યું : ‘કેવો લાગ્યો તને? બરાબર લખાયું છે ને?’

‘તારી ભાષા અંગે તો બીજો અભિપ્રાય હોઈ જ ન શકે ને!’

‘મને વહેમ હતો કે હું લખતી હોઉં ને ક્યાંક પેલી ચમચીઓ ટપકી ન પડે! સારું થયું કે આજે બેઉ જણીઓ સિનેમા જોવા જતી રહી છે!’

‘જોકે એ લોકોને વહેમ તો પડી જ ગયો છે, હોં કે! ગીતાડીને તું શું સમજે છે? જબરી સી.આઈ.ડી. રાખે છે!’

‘કશું કહેતી’તી?’

‘ચાલ મરવા દે ને! એની વાતોમાં નાહક સમય બગાડવાથી શો ફાયદો?’

‘પણ કહે તો ખરી! હું ઓછી એની જોડે ઝઘડો કરવા જવાની છું? મારે જાણવું તો જોઈએ ને કે મારા વિશે એ કેવું કેવું વિચારે છે?’

‘એટલું તો માને છે ને કે એ તારી well wisher નથી?’

‘એ તો દીવા જેવું સ્પષ્ટ છે! પણ તૃપ્તિ, એ અકારણ મારી સામે પૂર્વગ્રહ શું કામ બાંધી

બેઠી હશે?'

'કેટલીક છોકરીઓને એવો સ્વભાવ જ પડી ગયો હોય છે – બસ, એમની આંખમાં જ ઝેર હોય છે! બીજું શું? નહિતર તેં એનું ક્યાં કશું બગાડ્યું હતું કે વગર કારણે તારી વિરુદ્ધ થઈ જાય?'

'એ આવ્યા'તા એની એને ખબર છે?' – તોરલે અધીરાઈથી પૂછ્યું : 'તૃપ્તિ, બીજું તો એ ચમચી આપણું શું બગાડી શકવાની હતી, પણ કોઈ વાર મમ્મીને પત્ર-બત્ર લખીને જણાવી દે તો એ બિચારી દુઃખી દુઃખી થઈ જાય!'

'એને ડાઉટ તો પડી જ ગયો છે! મને પૂછતી'તી : તમે લોકો ત્રણચાર દિવસથી ક્યાં ગુમ થઈ ગયેલાં?'

'પછી?'

'પછી શું વળી? મેં કહી દીધું : ફરવા ગયાં'તાં; કેમ? ના જઈએ?'

'એથી કંઈ એની ઇન્કવાયરી પૂરી ઓછી થઈ ગઈ હશે? એણે સત્તર જણને પૂછ્યું હશે અને હજાર જાતના તર્કવિતર્ક કર્યા હશે!'

'નવરી છે, સાલી! એની સામે કોઈ ન તાકે એટલે બીજી છોકરીઓની અદેખાઈ કરે છે!'

'મૂઈ! આપણે કંઈ એવાં મગતરાંથી ડરતાં નથી! આ તો ઠીક : છાનું રહે ત્યાં લગી રાખીએ! બાકી વધારે ટેં ટેં કરે તો મોઢા ઉપર સંભળાવી દઉં, સમજી?'

'બરાબર છે. પ્રેમ કરવો એ ગુનો થોડો છે? ને તું કોઈની જોડે પ્રેમ કરે એમાં એના બાપનું શું લૂંટાઈ જાય છે કે એ બળતી હશે?'

'મને ય એ જ નથી સમજાતું!'

પોસ્ટઑફિસ આવી ગઈ. તોરલે પત્ર પર ફૂલ પાડ્યું. પછી એણે સરનામાને એક હળવું ચુંબન કર્યું.

પત્ર પોસ્ટ કરીને બેઉ સખીઓ પાછી ફરી.

ચાર દિવસે પહેલી જ વાર બન્ને જણ ફરવા નીકળ્યાં હતાં. વરસાદ વગરનું શ્રાવણી વાતાવરણ મનોહર લાગતું હતું. સંધ્યા ખીલી હતી. લોકો લાખોટા તળાવની પાળ પર ફરવા નીકળ્યાં હતાં.

તોરલને કંઈક સ્ફુર્યું : 'તૃપ્તિ, ચાલ, મંદિરે જતાં જઈશું?'

'ચોક્કસ!' તૃપ્તિ સંમત થતાં બોલી : 'આજે પાછો છે ય શનિવાર. હનુમાનજી પાસે બળ માગીશું!'

'મારા જાડેજાને એની કેટલી બધી જરૂર છે, તૃપ્તિ!'

બાલા હનુમાનના મંદિર તરફ વળેલી તોરલની પાંપણ ભીંજાઈ ગઈ.

18

તોરલનો પત્ર આવ્યો ને પ્રોફેસરના જીવમાં જીવ આવ્યો.

હતાશ હૈયા પર એક કુમળા હાથનો સંસ્પર્શ અનુભવાયો. એનાં ટેરવાંની સંજીવની પ્રોફેસરના રોમેરોમમાં ચેતનાનો સંચાર કરી રહી.

હતાશાનાં વાદળો રાતોરાત હટી ગયાં. પ્રોફેસરને એક નવું જોમ મળ્યું. ‘દુનિયામાં મારું ય કોઈ છે’ એની પ્રતીતિ થઈ. પડકાર ઝીલવાની એક આગવી તાકાત પ્રગટી..

એમને થયું : પુરુષ ગમે તેટલો બળવાન હોય પણ સ્ત્રી એના બળને પુરસ્કારે નહિ ત્યાં લગી એ નકામો છે. તોરલે ચિનગારી ન ચાંપી હોત તો જાડેજાની જ્યોત તો બુઝાવાની તૈયારીમાં જ હતી!

આટઆટલા વિપરીત સંજોગોમાં ય તોરલ પોતાને ચાહી શકે છે, એ વિચાર માત્રથી એમને ગર્વ થયો.

દુનિયા આખી નફરત કરતી હોય ત્યારે ય કોક એકાદ જણ એટલે દૂર બેઠાં-બેઠાં પણ પ્રેમનો પવન ઢોળતું હોય તો જમાનાને ઠોકર મારીને ય જીવી શકાય!

તોરલ પ્રોફેસર માટે જીવવાનું કારણ અને વિકટ સ્થિતિએ સર્જેલા વિષાદનું મારણ બની રહી....

પ્રોફેસરે પ્રિન્સિપાલ અને એમનાં પત્નીની લેખિત માફી માગી લીધી હતી. એ વગર બીજો વિકલ્પ પણ નહોતો. અને પ્રોફેસરનેય પોતાનો વાંક સમજાયો હતો. વળી એમને નોકરીની પણ એટલી જ જરૂર હતી.

ને કદાચ નોકરી છૂટી જાય તો ય એમના અંતરનો ડાઘ તો ડંખતો જ રહે ને! પોતે ભૂલ કરી હતી એ હકીકત છે. એની પાછળ પોતાનો કોઈ દુરાશય નહોતો એ બાબત કોઈને ગળે ન ઉતારી શક્યા એ એમની કમનસીબી હતી. પ્રિન્સિપાલનાં પત્નીમાં એમને પોતાની મૃત પત્ની દેખાઈ એ ઘટના ગમે તેટલા વિશ્લેષણપૂર્વક રજૂ કરવામાં આવે તોય કોઈ સ્વીકારે ખરું? ફક્ત માનસશાસ્ત્રીઓ અને મનોરોગ ચિકિત્સકો જ એ સ્વીકારવા તૈયાર થાય. કદાચ ત્રાહિત વ્યક્તિ સ્વીકારે, પણ જેમને સહન કરવું પડ્યું છે, એ લોકો તો ન જ સ્વીકારે. એમનો પૂર્વગ્રહ દૂર કરવાનું કાર્ય ઘણું કપરું હતું. માફી માગવાથી જે થોડું પ્રોફેસરનું પોતાનું જ મન હળવું થયું એ જ. બાકી તો સમજવા જેવું!

પ્રોફેસરે પત્રનો જવાબ તાબડતોબ લખી દીધો :

નદી નામે તોરલ!

તારો દરિયો કેટલો આતુર છે, તારામાં ડૂબી જવા માટે! આવું છું : બહુ જ જલદી આવું છું! તારા એકેએક શબ્દમાંથી કોઈ અલૌકિક જીવનરસ ઝરતો માણ્યો... તોરલ, શબ્દ જ્યારે એના યોગ્યતમ અર્થમાં વપરાય છે ત્યારે કેટલો તાકાતવાન લાગે છે, એની પ્રતીતિ થઈ તારો પત્ર વાંચીને! શબ્દ તો બ્રહ્માસ્ત્ર છે, પણ સુપાત્રના હાથમાં જ એ વિશ્વવિજયનું સાધન બની શકે! બારાખડીના આટલા અમથા અક્ષરો એકમેકની આસપાસ ગોઠવાઈને કેવી ભવ્ય લીલા રચી શક્યા છે! વેદકાળથી માંડીને આજ દિન સુધીની માનવીની પ્રગતિના પાયામાં પડ્યો છે – શબ્દ!

અત્યંત વ્યથિત હૈયા પર તારી લાગણીનો લેપ થયો કે એની વેદના કોણ જાણે ક્યાં ગાયબ થઈ ગઈ! તોરલ, ફરીથી પગમાં ભેજો આવી ગયો છે. તેં પત્રની પડીકી ન પહોંચાડી હોત તો તારો આ દરદી તો બિચારો મરવાના વાંકે જીવતો હતો!

ઊર્મિકાવ્યના સમ્રાટ શેલીની પંક્તિઓ યાદ આવે છે!

ઓહ! લિફ્ટ મી ફ્રૉમ ધ ગ્રાસ
આઈ ડાઈ, આઈ ફેઈન્ટ, આઈ ફેઈલ
લેટ ધાઈ લવ ઈન કિસીઝ રેઈન
ઓન માઈ લિપ્સ એન્ડ આઈલિડ્ઝ પેઈલ!

પ્રિયે, તારી ચુંબનવર્ષાનાં અમી ઝીલવા આતુર છું! આ શનિ-રવિ આપણે સાથે ગાળીશું. તું જાણે છે! હમણાં કૉલેજમાં રજા મૂકવી મારે માટે યોગ્ય નથી. બપોરે સાડાબારે ટી.વાય.નો ક્લાસ લઈ હું કૉલેજથી બારોબાર બસસ્ટેશને જઈશ. બે વાગ્યા પછી ઊપડતી બસમાં નીકળીશ. તું ત્યાંથી નીકળીને રાજકોટ આવી રહેજે.

दो कदम हम भी चलें, दो कदम तुम भी चलो ।

અને એ જ અનુકૂળ પણ રહેશે. હું છેક તારી હૉસ્ટેલ પર પહોંચું ત્યાં લગી તો રાતના દસ-સાડાદસ થઈ જાય! કદાચ રાત્રે તને મળી ન શકું તો મારી ખેપ માથે પડે!

રાજકોટ લગભગ સાડાસાતના સુમારે પહોંચી જઈશ.

ત્યાં મારો એક જૂનો મિત્ર રહે છે. એક જ ગામના; એક જ બેન્ચના વિદ્યાર્થી! એ મોટો સાઈકિયાટ્રિસ્ટ થઈ ગયો છે! ગાંડાઓને ડાહ્યાં બનાવવાનો ધંધો કરે છે! ખૂબ કમાયો છે. ઘણાં વર્ષોથી એ આમંત્રણ આપ્યે રાખે છે. પહેલી જ વાર મળાશે! મજાનો માણસ છે. એનાં બાળકો પણ રમાડવાં ગમે એવાં છે! એની પત્ની પણ ઘણી સમજદાર ગૃહિણી છે. એને ધણીની કમાણીનું અભિમાન નથી!

એની હૉસ્પિટલ રેસકોર્સ પર છે. ખૂબ પ્રખ્યાત ડૉક્ટર છે.

રિક્ષાવાળાને સરનામું આપીશ એટલે પત્યું.

સરનામું આ રહ્યું :

ડૉ. યશવંત દલાલ.

માનસિક રોગોની હૉસ્પિટલ, રેસકોર્સ,

રાજકોટ.

હું ડૉ. દલાલને અત્યારે જ પત્ર લખીને જણાવું છું. ખોટો સંકોચ રાખતી નહિ. ડૉક્ટરને મારા સગાભાઈ જેવો સમજજે.

ડૉક્ટરને ત્યાં મારી રાહ જોજે – આ શનિવારની સાંજે જ. જરૂર આવજે! નહિ આવે તો મને ઘણું જ ખોટું લાગશે. કદાચ મારું મગજ કાયમને માટે ફરી જશે, જેનો ઇલાજ મારો ડૉક્ટર મિત્ર પણ નહિ કરી શકે!

તૃપ્તિને મારી ખૂબ, ખૂબ પ્રેમાળ યાદ પાઠવજે.

તારો જ, દરિયો!
(હૈયે વડવાનલ જલે...!!!)

તોરલને પત્ર લખી રહ્યા પછી પ્રોફેસરે તરત જ ડૉ. યશવંત દલાલ પર પત્ર લખ્યો. બેઉ પત્રો બીડીને તાત્કાલિક પોસ્ટ કરવા નીકળી પડ્યા.

*

નિર્ધારિત આયોજન મુજબ શનિવારની બપોરે પ્રોફેસર જાડેજા બસસ્ટેશન પર પહોંચી ગયા. કારાવાસમાંથી છૂટીને ઘર તરફ જઈ રહેલા કેદી જેવી એમની મનોદશા હતી. હવે એમને ય એક 'ઘર' હતું. એ 'ઘર'નો અર્થ 'મકાન' નહોતો થતો. તોરલ નામનું એક જીવતું ઘર વસાવી દીધું'તું એમણે. આટલી સુદીર્ઘ કારકિર્દી દરમિયાન પોતાનું 'મકાન' નહીં બનાવી શકેલ પ્રોફેસર જાડેજા મનોમન અત્યંત સમૃદ્ધ લાગી રહ્યા હતા. લોકો તો વસાવી વસાવીને ઇંટચૂનાનાં મકાનો વસાવી જાણે છે; પોતે એક જીવતી-જાગતી, ચેતનાના પાયા ઉપર ઊભેલી ઇમારત વસાવી શક્યા હતા : એક એવી ઇમારત, જે જન્મોજન્મ એની હૂંફાળી ગોદમાં એમનું માથું લઈને

શાશ્વત નિરાંતની ચામર ઢોળવા પ્રતિપળ તત્પર હતી...

રાજકોટ પહોંચ્યા કે તરત રિક્ષા ભાડે કરીને એ ડૉ. યશવંત દલાલની મેન્ટલ હૉસ્પિટલે પહોંચી ગયા. સીધા ડૉક્ટરની ચૅમ્બરમાં ઘૂસ્યા. ડૉક્ટર અતિથિ-સત્કારમાં વ્યસ્ત હતા. ઊભા થઈને એમણે હાથ મિલાવ્યા : 'ઓહ, વેલકમ ઍન્ડ કૉન્ગ્રેચ્યુલેશન્સ, માય ડિયર! સો હાઉ ઇઝ લાઈફ!'

તોરલ અને તૃપ્તિ ડૉક્ટરની સામેના સોફાઓ પર બેઠેલાં હતાં. પ્રોફેસર જાડેજા તૃપ્તિને જોઈને થોડાક ખમચાયા; તરત જ કૃત્રિમ સ્વસ્થતા ધારણ કરીને એ હસ્યા! 'ફાઈન, વૅરી ફાઈન! મારો લૅટર તો મળી ગયેલોને સમયસર? ને પછી સોફા તરફ વળીને બોલ્યા : 'હલ્લો તૃપ્તિ! તું પણ આવી છે! બહુ જ સરસ! કદાચ તોરલને લખેલા પત્રમાં હું તને સાથે લાવવાનું લખવું ભૂલી ગયો હતો... ટેન્શનમાં હતો ને!'

એ તોરલની જોડે બેઠા. ડૉક્ટરે હાર્દિક પ્રસન્નતા વ્યક્ત કરી : 'ચાલ, દોસ્ત! ઘણાં વર્ષો પછી તારી જિંદગીમાં નવો સૂરજ ઊગ્યો એનો આનંદ છે!' તોરલ શરમાઈને નીચું જોઈ ગઈ.

'સૂરજ નહિ, 'ચંદ્ર ઊગ્યો' એમ કહો!' તૃપ્તિએ કૅમ્પાકોલાની ચુસ્કી લેતાં કહ્યું : 'સૂરજ તો રેગ્યુલર ટાઈમે ઊગે; ચંદ્રનું નક્કી નહિ! વહેલોય ઊગે ને વળી મનમાં આવે તો –'

તોરલે એને ઠોંસો માર્યો : 'હવે બહુ ડાહી ના થતી હોય તો!'

પ્રોફેસર તૃપ્તિની વહારે ધાયા : 'એને ખખડાવે છે શાની? એ બિલકુલ સાચું બોલી છે! વદના ચંદ્રની જેમ તો ઊગી છો રહી રહીને!'

તોરલે એમના હાથ પર ચૂંટી ખણી લીધી : 'જરા ડૉક્ટર સાહેબની તો શરમ રાખો!'

'મારી શરમ?' ડૉક્ટર ખડખડાટ હસી પડ્યા : 'તોરલ, તું જાણતી નથી એટલે મારે શું કહેવું? અરે, અમે તો ચડ્ડી નહોતા પહેરતા તે દિવસોના એકમેકને ઓળખીએ છીએ!'

બેઉ સખીઓ એવી હસી, એવી હસી! આ બે ભાઈબંધોને ચડ્ડી વગરની સ્થિતિમાં કલ્પી કલ્પીને કશું ય બોલ્યા ચાલ્યા વગર બેઉ જણે હસ્યા જ કર્યું. પેટ દુઃખી ગયું તોય એમનું હસવું ન રોકાયું. હસતાં હસતાં આંખમાં પાણી આવી ગયાં.

ડૉ. યશવંત દલાલે અફલાતૂન આયોજન કરી દીધું હતું. પત્ની અને બાળકો મુંબઈ 'મામા'ને ઘેર ગયેલાં હતાં, એટલે જમવાનું હોટેલ મેહુલમાં રાખ્યું હતું. રાતે ત્યાં રોકાવામાં પણ વાંધો નહોતો, પણ પ્રોફેસર જાડેજાએ જ ના પાડી : 'આખો બંગલો ખાલી પડ્યો છે, પછી હોટેલનો ખોટો ખર્ચ કરવાની શી જરૂર છે? તારે તો યાર, પોતાનું ઘર છે : હોમ, સ્વીટ હોમ! હોટેલમાં જમી કરીને સૂવાનું તો આપણે ઘર પર જ રાખીશું! કેમ, બરાબરને તૃપ્તિ?'

તૃપ્તિ શું કામ ના પાડે?

પ્રોફેસરે ધારેલું એ કરતાં ઘણું ભવ્ય આતિથ્ય ગોઠવાઈ ગયું હતું. ચૅમ્બરમાં લાલ-પીળાં પાત્રોમાં ઢળેલી મદિરા પ્રવેશી. પ્રોફેસરે તોરલ તરફ જોયું; તોરલે તૃપ્તિ તરફ જોયું; તૃપ્તિએ પ્રોફેસર તરફ જોયું; પછી ત્રણેય જણાંએ ડૉ. દલાલ તરફ જોયું! ડૉ. દલાલે ચહેરા પર સ્મિત ફરકાવીને કહ્યું : 'અરે યાર, જિંદગી માણતાં શીખો! રાતદિવસ આ પાગલો વચ્ચે રહી રહીને પાગલ જ થઈ જવાય, જો ખોટા આદર્શોના અંચળા ઓઢીને ફર્યા કરું તો-તો!'

ત્રણેય મહેમાનોને ડૉક્ટરની નિખાલસતા સ્પર્શી ગઈ. 'ચિયર્સ' થયું ને ચારે જણ ચાલુ થઈ ગયાં.

તોરલ અને તૃપ્તિ માટે આ પહેલો અનુભવ હતો. પ્રોફેસર અવારનવાર પીતા, પણ વ્યસનની રૂએ નહીં જ. ડૉક્ટર માટે એ રોજિંદી વાત હતી. તોરલ અને તૃપ્તિ બેઉ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો! ડૉક્ટર આગળ મદિરા અંગેનું પોતાનું અજ્ઞાન છતું થઈ ગયું તો!! – આધુનિકાઓ તરીકે એ બાબત પ્રત્યે બેઉ જણ સભાન બની ગઈ. ડૉક્ટર અને પ્રોફેસરને જોઈ

જોઈને એમને ખબર ન પડે એમ બેઉ જણીઓ અનુસરવા માંડી.

'જિંદગીનો આનંદ તો માણવો જ જોઈએ.' પ્રોફેસરે શરૂઆત કરી : 'ડી. એચ. લોરેન્સ કહે છે : વી ઓટ ટુ ડાન્સ વીથ રેપ્ચર ધેટ વી આર એલાઈવ – (આપણે જીવંત છીએ, એ વાત પર આપણે ઉન્મત્ત થઈને નાચી ઊઠવું જોઈએ!) મરેલાં ને નહિ જન્મેલાં બીજું ગમે તેટલું માણતાં હશે, પણ જિંદગીના જીવંત આનંદથી તો એ વંચિત જ રહેવાનાં ને! તોરલ, આપણે હજી જીવીએ છીએ! જીવીએ છીએ ત્યાં લગી જિંદગીનો ઉલ્લાસ ન માણીએ તો ઊલટાનાં આપણે મૂર્ખ ગણાઈએ!'

'ઍક્સેલેન્ટ! પ્રોફેસર, બહોત ખૂબ!' ડૉક્ટરે દરેકના ગ્લાસમાં બીજો પૅગ રેડ્યો : 'લગાવો યાર, શરમાયા વગર લગાવો! અહીં આપણે ચાર જ જણ છીએ! ખુદ ઈશ્વરને પણ અત્યારે ડૉ. દલાલની ચૅમ્બરમાં ઘૂસવાની મનાઈ છે!'

તોરલ અને તૃપ્તિના ચહેરા પર મદિરાની તીખાશ અંકાતી જોઈ ડૉક્ટરે ગોલ્ડસ્પોટની બાટલી ફોડી : 'યૂ ફિમે'લ્સ! મિક્સ ધિસ સૉફ્ટ ડ્રિંક ઍન્ડ યૂ વિલ ઍન્જોય!' પછી ડૉક્ટરે જ બેઉ પ્યાલાઓમાં 'સૉફ્ટ ડ્રિંક' રેડી આપ્યું અને તાકીદ કરતાં કહ્યું : 'તમે લોકો જરા ધીમી ગતિએ પીજો! તમે આખરે અબળાઓ છો!'

પુરુષત્વના પડકાર સામે તોરલ અને તૃપ્તિએ મોં મચકોડ્યાં. મદિરાનો દોર ચાલુ રહ્યો. વચ્ચે વાતચીત પણ ચાલતી રહી. પ્રોફેસર જરા ખૂલવા લાગ્યા : 'ડૉક્ટર, તું યાર, બહુ મોટો પાગલોનો નિષ્ણાત બનીને આખા સૌરાષ્ટ્રની ડાગળી તારી મુઠ્ઠીમાં લઈને બેસી ગયો, ને તારો આ જિગરજાન જાડેજા પોતે જ સાવ પાગલ જેવો થઈ ગયો! એની તારે દવા કરવી જોઈએ કે નહિ?'

તોરલે મોં ખોલ્યું : 'એ નશામાં નથી બોલતા, એમની ફરિયાદ genuine છે!' ને તૃપ્તિ પાસે હોંકારો ધરાવવા પૂછવા લાગી : 'કેમ તૃપ્તિ, બોલતી કેમ નથી?'

ડૉક્ટરે જુદો અર્થ લીધો : 'મેં ક્યારે ના પાડી? પણ એની મેન્ટલ બીમારી તો અદેખાઈ આવે એવી છે! કાશ, મનેય એવી કોઈ બીમારી લાગુ પડી હોત...!' ને એ તરસી નજરે તૃપ્તિના ચહેરા તરફ જોઈ રહ્યા...

તોરલે સ્પષ્ટતા કરી : 'હસવામાં નથી કહેતી...! અને તમે જરા લિટરરી અર્થ લઈ બેઠા છો!' થોડીક લજ્જા અનુભવીને એણે ઉમેર્યું : 'એ બીમારી તો જાણે એમના જીવવાનું કારણ બની ગઈ છે! પણ...'

'માશા અલ્લા! ક્યા બાત બતાઈ તૂને!' પ્રોફેસરે તોરલને બાથમાં લઈ લીધી, એના જામમાંથી મદિરાનો એક ઘૂંટ પી લીધો, ને પોતાનો જામ એના હોઠ પર ધર્યો. ખુશી અને ગૌરવની મિશ્ર લાગણીમાં થોડીક શરમની ઉત્તેજના ભળી. તોરલે પ્રોફેસરને ચૂમી ભરી લીધી.

એ દૃશ્ય પર ડૉક્ટર અને તૃપ્તિ ખુશ થઈને આફરીન પોકારી ઊઠ્યાં : 'પ્રોફેસર, આઈ પ્રોફ્યુઝલી કૉન્ગ્રૅચ્યુલેટ યૂ!' ડૉક્ટર ઝૂમી ઊઠ્યા. 'ઍન્ડ આઈ કૉન્ગ્રેચ્યુલેટ યૂ, તોરલ! ફાઈન, સુપર્બ!'

– તૃપ્તિ કંઈ પાછી પડે?

પ્રોફેસર જામ્યા :

ધ ફાઉન્ટન્સ મિન્ગલ વિથ ધ રીવર્સ
ધ રીવર્સ વિથ ધ ઓશન;
ધ સન ક્લૅસ્પ્સ ધ અર્થ,
ધ મુન-બીમ્સ કિસ ધ સી
વૉટ આર ઑલ ધીઝ કિસિંગ્ઝ વર્થ

ઈફ ધાઉ નોટ મી?

તોરલ, પ્રકૃતિ તત્ત્વોનાં એ શાશ્વત ચુંબનોનો મારે મન શો અર્થ? જ્યાં લગી તારું ચુંબન ન પામું, ત્યાં લગી પ્રકૃતિની એ શાશ્વત ચુંબનલીલા મારે મન અર્થહીન છે...! ઓહ, ડાર્લિંગ! કિસ મી અગેઈન!

– ને તોરલે એક તસતસતું ચુંબન ચોડ્યું...! પ્રોફેસર મસ્તીથી ઝૂમી ઊઠ્યા... ચહેરો હળુહળુ ચમકી રહ્યો...

તૃપ્તિથી ન રહેવાયું : 'ડૉક્ટર, તમે હવે તો કબૂલ કરશો ને, કે તમારી કોઈ પણ દવા કરતાં પ્રેયસીનું એક ચુંબન માનવીની માનસિક શાન્તિ માટે વધુ અસરકારક પુરવાર થઈ શકે છે?'

'સ્યૉર, તૃપ્તિ! સ્યૉર! હવેથી હું દરદીઓને 'કિસ'ના કરંટ લેવાનું સૂચવીશ! આજથી આ હૉસ્પિટલમાં એક નવો સેક્શન શરૂ થશે : કિસ-થેરાપી સેક્શન! ઓહ, સો નાઈસ! અફલાતૂન આઈડિયા!!' ઓચિંતા જ એ તૃપ્તિ તરફ ખેંચાઈ ગયા. એમના ઓષ્ઠ લગાર સળવળ્યા, ને કશુંક સાંભરી આવતાં એ પાછા સ્વસ્થ થઈને બેસી પડ્યા. અલબત્ત, તૃપ્તિના જામમાંથી એક ઘૂંટ મદિરા તો એમણે પી જ લીધી.

'આઈ થિંક, ધિસ મચ ઈઝ ઈનફ!' પ્રોફેસરે કહ્યું : 'પછી આપણે જમવા પણ નહિ જઈ શકીએ! હોટેલવાળાઓને લાગશે : જનરલી લોકો ચાલતા ચાલતા જમવા આવે છે; આ લોકો નૃત્ય કરતાં-કરતાં આવ્યા!' ડૉક્ટરે કહ્યું : 'એમાં ચિંતા કરવાની જરૂર નથી. ટિફિન બંગલે પહોંચી જશે! સિમ્પલી ઑન માય સિંગલ ફોન!'

તોરલે ડૉક્ટરના સૂરમાં સૂર પુરાવ્યો : 'એ જ ઠીક રહેશે!'

ડૉક્ટરે ફોન જોડીને હોટેલ મેહુલમાં જરૂરી સૂચના આપી દીધી. છેલ્લો દોર પૂરો કરીને ચારેય જણ ડૉ. દલાલની ચૅમ્બરમાંથી બહાર નીકળ્યાં. તોરલને પ્રફુલ્લિતતાની અનુભૂતિ થઈ. જોકે આકાશ તરફ જોયું ત્યારે એને ચક્કર આવવા લાગ્યા. દીવાલને અઢેલીને એ ઊભી રહી. એ પડી તો નહિ જાય, એવી ચિંતા પેઠી એટલે પ્રોફેસર એની નજીક આવીને ઊભા રહ્યા. તોરલને એ ગમ્યું.

તૃપ્તિનો તો પગ જ ટકતો નહોતો. જરા વધુ લેવાઈ ગયું હતું. એને થયું : 'જે થયું તે ઠીક જ થયું! પત્રો પરથી પ્રોફેસર બિચારા કેટલા દુઃખી લાગતા હતા! દુઃખ દબાવી દેવા માટે આ ઘણી ઉત્તમ ચીજ છે! વળી એમને તો આજે ડબલ ડોઝ મળ્યો : સુરા અને સુંદરી, બેઉ! ગમે તેવું ભયંકર દુઃખ પણ દબી જાય!'

ડૉક્ટરે કારના દરવાજા ખોલ્યા. ત્રણે જણ ગોઠવાઈ ગયા. તૃપ્તિ આગળની સીટમાં બેઠી. ડૉક્ટરે સિગારેટ સળગાવી. ધુમાડાનો ગોટ તૃપ્તિના ચહેરા પર ફૂંકીને દબદબાપૂર્વક 'ગાડી' સ્ટાર્ટ કરી. પાછળની સીટમાં બેઠેલી તોરલ એનું આખું વજન પ્રોફેસરના શરીર પર ઢાળીને સૂઈ ગઈ હતી.

બંગલે પહોંચીને ડૉક્ટરે ફટાફટ જમવાની અને સૂવાની વ્યવસ્થા કરાવડાવી દીધી. નોકરોએ 'સાહેબ'ના હુકમનો ચુસ્તીપૂર્વક અમલ કર્યો. ચાદરો બદલાઈ ગઈ. શયનખંડો સજાવાઈ ગયા.

ટિફિન આવી ગયું હતું. ચારે જણ ડાઇનિંગ ટેબલ પર ગોઠવાઈ ગયાં. જમતાં જમતાં થોડીક ગંભીર વાતો ચાલી. પ્રોફેસરે નિખાલસતાપૂર્વક પૂછી જ લીધું : 'મેં તને પત્રમાં લખેલું, યાદ છે? મને લાગે છે – હું બહુ મોટા માનસિક રોગનો દરદી બની ગયો છું.' એમણે જરાક રહીને ઉમેર્યું : 'ડૉક્ટર, મને તે રાત્રે છેક રાજકોટથી લીંબડી લગી બસમાં મારી જોડાજોડ મારી મૃત પત્ની પ્રવાસ કરતી હોય એવું લાગ્યું, એનું શું કારણ?'

'એનું કારણ એ કે બેટમજી, તમે રાજકોટ થઈને નીકળ્યા ને છતાં તમારા લંગોટિયા મિત્રને સમૂળગો ભૂલી ગયા! ભાઈ, ભૂલી જ જાઓ ને! તમને યાર, આટલો સુંદર સહચાર મળ્યો, પછી તમે દલાલને શું કામ યાદ કરો? પુરુષોને એક ખાસ કુટેવ હોય છે : સ્ત્રીની કંપની ન મળતી હોય તો જ પુરુષની કંપની પસંદ કરવી!'ડૉક્ટરે ઉડાવવાની શરૂઆત કરી. તોરલ શરમાઈ ગઈ. 'એવું નથી, ડૉક્ટર!' પ્રોફેસરે ગંભીર બનીને કહ્યું : 'પાછો અમદાવાદ પહોંચ્યો, ત્યાં ઘર ખોલું છું તો જાણે સુવાસ જ સુવાસ! ને અંદરના ઓરડામાં મને શું દેખાયું'તું ખબર છે?'

એકાએક તોરલ કંપી ઊઠી. એનાથી બોલાઈ ગયું : 'પ્લી...ઝ! અત્યારે એ સંભારશો નહિ! મને બીક લાગે છે!' એના હાથમાંથી ચમચી પડી ગઈ.

ડૉક્ટર ખડખડાટ હસી પડ્યા : 'ઓહ યૂ મૅડિકલ સ્ટુડન્ટ! આમ છળી મરીશ તો ડૉક્ટર કેવી રીતે થઈ શકીશ? તોરલ, જાડેજાએ વિગતવાર પત્ર લખીને મને હકીકત જણાવી જ દીધેલી. મારે મન એ બાબતનું ખાસ મહત્ત્વ છે જ નહિ! એ આ જંજાળમાંથી છૂટીને ઘડીક તારી સાથે આનંદ ભોગવી શકે, એ દૃષ્ટિથી જ મેં આ પાર્ટીનું આયોજન કરેલું! આલ્કોહૉલ માણસને થોડોક હળવો બનાવી મૂકે છે. એ રિલેક્સ કરનારી ચીજ છે! રાજ બાનું સ્મરણ જાડેજાના સુષુપ્ત માનસમાં વર્ષોથી ટૂંટિયાં વાળીને પડ્યું હતું. તારી સાથે મોજમજા માણીને એ પાછો ફર્યો અને એકલો પડ્યો એટલે એ સ્મરણ સળવળી ઊઠ્યું. એ એકલો પડ્યો ને – એ જ મુદ્દો મહત્ત્વનો છે! અહીં મારી પાસે રોકાઈને ગયો હોત તો શક્ય છે કે એને આ ટ્રબલ ન ભોગવવી પડી હોત. રાજ બાએ આપઘાત કરેલો; એના આપઘાતનું દૃશ્ય પણ જાડેજાને ઘરના ઊંડા ઓરડે દેખાયું! આ પ્રક્રિયાને તબીબી ભાષામાં આપણે 'હેલુસિનેશન' કહીએ છીએ. તમે હજી સાઈકિયેટ્રી ભણશો ત્યારે તમને એ બધું સમજાશે...' ડૉક્ટરે થોડુંક અટકીને ઉમેર્યું : 'પ્રિન્સિપાલનાં પત્નીમાં રાજ બાનું દેખાવું – એ પણ એક પ્રકારનું 'ડિલ્યૂઝન' – ભ્રમ, આભાસ! આ બધાના મૂળમાં ચરસની અસર તો ખરી જ, હોં કે!'

'આ તો મૂળ ગામડાના ખરા ને!' તોરલે કટાક્ષ કરતાં કહ્યું : 'એટલે મૂળ પાછા ભૂત-પ્રેતમાંય માનવાના સંસ્કારો તો ક્યાંથી ભૂંસાય?'

પ્રોફેસરે સ્મિત કર્યું : 'હવે તમે ડૉક્ટરો ભેગાં થઈને મારું ચસકી ગયેલું માઈન્ડ ઠેકાણે લાવી દો ત્યારે! બીજું શું?'

'દોસ્ત!' ડૉક્ટરે ઊભા થતાં પીઠ પર ધબ્બો મારતાં કહ્યું : 'તારા માનસિક દર્દની એક અને એક માત્ર દવા તારી જોડે જ બેઠી છે!'

– ડૉક્ટરના ઇશારાથી તોરલ છેડાઈ પડી : 'તમે ય જબરા છો!'

ઝટપટ હાથ-મોં ધોઈને ડૉક્ટરે પ્રસ્તાવ મૂક્યો : 'ઈટ ઇઝ ઑલરેડી મિડ નાઇટ! ચાલો, ગૂડ નાઇટ ટુ ઑલ!'

ડૉક્ટર એમના શયનખંડમાં ચાલ્યા ગયા. તોરલ પ્રોફેસરની સાથે અલગ ખંડમાં સૂવા ચાલી ગઈ. તૃપ્તિના એકલીના ફાળે આખી રૂમ આવી હતી : છેક છેવાડે.

તોરલે જતાં-જતાં પૂછ્યું 'તૃપ્તિ, તને એકલીને ફાવશે ને?'

'ફાવશે, ફાવશે!' તૃપ્તિ મસ્તીભર્યું હસી : 'તું તારે જા ને!!!'

ને પછી આંખ મિચકારીને કહેતી ગઈ : 'મારા જીજાજીને બહુ પજવતી નહિ પાછી!'

તોરલે શરમાઈને કોઈ જવાબ ન આપ્યો.

– ને બંગલો શાન્ત થઈ ગયો.

19

રાત ગળતી ચાલી.

પ્રોફેસરને ઊંઘ આવી રહી હતી. તોરલની છાતીમાં મોં દબાવીને એ સૂઈ ગયા હતા. તોરલનો સુંવાળો હાથ એમની પીઠ પર ફરી રહ્યો હતો.

તોરલે કહ્યું : 'આજે તમને ઊંઘવા નહિ દઉં! સાંભળો છો?'

ડીમલાઇટના અજવાસમાં આખો ખંડ મોહક લાગી રહ્યો હતો.

'આજે તમને ઊંઘવા નથી દેવાની, સમજ્યા?' ફરી વાર તોરલે એમને ઢંઢોળ્યા.

'મારે ય ક્યાં ઊંઘવું છે? હું અહીં ઊંઘવા ઓછો આવ્યો છું?' પ્રોફેસરે પડખું ફેરવ્યું. તોરલના ચહેરાને બેઉ હથેળીઓ વચ્ચે ગોઠવીને એની વધુ નજીક સર્યા. તોરલ એમને અનુકૂળ થતી ચાલી.

'પાણી આપું?' તોરલ બેઠી થઈ. લગાર ઊંચા હાથે એણે બેઠાં-બેઠાં જ પંખો ફાસ્ટ કર્યો.

'ચાલ, આપ!' પ્રોફેસર દીવાલને અઢેલીને બેઠા.

તોરલે જગમાંથી પાણી કાઢ્યું. થોડુંક પોતે પીધું. થોડુંક પ્રોફેસરે પીધું. વધ્યું એ તોરલ પી ગઈ.

આછા ગુલાબી અજવાસમાં બેઉ એકમેકને આલિંગીને બેસી રહ્યાં. કેટલીય ક્ષણો લગી બેઉ મૂંગાં મૂંગાં એકમેકને જોતાં રહ્યાં.

'બહુ દુઃખ પડી ગયું, નહિ?' તોરલે મૌન તોડ્યું. ટેરવાં વડે પ્રોફેસરની દાઢી પર લટકતાં જલબિંદુ ખેરવતાં એણે પૂછ્યું : 'ચરસ ન પીતા હો તો! ચરસ કેટલી ખરાબ વસ્તુ છે, ખબર છે?'

'હવે નહિ પીઉં, બસ!' પ્રોફેસરે એના હોઠ પર આંગળી મૂકીને કહ્યું : 'ખરેખર, તોરલ! તારા સમ!'

તોરલને ખુશી થઈ. એણે એમનો હાથ ચૂમી લીધો : 'મને કેટલી બધી ચિંતા થતી હતી! ડગલે ને પગલે તમારી ફિકર રહ્યા કરતી હતી!' પ્રોફેસરે ગમગીનીભર્યું સ્મિત કર્યું : 'હું ખુશનસીબ છું કે દુનિયામાં કોઈ એક વ્યક્તિને મારી ફિકર પણ રહે છે!'

'રાજ બાની લાશ જોઈ ત્યારે તમે બી નહિ ગયેલા?' તોરલની આંખોમાં કોઈ અગોચર ભય ડોકાઈ રહ્યો હતો. એણે પૂછતાં તો પૂછી લીધું પણ પછી એને લાગ્યું કે ના પૂછ્યું હોત તો સારું થાત...

'લાશ જોઈને બીક તો લાગે જ ને!' પ્રોફેસરની નજર સામે એ દૃશ્ય તરવરી રહ્યું : 'પણ તોરલ, આ લાશ બિહામણી નહોતી લાગે એવી! એમાંથી સુવાસ ફોરી રહી હતી. અને એ જાણે હમણાં જ ખીંટી પર લટકી હોય એવી દેખાતી હતી...'

'બિચ્ચારી રાજ બા!' તોરલના મનમાં અનુકંપા જાગી. એક સ્ત્રીને સોહાગરાતની વહેલી પરોઢ વેળાએ આમ લટકી પડવું પડ્યું હશે, એ કેવી દુઃખદ પળ હશે!

'તમને પંદર વરસ પહેલાં જ્યારે સાચે સાચી ઘટના બનેલી, ત્યારે કેવું લાગેલું? એ વખતે તમને બીક નહોતી લાગી?'

'બીક તો – ખેર! દયા આવેલી, એટલું યાદ છે. એ એની મેળે જ મરી ગયાં હતાં. મેં કંઈ એમને મરવા મજબૂર નહોતાં કર્યાં!'

'તમે એમને માનવાચક શબ્દોથી બોલાવતા?' તોરલ પૂછી બેઠી.

'અમે રજપૂત ખરા ને! પત્નીને અમારે ત્યાં માનથી બોલાવવાનો રિવાજ છે! તોરલ, અત્યારે શું કામ એ બધું સંભારીને સમય બગાડે છે? આવ, આપણે કંઈક બીજી વાતો કરીએ!'

'ભલે!' તોરલ જરા નજીક આવી : 'ભૂતકાળ ઉખેળ્યે શો લાભ થવાનો હતો? ઊલટી સૂતેલી વેદનાઓ જાગે, ને વધુ દુઃખી થવાય!'

'તોરલ, તને મારો પત્ર વાંચીને કેવી લાગણીઓ જન્મેલી? – સાચું કહેજે, હોં!' પ્રોફેસરે એના કુંતલ રાશિમાં આંગળાં પરોવતાં પૂછ્યું.

'તમે એમ માનેલું ને, કે મને નફરત થઈ હશે?' તોરલે કહ્યું :

'તમે એવી કલ્પના કરી કરીને કેટલા બધા દુઃખી થયા! નાહક!'

'તને નફરત ન થઈ, એ મારું સદ્ભાગ્ય કહેવાય. બીજી કોઈ પણ યુવતીને એના પ્રેમીના આવા બેહૂદા વર્તાવ પ્રત્યે નફરત જ થઈ હોત!'

'બીજી યુવતીઓમાં ને મારામાં ફેર છે, એટલું સમજો તો સારું!' તોરલે થોડીક હતાશા સાથે પૂછ્યું : 'પ્રેમનું કોઈ બૅરોમીટર નીકળ્યું છે? નીકળ્યું હોય, તો લઈ આવજો, બીજી વાર આવો ત્યારે! તમને મારે શું કહેવું? શબ્દો જ જડતા નથી!' એની આંખ ભીની થઈ ગઈ.

'ના રોઈએ, તોરલ!' એની પાંપણ પંપાળતાં પ્રોફેસરે કહ્યું : 'આવું તો જિંદગીમાં થયા જ કરે! કિસ્મતમાં લખી હશે એટલી ઠોકરો ખાધા વગર છૂટકો છે?' ને એને નજીક ખેંચીને બોલ્યા : 'આ ડૉક્ટર મારા કરતાં ઘણા 'ડલ' હતા. એમનું નસીબ : આજે એ લક્ષાધિપતિ થયા, નાના હતા ત્યારે મારી પાસે ગણિત શીખવા આવતા! અત્યારે હું એમનો દરદી થઈને આવ્યો છું! એમણે લાખો રૂપિયાની ઇમારતો બાંધી છે. મારી પાસે પોતાની માલિકીનું મકાન સુધ્ધાં નથી. પણ તોરલ, હું મારી જાતને એમના કરતાં જરીય ઓછી નસીબદાર નથી ગણતો! તને ખબર છે, કેમ?'

'તમે જ કહો ને!'

'એટલા માટે કે મને જે મળ્યું છે ને, એ સુખ એમને કરોડો રૂપિયા ખર્ચ્યે પણ મળી શકે એમ નથી! તોરલ, એમને આખી દુનિયા મળશે, કંઈ તું મળવાની છે?' પ્રોફેસર આવેશમાં આવી જઈને એને બાઝી પડ્યા.

'ઓ...! ઓ...!' તોરલે ભીંસ હળવી કરાવતાં કહ્યું : 'તમે તો એવા વળગો છો!' – ને એનો ચહેરો લાલ-લાલ થઇ ગયો. ગુલાબી પ્રકાશમાં એ મધરાતે ખીલી ઊઠેલા ગુલાબ જેવો શોભી રહ્યો...!

'તમને ખબર છે –' તોરલે ધીમા અવાજે કહ્યું : 'મને તો આવી મહેલાતોનો મોહ છે જ નહિ! મને તો સાવ એકાંત નદી કિનારે નાનકડી ઝૂંપડીમાં રહેવું ગમે! જેસલ, આપણે એવી એક ઝૂંપડી બનાવીશું ને, એક દિવસ?'

'જરૂર તોરલ, જરૂર!' પ્રોફેસરે એને વચન આપ્યું : 'તું કહેતી હો તો આવતીકાલે જ!'

તોરલ ઝૂંપડીની રમણીય કલ્પનામાં ખોવાઈ ગઈ : સુંદર, હરિયાળો નદી કિનારો હોય, ઘટાદાર વૃક્ષોની છાયા હોય, આજુબાજુ ખુલ્લાં ખેતરોમાં લીલી ફસલ લહેરાઈ રહી હોય, ઉપર મેઘમય આકાશ ઝળૂંબી રહ્યું હોય, ને આંગણે ગોરી ગાય ભાંભરતી હોય...! પપૈયો, 'પિયુ! પિયુ!'ના પોકાર ગજવતો હોય ને કોકિલનો ટહુકાર આખું વન ઊંચકીને વહી આવતો હોય...! ઓહ, કેવી મજા આવે એવી એક ઘાસ-માટીની ઝૂંપડીમાં રહેવાની! હું ચૂલો પેટાવું ને આગ સળગી સળગીને ઓલવાઈ જાય... ધુમાડો ઝૂંપડીમાં ગોટાઈ જાય, મારી આંખમાં અંજાઈ જાય, ને હું ભૂંગળી ફૂંકી-ફૂંકીને થાકું ત્યારે ઢોલિયે પોઢેલા પિયુજીને કહું : સાંભળો છો? જરા સૂકી સાંઠીની ભારી લઈ આવો ને! ચૂલામાં ય ચોમાસું બેઠું છે!!!

.....ને પછી –

તોરલની કલ્પનાએ કરવટ બદલી : ઘોર અંધારું હોય, મેઘ મન મૂકીને વરસતા હોય, પવન બિહામણાં પ્રેતની જેમ સૂસવતા હોય, વીજળી કડાકા લેતી હોય ને અમે બે ઝૂંપડીમાં

ઢોલિયો ઢાળીને સૂતાં હોઈએ... મધરાતે કોક ઝૂંપડીનાં બારણે આવીને બોલે : ખોલો! ઝટ ખોલો!

ઊંઘમાંથી ઝબકીને હું જાગી પડું : કાન માંડીને પેલો અવાજ જરા ધ્યાનથી સાંભળવા મથું – 'ખોલો તો!'

– ને થડકતા હૈયે દીવડું પેટાવી ને બારણું ઉઘાડવા જઉં ત્યાં પવનની એક થપાટ સાથે મારું દીવડું રામ થઈ જાય... બારણું ઉઘાડવા જઉં, ને વીજળીના તેજલિસોટામાં મને એક પાનેતર ઓઢેલી નવોઢા નજરે પડે... ઓહ મમ્મી ઈઈઈ...!

'મમ્મી'ના નામની એકાએક ચીસ પડાઈ ગઈ. પ્રોફેસર ચમક્યા.

'કેમ, શું થયું તોરલ?'

'કશું જ નહિ! એ તો અમસ્તી જ ચીસ પડાઈ ગઈ!'

'પણ તું આમ કંપી કેમ રહી છે? જો તો ખરી, તારી આંખો કેવી બી ગયેલી લાગે છે! ગભરાઈ ગઈ છે કે શું?'

'ના, ના! કશું જ થયું નથી મને! મને કશું પૂછશો નહિ!' કરતી એ પ્રોફેસરને બાઝી પડી. એના હાથ ઠંડાગાર થઈ ગયા હતા. એનું શરીર ધ્રૂજી રહ્યું હતું; એ ગભરુ પારેવાની માફક ફફડી રહી હતી...

'સાચું કહે, તોરલ! મારાથી તું કશુંક છુપાવતી લાગ છે!' પ્રોફેસરે એને પ્રેમથી પૂછ્યું : 'શું તારી અકળામણ જાણવાનો તારા જેસલને હક્ક નથી?'

તોરલ પ્રોફેસરની છાતીમાં ચહેરો સંતાડી દઈને રડવા લાગી.

પ્રોફેસરે એને છાની રાખી : 'ચાલ, બેઠી થા! થોડુંક પાણી પી લે.' એમણે એને પાણીનો ગ્લાસ ભરી આપ્યો : 'થોડીક રિલૅક્સ થા. પછી કહેજે!'

તોરલ બાથરૂમ જઈ આવી. ફ્રેશ થઈને આવી, એટલે પ્રોફેસરે એનું સ્મિતમય સ્વાગત કર્યું : 'હૅલો, તોરુ!' તોરલ એમના ખોળામાં બેસી ગઈ. નિર્દોષ બાલિકાની જેમ એ એમની દાઢીના બાલમાં એનાં નાજુક ટેરવાં ફેરવવા લાગી.

'મને તમારાં એ યાદ આવી ગયાં!' એણે ત્રૂટક ત્રૂટક શબ્દોમાં કહ્યું : 'હું સરસ કલ્પનાઓમાં સરી પડી હતી. એક મનોરમ્ય ઝૂંપડી મને આંખો આગળ તાદૃશ થયેલી દેખાવા લાગી. આપણે બેઉ જાણે ગૃહસ્થ જીવન જીવીએ છીએ... ખૂબ મજાનું, ખુશીથી ભર્યું ભર્યું શ્રાવણી આકાશ જેવું ભીનું ભીનું જીવન! ત્યાં એક રાત્રે તમે ઊંઘી ગયા હો છો, ને મને બારણે કોઈનો અવાજ સંભળાય છે – કોઈ એક સ્ત્રીને જાણે અંદર આવવું છે! ને હું દીવડું પેટાવીને બારણું ઉઘાડવા જઉં છું, ત્યાં પવનની ઝાપટ વાગતાં અંધારું થઈ જાય છે... થડકતા હૈયે હું બારણું ખોલું છું ત્યાં વીજળીનો ચમકારો થાય છે... તમે માનશો? મેં નજરોનજર જોયાં એમને! એમણે માથાઢંક પાનેતર ઓઢ્યું'તું! મરતી વેળાએ એમણે પાનેતર પહેરેલું ને?' તોરલના પ્રશ્નમાં ભય મિશ્રિત વિસ્મય હતું.

'હા.' પ્રોફેસરે એના શરીર પર હાથ ફેરવતાં કહ્યું : 'તોરલ, એ કમનસીબ નારી બિચારી એની પહેલી જ સોહાગરાતે મરી ગઈ હતી! એણે પાનેતરનો જ ગાળિયો બનાવીને ફાંસો ખાધો હતો...! મને 'ડચેસ ઑફ માલ્ફી'ની ભરજોબનમાં મૃત્યુની ગોદમાં પોઢી ગયેલી નાયિકા યાદ આવે છે! ડ્યૂકની જેમ મને ય કહેવાનું મન થઈ જાય છે –

કવર યોર ફેસ
માઈન આઈઝ ડેઝલ
શી ડાઈડ યન્ગ*...!*

તોરલ, અકાળે મરનાર તરફ સૌને અનુકંપા થાય. સ્વાભાવિક છે.'

'તમે એમને મરવા કેમ દીધાં?' તોરલથી પુછાઈ ગયું.

'ચાલ, સારું છે કે તેં એટલું જ પૂછીને સંતોષ માન્યો.' પ્રોફેસરે વિષાદપૂર્ણ હાસ્ય સાથે ઉમેર્યું : 'મારા ગામનાં માણસોથી તું એટલી તો જુદી પડી! એ લોકોએ તો એટલી હદે વાત ચગાવી હતી કે મેં રીતસરનું એનું ખૂન જ કર્યું હોવું જોઈએ!'

તોરલ ધ્રૂજી ઊઠી : 'એવું ન બોલો! એક પતિ કદાપિ એની પત્નીનું ખૂન ન કરી શકે! ઍટ લિસ્ટ, તમે તો ન જ કરી શકો!'

પ્રોફેસરને એનો એ વિશ્વાસ ગમ્યો.

'જાડેજા, હું કુદરતી મોતે મરી જઉં તો ય લોકો તો તમારા ઉપર જ આક્ષેપ કરે, કેમ?'

'શું કામ એવી નિર્દય કલ્પના કરે છે?' પ્રોફેસરે એને બે હથેળીઓ વચ્ચે સમાવી લઈને પૂછ્યું : 'તોરલ, રાત બહુ ટૂંકી છે! ને તું જ પાછી કહેતી'તી – ભૂતકાળ ઉખેળવાથી તો ઊલટાની સૂતેલી વેદનાઓ જાગે; અકારણ દુઃખી થવાય!'

તોરલે બગાસું ખાધું. ચહેરા ઉપર માંદલું સ્મિત ફરક્યું.

'સૂઈ જઈશું?' એણે ફરી બગાસું ખાધું.

'ચાલ, સૂઈ જઈએ!' એને પલંગ પર ગોઠવતાં પ્રોફેસરે પૂછ્યું :

'ડીમલાઈટ ચાલુ રહેવા દઉં કે બંધ કરી દઉં?'

'બંધ કરી દો.'

– ખંડમાં અંધારું છવાઈ ગયું. અંધારાની સાથે જ મૌન પણ.

આવરણ ઊઘડતાં ચાલ્યાં. તોરલે પ્રતિકાર ન કર્યો. અંગવળોટ ટેરવાંની સ્પર્શયાત્રાના વિસામા બની રહ્યા. તોરલને સારું લાગી રહ્યું હતું. શરમ છૂટી ગઈ હતી.

એકાએક પ્રોફેસરનો હાથ ઊંચકાયો. તોરલે એને મજબૂત રીતે પકડી રાખ્યો : 'લાઈટ ના કરશો, પ્લી...ઝ! મને શરમ ન આવે?'

પ્રોફેસરે હઠ પકડી : 'એમ કંઈ બધી બાબતમાં તારું જ કહ્યું માનવાનું મારે?' ને એમણે ઝાટકો મારીને હાથ છોડાવી દીધો. ખંડમાં અજવાળું થઈ ગયું. જોકે તોરલે અજવાળું થાય એ પહેલાં ચાદર ઓઢી દીધી હતી. એ હસી રહી હતી.

પ્રોફેસરે ચાદર ખસેડવા ખૂબ પ્રયત્ન કર્યો. તોરલે બેઉ હાથ વડે અને બેઉ પગની ભીંસમાં ચાદર એવી મજબૂતાઈપૂર્વક પકડી હતી કે પ્રોફેસરને ફક્ત એમાં અંશતઃ સફળતા જ મળી.

તોરલ નહિ જ માને એવું લાગ્યું એટલે પ્રોફેસર નિરાશ થઈને પાસું વાળીને સૂઈ ગયા.

'રીસ ચડી ગઈ?' તોરલ એમને મનાવવા માંડી. હળવે રહીને લાઈટ બંધ કરી દઈને એણે જાતે જ ચાદર ફંગોળી દીધી.

'બસ, આમ રિસામણાં-મનામણાંમાં જ રાત પૂરી કરી દેવી છે?'

પ્રોફેસરની રીસ ટકી ટકીને કેટલું ટકવાની હતી?

'તોરલ, તને ખબર છે – તને જોવા માટે હું કેટલો તલસું છું?'

'જબરા છો! રાતદિવસ તમારી પાસે ને પાસે તો પડી હોઉં છું!'

તોરલે કોમળ અવાજે ઉમેર્યું : 'અંધારામાં જોવી હોય એટલી જોઈ લો! અજવાળાની તો મને બહુ જ શરમ આવે છે!'

'મૅડિકલ સ્ટુડન્ટને વળી શરમ શાની આવે?'

'કેમ, મૅડિકલ સ્ટુડન્ટ થઈ એટલે હું છોકરી મટી ગઈ?'

– કોઈ જવાબ ન મળ્યો. થોડી વાર પૂરતી ચુપકીદી છવાઈ વળી.

તોરલને દયા આવી ગઈ. એણે કંઈક વિચાર્યું, ને પછી પ્રોફેસરના ચહેરા પર ચૂંટી ખણતાં કહ્યું : 'તમારે નહિ જ ચાલે?'

'ના.'

'તો કરો લાઈટ! પણ એક શરત! હું બતાવું એટલું જ જોવાનું! હું તમને પ્રોમિસ આપું છું કે કટકે-કટકે મારી આખેઆખી કાયા બતાવીશ! એકસામટી, આખેઆખી તો હું તમને નહિ જ જોવા દઉં મારી રૂપસૃષ્ટિ! બોલો, મંજૂર છે?'

પ્રોફેસરને એની શરત સ્વીકારવી પડી.

'ચાદરની ઝૂંટાઝૂંટ નહિ કરો, એવું વચન આપો!'

'પ્રોમિસ, બસ!'

તોરલે જાતે જ લાઈટ ચાલુ કરી. એક પછી એક અંગ પરથી ક્રમશઃ ચાદર ખસતી ગઈ. તોરલની ભૂગોળ ઊઘડતી ગઈ. પ્રોફેસરની ચક્ષુયાત્રા પૂરી થઈ. તોરલે ચાદર ઓઢી લીધી.

'બસ, હવે તો સંતોષ થયો ને?'

'થયો! મનમાં ને મનમાં બધાં દૃશ્યો સાંધું છું એટલે તું આખેઆખી જોવાઈ ગઈ એવું કલ્પી શકાય છે!'

'તમે અમદાવાદ હો ત્યારે રાજકોટમાં હો છો ખરા?' તોરલે જરા જુદી રીતે પૂછ્યું.

'ના.'

'અને મુંબઈમાં?'

'ના.'

'દિલ્હીમાં હો ત્યારે?'

'આમ અટપટા પ્રશ્નો પૂછવાનો શો અર્થ છે?'

'આખું ભારત તમે એકીસાથે જોઈ શકો ખરા? ને છતાં યાત્રા કરીને આવો ત્યારે તમને આખો દેશ જોયાનો સંતોષ હોય છે! હોય છે કે નહિ?' તોરલે પ્રોફેસરને ભૂગોળ શીખવવા માંડી!

'એટલે તું તારી જાતને હિંદુસ્તાન સાથે સરખાવે છે, એમ!' પ્રોફેસર હવે સમજ્યા : 'જબરી છે!'

'હિંદુસ્તાન જ શું કામ? હું દુનિયા છું! આઈ એમ વર્લ્ડ માયસેલ્ફ! હું પૃથ્વી છું!'

'ને હું?'

'તમે સૂરજ!!!' તોરલના અવાજમાં ગજબની કુમાશ હતી. તોરલનો ટહુકો પ્રોફેસરને ગમી ગયો. થોડું વિચારીને એ બોલ્યા :

'પણ અહીં તો સૂરજ પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે!'

ચિડાઈને તોરલે એમને બચકું ભરી લીધું. દાંત બેઠા ત્યાં લગી એ ન વછૂટી.

'અરે, અરે!' પ્રોફેસરે એને દંતક્ષત બતાવતાં કહ્યું :

'ખબર છે – અહીં હવે લોહી જામી જશે!'

'ભલે જામી જતું! હજી તો ઘણાં વધારે બચકાં ભરવાની છું!'

'પૃથ્વીને હડકવા ઊપડ્યો લાગે છે!' પ્રોફેસરે રમૂજ કરી.

એના જવાબમાં તોરલે બીજું બચકું ભરી લીધું.

'હજી કેટલાં બાકી છે?' પ્રોફેસરે પૂછ્યું.

'ઘણાંબધાં!' તોરલે મોં ચડાવીને પૂછ્યું : 'પેલીનો હાથ શું કામ ઝાલ્યો'તો? હવે ઝાલશો કદી?' ને એ ફરી વળગી!

'નહિ ઝાલું બાપા, નહિ ઝાલું!' પ્રોફેસરે એને વછોડતાં કહ્યું : 'આમ તું બચકાં ભરી ભરીને કરડી ખાઈશ એવી ખબર હોત તો ન ઝાલત એનો હાથ! હવે તો છોડ!'

તોરલે એમના બેઉ ગાલ ખેંચીને કહ્યું : 'સત્તર રાંડોના હાથ પકડશો એનો મને વાંધો

નથી, પણ પછી રોતા રોતા મારી પાસે નહિ દોડ્યા આવવાનું! ખબર છે, તમારા લેટર વાંચીને મને કેટલું રડવું આવેલું એની? એવા રોતલ કાગળો કોઈ પુરુષ લખી જ કેવી રીતે શકતો હશે, એ જ નથી સમજાતું મને!'

'તારી આગળ ન રડું તો કોની આગળ જઈને રડું?' પ્રોફેસરે પૂછ્યું : 'તોરલ, તું સમજે છે એટલી હદે પુરુષો કઠોર નથી હોતા... એમને ય કો'કના ખોળામાં માથું મૂકીને રડવાનું મન થાય છે!'

'લો, રડો ત્યારે મારા ખોળામાં માથું મૂકીને!' તોરલ બેઠી થઈ ગઈ. એને ખબર જ ન રહી ને ચાદર છેક નીચે સુધી સરકી ગઈ. પ્રોફેસરને અચાનક લાભ મળી ગયો...

'હાય, હાય!' કરતી તોરલ વિમાસણમાં મુકાઈ ગઈ :

'તમે આંખો બંધ કરી દો!'

હસીને પ્રોફેસરે કહ્યું : 'હવે જોવાનું હતું તે તો જોવાઈ ગયું! આંખો બંધ કરું કે ન કરું : જોયું ન જોયું ઓછું થવાનું છે?' તોરલે ચાદર સરખી ઓઢતાં કહ્યું : 'તમે તો સાવ લુચ્ચા છો!'

પ્રોફેસરનું માથું ખોળામાં લઈને એ બેસતી જ હતી ત્યાં કોલબેલ રણક્યો. એ ચમકી પડી. એનાથી પુછાઈ ગયું :

'કોણ?'

'તોરલ, ખોલજે!' તૃપ્તિનો અવાજ હતો.

'ઊઠો તો!' એણે ધીમા અવાજે કહ્યું : 'આ તૃપ્તિ ય કેવી છે!'

લાઇટ ઑફ કરીને એ કપડાં પહેરવા લાગી : 'વેઈટ પ્લીઝ!'

20

તોરલે બારણું ખોલ્યું.

પડી ગયેલા ચહેરે તૃપ્તિ ઊભી હતી.

ચાર વાગવાની તૈયારી હતી.

તોરલને થોડું-થોડું સમજાયું : 'અંદર આવ.' કહીને એણે તૃપ્તિને પોતાની પાસે બોલાવી લીધી. બારણું વાસીને એ પ્રોફેસરના પલંગમાં જ બેઠી. તૃપ્તિ પણ એની પાસે બેઠી. પ્રોફેસર આળસ મરડીને બેઠા થયા : બહુ વહેલી જાગી ગઈ, તૃપ્તિ! ગૂડ મૉર્નિંગ!'

તૃપ્તિ માંદલું માંદલું હસી : 'ગૂડ મૉર્નિંગ!'

'શું થયું, તૃપ્તિ?' તોરલના ચહેરા પર આતંક હતો.

'કશું જ નહિ!' તૃપ્તિએ કૃત્રિમ સ્વસ્થતા ધારણ કરતાં કહ્યું : 'ખરેખર! તને ખોટો ડાઉટ પડી ગયો છે!' ને પોતાની વાત ઠસાવવા ઉમેર્યું : 'એકલી હતી ને, એટલે એકદમ આંખ ઊઘડી ગઈ, ને પછી ઊંઘ જ ન આવી! લોબીમાં નીકળીને જોયું તો તમારી રૂમની લાઈટ ચાલુ હતી. કેમ, ડિસ્ટર્બ તો નથી કર્યાં ને, મેં?'

તૃપ્તિની વાત માન્યામાં આવે એવી નહોતી. તોરલને સમજાઈ ગયું કે તૃપ્તિ ખોટું બોલે છે. એણે આગળ કંઈ ન પૂછ્યું.

થોડી વાર બેઉ જણ મૂંગાં-મૂંગાં બેસી રહ્યાં. બેઉના ચહેરા ગમગીન હતા. પ્રોફેસરને ન સમજાયું. એમણે પૂછ્યું : 'કેમ, સવારના પહોરમાં ધ્યાનમાં બેસવાનો નિયમ રાખ્યો છે કે શું?' તોરલને એ મજાક ન ગમી. એણે કોઈ પણ જવાબ ન આપ્યો. તૃપ્તિ પણ કશું ન બોલી.

પ્રોફેસરને વહેમ પડ્યો. કશુંક વિચારીને એ બોલ્યા : 'તોરલ, તમે લોકો ચૂપ કેમ બેઠાં છો? કંઈ કહો તો સમજ પડે!'

'કશું કહેવા જેવું નથી.' તોરલના અવાજમાં વિષાદ હતો : 'તમારે કલાક-બે કલાક આરામ કરવો હોય તો કરી લો; હજી ફક્ત ચાર ને દસ થઈ છે.'

'ચાર ને દસ'નો આગળનો સંદર્ભ પકડીને પ્રોફેસર બોલ્યા : 'યાદ છે? ગઈ વખતે બરાબર ચાર ને દસે હું તારા શહેરમાં પહોંચ્યો હતો!'

'આ વખતે પણ પહોંચવું'તું ને!' તોરલને લાગ્યું કે એ આ વાક્ય ન બોલી હોત તો સારું.

'કેમ, આ વખતે તો ઊલટાનું આપણે રૉયલ આતિથ્ય માણ્યું!' થોડાક ખમચાઈને એમણે ઉમેર્યું : 'તૃપ્તિને કંઈ તકલીફ પડી હોય તો રામ જાણે! એકલી એકલીને આખી રાત નહિ ફાવ્યું હોય એ બનવા જોગ છે!'

તોરલને કહી નહોતા શકતા, નહિતર શબ્દો તો છેક જીભની ટોચે આવીને પાછા વળી ગયેલા : એને શી જરૂર હતી તારી સાથે લાવવાની? મેં તને એકલીને બોલાવેલી. તને યાદ છે – મેં દ્વારકામાં પણ ટકોર કરેલી તે?

– તો વળી સામે પક્ષે તોરલને ય મનમાં તો ઘણો મૂંઝારો હતો : આ છોકરી સાવ નાદાન છે. એટલું ય સમજતી નથી કે એ કેટલી મુશ્કેલીઓ વેઠીને આટલો ટાઈમ કાઢતા હશે! બે ઘડી બે માણસોને એકાંતમાં મળવા દઈએ – એટલું ય આ ગધેડી ન સમજે એમાં પછી કોઈ શું કરે? મૂઈ દુઃખી થતી હશે તો થાય જ ના! બસ, 'જીજાજી! જીજાજી!' કહીને દોડી આવ્યાં. 'મારે જીજાજીને આશ્વાસન ન આપવું પડે?' – મોટાં આશ્વાસન આપનારાં ના જોયાં હોય તો...!

તોરલને તૃપ્તિ પર ખીજ ચડી. ખીજ જુદા સ્વરૂપે વ્યક્ત થઈ : 'તું ય સૂઈ જા, થોડીવાર ભગવાનનું નામ લઈને!' તૃપ્તિએ નિસાસો મૂક્યો. એને લાગ્યું : આ બન્ને જણ હું અહીંથી જાઉં એવું ઇચ્છે છે...

પોતે આ રીતે પરોઢિયે ઊઠીને આવી, એ એકેયને ગમ્યું નથી...

એ ભાંગેલા પગે ઊભી થઈ.

તોરલને દયા આવી ગઈ : 'બેસ!' એ આગળ શું બોલવું એ નક્કી ન કરી શકી.

'હું જઉં છું. તમે લોકો આરામ કરો.' તૃપ્તિ ચાલવા લાગી.

'કહું છું, બેસ!' તોરલના અવાજમાં આદેશનો રણકો હતો. તૃપ્તિથી આગળ ન વધી શકાયું.

'ચાલ, આપણે બહાર બેસીએ – ઝરૂખામાં!' તોરલે માર્ગ કાઢ્યો. તૃપ્તિ પાછી વળી. બેઉ જણ ઝરૂખામાં જઈને બેઠાં. પ્રોફેસર કાન સરવા કરીને સાંભળતા રહ્યા.

'ડૉક્ટરે બારણું ખખડાવ્યું'તું?'

'ના રે ના! એવું તે હોય!'

'મારી આગળ જૂઠું નહિ બોલવાનું!' તોરલે એને આશ્વાસન આપતાં કહ્યું : 'તૃપ્તિ, મારા સમ, સાચું ન કહે તો!'

તૃપ્તિ રડવા લાગી.

પ્રોફેસરને ધ્રાસકો પડ્યો.

તોરલે તૃપ્તિના વાંસા પર હાથ ફેરવતાં કહ્યું : 'તૃપ્તિ, રડ નહિ!' ને એક ઊંડો નિસાસો મૂકીને એ બોલી : 'મને ગઈ સાંજે જ વહેમ તો ગયેલો! તને ચેતવવાનો વિચાર પણ થયેલો, પણ પછી એમ લાગ્યું કે એનો કોઈ અર્થ નથી...!' એણે બીજો નિસાસો મૂક્યો. 'પુરુષ એકાંત જીરવી શકતો નથી... આપણે ડૉક્ટરનો દોષ કાઢીએ એ નકામો છે. ચાલ, મૂડમાં આવી જા! જે થઈ ગયું, એને ભૂલી જા!'

તૃપ્તિનાં હીબકાં ધીરે-ધીરે શમી રહ્યાં હતાં.

પ્રોફેસરની વિમાસણનો પાર નહોતો. શું કહેવું, શું કરવું, કશું જ સમજાતું નહોતું. રાત આખી જે આનંદ માણ્યો હતો એ ક્ષણમાત્રનો આ સંવાદ સાંભળીને ઓસરી ગયો હતો. બેહદ અકળામણ અનુભવાઈ રહી હતી.

એમણે ચૂપચાપ, ચાદર ઓઢીને પડી રહેવું મુનાસિબ માન્યું. ઝરૂખામાં તોરલ અને તૃપ્તિની ધીમા અવાજે ચાલી રહેલી ગુફતેગૂ તરફ પણ ધ્યાન આપવાનું એમણે છોડી દીધું. થોડીક કંટાળાજનક ઝપકી લઈ લીધી. પાછી ફરીથી આંખ ઊઘડી, ત્યારે શરીર આખું કંપી રહ્યું હતું. જાણે કોઈએ આખા શરીર પર માર માર્યો હોય એવી વેદના અનુભવાઈ રહી હતી.

પ્રોફેસરને લાગ્યું : રાજકોટનો કાર્યક્રમ ગોઠવ્યો એ ભૂલ કરી; તો વળી બીજી જ પળે વિચાર બદલાયો : મેં ક્યારે તૃપ્તિને નોતરું મૂક્યું હતું? એ એની મેળે ચાલી આવી હતી. કાં તો તોરલને એની વગર ચાલતું નહિ હોય એટલે એને સાથે ખેંચી લાવી હશે! તોરલમાં અક્કલ જેવું છે જ ક્યાં?

વળી પાછું વિચારોનું વાવાઝોડું ફંગોળાયું ડૉ. દલાલની દિશામાં.

ડૉક્ટર જેવો ડૉક્ટર થઈને કેવું કરી બેઠો! એને શરમેય ન આવી! આજે કેટલા વરસે એની મહેમાનગતિ માણવા આવ્યો.... કરી કરીને આવી મહેમાનગતિ કરી? એ શું સમજતો હશે એના મનમાં? આવનાર માણસને આબરૂ જેવું કશું હશે કે નહિ?

પ્રોફેસરનું અંતર વલોવાઈ ગયું : વાંક મારો પોતાનો છે! મેં જ હાથે કરીને મારી પત્તર રગડી છે... તોરલ સાથેના મારા સંબધોનો ઢોલ વગાડવાની શી જરૂર હતી? મોઢે કોઈ કહે કે ન કહે, પાછળ તો એમ જ વિચારે કે જોયા, પ્રોફેસર થઈને કૉલેજકન્યા સાથે કેવા લાગુ થઈ ગયા છે! કાલે બેઉ બહેનપણીઓ બાથરૂમ જવા ગઈ ત્યારે નહોતો કહેતો : 'બાપુ, માલ છે, માલ! અરે યાર, કમાલ કરી દીધી તેં તો!'

મૂળ તકલીફ ત્યાં છે. મારી નિખાલસતા જ મને નડતી રહી છે... આજ પછી વિચારવું પડશે!

તોરલ અને તૃપ્તિ ઝરૂખામાંથી શયનખંડમાં આવ્યાં ત્યારે સાડાપાંચ વાગી રહ્યા હતા. અજવાસ પથરાઈ રહ્યો હતો. પ્રોફેસરના પલંગ પર જ બન્ને જણ બેઠાં. પ્રોફેસર સાથે કઈ ભાષામાં વાત કરવી એ તોરલને નહોતું સૂઝતું. સામે પક્ષે પ્રોફેસરની સ્થિતિ તો એના કરતાંય બદતર હતી.

આખરે તોરલે મૌન તોડ્યું : 'સાડા પાંચ થયા છે! ઊઠવું નથી?' 'ઊઠું છું.' પ્રોફેસરે વિષાદમય સૂરે કહ્યું, 'તમે લોકો ત્યારનાં જાગો જ છો?'

પ્રોફેસર પોતે પણ જાગતા પડી રહ્યા હતા, એ કંઈ તોરલથી અજાણ્યું નહોતું. છતાં એણે પ્રોફેસરનો પ્રતિવાદ ન કર્યો.

'એક વાર ઊઠી ગયા પછી ઊંઘ ક્યાં આવતી હોય છે?' એણે કૃત્રિમ સ્મિત સાથે ઉમેર્યું : 'ઝરૂખામાં બેઠાં-બેઠાં આકાશ જોયા કર્યું! મજા આવી!'

પ્રોફેસર એની વ્યથા સમજી શકતા હતા.

એ કશું જ બોલ્યા નહિ.

તોરલે કહ્યું : 'આજનો શું પ્રોગ્રામ છે?'

પ્રોફેસરને દયા આવી ગઈ. બિચારી સ્ત્રી! કેટકેટલું સહન કરી જાણે છે! –ને છતાં કેટલી બધી અનુકૂળ રહેવા મથે છે!! એને પોતાનો તો જાણે કોઈ અભિપ્રાય જ નથી હોતો, એને તો માત્ર પુરુષની અનુગામિની થઈને જ ઇતિશ્રી માનવાની રહે છે...!

'તૃપ્તિ આપણી ગેસ્ટ ગણાય. એ કહે તે આપણો પ્રોગ્રામ!' પ્રોફેસરે તૃપ્તિ પર ભાર ધકેલ્યો.

તૃપ્તિ દયામણું મોં કરીને બેસી રહી હતી. એને થયું : હવે કશુંક બોલવું પડશે! એણે કહ્યું : 'હું શાની ગેસ્ટ? તોરલને પૂછો – મને એ પોતાના જ અસ્તિત્વનો ભાગ ગણે છે કે નહિ?'

'ચોક્કસ! એક વાર નહિ, હજારવાર! મારે દુનિયા આખી વગર ચાલશે, પણ મારી તૃપ્તિ વગર તો એક પળ વારે ય નહિ ચાલે!' એણે તૃપ્તિને બાથ ભરી લીધી : 'તમને ખબર છે? અમે બેઉ જણાંએ 'સાથે રમશું, સાથે જમશું, સાથે કરશું સારાં કામ'ની પ્રતિજ્ઞા લીધી છે. હું જ્યાં હોઈશ ત્યાં તૃપ્તિ હશે, ને એ હશે ત્યાં હું!'

'તૃપ્તિનાં લગ્ન થઈ જશે, પછી?'

'તૃપ્તિએ તો લગ્ન કરી દીધાં છે ક્યારનાંય! એના વરનું નામ જાણો છો?'

'એના વરનું નામ તોરલ શાહ – કેમ બરાબર?'

પ્રોફેસરના જવાબ ઉપર બેઉ સહેલીઓ હસી પડી : 'ઍક્ઝેક્ટલી! તમે ઇન્ટેલિજન્ટ તો ખરા હોં કે!' તોરલે પ્રમાણપત્ર આપી દીધું.

'પણ તોરલ શાહનાં લગ્ન થઈ જશે, પછી?' પ્રોફેસરનો પ્રશ્ન ઘણો અઘરો હતો.

તૃપ્તિએ પડકાર ઝીલી લીધો : 'એટલી ય ખબર નથી? તોરલનાં લગ્ન તો આદિકાળથી થઈ ગયેલાં છે!'

'કોની સાથે?'

'જેસલ જાડેજા સાથે!' કહેતી તૃપ્તિ તોરલને વળગી પડી. પ્રોફેસરને એ ગમ્મત ગમી. એને લીધે તૃપ્તિ અને તોરલની ગમગીનીમાં હળવાશ આવી હતી.

પ્રોફેસરે બ્રશ કર્યું. તોરલ-તૃપ્તિ પણ તૈયાર થયાં. સ્નાન વગેરે પતાવીને ત્રણેય મહેમાન યજમાનના આગમનની પ્રતીક્ષા કરતાં બેઠાં!

છ વાગ્યે સ્વીપર આવ્યો.

બોલ્યાચાલ્યા વગર બંગલો સાફસૂફ કરીને ચાલ્યો ગયો. પછી કામવાળી આવી. એ એના કામે વળગી. એ પછી 'મહારાજ' આવ્યા. મહારાજ મહેમાનો આગળ નમસ્કાર કરીને ઊભા રહ્યા : 'આપ બધાં ચા તો પીઓ છો ને? – કૉફી પીતાં હો તો કૉફી બનાવી લાવું!'

'બધાં ચા પી લઈશું; કેમ તૃપ્તિ, બરાબર?'

તૃપ્તિએ માથું હલાવીને 'હા' પાડી. મહારાજ ચા બનાવવા ચાલ્યા ગયા. થોડી જ વારમાં ચા-નાસ્તો આવી પહોંચ્યો.

ત્રણેય જણ ચા પીવા લાગ્યા.

'ડૉક્ટરનું તંત્ર જોયું?' પ્રોફેસરે ચા પીતાં પીતાં કહ્યું : 'ભાઈ, પૈસો હોય ત્યાં શું ન હોય!'

તોરલ-તૃપ્તિએ કોઈ પ્રતિભાવ ન આપ્યો.

પ્રોફેસરે મહારાજને પૂછ્યું : 'સાહેબ મોડા ઊઠતા લાગે છે.'

મહારાજ હસ્યા : 'હોય, સાહેબ! એ તો પાંચ વાગ્યે ઊઠીને, શંકરદાદાનાં દર્શન કરવા ઊપડી ગયા! ત્યાંથી સીધા હૉસ્પિટલે જશે. દાખલ કરેલા દરદીઓને સાત વાગ્યા સુધીમાં તો કરંટ અપાઈ જવાના! પછી બંગલે આંટો મારીને સાહેબ પાછા નવ વાગ્યે હૉસ્પિટલ પર ચાલ્યા જવાના! આપ જેવા મહેમાનોને તો મારે જ સાચવવાના હોય છે!'

'એમ છે!' પ્રોફેસરે આશ્ચર્ય વ્યક્ત કર્યું : 'તો-તો અમે એક ચાન્સ ચૂકી ગયા કહેવાઈએ! અમને રાત્રે સાહેબે એવી કોઈ વાત જ ન કરી નહિતર અત્યારે અમે હૉસ્પિટલે ન પહોંચી ગયાં હોત! અમે તો છેક ચાર વાગ્યાનાં જાગીએ છીએ!'

'હજીય ક્યાં વહી ગયું છે?' મહારાજે સૂચન કર્યું : 'કહેતા હો તો હૉસ્પિટલે ફોન કરીને ગાડી મંગાવી લઉં! કરંટ આપવાનું ચાલુ હશે ને આપ પહોંચી જશો!'

માણસ જેવા માણસને વીજળીનો કરંટ અપાતો હોય, એ કેવું રોમાંચક દૃશ્ય કહેવાય! તોરલ અને તૃપ્તિ બેઉ જણને એ જોવાની લાલચ થઈ આવી. જોકે તૃપ્તિને થોડીક ક્ષોભની લાગણી પણ થઈ આવી...! એણે સ્મરણમાં ઝબૂકેલી એ પળને મગજમાંથી બળજબરીપૂર્વક ખંખેરી નાખી.

પ્રોફેસરે કહ્યું : 'મહારાજ, તો પછી ફોન કરીને ગાડી મંગાવી લો! અમે તો તૈયાર જ છીએ!'

થોડી જ વારમાં ગાડી આવી ગઈ.

ત્રણે જણ તૈયાર થઈને એમાં ગોઠવાઈ ગયાં.

પ્રોફેસરે ડ્રાઇવરને પૂછ્યું : 'સાહેબ ઘણા ધાર્મિક લાગે છે!' ડ્રાઇવરે કહ્યું : 'અરે, કંઈ વાત કરવા જેવી નથી! મારો તો દમ કાઢી નાખે છે! આજે ફલાણા મહારાજ આવવાના છે ને કાલે ઢીંકણા સ્વામીજીને મળવા જવાનું છે! સાહેબ ધરમ પાછળ તો એકદમ ગાંડા છે ગાંડા!'

'ગાંડા' શબ્દ સાંભળીને તોરલ ચમકી : ગાંડાઓના ડૉક્ટર માટે એમનો ડ્રાઇવર પોતે જ 'ગાંડા' શબ્દનો પ્રયોગ કરી રહ્યો હતો! કેવો યોગાનુયોગ!

તો વળી તૃપ્તિએ જરા જુદી દિશામાં વિચાર્યું : ભાઈ ડ્રાઇવર, તારા સાહેબ ફક્ત ધરમ પાછળ જ ગાંડા છે કે બીજા કોઈ પાછળ પણ ખરા?

એણે છેક હોઠે આવેલા શબ્દો પર સંયમની લગામ લગાવી દીધી.

હૉસ્પિટલ આવી ગઈ.

ડૉક્ટરે એમને પોર્ચમાં જ આવકાર્યાં : 'ઓહ ગુડ મૉર્નિંગ ટુ ઑલ ઑફ યૂ! આ ત્રિપુટી આટલી વહેલી હૉસ્પિટલનું આંગણું પાવન કરશે એવી તો કલ્પના સુધ્ધાં નહિ કરેલી મેં! બોલો, કેમ છે? રાત્રે ઊંઘ આવેલી ને બરાબર!'

ત્રણેય જણ ડૉક્ટરના રુઆબથી અંજાઈ ગયાં હતાં. જોકે એમનું અંતર કંઈક જુદું જ

કહેતું હતું, પણ આ વૈભવ આગળ એ મૂંગું બની રહ્યું.

પ્રોફેસરે કૃત્રિમ વિવેક કર્યો : ‘અરે હોય, ડૉક્ટર સાહેબ! તમારા એટલા ભવ્ય આતિથ્ય પછી ઊંઘ બિચારીનું શું ગજું કે ન આવે?’

ડૉક્ટરે ત્રણે જણને પોતાની સાથે ઇ.સી.ટી. રૂમ ભણી દોર્યાં. રાત્રે કશું બન્યું જ ન હોય એમ તૃપ્તિ પણ એ રોમાંચક ક્રિયા-કલાપમાં ભળી ગઈ. તોરલને એનું વર્તન ગમ્યું.

ઇ. સી. ટી. રૂમમાં એક બાઈને સુવાડવામાં આવી હતી. એના વાળ વીંખાયેલા હતા. હાથે પગે બેડીઓ લગાવેલી હતી. એને જોતાંવેંત ગભરાઈ જવાય એવો ભયાવહ એનો દેખાવ હતો. એની આંખો કોઈ અગોચરનાં ઊંડાં રહસ્યોને તાગવા મથી રહી હતી. એના ચહેરા પર ખુન્નસ હતું. કોઈના લોહીની તરસ એના હોઠો પર લબકારા લઈ રહેલી દેખાઈ રહી હતી.

ડૉક્ટરે એની ભૂમિકા સમજાવતાં કહ્યું : ‘જાડેજા, જાણે છે આ કોણ છે? આ કોઈ સાધારણ કુટુંબની સ્ત્રી નથી. સૌરાષ્ટ્રના એક રજવાડાની રાજકુમારી છે!’

તોરલ અને તૃપ્તિ તો ઊંચાં જ થઈ ગયા : ‘માય ગૉડ!’

ડૉક્ટર આગળ વધ્યા : ‘એની આ હાલત પાછળ એક કરુણ પ્રેમપ્રકરણ છુપાયેલું છે! એને એક સાધારણ માણસ સાથે પ્રેમ થઈ ગયો હતો... એના પ્રેમીનું ગજું નહોતું રાજપરિવાર સામે ટક્કર ઝીલીને એને ચાહ્યા કરવાનું. અને એક દિવસ –’

તૃપ્તિ અને તોરલની ઉત્કંઠા વધી ગઈ : ‘એક દિવસ શું થયું’તું?’

‘એક દિવસ એના પિતા સરદારસિંહના સાગરીતો એને પકડી લાવ્યા. રાજકુમારીને દરબારગઢમાં બોલાવવામાં આવી. દરબારગઢમાં પોતાના પ્રેમીને પકડી લાવેલો જોઈને રાજકુમારી વિચલિત થઈ ગઈ. એને કહેવામાં આવ્યું : ‘કુમારી, તમને શિકારનો શોખ છે ને? આજ લગી તમે ઘણા દીપડા માર્યા છે; આજે તમારે એક કૂતરો મારવાનો છે!’

પિતાના શબ્દો સાંભળીને રાજકુમારી ધ્રૂજી ગઈ.

(– ને ડૉક્ટરની વાત ઉપર તોરલ ને તૃપ્તિ, બેઉ જણ!)

રાજકુમારીના હાથમાં બંદૂક પકડાવવામાં આવી. એ આનાકાની કરે એ પહેલાં તો એનો કોમળ હાથ એના પિતાએ બળજબરીપૂર્વક બંદૂકના ઘોડા પર દબાવડાવી દીધો, અને...’

‘ઓહ, ગૉડ!’ તોરલ અને તૃપ્તિ બેઉ એકીસાથે ચમકી પડ્યાં.

–ને તે ક્ષણથી જ રાજકુમારી આ સ્થિતિમાં આવી ગઈ છે. હજારો વૈદ્ય-દાક્તરો ઇલાજ કરી કરીને થાકી ગયા છે. છેલ્લા એક મહિનાથી એ આપણી મહેમાન છે...

ડૉક્ટરે ઇ. સી. ટી.ની તૈયારી શરૂ કરી.

રાજકુમારીને એક જબરજસ્ત આંચકો આવ્યો, ને તોરલની આંખો મીંચાઈ ગઈ.

તો વળી તૃપ્તિને જુદી જ જગાએ કરંટ લાગ્યો હતો : ગઈ રાતે ત્રણના ટકોરે, ડૉ. દલાલ! તમે કોઈ તરુણીને સારવાર આપવા માગતા હતા, યાદ છે?

– તમારે ય એક બે ઇ.સી.ટી.ની જરૂર છે, ખરેખર!

21

રાજકોટથી પાછા ફર્યાં ને માંડ ત્રણેક દિવસ થયા હશે ત્યાં તો એક સાંજે ચોકીદારની બૂમ સંભળાઈ :

‘તૃપ્તિબહેન! રૂમ નં. 39વાળાં તૃપ્તિબહેન!’

તોરલે બૂમ સાંભળી. તૃપ્તિ કૉલેજથી છૂટ્યા બાદ સીધી લાઇબ્રેરીમાં ઘૂસી ગઈ હતી. આવતીકાલે એને એનાટૉમીનો ‘વાઈ-વા’ હતો.

તોરલને નવાઈ લાગી : આ પ્રોફેસરનું તે ફરી ગયું છે કે શું? હજી છૂટાં પડ્યે પૂરા ત્રણ દિવસ તો થયા નથી! ગઈકાલે લખેલો લેટર પણ હજી આજે સવારે જ પોસ્ટ કર્યો છે! આમ ને આમ લાગુ ને લાગુ રહ્યા કરશે, તો-તો તોરલબહેન ભણી રહ્યાં!

– અને મારું એકલીનું જ કેમ, એમનું નહિ વિચારવાનું? એમની જૉબનો સવાલ છે! માંડ-માંડ લેખિત માફી માગીને તો નોકરી બચાવી છે!

એ તૈયાર થઈને સીડીનાં પગથિયાં ઊતરવા લાગી. પગમાં જે ભાર વરતાતો હતો એની સાથે એણે પ્રોફેસર બે-એક અઠવાડિયાં ઉપર પહેલવહેલા મળવા આવેલા એ વખતની સ્થિતિની સરખામણી કરી જોઈ. એ વખતે કેટલો ઉત્સાહ હતો! પગ જમીન પર ટકતો જ નહોતો... ને હૈયામાં છાકમછોળ મચી ગઈ હતી... પ્રેયસી કેટલી જલદી પત્નીનો અંચળો ઓઢી લે છે, એનો વિચાર આવતાંની સાથે એ દુઃખી થઈ ગઈ.

‘ના, પત્ની થઈને આમ ઢસરડો કરવા કરતાં તો હું એમની પ્રેયસી રહું એ જ સારું છે!’

– આ આટલા ઓછા ગાળામાં હું એમની પત્ની બની ગઈ છું. અને એટલેસ્તો એમની અવગણના કરવા લાગી ગઈ છું...! બિચ્ચારા કેટલી હાડમારીઓ વેઠીને આટલે દૂર દોડ્યા આવે છે! એમને નહિ રહેવાતું હોય, ત્યારે ને! મને પોતાની ગણે છે, એટલે ને! કેમ બીજે ક્યાંય નથી જતા ને રસ્તે રસ્તે અહીં જ ચાલ્યા આવે છે? માણસને જીવવા માટેનું કોઈ ને કોઈ કારણ જોઈતું હોય છે...

– ને હું...

એ સીડીનાં પગથિયાં ઊતરી કે એને વિઝિટર્સ-રૂમની બહાર દીવાલને અઢેલીને ઊભેલા ડૉ. યશવંત દલાલ દેખાયા.

એ ચમકી.

જોકે પ્રોફેસર કદાચ એમની કારમાં બેસી રહ્યા હોય એવું બને..!

– પણ રાજકોટથી તો એ અમદાવાદવાળી બસમાં બેઠા એ પછી જ અમે લોકો અહીં આવવા નીકળેલાં...!

તોરલ દ્વિધામાં હતી.

છેક નજીક આવી ત્યાં એને થયું : બૂમ તૃપ્તિના નામની પડી હતી...! અચ્છા, તો પછી એમેય હોય!

કૃત્રિમ સ્મિત સાથે એણે ડૉ. દલાલને આવકાર્યા : ‘હેલો, ડૉક્ટર સાહેબ, આપ?’

‘અહીં એક સેમિનારનું આયોજન કરવા અંગે આવ્યો હતો. કેમ છો? તમારાં સહેલી ક્યાં ગયાં?’

તોરલ જરા ગંભીર થઈ : ‘એ તો રૂમ પર નથી. મને થયું – એને કોઈ મળવા આવ્યું છે; – ઇટ ઈઝ માય ડ્યૂટી ટુ રિસીવ હર ગેસ્ટ્સ!’

‘ઓહ, ફાઈન! વૅરી ગૂડ! આનું નામ તે પાર્ટનર! એના મહેમાન એ તમારા મહેમાન, ને તમારા મહેમાન એ એના મહેમાન! આનું નામ તે પાર્ટનરશિપ-સ્પિરિટ!’

તોરલ હસી : 'શું લેશો? કૉફી બનાવી લાવું?'

'થૅન્ક યૂ!' ડૉક્ટર બોલ્યા : 'ચાલોને, ક્યાંક રેસ્ટોરન્ટમાં બેસીશું બે ઘડી!' થોડુંક ખમચાઈને જરા મલકાટ સાથે ઉમેર્યું : 'તમારી સખીને લઈ આવવી હોય તો કાર છે! એકાદ મૂવી જોઈ પાડીએ...!'

'ના, ભાઈ સા'બ! આ વીકમાં તો ત્રણે ત્રણ વિષયોની વાઇ-વા છે; ને વાંચ્યું તો છે જ નહિ! ચોપડી ઉઘાડી જ છે કોણે? અત્યાર લગી રખડી ખાધું છે!'

ડૉક્ટરને થોડોક ધક્કો લાગ્યો. એમણે જરા વધુ નરમાશપૂર્વક કહ્યું : 'હવે ત્રણ-ચાર કલાકમાં શો ફેર પડી જવાનો હતો? જિંદગીમાં થોડુંક હરવાફરવાનું પણ રાખવું!' ને નાટકીય રીતે ઉમેર્યું : 'નહિતર પાગલમાં અને ડાહ્યામાં બહુ લાંબું અંતર નથી હોતું!'

'પાગલો તો ઘણી વાર ડાહ્યા માણસો કરતાં ઘણા વધારે સુખી હોય છે!' તોરલે કહેતાં કહી તો દીધું, પણ તરત એની નજર સામે પેલી પાગલ રાજકુમારીનું ચિત્ર તરવરી રહ્યું.. એ વિષાદમાં સરી ગઈ.

ડૉક્ટરે આગ્રહ જારી રાખ્યો : 'આજ તો તમારે મારી સાથે આવવું જ પડશે! હું તમને લોકોને મળવા છેક રાજકોટથી આટલે આવી શકતો હોઉં, તો તમારી થોડી યે ફરજ નહિ, – મને પિક્ચર પૂરતી કંપની આપવા જેટલીય?'

તોરલને આ દુરાગ્રહ લગારે ગમતો નહોતો, પણ વિવેક ખાતર એ વિરોધ ન કરી શકી.

કચવાતા મને એ કારમાં બેઠી. ડૉક્ટરને પોતાનું માન સચવાયેલું જોઈને સંતોષ થયો. કાર સ્ટાર્ટ કરતાં જ એમણે પૂછ્યું :

'તૃપ્તિને પિક-અપ કરી લઈશું ને?'

'કૉલેજ લાઈબ્રેરી તરફ લઈ લો.' – તોરલે દિશા બતાવી : 'જમણી તરફ!'

'અરે મૅડમ, એ ય તમારે બતાવવું પડશે? હું પોતે આ કૉલેજમાં જ ભણી ચૂક્યો છું – ફૉર યૉર કાઈન્ડ ઇન્ફર્મેશન!'

'અચ્છા!' તોરલે લાઈબ્રેરીનું બિલ્ડિંગ આવ્યું એટલે કાર રોકાવી. ઊતરીને એ તૃપ્તિને બોલાવવા ચાલી ગઈ.

તૃપ્તિ વાંચવામાં મગ્ન હતી. તોરલે અન્ય વિદ્યાર્થિનીઓને 'ડિસ્ટર્બન્સ' ન પહોંચે એ રીતે એના કાનમાં કહ્યું : 'ડૉક્ટર આવ્યા છે!'

તૃપ્તિ ધ્રૂજી ગઈ : 'માય ગૉડ! છેવટે એ અહીં સુધી પહોંચી ગયા, એમ?'

'પિક્ચર જોવાની હઠ લઈ બેઠા છે...' તોરલે ગંભીર થઈને પૂછ્યું : 'શું કરશું?'

'ના કહી દે ને! એમ કહી દેવાનું કે કાલે વાઈ-વા છે...' તૃપ્તિએ હળવે રહીને ઉમેર્યું : 'તોરલ, એ માણસ જોડે સંબંધ રાખવા જેવો નથી!'

તોરલ મૂંઝાઈ ગઈ : 'એ તો હું ય સમજું છું. પણ માણસ થઈને માણસનું અપમાન કરવું ગમતું નથી. નહિતર કહેવા જેવું તો બધું જ કહી દીધું'તું – હૉસ્ટેલ પર જ!'

'એટલે આપણે એમને કંપની આપવી જ પડશે, એમ?' તૃપ્તિએ પુસ્તક બંધ કરતાં કહ્યું : 'તું સ્પષ્ટ શબ્દોમાં કહી દે ને – તૃપ્તિ તમને મળવા નથી માગતી... ટૂંકું ને ટચ! કંઈ બળજબરીથી ઓછા ઊંચકી જવાના છે!'

'આજનો દિવસ ચાલ! એ આપણને શું કરી શકવાના છે? કંઈ ચાળા કરશે તો હું ચોખ્ખી ગુજરાતીમાં કહી દઈશ કે આવું વર્તન અમને લોકોને પસંદ નથી!'

'ઑલરાઈટ!' તૃપ્તિ ઊભી થઈ : 'હું તો સંભળાવી જ દેવાની છું! તમે સાઇકિયેટ્રિસ્ટ છો કે સ્કિઝોફ્રેનિક? શૉક લઈ લો, જાતે ને જાતે, એટલે જરા મગજ ઠેકાણે આવે!'

'આખી પુરુષજાતને માનસિક રોગ ઊપડ્યો હોય, ત્યાં તું કેટલાંને શૉક આપીને સાજા

કરીશ?' તોરલે તૃપ્તિની આંખોમાં આંખો પરોવીને પૂછ્યું : 'બોલ તો ખરી!'

મલકાઈને તૃપ્તિ પુસ્તક જમા કરાવવા ચાલી ગઈ.

બેઉ જણ ડૉક્ટરનું મગજ ઠેકાણે લાવવાનો સંકલ્પ કરીને નીચે ઊતરવા લાગ્યાં.

ડૉક્ટર તૃપ્તિને જોઈને તાનમાં આવી ગયા : 'હાય, તૃપ્તિ...!' કરી એમણે હાથ લંબાવ્યો. તૃપ્તિએ નમસ્કાર કર્યા.

ડૉક્ટરે કારનો દરવાજો ખોલી બેઉ સહેલીઓને અંદર બેસવા વિનંતી કરી : 'પ્લીઝ, ગેટ ઇન!'

કાર ચલાવતાં ચલાવતાં ડૉક્ટર વારંવાર પાછળ જોયા કરતા હતા. એકાદ વખત તો સામેથી આવતા વાહનનો ડ્રાઇવર થોડોક છેડાઈ પણ પડ્યો : 'અબે, જરા સીધા દેખ કે ચલાઓ! નિકલ પડે હૈં બડે કારવાલે!' ડૉક્ટર એ અપમાન ગળી ગયા. એક હૉટેલ આગળ જઈને કાર થોભાવી : 'એને બિચારાને ખબર નથી કે છેલ્લા પંદર વરસથી હું કાર ચલાવું છું! અને આ સિટી તો સૌરાષ્ટ્રનું પૅરિસ છે! અહીં તો હું આંખો પર પાટા બાંધીને પણ કાર ચલાવી શકું!' થોડુંક અટકીને એમણે પૂછ્યું : 'કેમ, કેવું લાગ્યું આપણું ડ્રાઇવિંગ?'

'ઠીક!' તૃપ્તિએ નાટ્યાત્મક ઢબે કહ્યું : 'અમારી પાર્ટનર ગીતાની સરખામણીમાં કંઈ જ નહિ?'

ડૉક્ટર થોડાક ઢીલા પડ્યા : 'ગીતા? ગીતા કોણ?'

'અરે, એક વાર એની કારમાં બેસો ત્યારે ખબર પડે કે ગીતા કોણ છે! ગીતાના પપ્પા બહુ મોટા ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ છે!' થોડુંક વિચારીને પાછી એ બોલી : 'ને એમની પાસે એક નહિ, સાત-આઠ કારો છે. અમે એની ટોયોટામાં બેઠેલાં છીએ, કેમ તોરલ?'

– તોરલનો છૂટકો હતો 'હા' ભણ્યા વિના?

'ભાઈ, ઇમ્પોર્ટેડ કારની વાત થાય કંઈ આપણાથી? આ તો ગમે તેવી તોય દેશી ગાડી... મેઇડ ઇન ઇન્ડિયા!'ડૉક્ટરે પોતાની જાતને જ આશ્વાસન આપવા માંડ્યું. બેઉ સહેલીઓ એકમેક સામું જોઈને મર્માળું હસી : ડૉક્ટરની કેવી હવા કાઢી નાંખી, નહિ?

હોટેલમાં અંગત વાત કરી શકાય, એવો ખાનગી ખૂણો શોધીને ડૉક્ટરે બેઠક જમાવી. બેઉ છોકરીઓ એમની સામેની ખુરશીઓ પર બેઠી. તૃપ્તિ પોતાની જોડે બેસે એવું એ ઇચ્છતા હતા; જોકે કહી નહોતા શકતા! 'લિમ્કા' આવી. ત્રણેય જણે પીધી. તોરલે થોડીક એંઠી મૂકી હતી. તૃપ્તિ પી ગઈ. ડૉક્ટરને થયું : મેં પણ થોડીક વધારી હોત તો...!

ડૉક્ટરે હિંમત કરી : 'રૂમ બુક કરાવી દઈશું?'

તૃપ્તિએ આંખ બદલીને કોરા અવાજે પૂછ્યું : 'કેમ? અમારે તો હૉસ્ટેલ છે!'

'તમારી હૉસ્ટેલમાં મહેમાનોને રોકાવા દે છે?'

– એ ધૃષ્ટ પ્રશ્ન સાંભળીને તોરલ ખિન્ન થઈ. કહેવાનું મન તો થઈ આવ્યું કે મિસ્ટર, અમારી હૉસ્ટેલ એ હૉસ્ટેલ છે; હોટેલ નથી. તમે કહેવા શું માગો છો? પણ એ કશું બોલી નહિ.

તૃપ્તિએ જવાબ આપ્યો : 'લેડીઝ ગેસ્ટ પૂરતી છૂટ ખરી!'

'એટલે તો કહું છું – વાંધો ન હોય તો રૂમ બુક કરાવી દઉં!' તોરલથી ન ખમાયું. ખિન્ન અવાજે એણે કહ્યું : 'એવી કોઈ જરૂર નથી!'

ડૉક્ટરે તૃપ્તિના ચહેરાભણી કામાતુર નજરે જોયું. ટેબલ નીચે એના પગને પોતાનો પગ અડકાડીને એમણે પૂછ્યું : 'વ્હૉટ ઇઝ યૉર ઓપીનિયન, તૃપ્તિ?'

તૃપ્તિએ પગ ખસેડી લેતાં કહ્યું : 'તોરલનો અને મારો અભિપ્રાય હંમેશાં એક જ હોય છે. અમે હોટેલમાં રહેવા ટેવાયેલાં નથી!'

'કેમ, દ્વારકામાં નહોતાં રહ્યાં?' ડૉક્ટર પૂછી તો બેઠા, પણ પછી એમને લાગ્યું કે એવું નહોતું પૂછવું જોઈતું.

'દ્વારકામાં અમે રોકાયાં હતાં – પણ એ હોટેલ નહોતી, ધર્મશાળા હતી! સમજ્યા?' તોરલના અવાજમાં તીખાશ પ્રગટી.

ડૉક્ટર નરમ પડી ગયા : 'સૉરી, તમને લોકોને ખોટું લાગશે એવી ખબર હોત તો આવું ન પૂછત...! પ્લીઝ ટેઈક ઈટ લાઈટલી!' ને પછી ઘડિયાળ તરફ જોઈને બોલ્યા : 'ચાલો, મૂવીનો ટાઈમ પણ થવા આવ્યો છે!'

થિયેટરમાં પણ તોરલે હોશિયારી કરી. એ ડૉક્ટરની જોડેવાળી સીટમાં ગોઠવાઈ ગઈ. તૃપ્તિ જોડે બેસવાની મંશા ડૉક્ટર પાર ન પાડી શક્યા. ચાલુ પિક્ચરે હાથ લંબાવીને તૃપ્તિને સ્પર્શવા કોશિશ કરી જોઈ, પણ તોરલે અધવચ્ચે જ અટકાવ્યા : 'પ્લી...ઝ!'

પિક્ચર પૂરું થયું એટલે ગુમસૂમ ચહેરે ડૉક્ટર થિયેટરની બહાર નીકળ્યા. તોરલે પ્રેમાળ સ્મિત વેરતાં કહ્યું : 'ડૉક્ટર સાહેબ, આપને ખોટી તકલીફ શું કામ આપીએ? અમે લોકો રિક્ષા કરીને જતાં રહીશું!'

'ઍઝ યૂ પ્લીઝ!' કહેતા ડૉક્ટર કાર લઈને રાજકોટ તરફ રવાના થઈ ગયા. તોરલ અને તૃપ્તિએ હાથ હલાવીને એમને 'ભાવભીની' વિદાય આપી!

ડૉક્ટર નીકળી ગયા એ પછી બેઉ સહેલીઓ ખુશખુશાલ ચહેરે ચાલતી ચાલતી પંચેશ્વર ટાવર બાજુ નીકળી. ડૉક્ટરને પરાજિત કર્યાની ખુશી બેઉના ચહેરા પર છલકાતી હતી.

'તૃપ્તિ, હવે જિંદગીમાં કદીય લેડીઝ હૉસ્ટેલમાં પગ મૂકે તો કહેજે!' બરાબરનો બોધપાઠ ભણાવીને મોકલ્યા છે! એમનેય થતું હશે કે છોકરીઓ માથાની મળી!' તૃપ્તિને બદલો વાળ્યાનો સંતોષ હતો : 'ચાલ, એની ખુશાલીમાં થઈ જાય પાણીપુરી!'

'ઓ.કે.!' તૃપ્તિએ બટવો ખોલ્યો. લારીવાળાને પહેલા પૈસા પકડાવીને બોલી : 'બે ડિશ!'

ખાસ્સી અડધોએક કલાક ગપસપ ચાલી.

'તે રાતે ય તું હતી, એટલે હું આટલી ટક્કર ઝીલી શકી!' તૃપ્તિએ એ અણગમતું દૃશ્ય સંભાર્યું : 'એમણે સતત બારણું ઠોક્યે રાખ્યું, પણ મેં ખોલ્યું જ નહિ ને!'

'પુરુષો ય કેવા હોય છે. છોકરી જાણે સસ્તું સફરજન ન હોય! બસ, જોયું કે તરત જ એમની જીભ લબાલબ લબકારા લેવા લાગી ગઈ સમજો!'

'તૃપ્તિ, મને લાગે છે કે પુરુષ માત્ર એક માનસિક રોગથી પીડાય છે! એ રોગનું નામ છે – સ્ત્રી!'

'તો પછી સ્ત્રીના માનસિક રોગનું ય હશે ને કોઈ નામ?' તોરલ શરમાઈ ગઈ. એને હજુ ત્રણ દિવસ પહેલાંની રાજકોટમાં ગાળેલી એ રાત યાદ આવી ગઈ. એના શરીર પરથી ચાદર સરકી ગઈ! ને એ ઘડીભર તો લાજી મરી!

'એના માનસિક રોગનું નામ છે – પુરુષ!' તૃપ્તિએ કહ્યું : 'ને તોરલ, એ રોગમાં રિબાવું ગમે છે – દરેકેદરેકને! પણ રોગ દરેકનો આગવો હોવો જોઈએ! તારે છે એવો!'

તોરલને તૃપ્તિની દયા આવી ગઈ : ભગવાન, એને ય આપને મારા જેવો આ રોગ! બિચારી રોગ વગર કેટલી તડપે છે!

બેઉ જણ રિક્ષા કરીને હૉસ્ટેલ પર પહોંચ્યાં ત્યારે દસ વાગી ગયા હતા. વાંચવાનો મૂડ નહોતો. બેઉ સહેલીઓ વાતો કરતી કરતી સૂઈ ગઈ.

વહેલી સવારે તૃપ્તિ સફાળી જાગી ગઈ. એણે લાઈટ કર્યું એટલે તોરલ પણ આંખો ચોળતી બેઠી થઈ ગઈ.

તૃપ્તિએ કહ્યું : 'તોરલ, મને એક વિચિત્ર સપનું આવ્યું!' તોરલે પૂછ્યું : 'બીક લાગે એવું

હતું?'

'ના, ના! બીક તો કંઈ લાગતી હશે એમની?' એ થોડીક ખમચાઈ. એના ચહેરા પર શરમનું આવરણ છવાઈ વળ્યું.

'ડૉક્ટરનું સપનું આવ્યું'તું?' તોરલની આતુરતા વધી ગઈ.

'ના રે! ડૉક્ટરને માટે તો મારા સપનાના દરવાજા પણ બંધ છે!' એ હસી : 'એ ભલેને ગમેતેટલા ટકોરા મારે! હું ઊભી થઈને ખોલું, તો દાખલ થાય ને!'

'તો પછી કોનું સપનું આવેલું તને?'

'નહિ કહું!'

'કહેને, તૃપ્તિ!' તોરલની ઉત્સુકતા વધી ગઈ હતી.

'નહિ કહું, જા!' તૃપ્તિ મલકાતી મલકાતી દૂર ખસી ગઈ.

'જો, હું તારી કિટ્ટા કરી દઈશ, હોં!' તોરલે હઠ પકડી.

તૃપ્તિ નજીક આવી : 'કિટ્ટા નહિ કરવા દઉં!' એણે તૃપ્તિના ગાલ પર પોતાના ગાલ ઘસીને પૂછ્યું : 'ચાલ, તું કહે જોઉં – મને કોણ સપનામાં આવ્યું હશે?'

'કર વાત! મને શી રીતે ખબર પડે? હું કંઈ ત્રિકાળદર્શી થોડી જ છું?' તોરલે મોં ચડાવ્યું.

'પણ તું ટ્રાય તો કરી જો! બોલતી જા – એક પછી એક નામ, બોલતી જા! તોરલ, આઈ એમ સ્યૉર, તું સાચો જવાબ શોધી જ શકીશ!'

'તારો સપનાવાળો આપણા સર્કલનો માણસ છે?'

'ઑફ કૉર્સ!' તૃપ્તિએ અભિનયપૂર્વક કહ્યું.

'આપણા ક્લાસમાં ભણે છે?'

'નો, નો, નો, નો!' તૃપ્તિએ ચાર વાર ના પાડી.

'તો પછી એ કોઈ મોટી ઉંમરનો માણસ છે?'

'મોટી ઉંમરનો કહેવો હોય તો કહી શકાય!' તૃપ્તિએ થોડું અટકીને ઉમેર્યું : 'પણ આપણા પપ્પાઓ કરતાં તો ઘણો નાનો, હોં કે!'

'ઍનાટોમીના સરનું તો સપનું નથી આવ્યું ને? તારી વાઈ-વા લેવા તો નહોતા આવી ગયા ને મધરાતે?'

'શટ અપ! એ બોચિયાને વળી હું પેસવા દઉં મારા સપનામાં? એ ય પાછો મધરાતના સમયે?'

'તો-તો જરૂર તને ઘુવડ જ સપનામાં આવ્યો હશે! પેલા પીપળા પર આખી રાત બોલ્યા કરે છે ને!'

'એમને ઘુવડ નહિ કહેવાના, સમજી!' તૃપ્તિથી બોલાઈ ગયું : 'નહિતર રજેરજ પત્રમાં લખીને જણાવી દઈશ, હા!'

તોરલને આંચકો લાગી ગયો. એની આંખોમાં વીજળી ઝબૂકી ઊઠી : 'એટલે કે તને એમનું સપનું આવેલું, એમ?'

તૃપ્તિએ માથું હલાવ્યું. તોરલના ચહેરા પર રાત્રિની શ્યામલતા ફરી વળી. એ ઘડીભર મૂંગી બની ગઈ.

'તૃપ્તિ, ખોટા વિચારો કર્યા વિના વાંચ! તારે વાઈ-વા છે!'

તોરલ ચાદર ઓઢીને સૂઈ ગઈ. મનોમન એ બબડી : 'તમે બહુ ખરાબ થઈ ગયા છો! તમને હું નહિ બોલું, જાવ!'

તૃપ્તિને લાગ્યું : તોરલને પોતાના સપનાની વાત ન કરી હોત તો સારું...! એનું મોં પડી ગયું.

પરાણે એ પુસ્તક ઉઘાડીને બેઠી.

22

બીજે દિવસે ટપાલમાં પ્રોફેસર જાડેજાનો પત્ર આવ્યો હતો.

તોરલ,

ઘણું-ઘણું કહેવું હતું, કહી ન શકાયું. છેક આપણે જુદાં પડ્યાં ત્યાં લગી ડૉક્ટરે આપણો પીછો ન છોડ્યો! વિવેક સાચવવા ખાતર પણ મારે મૌન સેવવું પડ્યું. તમે લોકો પણ સમયને અનુકૂળ થઈને વર્ત્યાં.

– એનો અર્થ કોઈએ એવો તો ન જ કરવો જોઈએ કે આપણે કાયર છીએ. પ્રતિકારની ભાષા આપણને આવડે છે, માત્ર વિવેક અને સંસ્કારના નામ હેઠળ આપણે એનો ઉપયોગ માંડી વાળ્યો, એટલું જ! મને ઘણો આઘાત લાગ્યો છે. એમને મારા મિત્ર કહેતાં મને શરમ આવે છે. ખરેખર તોરલ, એક સદ્‌ગૃહસ્થ તરીકે એમનું વર્તન જરાયે ઉચિત ન ગણાય. એમણે તૃપ્તિ સાથે જે વ્યવહાર દાખવ્યો એ આખી પુરુષ જાતને લાંછન લગાડે એવો છે.

મને દુઃખ છે કે મારા નિમિત્તે તૃપ્તિને આવી દુઃખદ પરિસ્થિતિમાં મુકાઈ જવું પડ્યું. હું એની હાર્દિક ક્ષમા માગું છું. જ્યાં સુધી રૂબરૂ મળીને તૃપ્તિ આગળ મારું હૈયું હળવું નહિ કરું ત્યાં લગી આ વ્યથાનો ભાર મને નિરાંતે જંપવા નહિ દે! અત્યારે તો તોરલ, ખરેખર હું પોતે જ તૃપ્તિનો ગુનેગાર હોઉં એવા આત્મપીડનથી પીડાઈ રહ્યો છું.

– એને મારા વતી ખૂબ ખૂબ આશ્વાસન આપજે. એને ડૉ. ઝિવાગોનું પેલું પ્રખ્યાત વાક્ય કહેજે : તૃપ્તિ, ટુ લીવ યૉર લાઈફ ઈઝ નૉટ એઝ સિમ્પલ એઝ ટુ ક્રોસ એ ફીલ્ડ!

તારી સાથે માણેલો આનંદ તૃપ્તિના પ્રવેશની ક્ષણે જ ઓસરી ગયો હતો. એના પડી ગયેલા ચહેરા પરથી તરત જ હું કળી ગયેલો કે કંઈક અજુગતું બની ચૂક્યું છે...!

મને થોડોક તારો અને તૃપ્તિનો પણ વાંક લાગ્યો છે. તને મેં દ્વારકામાં શું કહ્યું હતું? તોરલ, પ્રેમ એ એકાંતનો વિષય છે! ડૉક્ટરનું ભવ્ય આતિથ્ય આપણને મોંઘું પડી ગયું છે. તૃપ્તિ સાથે ન હોત, તો કદાચ આ મુસીબત ઊભી ન જ થઈ હોત! પણ તારે કાં તો તૃપ્તિ વગર ચાલતું નથી કાં તો તૃપ્તિ નાદાન છે – એ જાતે જ તારી સાથે આવવાની હઠ પકડતી હોય તો તું ય શું કરી શકે!

મારે તને કેટકેટલું કહેવું હતું! તોરલ, હવે પછી આપણે કોઈના ઘરે કે કોઈની હાજરીમાં મળવાનું નહિ ગોઠવીએ. આપણી અંગત જિંદગી ત્રીજી વ્યક્તિની ઉપસ્થિતિ માત્રથી ડહોળાઈ જાય છે. ડૉક્ટરને હું મારી માનસિક વિટંબણા અંગે મળવા માગતો હતો. એટલે જ એમને ત્યાં મળવાનો અવ્યવહારુ વિચાર સ્ફૂર્યો હશે! હવે પછી જિંદગીમાં કદી પણ એવી ભૂલ નહિ કરીએ!

તારે વાઈ-વા થઈ ગઈ હશે, થોડા જ દિવસોમાં તમે લોકો જન્માષ્ટમીનું મિડટર્મ વૅકેશન ગાળવા ચાલ્યાં આવશો, ખરું ને?

અમદાવાદ બહુ મોટું શહેર છે! મળવા ધારીએ તો આપણે જરૂર મળી શકીએ. મમ્મી કંઈ તારા ગળામાં ગાળિયો નાખીને બેસી નથી રહેવાની!

જોકે આપણે બહુ જ સાવચેતીપૂર્વક મળવું પડશે. તારે તારી મમ્મીને સાચવવાની છે, મારે મારા મંડળને સાચવવાનું છે! જોકે મારું માનવું છે કે બેઉ મોરચે હમણાં શાન્તિ પ્રવર્તી રહી છે, કેમ બરાબર ને?

ફરી એક વાર તૃપ્તિને ખૂબ ખૂબ યાદ.

આ પત્ર એને ન વાંચવા દેતી. એને દુઃખ લાગશે! પત્રની આતુર નયને રાહ જોઉં છું. અહીં તો માત્ર મારું ખોળિયું જ જીવે છે, મારી ચેતના તો ત્યાં જ, તારી રૂમની આસપાસ આંટા માર્યા

કરે છે.

ચાલ, અત્યારે આટલે જ અટકું!

– જાડેજા.

પત્ર વાંચીને તોરલે જર્નલમાં સંતાડી દીધો. એ પોતે પણ આ પત્ર તૃપ્તિ ન વાંચે એવું જ ઇચ્છતી હતી.

તૃપ્તિ લાઇબ્રેરીથી આવે એ પહેલાં એને જવાબ લખી દેવો હતો. ઝટપટ એ ખુરશી-ટેબલ પર ગોઠવાઈ ગઈ. તૃપ્તિ કદાચ વહેલી આવી ચડે તો પત્ર વાંચી ન જાય એટલા સારુ એણે બારણાંની સ્ટોપર ભીડી દીધી. એ આવી ચડે તો તાબડતોબ પત્ર સંતાડી શકાય ને!

એણે લખ્યું :

પ્રિય,

તમારો પત્ર મળ્યો. મારો પત્ર તમને આજકાલમાં જ મળવો જોઈએ... (તે સાંજે છૂટા પડ્યા પછી અહીં પહોંચીને તરત જ લખેલો.)

તમારા મિત્ર મનોચિકિત્સક તો હશે; પણ એક મનોરોગી તરીકેનો એમનો પરિચય લાંબો સાંભરશે. ગઈ કાલે સાંજે એ લેડીઝ હૉસ્ટેલ પર આવી પહોંચેલા! તૃપ્તિને મળવા માટે, અથવા એમ કહો કે તે રાતે અધૂરી રહી ગયેલી એમની વાસનાઓ સંતોષવા માટે એમણે અહીંનો ખાસ ધક્કો ખાધો! આટલા પ્રસિદ્ધ અને આટલા વ્યસ્ત સ્પેશિયાલિસ્ટને એક અજાણી છોકરી સારુ આટલું બધું સ્ત્રીદાક્ષિણ્ય દર્શાવવું પડે, એ પુરુષસમાજ માટે કાં તો ગૌરવની ઘટના ગણાવવી ઘટે, કાં એક બહુ મોટી કરુણતા ગણાવવી જોઈએ!

એમણે રૂમ બુક કરાવવાનો આગ્રહ રાખેલો. અમે એમને સંભળાવી દીધું હતું કે અમારે રહેવા માટે હૉસ્ટેલ છે! ધોયેલા મૂળા જેવા પાછા કાઢ્યા છે!

તમે નાહક દુઃખી થશો નહિ. સ્ત્રી તરફ યુગોથી પુરુષ આ રીતે જ વર્તતો આવ્યો છે. ડૉ. દલાલ એ પરંપરાગત પુરુષસમાજનું પ્રતિનિધિત્વ કરે છે. એમનું વર્તન આપણે માટે માર્ગદર્શક બની રહ્યું. આપણે આજ પછી સમાજમાં હસતા ચહેરે મોભાપૂર્વક ફરતા અને ધર્માચાર્યોના પગ દબાવતા ડૉ. દલાલોથી ચેતીને ચાલી શકીશું. જે થયું તે સારું જ થયું છે. એની પીડા ખંખેરીને સ્વસ્થ બની જજો.

મનેય આપણે એકલાં મળીએ એ જ ગમે. એ માટેનું આયોજન આ બે મુલાકાતો લગી ન ગોઠવી શકાયું એનો વસવસો પણ છે. જોકે હવે પછી આપણે જ્યારે મળીશું ત્યારે એકલાં જ મળીશું!

તે રાતનાં સ્મરણો ક્ષણે ક્ષણે મનના આકાશમાં વીજળીની જેમ ઝબૂકતાં રહે છે...! કેટલી રોમાંચક હતી એ રાત!

પ્રિય, એ સ્મરણ-સુખને આવી આગંતુક ચિંતાઓના ઓથાર હેઠળ દબી જવા દેશો નહિ. એ શાશ્વત આનંદની ક્ષણોને સતત મમળાવતા રહેજો. મને શ્રદ્ધા છે કે એ ક્ષણોમાંથી અખૂટ જીવનરસ પ્રાપ્ત થતો રહેશે...

જન્માષ્ટમીના એક-બે દિવસ પહેલાં જ અમે લોકો નીકળવાનું વિચારી રહ્યાં છીએ. અમદાવાદમાં મળવાની શક્ય એટલી તમામ કોશિશ કરીશ; કદાચ મમ્મીનું મન રાખવા મારે ઘરમાં જ પુરાઈ રહેવું પડે, તો એટલો વિરહ સહન કરી લેજો!

ડૉ. દલાલને કશો ઠપકો લખતા નહિ. અમે એમને પૂરતો પાઠ ભણાવીને જ પાછા મોકલ્યા છે. ભલા હશે તો જિંદગીમાં કદીય લેડીઝ હૉસ્ટેલ ભણી લમણો વાળીને જોશે નહિ!

પત્રને અંતે એક ગુદગુદી થાય એવી વાત લખીને પત્ર પૂરો કરીશ. આજ લગી તો તમે મારા જ સ્વપ્નના મહેમાન બનીને આવતા હતા. ગઈ રાતે તમે તૃપ્તિના સ્વપ્નઘરનાં બારણાં

ટકોર્યાં...! તમારી વિજયકૂચ બદલ અભિનંદન આપું કે? (ખોટું ન લગાડતા પાછા! કોઈને તમે સપનામાં આવો, એમાં તમારો શો દોષ? હા, એટલો આગ્રહ જરૂર રાખું કે કોઈ તમારા સપનામાં ન આવી જાય!)

તૃપ્તિની ગેરહાજરીમાં જ આ પત્ર લખી રહી છું હવે એના આવવાની તૈયારી છે. હું અંદરથી સ્ટૉપર ભીડીને જ બેઠી છું....! એ આવશે તોય વાંધો નથી... જે જર્નલમાં તમારો પત્ર સંતાડ્યો છે, એમાં આ પત્ર મૂકી દેતાં મને વાર નહિ લાગે...!

પ્યારા જેસલ, આવજો! મારા કારણે તમને વારંવાર મુશ્કેલીમાં મુકાવું પડ્યું છે. કદાચ હું તમારી હથેળીની એક ટચૂકડી-શી વિઘ્નરેખા બનીને અવતરી છું...! તમને તમારી જીવનરેખા જેટલી જ, બલકે એથીય અનેક ગણી વિશેષ તમારી એ વિઘ્નરેખા પ્રિય છે, એ હું જાણું છું.

– અને એટલા માટે જ હું જીવું છું!

– તમારી જ તોરલ

પત્ર પૂરો થઈ રહ્યો ને બારણે ટકોરા પડ્યા.

તૃપ્તિ એકલી નહોતી. ગીતા અને સ્પૃહાનો કલબલાટ પણ સંભળાઈ રહ્યો હતો. હમણાં હમણાંથી એ ત્રણેય જણ લાઇબ્રેરીનો ઘણો ઉપયોગ કરવા લાગ્યાં હતાં.

તોરલે પત્ર જર્નલમાં સંતાડી દઈને બારણું ઉઘાડ્યું.

'હાય! તોરલ તો રાત દિવસ બસ વાંચ્યા જ કરે છે!' સ્પૃહાએ એની પીઠ થાબડી. ગીતા અને તૃપ્તિ બેઉ જણાંએ એને એક-એક ધબ્બો માર્યો : 'તું તારે ગોલ્ડ મૅડલ લાવ એટલે લેડીઝ હૉસ્ટેલનું નાક તો રહે! અમે તો આજે ધોળ્યું!'

'કેમ? વાઈ-વા સારી ના ગઈ?' તોરલે ચિંતાતુર થઈને પૂછ્યું. 'સારી ક્યાંથી જાય? સર તો એવા બગડ્યા, એવા બગડ્યા! તૃપ્તિને તો બરાબર દસ મિનિટ લગી 'ફાયરિંગ' કર્યું!' ગીતાએ ઍનાટૉમીના અધ્યાપકની 'સ્ટાઇલ' મારતાં અભિનયપૂર્વક કહ્યું :

'તમે લોકો બાપના પૈસા ઉડાવવા આવો છો, ખરું ને? રખડવા સિવાય બીજું કંઈ શીખ્યાં છો? આઈ નો, યૂ પીપલ સિમ્પ્લી ડુ નોટ ઓપન ધ બુક ઍટ યૉર હૉસ્ટેલ! ઇવન ઇન ક્લાસિસ, યૂ આર નોટ ઍટેન્ટિવ! યૂ સ્ટુપિડ ગર્લ, આઇ વિલ ગિવ યૂ એ બીગ ઝીરો!' તૃપ્તિ રડું રડું થઈ ગઈ.

'પછી તૃપ્તિ ત્યાં રડી પડેલી?'

'રડે નહિ તો બિચારી કરે પણ શું?'

ગીતાએ શિખામણ આપતી હોય એમ કહ્યું : 'હવે તૃપ્તિએ મૂવી જોવાનું ઓછું કરી દેવું પડશે! સર એકાદ વખત તો તમને લોકોને કોઈ થિયેટર આગળ જોઈ પણ ગયેલા!'

– તોરલને ધ્રાસ્કો પડ્યો.

'પ્રશ્ન હવે લેડીઝ હૉસ્ટેલની પ્રતિષ્ઠાનો છે! તૃપ્તિને ઝીરો મળ્યો; સ્પૃહા માંડ પૉઇન્ટ ઉપર નીકળી ગઈ છે. ને મારે ફિફ્ટી ફાઈવ આવ્યા. સિટીની છોકરીઓ તો બધી જ સિક્સ્ટી ઉપર છે! તોરલ, તારે હવે જેટલા ઉજાગરા કરવા પડે એટલા કર, પણ તારે સિક્સ્ટી ફાઈવ ઉપર નીકળ્યા વગર છૂટકો નથી; નહિતર આખી લેડીઝ હૉસ્ટેલ વગોવાઈ જશે!'

તોરલની વાઇ-વાને હજી બે દિવસની વાર હતી. સ્પૃહા, ગીતા અને તૃપ્તિનાં નામ અટક મુજબ આગળની બેચમાં હોઈ એમની મૌખિક પરીક્ષા તે દિવસે પતી ગઈ હતી.

તોરલને ગભરામણ વછૂટી. આ લોકો કેવી અપેક્ષા રાખે છે, ને પોતે કેવી કોરીકટ છે! અત્યાર લગી ફક્ત પ્રેમપત્રો જ વાંચ્યા છે! અને લખવામાં તો જર્નલનું કામ સુધ્ધાં અધૂરું પડ્યું છે! લખ્યા છે માત્ર પ્રોફેસરના પ્રેમપત્રોના જવાબો! ઓહ, ગૉડ!

– તોરલની મૂંઝવણનો પાર નહોતો.

તોરલે વાંચવા માંડ્યું. સતત બે રાતના ઉજાગરા વેઠીને એણે માનવ શરીર રચનાનાં રહસ્યો મગજમાં બેસાડવાનો પ્રયત્ન શરૂ કર્યો. ઍનાટૉમીના અક્ષરે અક્ષરમાં એને એના જેસલનો પગરવ સંભળાતો ચાલ્યો. પુસ્તક ખોલીને બેસે કે તરત પ્રોફેસર હાજર થઈ જાય! અંદર છપાયું કંઈક હોય ને વંચાય કંઈક જુદું જ! પુરુષની આ અદમ્ય તાકાત સામે એ ઝૂકી ગઈ : જાડેજા, જેવી તમારી મરજી! અસ્થિ, માંસ, રુધિર – એ તમામનો સરવાળો મેળવવા બેસું છું, ને તમે જ મળો છો! તમારા મસલ્સ તળે ચગદાઈ ગયાની ગુદગુદી તાજી થતી રહે છે... આ મારા કોર્સમાં આવતાં તમામ પુસ્તકો જાણે તમારા ઉપર લખાયાં હોય એવું લાગવા માંડ્યું છે! સાચું કહું છું, હોં! ડિસેક્શન રૂમમાં જે પુરુષ-દેહને છેદી છેદીને થોડુંક શીખી શકી હતી, એ દેહ હવે તો જાણે મને ખૂબ નિકટતાથી ઓળખતો થઈ ગયો છે...! જાડેજા, મારે એનાટૉમીના ગ્રંથ ઉથલાવવાની શી જરૂર છે? જ્યાં એક જીવતાજાગતા, ચેતનસભર પુરુષના અંગેઅંગ સાથે મને આટલી નિકટની ઓળખાણ હોય, ત્યાં મારે મડદાના લોહી-માંસ પર રચાયેલા શાસ્ત્રને કંઠસ્થ કરવાનો શો ખપ?

ત્રીજે દિવસે એની આંખો લાલ હિંગળોક બની ગઈ હતી. વાઈ-વા લેવા આવનાર અધ્યાપક સામે એ પૂરી સ્વસ્થતાથી ઊભી રહી. ઍનાટૉમીના અધ્યાપકે પુરુષના જંઘાસ્થિને વળગેલા સ્નાયુઓ વિશે પૂછ્યું. તોરલને એ આવડ્યું. સ્ત્રી અને પુરુષના પૅલ્વિસ વચ્ચેનો તફાવત પૂછ્યો. એ પણ આવડ્યો. પુરુષેન્દ્રિયને સપ્લાય કરતાં ચેતાતંતુઓનાં નામ માગ્યાં અને તોરલે એ આપ્યાં.

ઍનાટૉમીના ‘સર’ પ્રસન્ન થઈ ગયા : આખા ક્લાસમાં એક તું જ એવી સ્ટુડન્ટ નીકળી કે જેને પુરુષની ઍનાટૉમીમાં આટલો જીવંત રસ છે! આઈ એમ પ્લીઝડ્, મિસ તોરલ શાહ! યૂ આર રિયલી એ વૅરી વૅરી સિન્સિયર મૅડિકલ સ્ટુડન્ટ!

‘સર’નું સર્ટિફિકેટ પવનવેગે લેડીઝ હૉસ્ટેલમાં પ્રસરી ગયું.

– તોરલને હાઈ-એસ્ટ માર્ક્સ મળ્યા હતા.

– લેડીઝ હૉસ્ટેલની છાત્રાઓ વિશેનો ‘સર’નો ‘ઓપીનિયન’ તોરલને જોયા પછી બદલાઈ ગયો હતો.

– ગીતા, સ્પૃહા અને તૃપ્તિના શબ્દોમાં લેડીઝ હૉસ્ટેલની આબરૂ સચવાઈ ગઈ હતી!

તોરલને એ ત્રણેય જણને પાર્ટી આપવી પડી.

એ ઘટના પછી તોરલ એક હોશિયાર, તેજસ્વી છાત્રા તરીકે ઓળખાવા લાગી. એને દૂરથી આવતી જોઈને એનાં સહાધ્યાયીઓમાં ગુસપુસ શરૂ થઈ જતી : ‘ભેજું છે ભેજું! જ્યારે જુઓ ત્યારે રખડતી દેખાય છે, બાકી માઇન્ડ તો સાલીનું ગજ્જબ છે! જોયું નહિ, ઍનાટૉમીમાં એઈટી પરસેન્ટ લઈ આવી એ!’

એને બધા વિવેકથી બોલાવતા. એનું એક અંતર જળવાતું થઈ ગયું હતું. જોકે ગીતા જેવી વ્યક્તિઓ એની ઈર્ષ્યા કરતી પણ થઈ ગઈ હતી. એની ઝીણામાં ઝીણી બાબત સાર્વજનિક ચર્ચાનો વિષય બની જતી હતી.

તોરલ સાવધ બની ગઈ.

ડ્રૉઅરને એ વ્યવસ્થિત રીતે લૉક મારતી થઈ ગઈ. કહેવાય નહિ, આ લોકો ક્યારે દરોડો પાડે ને આખી કૉલેજમાં પોતાની ઇજ્જતના કાંકરા કરી નાખે! ટપાલની બાબતે એ સવિશેષ ચિંતિત રહેવા લાગી. જો કે તૃપ્તિ ઉપર એને વિશ્વાસ હતો, છતાં એણે એક વાર ટપાલીને એકાંતમાં કહ્યું : ‘મારા નામની પોસ્ટ મને જ આપવાની, ઓ.કે.?’

પોસ્ટની ડિલિવરીના કલાકો હવે એને માટે ટેન્શન અને આતુરતાના મિશ્રણ સમા બની રહ્યા.

*

થોડા જ દિવસોમાં જન્માષ્ટમી આવી રહી હતી.

તોરલ સામાન પૅક કરી રહી હતી.

‘કેમ, બે દિવસ વહેલા ઊપડવું છે?’ તૃપ્તિએ પૂછ્યું.

‘ઘર સાંભર્યું છે. મમ્મી ખૂબ યાદ આવે છે!’ તોરલ સામાન બાંધવા લાગી ગઈ : ‘તૃપ્તિ, તું ય ચાલ ને!’

તૃપ્તિ થોડીક બદલાઈ ગઈ હતી. ઍનાટૉમીના વાઈ-વામાં ઝીરો મળ્યા પછી એ મનોમન પોતાના પતન માટે તોરલને જવાબદાર ગણવા માંડી હતી.

એણે કહ્યું : ‘ના ભાઈ, આપણે કંઈ તારા જેવાં genius થોડાં છીએ? થોડુંક વાંચીએ તો પાસ થવાની આશા રખાય! અત્યાર લગી ઘણું રખડ્યાં!’

તોરલને અનુકંપા થઈ : ‘તૃપ્તિ, મારા કારણે તું કેટલી પરેશાન થઈ! હવેથી ખરેખર તું વાંચવામાં ધ્યાન આપજે. મને ગમશે.’

તૃપ્તિ કશું જ બોલી નહિ.

સામાન પૅક થઈ ગયો એટલે તૃપ્તિએ કહ્યું : ‘હમણાં હમણાં તો જાણે એમનું નામ જ ભૂલી ગઈ લાગે છે!’

‘ભૂલી જ જવું પડે ને! ન ભૂલીએ તો પસ્તાવાવારો આવે!’ થોડુંક અટકીને એણે ઉમેર્યું : ‘જે નામ આવતીકાલે ભૂલવું જ પડે એમ હોય એને આજે જ ભૂલી જવું શું ખોટું?’

‘તોરલ!’ તૃપ્તિએ એના ખભે હાથ મૂકીને કહ્યું : ‘ફક્ત ઍનાટૉમીમાં હાઈએસ્ટ માર્ક્સ જાળવી રાખવા સારુ કે ગોલ્ડમેડલ લાવવા સારુ પોતાને જિગર જાનથી ચાહનારને ભૂલવાનું તો તું જ વિચારી શકે! પ્રેમ કરતાં પરીક્ષા તારે મન વધુ મહત્ત્વની વસ્તુ છે, કેમ?’

તોરલ પાસે એનો જવાબ નહોતો.

‘અમદાવાદ જઈને એમને મળજે.’ તૃપ્તિએ ટૂંકી ને ટચ સલાહ આપી અને તોરલ સામાન લઈને નીકળી.

‘મેં શું કહ્યું, સાંભળ્યું ને?’ તૃપ્તિએ ફરી વાર એને ટકોર કરી : ‘મારી પણ યાદ આપજે!’

તોરલે હસીને કહ્યું : ‘જરૂર!’

23

બસમાં તોરલને ઝોકું આવી ગયું.

ને એણે જોયું : મમ્મી પલંગમાં સૂઈ રહી છે. એ અતિશય વૃદ્ધ થઈ ગઈ છે. આંખે મોતિયા આવી ગયા છે. મમ્મીને બી.પી. વધી જતું હોઈ ડૉક્ટરો મોતિયા ઉતારવાની ના પાડે છે.

એક દિવસ મમ્મી પોતાને પાસે બોલાવીને કહે છે : 'તોરલ, કોઈ સારા વકીલને બોલાવી લાવ. મારે મારું વીલ કરાવી દેવું છે. મેં બે-ત્રણ વરસ પહેલાં થોડી નોંધો કરી મૂકી છે. તું એને આધારે વકીલને મુદ્દા લખાવજે.' ને તોરલ આરબ ઘોડીની જેમ ઊપડે છે. જઈને સીધી પ્રોફેસર જાડેજાના બારણે જતી અટકે છે : 'જાડેજા!' બારણું ઊઘડે છે : 'અરે, તું? ભલી તને રજા મળી!'

'તમે મારી સાથે ચાલો.' તોરલના ચહેરા પર ખુશી હોય છે : 'તૈયાર કરો તમારું સ્કૂટર. તમારે મમ્મીનું વીલ લખી આપવાનું છે!'

'મારે?' જાડેજાને નવાઈ લાગે છે : 'તોરલ, મને વીલબીલમાં સમજ ન પડે! કોક વકીલની સલાહ લે!'

તોરલ એમને હાથ પકડીને ઊભા કરે છે : 'હવે બહુ ડાહ્યા થયા વિના ચાલોને! તમારે તો ચૂપચાપ હું લખાવું એમ લખવાનું જ છે! બીજું કશું કરવાનું નથી.'

પ્રોફેસર તૈયાર થઈ જાય છે. સ્કૂટર તોરલના ઘર આગળ આવીને થંભે છે. અંદરથી મમ્મી પૂછે છે :

'તોરલ, વકીલ સાહેબ આવી ગયા?'

'હા, મમ્મી!' ને પછી પ્રોફેસરના ગાલે ચૂંટી ભરતી નાટકીય શૈલીમાં કહે છે : 'બહુ જાણીતા વકીલ સાહેબ છે. તારા વીલની બાબતમાં કોઈને કશું પૂછવાપણું જ નહિ રહેવાનું હવે!'

પ્રોફેસરને એ સદંતર ચૂપ રહેવાનો ઇશારો કરે છે : પોતાના હોઠ પર તર્જની મૂકીને! પ્રોફેસર સંમત થાય છે.

પછી તોરલ મમ્મી સાંભળે એ રીતે વીલ લખાવતી જાય છે; પ્રોફેસર લખતા જાય છે.

વીલ લખાઈ રહ્યા પછી મમ્મી પૂછે છે : 'બોલો વકીલ સાહેબ, આપની ફી?'

પ્રોફેસર અકળામણ અનુભવે છે. તોરલ એમની વહારે ધાય છે : 'એ તો આપી દઈશું! એમાં શી ઉતાવળ છે?'

'ના ભઈ, ના!' મમ્મી કહે છે : 'વૈદનું ને વકીલનું દેવું નહિ રાખવું! એમની અડધી રાતે જરૂર પડે!' ને આગ્રહપૂર્વક પૂછે છે : 'સાહેબ, બોલો કેટલા પૈસા આપવાના છે?'

તોરલની મુસીબતનો પાર નથી. પ્રોફેસરને હવે કશુંક તો બોલવું જ રહ્યું! એ ધીમા અવાજે કહે છે : 'માજી, કશું નહિ આપો તોય ચાલશે!'

ને મમ્મીનું બ્લડપ્રેશર ઊછળે છે : 'તોરલ, તું કોને બોલાવી લાવી છે, તે હું સમજી ગઈ છું! આંધળી મા સાથે આવી છેતરપિંડી ન કરીએ, તોરલ!'

મમ્મીની આંખો વરસવા લાગે છે. તોરલ પણ રડી પડે છે. મમ્મીને બાઝી પડતાં એ કહે છે : 'મમ્મી, મને માફ કર..!' મમ્મી એને પંપાળતાં પૂછે છે : 'યાદ છે, તેં મમ્મીના સમ ખાધેલા એ? કે ભૂલી ગઈ?'

તોરલ ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે : 'મારે એમની વગર નહિ ચાલે, મમ્મી! એમની વગર હું નહિ જીવી શકું! તારા સમ!'

...મા-દીકરી એકમેકને વળગી પડીને કલાકો લગી રડ્યા કરે છે અને પ્રોફેસર ચૂપચાપ, અક્ષર પણ બોલ્યા વિના, ઊભા થઈને તોરલના ઘરની બહાર સરકી જાય છે... નીકળતાં નીકળતાં એમને સંભળાય છે : 'એ ખરાબ માણસ નથી, મમ્મી!'

– બસ અમદાવાદમાં પ્રવેશીને તોરલની સ્વપ્ન-જંજાળ અટકી.

તોરલને નવાઈ લાગી : સપનું કેટલું લાંબું ચાલ્યું! આખો આટલો લાંબો રૂટ જાણે એક જ સપનામાં પૂરો થઈ ગયો!

– રૂટ શું, જિંદગી આખી પૂરી થઈ જાય છે ત્યાં!

– તોરલને ગ્લાનિ થઈ :

પ્રાણિયા ભજી લેને કિરતાર,
આ તો સપનું છે સંસાર જી!

એ રિક્ષા કરીને ઘરે પહોંચી ત્યારે ઘરમાં પણ ભક્તિની રમઝટ જામી હતી. સોસાયટીની સ્ત્રીઓએ મહિલા મંડળ બનાવ્યું હતું. શ્રાવણ મહિના દરમિયાન રોજેરોજ જુદાં જુદાં ઘરે ભજનભાવ થતા. આજે તોરલની મમ્મીનો વારો હતો.

થોડીક વાર પૂરતાં ઢોલક, મંજીરા અને ગળાં અટકી ગયાં. 'તોરલ આવી! તોરલ આવી!' થઈ રહ્યું. સોસાયટીની સ્ત્રીઓને તોરલ ઉપર માન હતું : 'એ કેટલી હોશિયાર કહેવાય! મૅડિકલમાં ઍડમિશન મેળવ્યું! વનલીલાનાં ભાગ્ય ઊઘડી ગયાં!'

તો વળી એની પ્રગતિ ઉપર બળનારાંનોય તોટો નહોતો : 'ઠીક હવે! છોકરી એકની એક એટલે એની પાછળ પૈસો બગાડે! બાકી એ કંઈ ઓછી ઘડપણમાં પાણી પિવડાવવાની હતી? ગમે તેવી તોય પારકી માટી!' ને પછી એની મમ્મી ઉપર દયા ખાતાં હોય એમ કહેશે : 'બિચારી વનલીલા! ભોળી કબૂતરી જેવી છે! છોકરી ક્યાંયની ક્યાંય મોજ ઉડાવતી ફરે ને પોતે જિંદગી આખીની કમાણીના એની પછવાડે ધુમાડા કરવા નીકળી પડી છે!'

'કેમ, પેલી વાત નહોતી ઊડી વચ્ચે? – પેલા પ્રોફેસર સંગાથે?'

– એવું એવું તો ઘણુંબધું.

ભક્તાણીઓ એને વીંટળાઈ વળી. દરેકના ચહેરા પર આનંદ વરતાઈ રહ્યો હતો : કેમ, તોરલ! મજામાં તો છે ને! ફાવી ગયું છે કે? મેડિકલ લાઈન અઘરી તો ખરીસ્તો! પણ તું તો એમાં નભી જવાની. આ બે-પાંચ વરસ તો પાણીના રેલાની જેમ વહી જશે, ને તું તો મસ મોટી લેડી ડૉક્ટર થઈને આવીશ! તે વખતે તો બાપ, અમારો ભાવેય નહિ પૂછવાની! બોલવાનાય રૂપિયા પડશે!

– ના, ના. અમારી તોરલ કંઈ એવી નથી. ખોટું અભિમાન તો એને છે જ નહિ. એ તો દયાની દેવી છે! નાની હતી, એટલે ખબર છે? એણે એક બિલાડી પાળી હતી. બિલાડીને બચ્ચાં આવ્યાં ત્યારે એવી રાજીની રેડ થઈ ગયેલી! બચ્ચાંને તેડી તેડીને ફર્યા કરે. એના ભાગનું દૂધ પણ બચ્ચાંને પિવડાવી દે! પછી એક દિવસ એવું બન્યું ને, કે શેરીનો કૂતરો એક બચ્ચાને ઉપાડી ગયો! અને આ તોરુડી તો શી રડી છે, શી રડી છે!!

તોરલ હાથ-મોં ધોઈને 'ફ્રેશ' થઈ. પડોશણે ત્યાં લગી પ્રાઈમસ ચેતાવી દીધો હતો. એની મમ્મી આ બધું જોઈજોઈને ઈશ્વરનો પાડ માનતી બેઠી હતી. એણે તોરલના હાથ પર બચી ભરી લીધી. તોરલના માથે હાથ ફેરવીને એણે હેતાળ આંખોથી પૂછી લીધું : 'બેટા, આવી ગઈ?'

ચા પીને તોરલ પોતે પણ ભક્તિસંગીતના કાર્યક્રમમાં જોડાઈ ગઈ. એણે મીરાંબાઈનું એક ભજન ગાયું. સૌએ ઝીલ્યું. પછી કોક ઉત્સાહી પડોશણે એક નવો વિચાર વહેતો કર્યો. એણે તોરલને મોરમુગટ પહેરાવી, એના હાથમાં બંસી પકડાવીને એને કૃષ્ણ બનાવી દીધી. બાકીની યુવતીઓ ગોપીઓનાં રૂપ લઈને કૃષ્ણની આજુબાજુ કૂંડાળું વળીને રાસ રમવા લાગી. રાસની

રમઝટ જામી. તોરલને તો માત્ર કૃષ્ણની જેમ ત્રિભંગનો અભિનય કરી ઊભા જ રહેવાનું હતું. ગોપીઓએ કૂદાકૂદ કરી મૂકી.

– કૃષ્ણ બનેલી તોરલને દ્વારકા યાદ આવી ગઈ. એ દરિયો, એ આકાશ, એ વૃષ્ટિ...!

એ સ્મરણોમાં લીન થઈ ગઈ.

ગોપીઓ નાચી નાચીને થાકી ત્યારે કૃષ્ણએ વાંસળી હેઠી મૂકી. પછી કેળાં, સફરજન અને શીંગદાણાનો પ્રસાદ વહેંચાયો.

સૌ વીખરાયાં.

રાત પડી ગઈ.

મમ્મીએ એની વહાલસોયી દીકરીને લાડ કરી કરીને જમાડી. પપ્પાએ એના માથા પર હાથ ફેરવ્યો. તોરલ આવી કે જાણે ઘરમાં અજવાળું અજવાળું થઈ રહ્યું!

તોરલે કહ્યું : 'મમ્મી, હું ઍનાટૉમીની વાઈ-વામાં આખા ક્લાસમાં ફર્સ્ટ આવી! મને તો લગારેય આશા નહોતી પણ 'સર' જેમ-જેમ પૂછતા ગયા તેમ-તેમ હું તો જવાબ આપતી જ ગઈ! નાપાસ થવાની બીક હતી ત્યારે આખા ક્લાસમાં ફર્સ્ટ આવી ગઈ!

મમ્મીની છાતી ગજગજ ફૂલી : 'મારી તોરલ કદી નાપાસ થતી હશે? તને ખબર છે, તારા માટે રોજેરોજ સરસ્વતી માતાને કેટલી કરગરું છું! તું જોજે ને, બધી પરીક્ષાઓમાં તારો પહેલો નંબર ન આવે તો કહેજે!'

'મમ્મીઈઈઈ...' કરતી તોરલ એની મમ્મીની છાતીમાં લપાઈ ગઈ. મમ્મીએ એના આખા શરીર પર હાથ ફેરવ્યો.

તોરલને ઘણું સારું લાગ્યું. એ મમ્મીની સોડમાં બેઠી બેઠી જ ઝપકી લેવા લાગી.

મમ્મીએ એને હળવેથી જગાડી : 'ઊંઘ આવે છે, બેટા! થાકી હોઈશ. ચાલ, સૂઈ જા!'

'તું તારે વાતો કર્યા કર. હું સાંભળ્યા કરીશ. તારી વાતો સાંભળતાં સાંભળતાં હું ઊંઘી જઈશ! 'તોરલે પલંગમાં ઊંધે માથે લંબાવ્યું. ઊંધી સૂઈ રહેવાની એને નાનપણથી જ ટેવ હતી. મમ્મીએ વહાલથી કહ્યું : 'આમ ઊંધું સૂવાનું તો તું ભૂલી જ નહિ!'

'મને એમ જ ફાવે છે!' તોરલે પડ્યાં પડ્યાં કહ્યું : 'તુંય સૂઈજાને મારી જોડે, મમ્મીઈઈઈ...!'

મમ્મીએ પુત્રીની હઠ પૂરી કરી. ડીમલાઈટ ચાલુ રાખીને બાકીની સ્વિચો બંધ કરતાં એણે પૂછ્યું : 'તારી પેલી બહેનપણીને કેટલા માર્ક આવ્યા? એ પાસ થઈ કે? છોકરી લાગતી'તી તો હોશિયાર!'

તોરલને સાચું જણાવતાં દુઃખ થયું : 'એ બિચારી ફેઈલ થઈ.' અને ઘણી વેદના સાથે એણે ઉમેર્યું : 'એને કેટલા માર્ક આવ્યા, ખબર છે?'

'કેટલા માર્ક આવ્યા?'

'ઝીરો!'

'ના હોય! બિચ્ચારી છોકરી ગભરાઈ ગયેલી કે શું?'

'વાંચતી જ નથી ને! રખડ્યા કરે છે!'

તોરલને પોતાના જ વાક્યથી આંચકો લાગ્યો : '– કોના કારણે? એ રખડી તો મારી પૂંઠે પૂંઠે જ ને!' એને વિષાદ થયો.

મમ્મીએ તોરલની પ્રગતિ વિષે સંતોષ વ્યક્ત કરતાં કહ્યું : 'તને હું વારંવાર શિખામણ આપતી હતી એ ખબર છે? જો, એ વાત તેં માની એટલે આજે તું આખી કૉલેજમાં નંબર લઈ આવી! તોરલ, મા-બાપનું કહ્યું માનવું જોઈએ; એ કંઈ ખોટું ન કહે!'

તોરલના તો મનને પૂછ્યે ખબર હતી કે એણે મા-બાપનું કહેવું કેટલું માન્યું હતું! ચાલો,

ઠીક છે! ભ્રમણાનું સુખ પણ નાનુંસૂનું નથી હોતું. મમ્મી બિચારી ભલે એ સુખમાં શાંતિપૂર્વક જીવ્યા કરે!

તોરલ મમ્મીને લપાઈને સૂઈ ગઈ.

મમ્મીએ ધીરે રહીને વાત ઉઘાડી : 'તને કંઈ જાણવા મળ્યું?'

'શું?' તોરલને ખ્યાલ તો આવી જ ગયો કે મમ્મી હવે પ્રોફેસરની વાત ખોલવા માગે છે.

'પેલાએ ભવાડો કર્યો એ જાણ્યો?'

'કોણે વળી?' સાવ અજાણી થઈને એણે સામો પ્રશ્ન કર્યો. હવે પછી પોતાને ન ગમતી વાત છેડાવાની છે, એનો અણસાર મળતાં જ એણે પડખું ફેરવી લીધું.

'કોણે તે પેલા પ્રોફેસરે!' મમ્મીએ કહ્યું : 'હું અમસ્તી એનાથી સાવચેત રહેવાનું નહોતું કહેતી. એતો મૂઓ છે જ એવો!' મમ્મીએ બોલ્યા કર્યું. તોરલે ચૂપચાપ સાંભળ્યા કર્યું.

'એણે એની કૉલેજના પ્રિન્સિપાલના ઘરમાં જ બાકોરું પાડ્યું!' મમ્મીએ અવાજ ધીમો કર્યો : 'પ્રિન્સિપાલની બૈરીનો હાથ પકડ્યો, હાથ! જોયાંને એનાં કારસ્તાન! મારે તને જણાવવાની ઇચ્છા હતી, પણ પછી થયું : બળ્યું આવું તે લખાતું હશે ટપાલમાં?'

તોરલ દુઃખી દુઃખી થઈ ગઈ. એ આંખો બંધ કરીને પડી રહી, કાનને પોપચાં નહોતાં, નહિતર કાન સુધ્ધાં બીડી દીધા હોત.

'એ ત્યાં તો નથી આવી ચડતો ને? એનું ભલું પૂછવું!' મમ્મીના વાક્યથી તોરલ ચમકી ઊઠી : એકાએક જાણે વીજળીની જેમ એ વાક્ય એના મન ઉપર ત્રાટક્યું!

– એ કશું જ બોલી ન શકી.

'ઊંઘી ગઈ? મેં શું પૂછ્યું – સાંભળે છે?' મમ્મી તોરલની 'ના' સાંભળવા ઉત્સુક હતી. ધારો કે તોરલ સત્ય કહી દે તો!!!

– તોરલ એ સ્થિતિની કલ્પના સુધ્ધાં કરી શકતી નથી. મમ્મીએ ફરી પાછો એનો એ જ સવાલ દોહરાવ્યો : 'મને એનો લગારેય ભરોસો નથી પડતો. એ ત્યાં દોડી આવે તો દાદ ન આપતી, સમજી?'

તોરલે રોષ વ્યક્ત કર્યો : 'તને મારે શું કહેવું? તને સતત વહેમ, વહેમ ને વહેમ જ રહ્યા કરે છે. વહેમની કોઈ દવા છે આ દુનિયામાં?'

તોરલ અવળી ફરીને સૂઈ ગઈ. મમ્મીને લાગ્યું : છોકરીને ખોટું લાગી ગયું છે. એ આટલું સાચવતી હોય છતાં એને એકની એક કચકચ સાંભળ્યા કરવી પડે એ તો ન જ ગમે ને!

મમ્મીએ માફી માગતી હોય એવા અવાજમાં કહ્યું : 'ખોટું લાગી ગયું બેટા? ચાલ હવે એ બાબતની ચર્ચા બંધ! મારી ભૂલ થઈ ગઈ, બસ!'

તોરલને મમ્મીના માનસમાં સતત ચાલતા ઘમસાણનો એહસાસ થયો ને એ દુઃખી દુઃખી થઈ ગઈ.

જોકે એ પછી મોડી રાત લગી મમ્મીએ તોરલને ગમે એ પ્રકારની સારી સારી વાતો કર્યા કરી હતી.

તોરલે નક્કી કર્યું કે મમ્મીને જરાયે શંકા પડે એવું વર્તન કરવું નથી. એ રાતદિવસ ઘરમાં ને ઘરમાં જ પુરાઈ રહેવા લાગી. વંચાય ત્યાં લગી વાંચતી, બાકીનો સમય મમ્મીને ઘરકામમાં અને રસોઈમાં મદદ કરીને પસાર કરતી. એક વખતના ઊઠી ગયેલા વિશ્વાસને પાછો મેળવવા તોરલ કટિબદ્ધ થઈ હતી.

આખું અઠવાડિયું એમ ને એમ ઘરકૂકડી થઈને પસાર કરી દીધું. મમ્મી ઘણી ખુશ હતી. દરરોજ જુદી-જુદી વાનગીઓ બનાવીને એની લાડકી દીકરીને હોંશે હોંશે ખવડાવતી હતી. મમ્મીએ ચોમાસાના તહેવારો આટલા ઉલ્લાસપૂર્વક આજ પહેલાં કદીયે ઊજવ્યા નહોતા.

દરરોજ સાંજે મમ્મી રણછોડજીના મંદિરે જતી. તોરલને એણે સાડી પહેરતાં શીખવી હતી. તોરલ પણ મિડટર્મ વૅકેશન પૂરતી તો મમ્મીના વાદ લઈને ઘણી જ ધાર્મિક બની ગઈ હતી. એ પણ દરરોજ સાંજે મમ્મીની નવી નવી સાડીઓ પહેરીને એની સાથે મંદિરે જવા લાગી હતી.

એક સાંજે રણછોડજીની આરતી ટાણે એણે જોયું :

પુરુષોના ટોળામાં ઊભા-ઊભા પ્રોફેસર જાડેજા આંખો મીંચીને કૃષ્ણમાં તલ્લીન બની ગયા છે. તોરલથી ન રહેવાયું. એણે અપલક નજરે પ્રોફેસર જાડેજા સામે જોયા કર્યું. એકાએક એને કંઈક ચમત્કાર જેવું દેખાયું : પ્રોફેસર પ્રોફેસર મટીને કૃષ્ણ બની ગયા હતા. એ તોરલની સામે મોહક નજરે જોઈ જોઈને હસી રહ્યા હતા. અરે, તોરલને હવે એમની વાંસળીના સૂર સુધ્ધાં સંભળાવા લાગ્યા! તોરલ બહાવરી બની ગઈ. એ એકાએક ભોંય પર પડી ગઈ. એનાં ફૂલ આસપાસ વીખરાઈ ગયાં.

ટોળામાં હલચલ મચી ગઈ. મમ્મીએ ભારે હૈયે એને બેઠી કરી : 'તોરલ!' મમ્મીથી આગળ ન બોલી શકાયું. એનો કંઠ રૂંધાઈ ગયો હતો.

'ઊભી થા, તોરલ!' મમ્મીએ એને ટેકો આપીને ઊભી કરી. તોરલની આંખ ઊઘડી ને નવલખ ધારે વરસી પડી…

લોકો તોરલની આસપાસ ટોળે વળી ગયાં. થોડીક વાર પૂરતી આખા મંદિરમાં હો-હા મચી ગઈ. કોલાહલમાં કોઈને કોઈનું બોલેલું સંભળાતું નહોતું. આરતી પૂરી થઈ અને પૂજારીએ મંત્રોચ્ચાર શરૂ કર્યો.

લોકેએ ઘંટારવ કર્યો અને એક પ્રચંડ જયઘોષ મંદિરમાં ગુંજી ઊઠ્યો : 'રણછોડ… રાયકી… જય!'

ભાવિકોએ 'રાધે ગોવિંદ બોલો રાધે ગોવિંદા'ની ધૂન મચાવી, ત્યારે ખુદ પ્રોફેસર પણ આંખો મીંચીને એ ધૂનમાં જોડાયા.

અને તોરલની મમ્મી ચૂપચાપ એ દૃશ્ય જોતી રહી… ન જીરવાયું ત્યારે એ પણ તાળીઓ પાડીને ધૂન ગાવા લાગી :

'રાધે ગોવિંદ, ભજો રાધે ગોવિંદા!
ગોપીઓના ક્હાન ભજો રાધે ગોવિંદા!!'

ઝીણી નજરે એણે જોયું : તોરલ એકીટશે પેલા પ્રોફેસર સામું ટીકી રહી હતી.

24

પ્રોફેસરનું હૈયું હચમચી ગયું હતું.

તે સાંજે તોરલ કેવી ભાવવિભોર નજરે પોતાની તરફ તાકી રહી હતી! એને પેલા ગર્ભગૃહમાં વિરાજમાન બંસીધર કરતાં કોઈ બીજી જ વ્યક્તિમાં કૃષ્ણ દેખાયો હશે... ને હાય રે નસીબ! હુંય ચક્કર ખાઈને ભોંય પટકાઈ પડેલી મારી રાધાને હાથ ઝાલીને બેઠી પણ ન કરી શક્યો! બેઠી કરવાની તો વાત બાજુએ રહી, – અરે એની સામે નજર સુધ્ધાં ન મિલાવી શક્યો. એ બિચારી વલવલતી રહી, ને હું...

પ્રોફેસરને પોતાની જાત ઉપર તિરસ્કાર વછૂટ્યો : ધિક્કાર છે, જાડેજા! તમે જીવતા હો કે મરેલા – બધું સરખું જ છે. તમે તમારું પુરુષાતન ચૂક્યા છો... સમાજ, સમાજ, સમાજ! આવીય વળી સમાજની બીક રખાતી હશે? ઢાંકણીમાં પાણી લઈને બૂડી મરો! તમારા જેવા કાપુરુષોની આ પૃથ્વી પર કોઈ જરૂર નથી!

– આખી પુરુષજાતને લજવી મારી તમે તો!

પ્રોફેસરની વેદનાનો પાર નહોતો.

કશું જ સૂઝતું નહોતું. મગજ બહેર મારી ગયું હતું, અંદર ને અંદર બધું ઘોળાયે જતું હતું. માથાં પછાડવાનું મન થઈ આવતું હતું...

રાત આખી એમને જંપ ન વળ્યો. ન રહેવાયું એટલે એ લાઈટ કરી ને લખવા બેઠા.

તોરલ,

તું અમદાવાદ આવી, ખાસ્સું એકાદ અઠવાડિયું રોકાઈ; કદાચ આ પત્ર પહોંચશે ત્યાં સુધીમાં તું પાછી તારી હૉસ્ટેલ પર પહોંચી ગઈ હોઈશ... મને સમજ નથી પડતી કે મારે શું લખવું...! મન ભાંગી ગયું છે. તેં ગઈ સાંજે શું જોયું? – એક છિન્નભિન્ન, ભાંગેલોતૂટેલો – જેના માટે 'પુરુષ' શબ્દ વાપરતાં શરમ આવે એવો એક પુરુષ! તોરલ, ધરતી માર્ગ આપે તો સમાઈ જવાનું મન થઈ આવે છે!

– તું પડી ગઈ ત્યાં લગી તારી નજર મારી સામે મંડાયેલી હતી. ને હું કેટલો કાયર! તને ટેકો આપીને બેઠી પણ ન કરી શક્યો... અરે, તને 'તોરલ!' એટલું હેતાળ અવાજે સંબોધન સુધ્ધાં ન કરી શક્યો. પથ્થરની મૂર્તિ જેવો થઈને પેલી પથ્થરની મૂર્તિ સામે હાથ જોડીને ઊભો રહ્યો. મારી જાત ઉપર જ લાજ આવતી હતી એટલે આંખો પણ મીંચી દીધી હતી... તોરલ, તેં આવી અપેક્ષા તો કદાપિ નહિ રાખી હોય તારા જાડેજા પાસે, ખરું ને?

સમાજનાં પોકળ ધોરણો સાચવતાં સાચવતાં તોરલ, માણસ પોતાનું ઋત સાચવવું ભૂલી જાય, એ તે કેવી નીતિમત્તા! આ પ્રોફેસરીના બુરખા હેઠળ ઢંકાઈને મારે ઇજિપ્તના મમીની જેમ ક્યાં લગી જીવવું, તોરલ! ખરેખર મારી જાત ઉપર નફરત થઈ ગઈ છે મને! આખરે તું મને ચાહે છે યાર... દુનિયાનું કે સમાજનું કંઈ બગાડતી તો નથી જ! તારી લાગણીનો પડઘો પાડવા જેટલો ય હું પારદર્શક ન બની શકું તો તોરલ, આવતી પેઢીમાં કોઈ યુવતી કોઈ યુવકને પ્રેમ નહિ કરી શકે! કુસુમની કળી જેવી મુગ્ધ, મુગ્ધ, મુગ્ધ તરુણીઓને પુરુષ નામના પ્રાણીમાંથી હંમેશને માટે વિશ્વાસ ઊઠી જશે, કદાચ!

તોરલ, મને માફ કર... મને માફ કર... મને...

ઘણું-ઘણું મન હતું તને ઊંચકીને ખોળામાં લઈ લેવાનું, ખૂબ ખૂબ બચીઓ ભરી લેવી હતી તને...! અને રણછોડરાયની સાક્ષીમાં જ ઝાલી લેવો હતો તારો ફૂલકુમળો કુંવારો કુંવારો એ હાથ! તોરલ, અંદર તો એવું ઘણુંબધું પ્રજ્વળતું હતું..

– બહાર ન આવી શક્યું...!

અરે, મારા મોંમાંથી ચીસ સુધ્ધાં ન નીકળી શકી!

જે માણસો તને ઓળખતા સુધ્ધાં નહોતા એ તારી ખબર પૂછી શકતા હતા, તને પવન ઢોળી શકતા હતા... ને તારો આ કમનસીબ જાડેજો, જેને કારણે તારી એ દશા થવા પામી હતી – એ ઊભો હતો – ચૂપચાપ, મૂંગોમંતર, હાથ જોડીને, આંખો મીંચીને...

ઓહ્ તોરલ, એ એક અસહ્ય ઘટના હતી...!

તને મંદિરમાં આવેલી જોઈને હૈયામાં જે થનગનાટ મચ્યો હતો. તીરછી આંખે તને જોઈ લીધાની નજરોમાં જે ટાઢક વળી હતી, એ બધું ક્ષણ વારમાં સાવ નષ્ટભ્રષ્ટ થઈ ગયું, તોરલ! અને આ અત્યારે બરાબર રાતના અગિયાર ને પાંત્રીસ મિનિટે તને પત્ર લખવા બેઠો છું ત્યારે સાચું કહું? – એક ગુનેગાર તરીકે તને જાણી જોઈને કરેલા અન્યાયનો એકરાર કરી રહ્યો હોઉં એવું લાગે છે...

તું મને માફ કરીશ?

ના તોરલ, તને ખરા અંતઃકરણથી કહું છું – તું મને માફ ના કરતી. સજા કરજે. બલકે સજા કરીશ, એ મને ગમશે! એથી મારો અંદરનો ડૂમો થોડોક વેરાશે!

તને અમદાવાદમાં મળવાની ખૂબ ખૂબ ઇચ્છા હતી. હું તારી મર્યાદા જાણું છું. મમ્મીને અનુકૂળ થઈને રહેવાની તારી પદ્ધતિ મને ગમે છે. ચાલ, બહુ જ જલદી ક્યાંક મળીશું!

પત્ર લખજે. અને હા, ઠપકો આપજે! આકરામાં આકરા શબ્દો વાપરજે! ગાળો લખીશ તો ય મને ખૂબ ગમશે!

લે, આવજે!

– તારો દુખિયારો 'પુરુષ'

પત્ર પૂરો કરીને પ્રોફેસરે સૂવા પ્રયત્ન કર્યો. ડીમલાઈટમાં એ કલાકો લગી પાસાં ઘસતા રહ્યા. ઊંઘ ન આવી. વારંવાર પેલી મંદિરના ચોકમાં ફસડાઈ પડેલી તોરલની દયામણી આંખો નજર સમક્ષ તરવર્યા કરતી હતી.

પ્રોફેસરને તરસ લાગી. પાણી પીધું છતાં એ તરસ ન શમી. ઊઠીને એમણે તોરલનો છેલ્લો પત્ર શોધવા માંડ્યો. પત્ર મળ્યો.

તોરલ લખે છે : 'મનેય આપણે એકલાં મળીએ એ જ ગમે... એ માટેનું આયોજન આ બે મુલાકાતો લગી ન ગોઠવી શકાયું એનો વસવસો પણ છે.

'તે રાતનાં સ્મરણો ક્ષણે ક્ષણે મનના આકાશમાં વીજળીની જેમ ઝબૂકતાં રહે છે...! કેટલી રોમાંચક હતી એ રાત!

'પ્રિય, એ સ્મરણ-સુખને આવી આગંતુક ચિંતાઓના ઓથાર હેઠળ દબી જવા દેશો નહિ. એ શાશ્વત આનંદની ક્ષણોને સતત મમળાવ્યા કરજો... મને શ્રદ્ધા છે કે એ ક્ષણોમાંથી અખૂટ જીવનરસ પ્રાપ્ત થતો રહેશે...

'પ્યારા જેસલ, આવજો...! મારા કારણે તમને વારંવાર મુશ્કેલીમાં મુકાવું પડ્યું છે, કદાચ હું તમારી હથેળીની એક ટચૂકડી શી વિઘ્નરેખા બનીને અવતરી છું...!'

'મારી વહાલુડી વિઘ્નરેખા!' – પ્રોફેસરે પત્રને ચુંબન ભરી લીધું : 'તું મને કેટલી બધી પ્રિય છે...!!' એમના ગળામાં જ શબ્દો ગંઠાઈ ગયા! 'ઓહ, હું આટલુંય કેવી રીતે કહું? કોઈએ મારો અવાજ ઝૂંટવી લીધો છે...

પ્રોફેસરે તોરલને લખેલા પત્રમાં 'તા. ક.' કરીને લખ્યું :

તોરલ, મારી જીવનરેખા,

આવેશમાં ને આવેશમાં મેં લખી તો ઘણું નાખ્યું પણ તારા પત્રનો પ્રત્યુત્તર લખવાનો તો રહી જ ગયો! તેં કેવાં સુંદર, હૃદયસ્પર્શી વાક્યો લખ્યાં છે! એક-એક વાક્ય એક-એક

સોનામહોર જેવું છે. તેં પોતાની જાતને મારી હથેળીની વિઘ્નરેખા કલ્પીને તો હદ કરી નાંખી છે! તું મારી હથેળીની વિઘ્નરેખા હોય, તો હું તારી હથેળીનો શું કહેવાઉં? જ્યોતિષશાસ્ત્ર વિશે મને બહુ માહિતી નથી. મેં સાંભળ્યું છે કે હથેળીમાં – ખાસ કરીને સ્ત્રીની હથેળીમાં મંગળના પહાડનું ઘણું મહત્ત્વ હોય છે...! હું તારી હથેળીમાં 'અમંગળનો પહાડ' બનીને અવતર્યો હોઈશ, કદાચ!

તારા સાન્નિધ્યની એ રમણીય ક્ષણો કંઈ ભૂલી ભુલાય એમ છે? એ ક્ષણોનું મહત્ત્વ મારે મન ઓછું નથી, તોરલ! એક-એક ક્ષણ મારે મન યુગથીય અદકેરી છે...! ને તું ન કહેત, તોય એ ક્ષણો મમળાવ્યા વિના તો મારાથી જિવાય એમ જ ક્યાં હતું? જોકે તું ડૉક્ટર થવાની છે એટલે અત્યારથી તારા દરદીને ક્ષણોની ટૅબ્લેટ્સ પ્રિસ્ક્રાઈબ કરી આપી શકી! તારું પ્રિસ્ક્રિપ્શન બહુ સચોટ છે, કારણ કે તારું નિદાન એકદમ ઍક્ઝેક્ટ છે! મને ડી. એચ. લૉરેન્સનું પેલું વિધાન સાંભરી આવે છે. તોરુ, મને તારા લોહીમાં ને તારા માંસમાં ઘણી ઊંડી શ્રદ્ધા છે! મેં એની ગંધ માણી છે. અને એ ગંધ જ મને આવા કપરા સંજોગોમાં પણ જીવનશક્તિ બક્ષતી રહી છે...

'તાજા કલમ' પૂરી કરીને પ્રોફેસરે આખો પત્ર ફરી વાર વાંચ્યો. બારી ખોલીને જોયું : ઉજાસ દેખાવા માંડ્યો હતો. પ્રોફેસરને યાદ આવ્યું : સોસાયટીની ટપાલપેટીમાંથી વહેલી ટપાલ છેક સાડા સાતે ઊપડે છે; ચાલો ને, એ બહાને મૉર્નિંગ વૉક થઈ જશે!

– અને એ શર્ટ ચડાવીને ઊપડ્યા.

ઊતરતા શ્રાવણનું ભૂરું ભૂરું પરોઢ એમની સાથે સાથે ચાલવા લાગ્યું. પ્રોફેસર ચાલતાં ચાલતાં સ્વગત બોલ્યે જતા હતા : તોરલ, આ રસ્તો તારી હૉસ્ટેલ લગી પહોંચતો હોય તો! ઓહ, કદાચ એવું હોત તો આ દુનિયામાં આ ક્ષણે હું મારાથી વધુ સુખી કોઈને ય ન ગણત... પણ આ રસ્તો તો સોસાયટીને નાકે જઈને અટકી જાય છે, ને હું...

તરત જ એમના મગજમાં ઝબકારો થયો : ના, ના! એવું નથી કંઈ! તોરલ, તું માનીશ? દુનિયાના તમામ રસ્તાઓ મને તો તારી લેડીઝ હૉસ્ટેલ લગી દોરી જતા ભાસે છે! જો આ ટચૂકડો રસ્તો જેને આપણે 'રસ્તો' કહીએ છીએ, એ આખરે તો તારી હૉસ્ટેલ લગી લંબાતા મહામાર્ગનો એક લઘુ અંશ જ છે... એ આગળ જઈને અટકે છે એવું આપણે માની લઈએ છીએ તે આપણી ભૂલ છે. ખરેખર તો એ આશ્રમરોડમાં ઓગળી જાય છે. નાનાં નાનાં ઝરણાં વિશાળ નદીમાં ભળી જતાં હોય છે, એમ આ આખા અમદાવાદના તમામ રસ્તા આખરે તો કોઈને કોઈ ધોરી માર્ગને સાંકળી લે છે. ત્યાંથી શરૂ થતો રાજમાર્ગ સરખેજ, બાવળા, બગોદરા, લીંબડી થઈને રાજકોટ જતો થંભે છે, અને રાજકોટથી એ રાજમાર્ગનો એક ફાંટો તારી હૉસ્ટેલ લગી લંબાય છે...! બોલ, સાચું કહ્યુંને મેં? ચાલ, અત્યારે તો આ પત્રને રવાના કરું છું...! જોઈએ, તું તારી રૂમ પર પહેલી પહોંચે છે કે તારા નામ પર લખાયેલો મારો પત્ર!!

ટપાલપેટી આવી. પ્રોફેસરે સરનામાના નામ પર ધીમે રહીને એક હેતાળ ચૂમી ભરી. પછી બહુ જ સાચવીને પત્ર પોસ્ટ કર્યો. ટપાલપેટીના મુખમાં હાથ નાખીને ખાતરી કરી જોઈ : પત્ર એના ઉદરમાં પહોંચી ગયો હતો.

એ પાછા વળ્યા. જાણે વહાલુડી તોરલને વળાવીને પાછા આવતા હોય એમ એમના પગ ભાંગી ગયા હતા.

ઘરે જઈને એ પથારીમાં પટકાઈ પડ્યા. કશુંક કાયમને માટે ગુમાવી દીધાનો અફસોસ એમને ઘેરી વળ્યો.

એકાદ કલાક અધમૂઆ માનવીની જેમ સાનભાન ગુમાવીને પડી રહ્યા બાદ એ હતાશ હૈયે બેઠા થયા. બ્રશ કર્યું. પ્રાતઃકર્મો પતાવ્યાં. એ બાથરૂમમાં જ હતા ત્યાં કોઈએ કૉલબેલ

રણકાવ્યો.

'વેઈટ પ્લીઝ!' કહી ઝટપટ ટુવાલથી શરીર કોરું કરીને એ બહાર નીકળ્યા. બંડી પહેરતાં પહેરતાં જ એમણે બારણું ઉઘાડ્યું.

બારણામાં તોરલની મમ્મી ઊભી હતી.

પ્રોફેસર એને જોઈને ચમક્યા : 'ઓહ્હો! આપ?'

એમને આગળ શું કહેવું એ સૂઝ્યું નહિ એટલે આરામખુરશી ખેંચી લાવતાં બોલ્યા : 'આપ જરા બેસો! હું કપડાં પહેરી લઉં!' તોરલની મમ્મી બોલ્યાચાલ્યા વગર આરામખુરશીમાં બેસી ગઈ.

દીવાલ ઘડિયાળમાં નજર કરી ત્યાં એને દેખાયું : હજી ફક્ત સવારના સાડાસાત ને પાંચ થઈ છે...

પ્રોફેસર અંદરના ખંડમાં વસ્ત્રો બદલવા ગયા, ને અહીં એમના રેઢિયાળ બેઠકરૂમમાં તોરલની મમ્મીએ જોયું : પલંગ પર તોરલના અક્ષરો સૂતા છે!

એને ધ્રાસકો પડ્યો.

ઘડીક એ પત્ર ચોરી લેવાની લાલચ થઈ આવી. હાથ લંબાયો પણ ખરો. પણ હિંમત ન ચાલી. મન મનાવીને એ બેસી રહી.

વસ્ત્રો પહેરીને પ્રોફેસર બેઠક ખંડમાં આવ્યા, ને પેલો તોરલનો પત્ર પલંગ પર પડેલો જોઈ એકદમ હેબતાઈ ગયા : હું ય કેવો મૂરખ છું! તોરલની મમ્મીને જ એના પત્રનું રખોપું સોંપીને કપડાં બદલવા ચાલ્યો ગયો! ગજબ થઈ ગયો! કોણ જાણે તોરલને બિચારીને કેવું કેવું ય સાંભળવું પડશે!

ને એમને ઘડીક પહેલાં પોતે જ 'તાજા કલમ' કરીને લખેલા એ શબ્દો યાદ આવી ગયા : મેં સાંભળ્યું છે કે સ્ત્રીની હથેળીમાં મંગળના પહાડનું ઘણું મહત્ત્વ હોય છે. તોરલ, હું કદાચ તારી હથેળીમાં અમંગળનો પહાડ થઈને અવતર્યો હોઈશ! કોણ જાણે!

– એ પલંગ પર બેસી પડ્યા. તોરલની મમ્મી શૂન્ય નજરે દીવાલો સામું જોઈ રહી હતી. પ્રોફેસર એની સામે જોવાની હિંમત ન કરી શક્યા.

મનોમન ઘણું ગોઠવ્યા પછી એ માંડ આટલું જ બોલી શક્યા : 'મમ્મી...! ઓહ્, સોરી!' માથું ધુણાવીને એમણે સંબોધન સુધારી લીધું : 'આપનું નામ વનલીલાબહેન ને?'

'હા.' તોરલની મમ્મીએ માથું હલાવ્યું.

પછી પરાણે માથું ઊંચકીને એમણે પ્રોફેસર સામે જોયું. કહેવાનું હતું એ આંખોએ પડાવી લીધું. શબ્દો આંસુ થઈને વહી પડ્યા... પ્રોફેસરના ચહેરા પર વિષાદનાં વાદળ છવાઈ વળ્યાં. કેટલીયે વાર લગી બેઉ જણ ચૂપચાપ, મૂંગાં મૂંગાં, અક્ષરેય બોલ્યા વગર બેસી રહ્યાં.

પ્રોફેસરે પા-એક કલાક પછી કહ્યું : 'બહેન, આપ રજા આપો તો... મારે કૉલેજનો ટાઈમ થઈ ગયો છે!'

તોરલની મમ્મી બોલી : 'સાહેબ, તમને તકલીફ આપવા આવી છું...' ને પછી આંખો નીચી ઢાળીને એણે પૂછ્યું : 'પેલો તોરલનો જ પત્ર છે ને? હું જોતાંવેંત એના અક્ષરો ઓળખી ગઈ હતી..!' પ્રોફેસર જાડેજાના પ્રત્યુત્તરની રાહ જોયા વગર તોરલની મમ્મીએ ચલાવ્યે રાખ્યું : 'સાહેબ, તમે તો સમજુ માણસ છો. એ હજી નાદાન છે. એને કશી જ સમજણ પડતી નથી. હું તમારો વાંક નથી કાઢતી...! વાંક મારી છોકરીનો છે. તમને ખબર છે – એના પપ્પાને બ્રેઈન હેમરેજ થઈ ગયેલું છે. માંડ-માંડ બચ્યા છે, જીવે છે, એટલું જ... બાકી બધું જ ગુમાવી બેઠા છે. શરીર, અવાજ, કાર્યક્ષમતા – બધું જ! અને તોરલ અમારું એકનું એક સંતાન છે, એને જોઈ જોઈને અમે જીવીએ છીએ...!'

એને ડૂમો બાઝા જેવું થઈ ગયું. પ્રોફેસરે ઊઠીને એને પાણી આપ્યું. પાણીનો ઘૂંટડો ભરીને એ બોલી : ‘સાહેબ, અમારો સમાજ ઘણો વિચિત્ર છે! તોરલના આ ઉધામા જાહેર થશે તો કોઈ એનો હાથ પકડવા તૈયાર નહિ થાય! મારી તોરલ રઝળી પડશે, સાહેબ! એને બચાવી લ્યો!’

એની આંખોમાંથી ગંગાજમનાની ધારા ફૂટી નીકળી હતી. એને રડતી રોકવાનું ઘણું મન થઈ આવતું હતું; પણ પ્રોફેસર કશું જ કરી શકતા નહોતા. એ લાચાર પૂતળાની માફક તોરલની મમ્મીના શબ્દો સાંભળી રહ્યા હતા.

‘સાહેબ, શરૂ-શરૂમાં હું તમારો વાંક કાઢતી હતી. મને એમ લાગી ગયેલું કે તમે મારી છોકરીને ફસાવી છે! કોઈ પણ માને એની છોકરી નિર્દોષ લાગતી હોય છે, સાહેબ! મને પણ તોરલ નિર્દોષ લાગેલી. ખરી હકીકતની તો કાલે સાંજે ખબર પડી. એ ભગવાન સામે નહોતી જોતી; ટીકી ટીકીને તમારી સામે જોયા કરતી હતી...! તમે તો આંખો મીંચીને પ્રભુમાં લીન થઈ ગયેલા હતા; તોરલ ચક્કર ખાઈને ભોંય પર પડી ગઈ, તોય તમારું ધ્યાન તો અકબંધ રહ્યું હતું... મારી આબરૂના કાંકરા થઈ ગયા, સાહેબ!’

પ્રોફેસરે એને આશ્વાસન આપતાં કહ્યું : ‘વનલીલાબહેન, તમે ખોટાં દુઃખી થાવ છો... તોરલ બહુ સારી છોકરી છે!’

તોરલની મમ્મીએ જરા સ્વસ્થ થઈને કહ્યું : ‘સારી હતી; હવે સારી નથી રહી. એ તમને પ્રેમપત્રો લખે છે. એ તમારી પાછળ પાગલ થઈ ગઈ છે. સાહેબ, તમે તો એના બાપ તોલે ગણાવ! ક્યાં તમે, ને ક્યાં એ! કેટલો બધો ફેર! અને અમારી નાતમાં તો સાહેબ, વાત વાયરે ઊડે! મુંબઈમાં એક સારા ઘરનો છોકરો જોઈ રાખ્યો છે. એને આવો વહેમ સરખો જશે, તો તોરલને સ્વીકારવા જ તૈયાર નહિ થાય. મૂઈને જિંદગીભર કુંવારી રહેવું પડશે! એ ગાંડીને ખબર નથી કે હાથે કરીને એ પોતાની જ પાંખો કાપી રહી છે! હું એની પાછળ આંખો મીંચીને પૈસો ખુવાર કરું છું, ને એ છે તે –’

તોરલની મમ્મીને ફરી વાર ડૂમો બાઝી ગયો. વિદીર્ણ અવાજે એણે કહ્યું : ‘તોરલને તમે છોડી દો, સાહેબ! એનું ભલું વાંચ્છતા હો તો એને એકદમ ભૂલી જાવ!’ એણે ખોળો પાથર્યો!

એક મા એક પ્રેમી પાસે દીકરીની ભીખ માગી રહી હતી; એની દીકરી કોઈની પ્રેયસી પણ છે – એ હકીકત એનાથી ભુલાઈ ગઈ હતી...

પ્રોફેસરે આંખો મીંચી લીધી...

25

તોરલે બસ સ્ટેશન પર ખૂબ રાહ જોઈ.

પ્રોફેસર ગમે તે રીતે પોતાની માહિતી મેળવી લેતા હશે એવું માની લીધેલું. એણે અપેક્ષા રાખેલી કે પ્રોફેસર એને ગમે તે રીતે અમદાવાદ છોડતાં પહેલાં મળી જશે.

બસ સ્ટેશન પર એ ન દેખાયા તેથી એને નિરાશા ઊપજી. બસ ઊપડી ત્યાં લગી, એની નજર માનવ સમુદાયને ચાળતી રહી. આખરે હતાશ થઈને એ એક ખૂણામાં ગોઠવાઈને બેસી ગઈ.

આગલી રાતે રણછોડજીના મંદિરમાં બનેલી ઘટના રહી રહીને એની આંખો સામે તરવરવા માંડી.

એ સંયમ નહોતી જાળવી શકી.

એ બેકાબૂ બનીને ફસડાઈ પડી હતી.

દુનિયા આખી હવે એને જાણી ગઈ હતી. મમ્મીને મન બહુ મહત્ત્વની એવી 'આબરૂ'ના લીરા ઊડી ગયા હતા... ને પેલા પ્રોફેસર જાડેજા?

એ તો તલ્લીન થઈને કૃષ્ણના ધ્યાનમાં ડૂબી ગયા હતા. એમનાં પોપચાં વધુ દૃઢતાપૂર્વક બિડાઈ ગયાં હતાં... તોરલને હસવું આવ્યું. મનોમન બોલાઈ ગયું :

'આવો ડોળ ના કરતા હો તો!'

એને ખાતરી હતી કે પોતાને ક્ષોભકારક સ્થિતિમાંથી બચાવવા ખાતર જ પ્રોફેસરે સ્થિતપ્રજ્ઞતાનો ડોળ રચ્યો હશે. મમ્મીને આઘાત લાગ્યો અને એણે રાતોરાત પોતાને વહેલી સવારે જ મોકલી દેવાનો નિર્ણય કર્યો એ વાત તોરલને બહુ નહોતી ખટકતી. આજે નહિ તો કાલે ય સત્ય કંઈ પ્રકાશ્યા વિના થોડું જ રહેવાનું હતું? અને મમ્મીએ પણ પછી સમજી જઈને ખાસ ઠપકા જેવું નહોતું આપ્યું. હા, એ સાચું કે રાતે એ રોજની જેમ પોતાની જોડે નહોતી સૂઈ ગઈ. એના ચહેરા પર ઉદ્વેગ હતો. એને એમ લાગ્યું હશે કે છોકરી નાદાન છે; અહીં રહેશે તો પાછી પ્રોફેસરની અસરમાં લપટાઈ જશે...! એ કરતાં એને એના ઠેકાણે મોકલી દેવી સારી. ત્યાં એની બહેનપણીઓ જોડે એને ફાવે પણ ખરું અને ભણતરમાં પણ ધ્યાન પરોવી શકે. બિચારી કેટલી સુધરી ગઈ હતી! ત્યાં જઈને ભણવા લાગી તે એટલી હદે કે આખી કૉલેજમાં નંબર લઈ આવી! જોયું નહિ, એની જ રૂમમાં રહેતી પેલી તૃપ્તિને ફક્ત 'ઝીરો' મળ્યો! ને આ છોકરી આખા ક્લાસમાં ફર્સ્ટ!

મમ્મી ખાસ ખોટું લાગે એવું બોલી પણ નહોતી. અત્યારે થોડુંક મોં ચડી ગયું છે; પણ એકાદ-બે દિવસમાં એની એ પાછી ઠરીને ઠેકાણે આવશે! દીકરી યાદ આવશે એટલે કાગળ ને પેન લઈને બેસી જશે...!

તોરલને થયું : મમ્મી તો કદાચ બે દિવસ મોં ફુલાવીને ય પાછી ઠેકાણે આવશે, પણ પેલા પ્રોફેસર! એ ભગત બનવાનો ડોળ કરવામાં ને કરવામાં ક્યાંક સાચુકલા ભગત તો નહિ બની જાય? ભલું પૂછવું! વૈરાગ્ય જાગ્યો તો મારી શી દશા?

આ પુરુષો ઈશ્વરની પાછળ પડી જતી વખતે ભૂલી કેમ જતા હશે કે કોઈ એક સમયે એ કોઈ સ્ત્રીની પાછળ પણ પડ્યા હતા? તોરલને એના જાડેજા 'ભગત' બની જાય એ કોઈ પણ સંજોગોમાં મંજૂર નહોતું...

જતાંવેંત એ જાડેજાને હૃદય સોંસરવો વાગે એવો પત્ર લખશે...! છો ને થતી થોડી ચમચમાટી! પત્ર મળતાંવેંત પહેર્યા લૂગડે દોટ મૂકશે...!

– એને પ્રોફેસરની એ પહેલી મુલાકાત સાંભરી... કેવા લઘરવઘર લાગતા હતા! બસ,

સીધા ઊંઘમાંથી ઊઠીને ચાલ્યા આવેલા! નહિ માથાના વાળનું ઠેકાણું કે નહિ કશો સરસામાન! સામાનમાં બંદા પોતે જ!

– તોરલને હસવું આવી ગયું. એણે મોં પર રૂમાલ દાબીને મનોમન હસી લીધું...

રાજકોટ આવ્યું ને એને ડૉ. યશવંત દલાલ યાદ આવ્યા. થયું : જઈ આવું એમના ક્લિનિક પર? જઈને પૂછું : ડૉક્ટર સાહેબ, ગઈ રાતે મને તમારા મિત્રમાં કૃષ્ણ કેવી રીતે દેખાવા લાગ્યા હશે? જેની સામે જગત આખું ઝૂકતું હતું, જેના નામની આરતી ઊતરી રહી હતી, એની સામે જોવાને બદલે મેં તીરછી આંખે મારા જાડેજા સામે જોયું... ને ડૉક્ટર, તમે માનશો? મારો જાડેજો જ એ બંસીધર કૃષ્ણ બની રહ્યો...!

સચરાચરમાં મારો વહાલો વ્યાપી રહ્યો છે એનું આનાથી અન્ય કયું પ્રમાણ જોઈએ છે તમારે? તમારે મન જે એક સાધારણ સુદામા જેવો ભાઈબંધ છે, એ મારે મન તો...

દૃઢતાપૂર્વક તોરલ બબડી : ડૉક્ટર, મારે મન એ કૃષ્ણ જ છે...! બલકે પેલા આરસના કૃષ્ણ પૂજાતા હશે, છતાં નિર્જીવ છે. મારો આ કૃષ્ણ તો લોહીમાંસથી ભરપૂર, જીવતો, રગેરગ રવરવતો કૃષ્ણ છે, ડૉક્ટર! – એને તમે ભ્રમ-સંભ્રમ જેવી સંજ્ઞાઓ આપીને ઉતારી ના પાડો!

બસ રાજકોટથી ક્યારે ઊપડી અને ક્યારે છેક તોરલના શહેરમાં પહોંચી ગઈ, એનો ખ્યાલ સુધ્ધાં તોરલને ન રહ્યો.

ઉતારુઓ ઊતરી ગયાં ને તોરલ તો એમ ને એમ એના કૃષ્ણના ખ્યાલોમાં ખોવાયેલી બેસી જ રહી. કંડક્ટરને કહેવું પડ્યું : 'બહેન, કાંઈ ઘેન-બેન તો નથી ચઢ્યું ને? સ્ટેશન આવી ગયું; બધાં ઊતરી ગયાં ને તમે છો તો હજુ!! કેમ, ટિકિટના પૈસા – આટલું બેઠાં તો ય વસૂલ નથી થયા કે શું?'

રૂમ પર પહોંચીને કપડાં પણ બદલ્યા વગર એ પ્રોફેસરને પત્ર લખવા બેસી ગઈ.

વહાલા મારા રાજા રણછોડ!

તમને છોડીને છેક દૂર પહોંચી ગઈ છું – તમારા યુગો પુરાણા રહેઠાણની બહુ નજીક! ગઈકાલે આરતીટાણે તમને જોયા અને ઘેલી બની ગઈ! તમને વળગી પડવાનું મન તો થઈ આવેલું; પરાણે પગ ઉપર કાબૂ જાળવવા ગઈ, ને પડી જવાયું! ઇચ્છા તો હતી એ ફૂલોથી તમને ઢાંકી દેવાની... તમને હજારો માણસોની હાજરીમાં મારા હૈયાનો હાર પહેરાવી દેવો હતો... કશું જ ન કરી શકી! ઊલટાના તમને અકારણ ક્ષોભકારક સ્થિતિમાં મૂકી દીધા...!

મમ્મીએ ખાસ કંઈ ઠપકો ય નહોતો આપ્યો. જોકે એને ઘણો જ આઘાત લાગ્યો હતો. એને મારામાં જે કૃત્રિમ વિશ્વાસ ઊભો થયેલો તે ક્ષણવારમાં વરાળની જેમ ઊડી ગયો! એણે એનું દુઃખ અંદરને અંદર ભરી પીધું હતું. ફક્ત મારો સામાન પૅક કરીને એ માંડ આટલું જ બોલી શકી હતી : 'તોરલ, સવારે જ ઊપડી જા! તારું મગજ અહીં ઠેકાણે નહિ રહે... તું કેટલી હોશિયાર છોકરી છે! તારે આખી કૉલેજમાં નંબર લાવવાનો છે. આમ ભવાડા કર્યે નંબર ન આવે, સમજી?'

અને માનશો? રાતોરાત એણે મને રવાના કરવા માટેની તૈયારીઓ કરી દીધી હતી. એણે મારે માટે એવી મૂંઝવણભરી મનોદશા વચ્ચે પણ નાસ્તો તળ્યો હતો; સુખડી બનાવી દીધી હતી! આખરે એ એક મા છે! દીકરી ગમે તેટલી આડી ફાટે તોય એનાથી કાંઈ દીકરી પ્રત્યેનું હેત ઓછું થઈ શકવાનું છે?

પ્રોફેસર, તમને મેં સાચેસાચ કૃષ્ણ સ્વરૂપે જોયા હતા. જોકે તમને પણ માન્યામાં ન આવે એવી વાત છે... અને મમ્મીને તો કંઈ કહેવાનો સવાલ જ નહોતો – એણે એવું કંઈ પૂછ્યું પણ નહોતું...!

મને તો લાગે છે – કદાચ તમે આ પત્ર લખી રહું એ પહેલાં પાછળ ને પાછળ આવી

ટપકશો! તમારી તોરલ વગર તમે ઘડીયે રહી શકવાના નથી... સવારે બસ સ્ટેશન પર આંખો તમને જ શોધતી હતી. તમે ક્યાંય ન નજરાયા, એનું ભારે દુઃખ છે! મને એમ હતું કે તમને ગમે તે માધ્યમ મારફત મારા નીકળવાના સમાચાર મળી ગયા હશે... છેવટે કોઈ કહેનારું ન મળે તો તમારો આત્મા તો હતો ને? એણે ય તમને ઊંઘતા રાખ્યા? નવાઈ લાગે છે.

– તમે આવશો ત્યારે તમારી દશા કરું, તે જોજો!

કપડાં યે બદલ્યા વગર, હાથ-મોં પણ ધોયા વિના, બસમાંથી ઊતરીને રૂમ પર પહોંચી એવી તમને લેટર લખવા બેસી ગઈ છું. તમને ઘણું-ઘણું કહેવું છે. ઘણી-ઘણી અંતરની વાતો કરવી છે. તમને તમારા કૃત્રિમ 'બગભગત' (કે 'ઠગભગત'?)ના અભિનય બદલ બિરદાવવા છે! 'બિરદાવવા છે' – એટલે? – મારવા છે! ખરા સાટે ફટકારવા છે! બચકાં ભરી લેવાં છે! ખાઈ જવા છે! એક વાર આવો તો ખરા, એટલે ખબર પાડું!

– એકલી જ છું. તમે આવો તો કેવી મજા પડી જાય! આ ઊતરતો શ્રાવણ કેવો વરસી રહ્યો છે, જેસલ! સાથે ભીંજાવાનું મન થાય એવી હેલી જામી છે... પૂરપાટ દોડી રહેલી બસ ઉપર એ વરસ્યો કે નહિ એની તો ખબર જ નથી રહી... ખબર ફક્ત એટલી જ રહી કે અમદાવાદથી નીકળીને અહીં પહોંચી ત્યાં લગી સતત પલળતી રહી – તમારી યાદોનાં સરવરિયાં ચાલુ હતાં ત્યાં પેલું આભ વરસે છે કે નહિ, એ જોવા જેટલી ફુરસદ જ ક્યાં હતી મને!

એકલી છું, ને છતાં એકલી નથી... તમે મારા લોહીમાં વહી રહ્યા છો; તમે મારા શ્વાસમાં ફોરી રહ્યા છો; પ્રિય, આ ભીની ભીની મોસમમાં તમે મારી આંખોમાં લીલછોયું સપનું થઈને ઊગી નીકળ્યા છો!

તમારી ઝંખનાની જ્યોત અમર તપે છે!

આવો, આ પત્ર મળે એની પહેલાં જ આવી જાવ! તમારી પ્રતીક્ષાનાં પુષ્પ મારાં રોમેરોમ પર ખીલી ઊઠ્યાં છે, પ્રિય! – પધારો!!!

પત્ર ઘણી ઉતાવળથી લખ્યો, છતાં તોરલને લાગ્યું : પત્ર ઘણો સુંદર લખાયો છે. તૃપ્તિ, ગીતા અને સ્પૃહા હજી વૅકેશન ગાળીને પરત થયાં નહોતાં. બે રૂમો વચ્ચે રહેનારી ફક્ત એક જ હતી – તોરલ! જાણે કોઈ રજવાડું વારસ વગરના રાજવીના અવસાન પછી એની વિધવાને હવાલે ન થઈ ગયું હોય!

– તોરલે પત્ર એક બાજુએ મૂકીને નોકરાણીને બૂમ મારી : 'શારદાબહેન!'

'એ આવી!' કહેતી શારદા દડબડ દડબડ દોડી આવી. હૉસ્ટેલની છોકરીઓનું એણે કામ બાંધેલું હતું. કચરાપોતું, કપડાં, ટાંપુંટૈયું; ને બદલામાં રૂમ દીઠ મહિને પચ્ચીસ રૂપિયા મળી જતા હતા. દર પાંચ-સાત રૂમો વચ્ચે આવી એક-એક કામવાળી ગોઠવાઈ ગયેલી હતી.

શારદાને તોરલ ગમતી. બીજી છોકરીઓ જેવું એનામાં ગુમાન નહોતું. અવારનવાર એ એનાં છોકરાંછૈયાંની ખબર પૂછતી. ખાવાનું પણ આપતી. એનું કામ શારદા હોંશે હોંશે કરતી. શારદાને એ પોતાની પેટની જણી જેવી લાગતી.

આવતાંની સાથે શારદા તોરલના ગાલ પર હાથ ફેરવવા લાગી : 'બોન, સાજાં તો છો ને! બહુ જલદી જલદી આવી ગયાં! આખી હૉસ્ટેલ ખાલીખમ લાગતી હતી! ફગત છેલ્લા વરસની બહેનો હતી! સારું કર્યું તમે આવી ગયાં એ!'

શારદાએ કચરાપોતાં પતાવ્યાં. ત્યાં લગી તોરલે સ્નાન કરી લીધું. કપડાં બદલીને એ આવી ત્યારે જોયું : શારદા મુગ્ધ નજરે એનો પત્ર ફેરવી ફેરવીને જોઈ રહી છે!

તોરલે ખુશ થતી હોય એમ બૂમ મારી : 'એ...ય! શું કરે છે?' શારદાના હાથમાંથી એણે પત્ર ખૂંચવી લીધો : 'એમ કોઈનો કાગળ વંચાતો હશે કે?'

શારદા હસી પડી : ‘મને ક્યાં વાંચતાં આવડવાનો હતો!’ અને પછી આંખો નચાવીને બોલી : ‘પણ કાગળ જોઈને કહી આપું કે જરૂર કોક આદમી પર લખાયેલો કાગળ છે!’

‘ચાલ, ચાલ હવે! બહુ ડાહી થા મા! તને શી રીતે ખબર પડી કે કોઈ પુરુષ ઉપર લખાયો હશે? જોયું નહિ, મમ્મીનું સરનામું તો કર્યું છે એની ઉપર!’

શારદા કંઈ એમ માની લેતી હશે?

એ એના મંતવ્યમાં દૃઢ રહી : ‘તમે બકાવો એટલે કંઈ હું માની જવાની નથી! બોલો, સાચું ન કહો તો તમને મારા સમ!’

‘સાચું કહું છું, બસ! તારી આગળ સાચું કહેવામાં શરમ શાની!’

શારદા આગળ વધી : ‘બોલો, મમ્મીના સમ?’

તોરલે ગંભીર બનવાનો અભિનય કર્યો : ‘બાપ, તું તો માથું ખાઈ ગઈ આવતાંની સાથે! કહ્યું ને એક વાર – મમ્મી પર લખ્યો છે!’

શારદાએ એક ડગલું આગળ ભર્યું : ‘તોરલબહેન, કોને બનાવો છો તમે? હું કંઈ નાની કીકલી છું? મારી કંકુ તમારા કરતાં ફક્ત થોડીક જ નાની છે! બોલો, સાચું કહો છો કે નહિ?’

તોરલને કંટાળો આવ્યો : ‘તુંય આદું ખાઈને પાછળ પડી ગઈ છે! લે, લઈ જઈને વંચાવજે તારા છોકરા પાસે, એટલે તનેય સંતોષ થાય!’

તોરલે પત્ર ફેંક્યો. શારદાએ ઊંચકીને એને પાછો આપતાં કહ્યું : ‘આવો ગુસ્સો ન કરીએ મારી બહેન, આવાં સુખ કંઈ બધાંના કરમમાં લખ્યાં નથી હોતાં..!’

તોરલના ચહેરા પર સ્મિત પ્રસરી વળ્યું. શારદાને એની ધારણા સાચી પડતી લાગી. એ તાનમાં આવી ગઈ. એણે તોરલના ગાલ પર હળવી ચૂંટી ખણે કહ્યું : ‘બોલો, શરત મારવી છે? આ કાગળ ભાયડાનો છે, છે ને છે.’

‘હવે ડહાપણ રહેવા દે!’ તોરલે પત્ર પાછો લઈ લીધો. પત્ર ફેંક્યો, એ તો એક નાટક હતું. પત્ર ફેંકવો નહોતો જોઈતો. એ પત્ર, ખાલી પત્ર નહોતો – એમાં કોઈનું હૈયું પણ હતું! તોરલ, તેં કોને ફેંક્યો, ખબર છે? તારા જાડેજાને, તારા જેસલને!

શારદાએ એકાએક ધડાકો કર્યો : ‘તોરલબહેન, બોલો જોઉં – આ કાગળ ઉપર જેનું સરનામું કર્યું છે એના સમ?’

તોરલે હાથ જોડ્યા : ‘હવે કોઈના સમ ખવડાવવાના બાકી છે?’ ને પછી નિખાલસ રીતે હસી નાખીને બોલી : ‘મારી નાજુક નમણી શારદા, એમ કર ને! આ પત્ર પોસ્ટ કરી આવ ને! મને બહુ જ થાક લાગ્યો છે!’

શારદા ખુશ થઈ ગઈ : ‘હવે કેવાં કબૂલ થયાં!’ ને પછી પત્ર લઈને એની ફડકમાં ખોસતાં બોલી : ‘તોરલબહેન, તમારા વરનું નામ તો કહો, બળ્યું!’

શરમાઈ જઈ તોરલે મોં મચકોડ્યું : ‘તોરલના વરનું કયું નામ હોય?’

‘એતો મને શી ખબર? ભણેલી હોત તો કાગળ ઉપરથી જ ના ઉકેલી લીધું હોત?’

‘તું ય સાવ ગાંડી છે! હું પૂછું છું પેલી સતી તોરલ ના થઈ ગઈ? અંજારમાં? એના વરનું નામ શું હતું?’

‘એના વરનું નામ તો જેસલ જાડેજો હતું! ને એતો પાછો બહારવટિયો હતો!’

‘શારદા, તારી તોરલનો વર પણ જેસલ જાડેજો જ છે... ને –’ એણે અભિનયપૂર્વક કહ્યું : ‘એય પાછો બહારવટિયાનો બાપ છે!’

– શારદા ખુશ થતી થતી પત્ર પોસ્ટ કરવા ચાલી ગઈ.

તોરલે પલંગ પર લંબાવ્યું.

સાંજ પડી જવા આવી હતી. રૂમમાં અંધારું છવાઈ રહ્યું હતું. તોરલે લાઇટ ન કર્યું. એ

અંધારી રૂમમાં જેસલનાં સ્મરણો વાગોળતી વાગોળતી સૂઈ ગઈ.

એને એક સપનું આવી ગયું.

સપનામાં એને એનો જેસલ દેખાયો. કેવો હતો એ? એણે કંઈ પેન્ટશર્ટ નહોતાં પહેર્યાં. એણે તો સરસ મઝાનો ગુલાબી સાફો બાંધ્યો હતો. એના કાનમાં સોનાનાં કુંડળ ઝૂલી રહ્યાં હતાં. એના ગળામાં નવલખ મોતીના હાર શોભી રહ્યા હતા. એની ભેટમાં સિરોહીની ચમકદાર તલવાર ચમકી રહી હતી. એની મોજડી પર ભરત ભરેલું હતું; આભલાં ટાંકેલાં હતાં.

.... એની ચાલમાં કોઈ ગજબનાક ખુમારી હતી. ધરતી ધમરોળીને એ આવ્યો હતો. એણે આખા પંથકમાં રાડ પડાવી દીધી હતી... પણ જેવો એ તોરલને આંગણે આવ્યો કે –

'ક્યાં ગયાં, સતી! તમારા જાડેજાનો પગરવ સાંભળીને ઊંડા ઓરડે ભરાઈ ગયાં કે શું?'

– એનો પ્રશ્ન સંભળાયો તો હતો સપનામાં, પણ તોરલે ઝબકીને પૂછ્યું : 'તમે આવી ગયા?'

એક ઊંડો નિસાસો મૂકીને તોરલે ફરી પોપચાં ઢાળી દીધાં...

26

ત્રીજે દિવસે સવારની ટપાલમાં જ પ્રોફેસરનો પત્ર આવી પહોંચ્યો.

તોરલ ઝૂમી ઊઠી.

પલંગ પર ઊંધી સૂઈ જઈને એ પત્ર વાંચવામાં તરબોળ થઈ ગઈ.

– એ ન આવ્યા, તો કંઈ વાંધો નહિ; એમનો પત્ર તો આવ્યો! ને હવે એય છટકી છટકીને કેટલા છટકવાના છે! એય આજકાલમાં આવ્યા જ સમજો! કંઈક મૂંઝવણમાં હશે; કાં તો ગામડે ઊપડી ગયા હશે; નહિતર આમ મને આટલી હદે પજવે નહિ...! આવી જ જાય, ધરતીનું પેટાળ ફોડીને ય પ્રગટે! એમનાથી રહેવાય જ નહિ ને!

તોરલે ફરી ફરીને પત્ર વાંચ્યા કર્યો. પત્રમાંથી એક ગજબનું માધુર્ય રેલાતું અનુભવ્યું; એક જાતનો નશો પ્રગટતો અનુભવ્યો... આખરે એ જાડેજાના લોહીથી લખાયેલો પ્રેમપત્ર હતો : 'આપણા મનથી કદાચ આપણે ચાતરી જઈએ પણ આપણું લોહી જે અનુભવે કે સ્વીકારે અને કહે એ જ છે સનાતન સત્ય.'

તોરલને લાગ્યું : આ આખેઆખી એમના લોહીની લિપિ છે.... બૌદ્ધિકતાને તો એમણે સલામ ભરીને છેટે મૂકી દીધી છે. નહિતર એક વિદ્વાન અધ્યાપક આવડી નાની, મુગ્ધવયની તરુણી પાછળ આટલી હદે, સાવ મજનૂ થઈને ફરે ખરા કે?

ઊંધી સૂતેલી તોરલ ઘૂંટણમાંથી વાળેલા પગ એકમેક સામે અથડાવી અથડાવીને રાજી થતી રહી. એની છાતીમાં ઘૂંટાતા ગીતનું ગુંજન ગળામાં ઘૂંટાઈ ઘૂંટાઈને લયબદ્ધ રીતે રૂમની હવામાં પ્રસરતું ચાલ્યું. એ કલાકો લગી એમ ને એમ ઝૂરતી રહી, ઝૂરતી જ રહી....

પુસ્તક, છાપું, સામયિક – કશેય એનો જીવ ચોંટ્યો નહિ. સિનેમા જોવા જવાનો વિચાર કર્યો, ને પાછો માંડી વાળ્યો : હું સિનેમા જોવા ગઈ હોઉંને અહીં એ બિચારા આવીને મારી રાહ જોયા કરે! કેટલા હેરાન થઈ જાય!

જમવાનુંયે ભાવ્યું નહિ. ઉફરા મનથી દિવસ આખો રૂમમાં ને ઝરૂખામાં પસાર કરી દીધો. જરીક ક્યાંક રિક્ષાની ઘરઘરાટી સંભળાય કે એનો જીવ અધ્ધર થઈ જતો હતો; દોડીને એ ઝરૂખામાં પહોંચી જતી. ઊભી ઊભી જોયા કરતી – કોઈ આવે છે?

– પણ રિક્ષા જ્યારે લેડીઝ હૉસ્ટેલ વળોટીને ડૉક્ટર્સ ક્વાટર્સ ભણી વળી જતી, ત્યારે એની નિરાશાનો પાર ન રહેતો... રહી રહીને એ સીડી તરફ નજર કરી આવતી હતી. રખેને કદાચ પેલા ચોકીદારભાઈ બિચારા આઘાપાછા થયા હોય – અને એ આવીને 'વિઝિટર્સ રૂમ'ની

આજુબાજુ આંટા ફેરા માર્યા કરતા હોય... મને બૂમ પાડવાની તો એમની હિંમત નહિ!

– પણ જેટલી વાર એણે સીડી પરથી ઝૂકીને ગ્રાઉન્ડ ફ્લોર તરફ નજર નાખી એટલી વાર ચોકીદાર બાંકડા પર આરામથી બેઠો બેઠો બીડી પીતો દેખાયો...

– તોરલની ધીરજ ખૂટી રહી હતી.

એણે જોયું : ઘડિયાળમાં સાડાચાર વાગી રહ્યા હતા.

બે દિવસ પહેલાં બરાબર સાંજના સાડા ચાર વાગ્યે એ લેડીઝ હૉસ્ટેલ પર આવી પહોંચી હતી. અમદાવાદથી સવારની બસ પકડે તો અત્યારે તો એ આવવાની તૈયારીમાં હોય... કદાચ રસ્તામાં જ હશે! રિક્ષાને બદલે બસમાં આવે તો પાંચ-દસ મિનિટ મોડાય પડે! પણ એમ કંઈ એ બે-પાંચ રૂપિયા સામે જોઈને બેસી રહે એવા નથી. અરે, એમનું ચાલતું હોય તો સ્પેશિયલ ફ્લાઈટમાં આવે એવા છે! તોરલથી વધારે એમને માટે આ દુનિયામાં છે જ શું?

ઘડિયાળનો કાંટો કોઈનીય શેહશરમ રાખ્યા વગર આગળ વધતો ચાલ્યો. તોરલના જીવને પૂછ્યે ખબર હતી. જાતજાતના અને ભાતભાતના વિચારો આવવા લાગ્યા : બસ ક્યાંક ખોટકાઈ ગઈ હશે? ચોમાસું છે...! બનેય ખરું! રસ્તા કેટલા ખરાબ થઈ જતા હોય છે! અને અકસ્માતો ય કેટલા બધા થતા રહે છે...! માણસ ક્યાં જવા નીકળ્યો હોય ને ક્યાં જતો પહોંચી જાય – કશું નક્કી જ નહિ! બધું કોક અગોચર શક્તિની આંગળીના ઇશારે ચાલ્યા કરે!!

પરમ દિવસે એ આવી રહી હતી ત્યારે બસ એક ભારખટારા સાથે ટકરાતાં ટકરાતાં રહી ગયેલી; સહેજમાં બચી ગયેલી... જરાક અડકી ગઈ હોત તો કોણ જાણે કેટલાંય જણને સીધા સ્વર્ગના પાસપોર્ટ મળી ગયા હોત! પોતે ય કાં તો મરી ગઈ હોત કે પછી અધમૂઈ થઈને હૉસ્પિટલમાં પડી હોત!

– એને નેશનલ હાઈવે પર એકમેક સામે ટકરાઈને ઊંધાં વળી ગયેલાં વાહનો નજર સમક્ષ દેખાવા લાગ્યાં...! કેવાં બિહામણાં લાગી રહ્યાં હતાં એ બધાં વાહનો! માનવીના હાડપિંજરની જેમ વાહનનું હાડપિંજર પણ કમકમાટી ઉપજાવે એવું તો હોય જ છે!

– ધારો કે પોતે મરી ગઈ હોત તો! સવારે 'ફૂલછાબ'માં મોટા અક્ષરે પહેલા પાના પર ચમક્યું હોત એનું મોત! પછી પોસ્ટમૉર્ટમ થયું હોત. પછી દેહ 'વારસદારો'ને સોંપાયો હોત; પછી?? પછી??? પછી???? પછી?????

– તોરલના દેહનો સાચો વારસદાર કોણ? હૉસ્પિટલના સત્તાવાળાઓ તો પપ્પાના સરનામે જ માહિતી પહોંચાડત; એમને કંઈ મારા જાડેજાની ના પડી હોય! કદાચ મારો આત્મા એમના કાનમાં જઈને જાડેજાનું નામ લે, તો ય એ જાડી ખાલના કર્મચારીઓ પર કંઈ અસર ન થાય, હોંકે! એમને તો ફક્ત લખેલું જ વંચાય!

મારી આંખોમાં, મારી છાતીમાં, મારા લોહીમાં – અરે, મારા અણુ એ અણુમાં જે પ્રેમની લિપિ લખાયેલી છે, એ વાંચવાની દુનિયાના માનવીઓને ન તો ફુરસદ છે, કે નથી એ લોકો પાસે એવી કોઈ સૂઝ-સમજ! મારી લિપિ ફક્ત હું જ વાંચી જાણું છું – ફક્ત હું જ; ને હા, બીજું એક જણ છે એ લિપિનું નિષ્ણાત : એનું નામ પ્રોફેસર જાડેજા છે!

– મારો દેહ ભલે એમને સોંપાય કે ન સોંપાય, – મારો આત્મા તો સોંપાઈ જ ચૂક્યો છે ને! હું મરીને ય કંઈ મારા જાડેજાને ઓછી છોડવાની હતી? હું પ્રેત થઈને એમને બાઝી પડું! બસ, પછી તો એમનાથી અળગી થઉં જ નહિ ને! કોઈ જુએ પણ નહિ એટલે શરમાવાની ય કોઈ પંચાત નહિ! રાતદિવસ એમને લપેટાયેલી રહ્યા કરું! પડછાયાની જેમ એમની પાછળ-પાછળ ફરતી ફરું – ને અંધારું પડે એટલે એમનામાં એકાકાર થઈ જઉં; એમનામાં િનઃશેષ સમાઈ જઉં!

– તોરલને થયું : ઓહ્, મૃત્યુ પણ કેવા ભવ્ય જીવનનું દ્વાર બની જાય!

એને મરી જવાનું મન થયું!

વળી પાછો એનો જીવ ચકરાવે ચડ્યો : ધારો કે હું મરી ગઈ, ને તરત જ એ બિચારા હૉસ્ટેલ પર આવી પહોંચ્યા તો? ચોકીદાર બૂમો પાડ્યા કરે ને મરી ગયેલી તોરલથી તો અક્ષરે ય બોલાય જ નહિ! ચોકીદારની બૂમ સંભળાય જ નહિ ત્યાં! ચોકીદાર છેવટે આટલું જ કહે : તોરલબહેન ક્યાંક બહાર ગયાં લાગે છે! બાથરૂમમાં હોય તોય આટલી બૂમો પછી તો બહાર આવે જ! કદાચ સિનેમા-બિનેમા જોવા યે ગયાં હોય!

– એ બિચારાની શી વલે થાય? કેટલા ઝૂરે એમની તોરલ વગર!

તોરલ એમને એક ક્ષણ માટે ય ઝૂરતા તો ન જ મૂકી શકે! મરી ગઈ હોય તો ય ક્ષણ પૂરતી જીવતી થઈને બાઝી પડે એના જાડેજાને!

ઘડિયાળ ક્રૂરતાપૂર્વક સમયને કચડીને આગળ વધતું ચાલ્યું. તોરલની સહિષ્ણુતા કસોટીની એરણ પર ચડી હતી.

– પાંચ વાગી ગયા. તોરલનું હૈયું એક થડકારો ચૂકી ગયું... એ ઊઠી. એના પગમાં ભાર વરતાઈ રહ્યો હતો. શરીર ચીસો પાડી રહ્યું હતું : અંતરની ભૂખ ઊઘડી ગઈ હતી. ને પ્રોફેસર હજી લગી આવ્યા નહોતા...

એ ઉદાસ હૈયે સીડી ઊતરી ગઈ.

માર્ગમાં ક્યાંય એક ક્ષણ પૂરતીય રોકાયા વગર એ સીધી પોસ્ટ ઑફિસે પહોંચી ગઈ. એણે પ્રોફેસરને તાર સંદેશો પાઠવ્યો : ‘તમને ઝંખી રહી છું. જલદી આવો. વહેલામાં વહેલી બસમાં – તોરલ જાડેજા.’

‘ઑર્ડિનરી યા અરજન્ટ?’

પોસ્ટ માસ્તર લોલુપ નજરે તાકી રહ્યો હતો.

‘નેચરલી, અરજન્ટ!’ કહી તોરલે ચાર્જ આપી દીધો; તરત જ પાછી વળવા જતી હતી ત્યાં પોસ્ટ માસ્તરે કહ્યું : ‘મિસ જાડેજા, આપના બે રૂપિયા લેતાં જાવ!’

ઘૂમરી ખાઈને એણે પાછું વાળીને જોયું. એની નજરમાં જે ઉપેક્ષા હતી એ પોસ્ટ માસ્તર ખમી ન શક્યા. ચૂપચાપ એમના કામમાં પરોવાઈ ગયા.

કાઉન્ટર પર પડેલી બે રૂપિયાની નોટ લેતાં તોરલથી બોલાઈ ગયું : ‘મિસ નહીં, મિસિસ જાડેજા!’

– ને પછી એ પોસ્ટ માસ્તરના પ્રતિભાવની રાહ જોયા વગર ફટાફટ ચાલવા લાગી.

એને થયું : આ વખતે એ આવે એટલે ચોખ્ખું સંભળાવી દઈશ. ‘તોરલ શાહ’ તે કંઈ નામ છે? – ‘તોરલ જાડેજા!’ કેવું જાજરમાન નામ! હવે પછી કદી મને ‘શાહ’ કહી છે, તો ખબર છે! હું તો ક્યારનીય શાહનાં સગપણ છોડી ચૂકી છું : જાડેજી બની ગઈ છું.... જાડેજી!

– અટકનું ય એક આગવું ગૌરવ હોય છે. ‘શાહ’ તે કોઈ અટક છે? ઠીક હવે. કોઈ વેપાર-વાણિજ્યમાં પડેલાઓને શોભતી હશે કદાચ. છોકરીને તો ન જ શોભે! એમાંય વળી ‘તોરલ’ નામધારી છોકરીને તો જરા યે નહિ!

– મને તો ‘શાહ’ શબ્દ સાંભળું છું ને તરત એમાંથી વેપારની બદબૂ આવે છે. ‘શાહ’ની સોડમાં ‘સોદાગર’ છુપાયેલો જ હોય છે...

એ તો પાછા મોટા ભાષાશાસ્ત્રી ખરા ને! કહેશે : ‘શાહ’ તો ફારસી શબ્દ છે. ને ‘શાહ’નો અર્થ જાણે છે? ‘શહનશાહ’ શબ્દ સાંભળ્યો છે? ઈટ્સ આ રૉયલ વર્ડ, માય ડાર્લિંગ!

– એ ગમે તેટલો બચાવ કરશે તો ય હું માનવાની નથી. કહી દઈશ : રૉયલ વર્ડ હશે કોઈ એક જમાનામાં! વર્તમાન સંદર્ભમાં એ રૉયલ રહ્યો છે ખરો? અત્યારે તો એનો રૂઢ અર્થ

કેવો સામાન્ય બની ગયો છે! ‘શાહ’ મિન્સ એ ‘મરચન્ટ’ .... ને હું કોઈ ‘મરચન્ટ’ નથી, બાબા! હું એક મૅડિકલ સ્ટુડન્ટ છું! એથીય આગળ હું એક પ્રેયસી છું! પ્રેયસીને પ્રેમની ભાષા સમજાય; વેપારની ભાષા એને ન આવડે; સમજ્યા?

બહુ ડહાપણ કરશે, તો કહી દઈશ : તમને બહુ ગમી ગઈ હોય તો એ અટક તમે જ પહેરી લો! મને આપી દો તમારી અટક! લોકો આપણને નવાં નામોથી ઓળખવા લાગશે – એમને ય બિચારાંને થોડોક ‘ચેઈન્જ’ રહેશે! – રમૂજ મળશે! ‘પ્રોફેસર શાહ’ અને ‘તોરલ જાડેજા.’ કેમ, કેવો આઈડિયા છે?

હવે તો મિસ્ટર, લેટર લખવાની ચૂલ ઊપડે તો ઍડ્રેસ ‘તોરલ જાડેજા’ જ કરવાનું; ‘તોરલ શાહ’ના સરનામે લેટર લખવાની મનાઈ ફરમાવવામાં આવે છે! B/o!

– તોરલ શાહના સરનામાવાળી ટપાલ હું વાંચવાની જ નથી ને!

....લેડીઝ હૉસ્ટેલ દેખાવા લાગી. તોરલના હૈયામાં સળવળાટ શરૂ થયો : આવી ગયા હશે? એમને આવવું જ હોય તો અમદાવાદથી આવવા માટેના ‘ટાઈમ’નો તો ક્યાં તોટો છે? અનેક બસો દોડે છે. છેક મધરાત લગીના ‘ટાઈમ’ છે!

આવ્યા હશે તો બિચારા પોર્ચમાં આંટા મારતા હશે!

ચોકીદારે મને નીકળતાં તો જોયેલી. એણે મારું નામ પડતાંવેંત કહ્યું હશે : ‘ભાઈ સાહેબ, તોરલબહેન તો ક્યાંક બજાર બાજુ ગયાં લાગે છે! માંડ પા કલાક થયો! બેસો – આવશે હમણાં!’

– તોરલ આતુર નયને ચારે બાજુ જોયા કરતી હતી. કદાચ કોઈ રિક્ષા એની એકદમ નજીક થઈને સડસડાટ કરતી આગળ ચાલી જાય, ને પ્રોફેસર પોતાને જુએ ન જુએ – એટલામાં તો રિક્ષા છેક લેડીઝ હૉસ્ટેલના દરવાજે પહોંચીને ઊભી રહે! એવું યે બને! હું બૂમ પાડતી રહું, ને રિક્ષાવાળો દોડાવ્યે જ રાખે. પેલા પાછળથી એનો ખભો પકડીને તતડાવે : ભલા માણસ, પેલી છોકરી બૂમ પાડે છે, ને તમે તો બસ, હાંક્યે જ રાખો છો!

– પણ એવું કશું જ ન બન્યું. કોઈ રિક્ષા એને વળોટીને આગળ ન નીકળી. હા, એકાદ રિક્ષા સામી મળી ખરી! પણ એ તો સાવ ખાલી હતી...! હા, શક્યતા ખરી કે એમને લેડીઝ હૉસ્ટેલ પર ડ્રોપ કરીને ય આવતી હોય..!

થોડીક આશા બંધાઈ અને એ ઉતાવળાં ડગ ભરતી હૉસ્ટેલના ગેટ લગી પહોંચી ગઈ.

જોયું : બધું જ સૂમસામ હતું. કોઈ એની રાહ જોનારું નહોતું.

– એને ભારે અફસોસ થયો.

ચાલો, આજની રાત ગમે તે રીતે કાઢી નાખશું! વચ્ચે તો ફક્ત આ એક રાત જ છે ને! એકાદ ઘેનની ગોળી લઈશું, તોય પસાર થઈ જશે. ને તાર મળતાવેંત તો એ નીકળશે – જરૂર નીકળશે! એમ કંઈ એ સાવ નઠોર તો નથી બની ગયા...

તોરલ ઢીલા પગે સીડીનાં પગથિયાં ચડી. ઉપર જઈને જુએ છે તો તૃપ્તિ આવી ગઈ હતી. તૃપ્તિએ ઉમળકાભેર એને આવકારી : ‘હાય, તોરલ! બહુ વહેલી આવી ગઈ! હું તો હજી બે દિવસ રોકાવાની હતી. ગઈ કાલે જ તારા ઘરે ગઈ હતી! જઈને જોયું કે તોરલદેવી તો ઊપડી ગયાં છે!’

‘મારા ઘરે ગયેલી?’ તોરલે ઉદાસી છુપાવવાનો પ્રયત્ન કરતાં પૂછ્યું.

‘તે જઉં જ ને! તું મોટી ગોલ્ડ મેડાલિસ્ટ; તું ઓછી આવવાની હતી અમારે ઘેર! તારી ખૂબ રાહ જોયેલી! આખું વૅકેશન તારી જ વાતો કર્યા કરી છે! મમ્મી-પપ્પાની ખૂબ ઇચ્છા હતી તને મળવાની! પણ તું કંઈ અમારા જેવી સામાન્ય છોકરી ઓછી છે? ભઈ, તને તેડવા સારુ ગયેલી હું તો! ને ગઈ એટલે જાણ્યું કે બહેનબા વાંચવા માટે વહેલેરાં ઊપડી ગયાં છે!’

– તોરલે સાંભળ્યા કર્યું. તોરલની શી દશા થયેલી એની તૃપ્તિને ક્યાં ખબર હતી? એ છેક ઍલિસબ્રિજ રહે. વાડજમાં શું ચાલતું હોય એ તો વાડજવાળાંને જ ખબર હોય ને!

એણે ફક્ત આટલું જ પૂછ્યું : ‘ઘરે મમ્મી મળેલી?’

‘મમ્મી તો મળે જ ને! બિચારી કેટલું કૉન્સોલેશન આપતી’તી! તું ડાહી થઈ ગઈ ન હોત તો ન ચાલત? મારા ઘરે તો કોઈને રજમાત્રની ખબર નથી! પિક્ચર સિવાય બીજી વાત જ નહિ કરવાની ને!’

તોરલને પોતાની ભૂલ સમજાઈ. તૃપ્તિને વાઈ-વામાં મળેલા ‘ઝીરો’ વિશે એણે મમ્મીને નહોતું કહેવું જોઈતું. એણે નિખાલસતાપૂર્વક તૃપ્તિ આગળ દિલગીરી વ્યક્ત કરી : ‘સૉરી, તૃપ્તિ! મારાથી વાતવાતમાં કહેવાઈ ગયું હશે! દુઃખ ન લગાડતી.’

‘એવાં દુઃખ લગાડીએ તો કેટલું જિવાય?’ તૃપ્તિએ એને આશ્વાસન આપ્યું : ‘ચાલ, હવે મૂડમાં આવી જા! બોલ, અહીં કયાં કયાં પિક્ચર ચાલે છે?’

પરાણે ચહેરા ઉપર થોડુંક સ્મિત આણીને તોરલે કહ્યું : ‘ગાઈડ ચાલે છે! પણ –’

‘કેમ, ‘ગાઈડ’ જોયેલું છે?’

‘જોયેલું તો નથી; પણ આવતી કાલે કદાચ એ આવશે! એમની સાથે જોઈશું તો નહિ ચાલે?’

તૃપ્તિ સંમત થઈ ગઈ : ‘ભલે, એમ રાખીએ!’ પછી નજીક આવીને પૂછવા માંડી : ‘અમદાવાદમાં મળેલી કે નહિ એમને?’

તોરલે માથું હલાવીને ના પાડી. જોકે તૃપ્તિ એની વાત માનવા તૈયાર નહોતી : ‘તું વળી એમને મળ્યા વગર રહેતી હોઈશ કદી?’

તોરલ પાસે એ સવાલનો કોઈ જવાબ નહોતો. એણે વિષયાન્તર કરીને પૂછ્યું : ‘મમ્મી કશું કહેતી’તી મારી બાબતમાં?’

27

રાતના નવ વાગ્યે કોઈએ પ્રોફેસરનું બારણું ટકોર્યું.

'ટેલિગ્રામ!'

– ટપાલીનો અવાજ સાંભળીને પ્રોફેસરને ધ્રાસકો પડ્યો : ઘરે કોઈને કંઈ થયું કે શું?

થડકતા હૈયે એમણે બારણું ઉઘાડ્યું.

ગામમાં કોઈ માઠા સમાચારો પહોંચાડવા જ તાર કરવાનો રિવાજ હતો. એકાદ વરસ ઉપર માતાના અવસાનનો તાર આવેલો, એની યાદ તાજી થઈ આવી.

ઝટ ઝટ સહી કરીને એમણે તાર ફોડ્યો.

– તાર તોરલે કરેલો હતો.

પ્રોફેસરે તાર વાંચ્યો : 'તમને ઝંખું છું. જલદી આવો, પહેલામાં પહેલી બસ પકડીને : તોરલ જાડેજા.'

'તોરલ જાડેજા!'

– પ્રોફેસરને રોમાંચ થયો. બીજી જ પળે એ રોમાંચ વિષાદમાં પરિણમ્યો. એમણે એક હળવો નિઃશ્વાસ મૂકીને બારણું બંધ કરી દીધું.

પણ એ ફક્ત ઘરનું જ બારણું બંધ કરી શક્યા. મનનું બારણું તો ઉઘાડું જ રહી ગયું....!

તોરલ, તમારી પાછળ 'જાડેજા' અટક લાગે એટલો નસીબદાર ક્યાં છું?

તમે તો ઘણાં ઝૂરો છો... તમારો પત્ર પણ હજી ગઈ સાંજે જ મળ્યો હતો. ને એની પાછળ ને પાછળ તમારો તાર સંધાયો! તોરલ, મને ખબર છે – તમે મને ખૂબ ચાહો છો...! અને એમ તો હુંય તમને ક્યાં ઓછાં ચાહું છું? તમને ફસડાઈ પડતાં જોઈ નહોતો શક્યો. આંખો એ કારણે મીંચાઈ ગઈ હતી; મને ભગવાન કરતાં તમારામાં વધારે રસ છે, તોરલ! સાચ્ચું કહું છું!

મંદિરેથી આવીને મેં તમને તરત ને તરત એક પત્ર લખ્યો હતો... અને તોરલ, તમે એ વાંચ્યો હોય, તો એમાં મેં લૉરેન્સનું પ્રખ્યાત વિધાન યાદ કર્યું હતું – જેમાં એ મહાન વિભૂતિએ બુદ્ધિ કરતાં રુધિર માંસની વાતમાં વધુ વિશ્વાસ વ્યક્ત કર્યો છે... આપણું લોહી કદી ખોટું ન બોલે!

તોરલ, તમારા પત્રમાં, તમારા તારમાં, તાર પાછળના તમારા નામમાં – દરેકેદરેક સ્થળે મને તમારું લોહી બોલતું સંભળાયું છે... એકદમ સ્પષ્ટ, એકદમ ચોખ્ખું ને એકદમ સાચ્ચું!

– છતાં જાણો છો હું કેમ મૌન બેસી રહ્યો છું?

– કેમ મારાં ચરણો પર સો-સો મણની શિલાઓ જડાઈ ગઈ છે?

તોરલ, તમને એ જણાવવાની જરૂર નથી લાગતી મને.

તમે એ બધું ન જાણો એ જ તમારા હિતમાં છે...

ઘડીક પૂરતા પ્રોફેસર જાડેજા વિચારશૂન્યતાની સ્થિતિમાં ધકેલાઈ ગયા.

એમની સ્થિતિ શબ્દોની અભિવ્યક્તિને ઉલ્લંઘી ગઈ.

એ મંદિરમાં સ્થપાયેલી મૂર્તિ જેવા બની રહ્યા. મૂર્તિને માન-અપમાન વળગતાં નથી. પ્રોફેસર જાડેજા પણ ઘડીક એવા સ્થિતપ્રજ્ઞ બની રહ્યા. એ સ્થિતપ્રજ્ઞતા વિચારશૂન્યતામાંથી પ્રગટી હતી... કદાચ એ મૃત્યુની સાથે સરખાવી શકાય એવી એક અવર્ણનીય સ્થિતિ હતી..

રાત્રિના અંધકારમાં કોઈ એમની નજીક આવતું લાગ્યું. આંખો ચોળીને એમણે એને ઓળખવા પ્રયત્ન કરી જોયો : કોણ હતું એ?

– પગરવ તો કોઈ સ્ત્રીનો જ લાગતો હતો.

સ્ત્રી? સ્ત્રી સાથે જાડેજાને શો સંબંધ? સ્ત્રી સાથે જાડેજાને ઘણી ઓછી લેણાદેણી છે. હતી એક સ્ત્રી – રાજ બા એનું નામ હતું. કોઈ એક સમયે એ જાડેજાની જિંદગીમાં અરમાનોનાં ફૂલ લઈને પ્રવેશી હતી. એ ફૂલ સવાર થતાં થતાંમાં કરમાઈ ગયાં હતાં... કેવો ટૂંકો ને ટચ ઋણાનુબંધ! લેણાદેણીનો હિસાબ ફક્ત એક રાતમાં ચૂકતે થઈ ગયો હતો...

ને પછી એક બીજી સ્ત્રીએ હિંમત કરી હતી. સાહસ કર્યું હતું એમ કહો તોય વાંધો નથી. હજી સ્ત્રી કહેવડાવવા લાયક બને એ પહેલાં એણે એ સાહસ કર્યું હતું... એને ખબર જ ક્યાં હતી કે જાડેજાની જિંદગીમાં પગ મૂકનાર સ્ત્રીને તો...

– 'કોણ છો તમે? મેં કોઈ દાખલ ન થઈ શકે એટલા સારુ તો મારા ઘરનાં બારણાં બંધ કર્યાં હતાં. તમે કેવી રીતે ઘૂસ મારી? બહેન, તમે ખોટા સરનામે પહોંચી ગયાં છો; પ્લીઝ! પ્લીઝ યૂ ગો! તમારું આતિથ્ય કરવાની મારામાં ત્રેવડ નથી...'

'સ્ત્રીને આતિથ્યની જરૂર નથી હોતી; જાડેજા, સ્ત્રીને ફક્ત પુરુષની જરૂર હોય છે!'

'તો એમ સમજજો કે તમે એક કાપુરુષના આંગણે જઈ ચડ્યાં હતાં... સ્ત્રી, તમે સ્ત્રી જરૂર હશો; પણ હું પુરુષ નથી! અને હું પુરુષ નહિ હોઉં એટલે જ કદાચ મારે સ્ત્રી વગર ચાલે છે...! તમે જઈ શકો છો...'

'જાડેજા, હું જવા માટે નથી આવી. બરાબર કાન ખોલીને સાંભળી લો! હું તમને છોડીને જવાની નથી. તમે મને રાજ બા સમજી બેઠા છો? તમે મને તોરલ માની બેઠા છો? જાડેજા, હું કોઈ જુદી માટીની મહિલા છું. હું રાજ બા નથી કે ફાંસો ખાઈને મરું; ને હું તોરલ નથી કે તમારી સામે ટીકી ટીકીને હજાર માણસોની હાજરીમાં ફસડાઈ પડીને હાંસીપાત્ર બનું...!'

'તમે તોરલ નથી? તોરલ નથી તો તમે કોણ છો? અહીં, આ જાડેજાના મનમંદિરમાં તોરલ વગર કોઈને પ્રવેશ મળતો નથી. તમે ચાલ્યાં જાવ, બહેન! પ્લીઝ...! પ્લીઈઈઈઝ!'

– પ્રોફેસરને પરસેવો વળી ગયો હતો. ઊભા થઈને એ સ્વિચ બોર્ડ તરફ આગળ વધ્યા. અજવાળું થયું. એમનો શ્વાસ થોડો હેઠો બેઠો. હવે ઘરમાં કોઈ જ નહોતું.

– એ ભ્રમણા હતી કે સ્વપ્ન હતું?

જાડેજાએ પોતાના જ શરીર પર ચૂંટી ખણીને ખાતરી કરી જોઈ કે પોતે જાગતા હતા...!

પાણી પીને એ આરામ ખુરશીમાં બેઠા. જોડેની ટિપૉય પર તોરલનો તાર પડ્યો હતો. તાર ઉપરનું પ્રેષકનું સરનામું વાંચી શકાતું હતું : તોરલ જાડેજા...

પ્રોફેસરે એક દીર્ઘ નિસાસો મૂક્યો.

– કેટલા ઉમળકા સાથે એણે તાર પાઠવ્યો હશે! – અને કેટલા ઊંડા વિશ્વાસ સાથે! એને તો એમ જ હશે કે તાર મળશે તે જ ક્ષણે મારો જાડેજો પહેર્યે લૂગડે ઘોડી પલાણશે...! ભલી હશે તો બિચારી રાત આખી ઝૂરી ઝૂરીને જાગ્યા કરશે! એકલા પુરુષની જો આ દશા હોય, તો એકલી સ્ત્રીની સ્થિતિ વિશે તો કલ્પના જ શી કરવી!

પ્રોફેસરે ઘડિયાળ તરફ જોયું : રાતના અગિયાર વાગી ગયા હતા. બરાબર દસ મિનિટ પછી તોરલના શહેર તરફ જતી છેલ્લી બસ ઊપડશે. રાત આખી માથે કરીને એ વહેલી સવારે – બરાબર છને દસ મિનિટે એના શહેરમાં પ્રવેશ કરશે. ગ્રેઇન માર્કેટનો નાનકડો 'હૉલ્ટ' પતાવીને એ રાજમાર્ગો વળોટતી, લાલ બંગલા આગળ થઈને મુખ્ય બસ સ્ટેશને પહોંચશે... તોરલ કાગડોળે રાહ જોતી હશે! દૂધવાળો હૉસ્ટેલના ગેટ ઉપર પહોંચશે ત્યાં લગી તો એ બિચારી ત્રણ-ચાર વાર પોર્ચમાં આવી આવીને નિરાશ વદને પાછી ચાલી ગઈ હશે...

રિક્ષાઓની ઘરઘરાટી સાંભળશે ને એને થોડીક આશા બંધાશે. લેડીઝ હૉસ્ટેલનો દરવાજો વળોટીને રિક્ષાઓ આગળ નીકળી જશે, ને તોરલના નસીબમાં બાકી વધશે ફક્ત ઊના ઊના ઉચ્છ્વાસ...!

પ્રોફેસરને તોરલની દયા આવી ગઈ.

ઘડિયાળ બોલી : હવે એ બસ ઊપડવામાં ફક્ત પાંચ મિનિટ બાકી છે! કદાચ તમારું નસીબ જોર કરતું હોય તો ચોમાસાને લીધે થોડી લેટ પણ થાય! રિક્ષા કરીને દોડો તો કદાચ ઊપડતી બસે પહોંચી જવાય! હજુ સમય સરી ગયો નથી...બસસ્ટેશને ન જાવ, ને સીધા પાલડીના સ્ટોપેજ પર પહોંચી જાવ તો પણ મેળ પડી જાય..! જાડેજા, ઊઠો! જવું હોય તો પછી નાહક સમયને વેડફી ન મારો! હજી સમય છે! પાંચ જ મિનિટ પછી તમે સમયનો વાંક કાઢવા માંડશો! સમય તમને ના નથી પાડતો; એ તો ઊલટાની તાકીદ કરે છે...! જવું ન જવું એ તમારે જોવાનું છે!

પ્રોફેસરથી ન રહેવાયું. એ ઝટપટ સામાન પેક કરવા લાગ્યા. ઍટેચીમાં બે જોડી કપડાં ગોઠવી દીધાં. ટુથબ્રશ, ટુવાલ, નૅપકિન અને પોતાના પ્રિય લેખક લૉરેન્સના પત્રોનો એક સંચય... ઍટેચી પૅક થઈ ગઈ. પ્રોફેસરે બુશશર્ટના ખિસ્સામાં જોયું : બસોએક રૂપિયા પડ્યા હતા; ઘણા થઈ ગયા!

એમના પગ ઊપડું ઊપડું થઈ ગયા.

– ને એ નીકળ્યા. ઘરને તાળું મારીને રસ્તા ઉપર આવીને ઊભા રહ્યા. દૂરથી એકાદ રિક્ષા આવતી જોઈ. બૂમ મારીને ઊભી રાખી. રિક્ષા નજીક આવી એટલે ઝટપટ એમાં ગોઠવાઈ જઈને બોલ્યા : 'ફક્ત ત્રણ મિનિટમાં પાલડી પહોંચાડી દો! બોલો, પહોંચાડી શકશો!'

'સા'બ, તીન મિનિટ તો આશ્રમરોડ પર પહુંચને મેં લગ જાયેગી. પાલડી પહુંચને મેં કમસે કમ દસ-બારા મિનિટ લગ જાતે હૈં.'

– રિક્ષાવાળાએ રિક્ષા સ્ટાર્ટ કરી દીધી.

– જોતજોતામાં રિક્ષા સોસાયટી પાર કરીને આશ્રમ રોડ પર પહોંચી ગઈ. પ્રોફેસર વારંવાર ઘડિયાળ સામું જોયા કરતા હતા : બસ થોડીક લેટ હોય તો-તો મેળ પડી જાય! ના, ના! એમ તો બસ સ્ટેશનેથી નીકળીને પાલડી સુધી પહોંચતાં બસનેય દસ-વીસ મિનિટ તો લાગવાનીને! અને સામાન્ય રીતે સૌરાષ્ટ્રની બસો પા-અડધો કલાક મોડી જ ઊપડતી હોય છે. આરામથી પાનબીડી પતાવીને ડ્રાઇવર કૅબિનમાં પેસે. અડધો કલાક લેટ પડાય ત્યાં લગી તો એના પેટનું પાણીય ન હાલે! લીંબડીમાં થોડું ઓછું રોકાવાય એટલું જ ને! રાજકોટ પહોંચતાં સુધીમાં તો ટાઇમ સચવાઈ જ જાય! ઊલટાની દસ-વીસ મિનિટ વહેલી પહોંચાડી દે! આટલા લાંબા રૂટ પર અડધો કલાક સરખો કરવો એ ડાબા હાથનો ખેલ છે – એમાંય ખાસ તો આપણા સૌરાષ્ટ્રના બાપુઓ માટે! સૌરાષ્ટ્રમાં ખાખી ડ્રેસવાળી નોકરીમાં મોટે ભાગે બાપુઓની જ મૉનોપોલી!!

રિક્ષા ધમધમાટ જઈ રહી હતી. સડસડાટ કરતી એ ટ્રાફિક સિગ્નલોની પરવા કર્યા વિના પાલડી તરફ ધસી રહી હતી.

– એકાદ બે વખત તો રિક્ષા સિટી બસને અડું અડું થતી રહી ગઈ. પ્રોફેસર કલ્પનાઓના સ્વર્ગમાં સરી પડ્યા હતા : એ અત્યારે તો મનોમન વિચારતી હશે – મારો જાડેજો અમદાવાદના બસ સ્ટેશન પરથી નીકળી ચૂક્યો હશે... ને બસના એક ખૂણામાં બેઠો બેઠો એની તોરલનાં સ્વપ્નો સેવી રહ્યો હશે...! એક વાગ્યાના સુમારે એ લીંબડીના બસ સ્ટેશને ઊતરશે. કદાચ એને સાંભરી આવશે તો કૅન્ટીનવાળા પાસે 'ફાઇવ સ્ટાર' ચૉકલેટ માંગશે...

....ને પછી વહેલી સવારે ચાર ને દસ વાગ્યે એ ઝબકીને જાગી જશે! એને થશે : પહેલી વાર આવેલા એમ નથી ને કદાચ સવા નવવાળી બસમાં નીકળી ગયા હોય તો! તો-તો અત્યારે એ ગ્રેઇન માર્કેટના સ્ટેન્ડ પર પહોંચી ગયા હશે...! બિચ્ચારા દોઢ-બે કલાક આંટા માર્યા કરશે! ભલા હશે તો મારી રૂમ તરફ રોડ ઉપર ઊભા-ઊભા એકીટશે તાકી રહેશે! ક્યારે અજવાળું

થાય, ને મારી તોરલ જાગે! ચોકીદારને બૂમ પાડવાનું કહેવાનીય જરૂર ન રહે ને! ઝરૂખામાં ઊભી ઊભી મને જુએ તો-તો પછી એના પગ ઝાલ્યા રહે ખરા કે? નદીની જેમ ધસમસતી દોડી પડે... પહાડ પરથી ઝરણું કૂદે, એમ હૉસ્ટેલના પહેલા માળેથી એ દડી પડે... 'મારો સાગર બિચારો રસ્તા પર ઊભો-ઊભો ક્યારનો વાટ જોતો હશે – કોણ જાણે! ને હું ઘેલી તો એનાં સપનાંમાં જ ઘેરાઈ ગઈ'તી, વહેલી પરોઢ વેળાએ!'

પ્રોફેસર સ્વપ્નોના દરિયામાં ડૂબી ગયા હતા.

પાલડી આવ્યું ને રિક્ષા એક જબરજસ્ત આંચકા સાથે ઊભી રહી. પ્રોફેસર એકદમ ઊંઘમાંથી જાગ્યા હોય એમ ઝબકી પડ્યા. રિક્ષામાંથી ઊતરીને જુએ છે તો પેલી સવા અગિયાર વાળી બસ ક્ષણેક રોકાઈ ન રોકાઈ ને સડસડાટ પસાર થઈ ગઈ.

એની પૂંઠ ઉપરનું લાલ અક્ષરનું બોર્ડ વાંચીને પ્રોફેસર બૂમ પાડી ઊઠ્યા : 'એ...એ...એય!'

બસ ચાલી ગઈ.

પ્રોફેસર ઢીલા પડી ગયા.

રિક્ષાવાળાએ કહ્યું : 'સા'બ, ઇસમેં ફિકર કરને કી કોઈ જરૂરત નહીં હૈં! કાઠિયાવાડ કે લિયે તો દસ-દસ મિનિટ કે ફાસલે પે બસેં મિલેંગી! ઔર આગે કે લિયે ફિર રાજકોટ સે કનેક્શન મિલ જાયગા!'

– પણ પ્રોફેસરની હતાશા એથી ઘટી નહિ.

'વાપસ લે ચલો! બસ હમારી કિસ્મત મેં નહીં હોગી – ઇસલિયે નહીં મિલી! કોઈ બાત નહીં; અબ હમ નહીં જાયેંગે!

રિક્ષાવાળાને અચરજ થયું : 'સા'બ, ઐસે કિસી એક બસ પર થોડા કિસીકા સિક્કા લગા રખ્ખા હૈ? આપ ફિકર મત કીજિયે – અભી આપકો દૂસરી મિલ જાયેગી!'

અવાજ બદલીને પ્રોફેસર બોલ્યા : 'મામલા કુછ અલગ-સા હૈ, દોસ્ત! તુમ નહીં સમઝોગે! વાપસ લે ચલો!'

રિક્ષાવાળો ચૂપ થઈ ગયો. પ્રોફેસર બેસી ગયા એટલે એણે રિક્ષા પાછી વાળી. આખી વાટ એને આ પેસેન્જરના વિચારો આવતા રહ્યા : 'ખોપડી કુછ ઔર કિસમ કી લગતી હૈ!'

– એણે મન મનાવી લીધું ને પ્રોફેસરને એના ઘર આગળ ઉતારી દીધા.

પ્રોફેસરે મીટર પ્રમાણે પૈસા આપ્યા ત્યારે અડધા પૈસા પાછા આપતાં પેલો રિક્ષાવાળો બોલ્યો : 'રખ લો, સા'બ! હમ લૌટને કા ભાડા નહીં લેંગે!'

'ક્યોં? તુમને ક્યા ગુનાહ કિયા હૈ?'

'બસ, યૂં હી! આપકો જિસ બસ મેં જાના થા, વો આપ નહીં પકડ સકે, – બસ ઇસી વજેહ સે!'

'મેરે દોસ્ત!' પ્રોફેસરે રિક્ષાવાળાની પીઠ થાબડતા કહ્યું : 'ઇસમેં તુમ્હારા કસૂર થોડા હૈ? કસૂર મેરી તકદીર કા હૈ!'

– અને પૈસા એના ખિસ્સામાં મૂકી દેતાં બોલ્યા : 'અબ મુઝે અપની તકદીર પર છોડ દો! દેખા જાયેગા!'

રિક્ષાવાળાને કંઈ સમજાયું નહિ; હા, એને પ્રોફેસરનો સ્વભાવ ગમ્યો જરૂર. એણે પૂછ્યું : 'આપ કરતે ક્યા હૈં?'

'પ્રોફેસર હૂં –'

'યાને લડકોં કો પઢાતે હૈં!' રિક્ષાવાળો મલકાયો.

'અકેલે લડકોં કો નહીં, લડકિયોં કો ભી!'

'અચ્છા, તો યે બાત હુઈ!' રિક્ષાવાળાને જાણે હવે કંઈક થોડુંક થોડુંક સમજાવા લાગ્યું. એ સલામ મારીને ચાલતો થયો.

પ્રોફેસરે ભારે હૈયે તાળું ખોલ્યું. અંદર દાખલ થતાંવેંત એમણે બારણું બંધ કરી દીધું. ફરી ઝટ ઉઘાડવાનું મન ન થાય એમ કચકચાવીને સ્ટૉપર ભીડી દીધી.

દીવાલ પર ઘડિયાળ સમય દર્શાવી રહ્યું હતું. સમય જોઈ જોઈને દુઃખી ન થવું પડે એટલા સારુ એમણે રૂમની તમામ લાઇટો બંધ કરી દીધી – ડીમલાઇટ સુધ્ધાં!

પછી એ સૂઈ ગયા. સૂતાં સૂતાં એમનાથી બોલાઈ ગયું : 'તોરલ, કુદરત નથી ઇચ્છતી કે તમને હું મળું...!'

– ને કોક અગોચર ખૂણો બોલ્યો : 'ના, જાડેજા! કુદરતને દોષ ન દેશો! સમાજ એ કુદરત નથી; ને સાંભળો છો? મારી મમ્મી પણ કુદરત નથી!! ખુદ તમે પણ નહિ...!!'

અવાજ અટકી ગયો.

અલબત્ત, પ્રોફેસર જાડેજાના શ્વાસ ન જ અટક્યા...

28

તોરલે રાત આખી અજંપામાં પસાર કરી હતી.

વહેલી સવારે, સવા ત્રણ વાગ્યે એનાથી જગાઈ ગયું હતું.

તૃપ્તિને ખલેલ ન પડે એટલા સારુ એ હૉસ્ટેલના કૉમન રૂમમાં જઈને સામયિકો ફેંદવા લાગી. રીડર્સ ડાઈજેસ્ટ, ફિલ્મફેર, સ્ટારડસ્ટ, લાઈફ, ટાઈમ, ન્યૂઝવીક... કશું વાંચવાનો તો ક્યાં સવાલ જ હતો? પાનાં ફેરવી ફેરવી, રંગબેરંગી તસવીરો જોઈજોઈને એ સામયિક પાછું મૂકી દેતી હતી.

એ પોતે જ એક સામયિક બની ગઈ હતી ત્યાં બિચારી બીજાં સામયિકોમાં શું વાંચે?

કરુણતા ય કેવી – પોતે સામયિક બની ગઈ, ને પોતાને વાંચનાર ઘણો દૂર હતો!

....એ આવશે, જરૂર આવશે! આવતાંવેંત મને મુખપૃષ્ઠથી વાંચવી શરૂ કરશે... મારું પાનેપાનું ફેરવી વાળશે... કશું બાકી નહિ છોડે... એક ઝીણામાં ઝીણો અક્ષર સુધ્ધાં એની નજરમાંથી બાકાત નહિ રહી શકે...!

– એ વાંચ્યા કરશે; રાતદિવસ વાંચ્યા કરશે! ઊથલાવી ઊથલાવીને મને ફેંદ્યા કરશે; ને હું –!

– હું આ ‘લાઈફ’ની જેમ અબોલ છતાં બોલકણી, રંગ, ખુશી અને ગમની તસવીરોથી ભરપૂર એક ગાથાસ્વરૂપે એની હથેળીઓમાં રમ્યા કરીશ, એની આંખોમાં છલક્યા કરીશ, એના રોમેરોમમાં, એના અણુએ અણુમાં મલક્યા કરીશ, એના શ્વાસેશ્વાસમાં વંચાયા કરીશ...

તોરલને બગાસાં આવવા લાગ્યાં. કાચી ઊંઘ એના શરીરમાં કળતર બનીને કણસવા લાગી. એને થયું : ઠંડા પાણીથી નાહી લઈશ, તો સ્ફૂર્તિ રહેશે. એ આળસ મરડીને બેઠી થઈ. રૂમમાં જઈને ટુવાલ લઈ આવી. બાથરૂમમાં પ્રવેશીને એણે આરામથી સ્નાન કરવાનો સંકલ્પ કર્યો.

વસ્ત્રો ઉતારીને એ શાવર નીચે ઊભી રહી. એક મુગ્ધ નજરે એણે પોતાના ખુલ્લા શરીર તરફ દૃષ્ટિપાત કર્યો. એકાએક એ શરમાઈ ગઈ... આ વૅન્ટિલેટરમાંથી કોઈ જોઈ જાય તો!

– પહેલી મુલાકાત વખતે, ત્યાં બેટ દ્વારકાની પેલી ધર્મશાળામાં, કેવી કેવી કાકલૂદી કરી મૂકેલી એમણે તો! એમની એક માત્ર ઇચ્છા એમની તોરલના શરીરને સમગ્રપણે જોઈ લેવાની હતી... બસ, બીજું કશું જ નહોતું કરવું એમને! એટલા સારુ તો એમણે બિચારી તૃપ્તિને પોતાનાં કપડાં ખરીદવા બહાર મોકલી આપી હતી... કેટલો તીવ્ર હતો એમના મનનો એ તલસાટ...!

અને તોરલ, તમે કેટલાં કૃપણ, કેટલાં ક્રૂર! બિચારો પુરુષ સાવ ગરીબડો થઈને વલવલે, ને તમે શરમના બહાના હેઠળ એની દર્શનપિપાસાને નિર્દય રીતે કચડતાં રહો...! કેવી નૃશંસ અત્યાચારલીલા! તોરલ, તમને નથી લાગતું કે કોમળ કાયાવાળી રમણીઓએ યુગોથી પુરુષને લલચાવી લલચાવી, એની ભૂખ-તરસ અતૃપ્ત રાખી રાખીને એને કઠોર, લાગણીહીન બની જવાની ફરજ પાડી છે?

– નહિતર એ તમને ફક્ત જોવા જ માગતા હતા. જોઈને એ કેટલા સંતૃપ્ત થાત! એમને અમૃત મળ્યાનો સંતોષ થાત – અમૃત કે અમૃતા? એમને માટે તો તમે બધું જ છો! અલબત્ત, તમારે માટે એમનું સ્થાન પણ એટલું જ ગંભીર અને મહત્ત્વનું હશે...

પણ તમે એમની પ્યાસ અધૂરી રાખી હતી.

એમને તડપતા મૂક્યા હતા.

– અને તમે વસ્ત્રો પહેરીને, તમારી બહુમૂલ્ય કાયાને આવરણો હેઠળ સંતાડીને હસતાં

હસતાં બહાર આવ્યાં હતાં...! કમાલ છે! તમે ઢાંકી ઢાંકીને ઢાંક્યું શું! મુખ તો ખુલ્લું હતું, કેશ પણ છુટ્ટા હતા; તમારા હાથ, છેક ઘૂંટણ લગીના તમારા પગ, તમારી પિંડીઓ, તમારી પાની...

ને ઢાંકી ઢાંકીને જે અંગો ઢાંકવા ગયાં, એ ય મૂઆં વસ્ત્રોની શરમ છોડીને ઊપસી આવ્યાં હતાં! લો, તમને વસ્ત્રો કેટલાં વફાદાર રહ્યાં, કહો જોઈએ?

એને 'લાઈફ' મેગેઝિનમાં જોયેલી પેલી રોમન રમણીની પ્રતિમા યાદ આવી ગઈ. કેવું અનિર્વચનીય સૌંદર્ય ભર્યું છે, સ્ત્રીના અંગેઅંગમાં, એની એ મૂક પ્રતીતિ કરાવી રહી હતી. સ્ત્રીના ઉરોજ અને નિતંબ, એની જંઘા અને નાભિ – એ બધાં ઉપર શરમના નામે આવરણો ચડાવી ચડાવીને જમાનાએ સ્ત્રીને આક્રમણનું કેન્દ્ર બનાવી મૂકી છે. ઢાંકવા જેવું અંગ તો કુદરતી રીતે જ ઢંકાયેલું રહે છે. બે માંસલ જંઘાઓ વચ્ચે એ સચવાયા કરે છે. એ સહજ ભાવે જ બિડાયેલું રહે છે. ને છતાં એની કુમાશ પર ટાઢ-તડકાની વિપરીત અસર ન પડે એટલા સારુ પ્રકૃતિએ એને કેશનું કુદરતી આવરણ સુધ્ધાં ઓઢાડેલું જ છે!

સ્ત્રી, તું અનાવૃત થા! તને કોઈ ભય નથી...!

– તોરલે પોતાના અનાવૃત સ્વરૂપને પુનઃ એક વાર નખશિખ નીરખી લીધું. શાવરમાંથી ઝરતાં જલશીકર એની કામદગ્ધ કાયાને શીતળતા બક્ષી રહ્યાં હતાં. પર્વત પ્રદેશની ઉપત્યકાઓ સરખા એના સ્તનદ્વય પર આ ઉજાગરા ભરી રાતનો જલપ્રપાત ઘણો શાતાદાયક લાગી રહ્યો હતો. ત્વચાની સ્નિગ્ધતાને કારણે પુરુષનાં ટેરવાંની જેમ જલબિંદુ પણ એક સ્થળે ટકી શકતાં નહોતાં.

– તોરલને આ અખૂટ સૌંદર્ય અત્યારે ને અત્યારે એના જાડેજાનાં ચરણોમાં ધરી દેવાનું મન થયું...! તે દિવસે અધૂરી મૂકેલી એમની દર્શનપિપાસા આ મુલાકાત વખતે એ સામે ચાલીને પૂરી કરશે! પાત્રમાંથી ઢોળાતા માદક પેયની માફક એ એના પુરુષ પર િનઃશેષ ઢોળાઈ જશે...! એ એના પુરુષને એટલી હદે ધરવી દેશે કે પછી –

તોરલ વિમાસણમાં પડી ગઈ.

ક્યાંક એવું તો નહિ બને કે એક વાર પૂરેપૂરો ધરાઈ ગયેલો પુરુષ એની સ્ત્રી પ્રત્યે પછીની જિંદગીમાં ઉદાસીન બની જાય?

એને એ કલ્પનામાત્રથી કમકમાં આવી ગયાં.

ના, ના! કદાચ બીજા કોઈ પુરુષની બાબતમાં એ શક્ય હોઈ શકે, મારો જાડેજો મને કદાપિ ન તરછોડે! બલકે એ તો હું ગમે તેટલી ઢોળાઈ જઉં તોય કદી ધરાય જ નહિ ને! એને અખંડક્ષુધાનો શાપ છે!

– ને હું તો અક્ષયપાત્ર છું! ગમે તેટલી ઢોળાઈ જઉં તોય ક્યાં ખૂટી જવાની છું?

એણે 'શાવર' ફાસ્ટ કર્યું. તીવ્ર ગતિ સાથે જલધારાઓએ એને પલાળી મૂકી. એણે આંખો મીંચીને પોપચાં પર એ જલધારા ઝીલ્યા કરી. પછી મોં ખોલીને ઊભી રહી. એ રીતે શરીરના એકેએક અંગને એણે જલધારાના હવાલે થવા દીધું. એ એકદમ પ્રફુલ્લિત થઈ ગઈ. પાણીમાં કેવું ચૈતન્ય સમાયેલું છે! એને રોમાંચ થયો : પુરુષ પણ જ્યારે કોઈ સ્ત્રીને તૃપ્ત ન કરી શકે ત્યારે એને 'પાણી' વગરનો કહેવાનો રિવાજ છે...!

ધરાઈ ધરાઈને એણે જલધારા ઝીલ્યા કરી.

શરીર કોરું કરીને એ બહાર નીકળી ત્યારે એનાં અંગોમાં એક અનેરી તાજગી હતી; કોઈ જુદી જ જાતનો તરવરાટ હતો...

રૂમમાં દાખલ થઈ ત્યારે તૃપ્તિ હજી સૂતી હતી. એણે જોયું : ઘડિયાળમાં સવા પાંચ વાગી ગયા હતા!

કેટલો બધો સમય એણે શાવર હેઠળ પસાર કરી દીધો હતો! એ નવાઈ પામી. પ્રતીક્ષાની

જ્યોત તીવ્ર બનતી ચાલી.

એણે ઝરૂખામાંથી જોયું : હૉસ્પિટલ સામેનો માર્ગ સૂમસામ લાગી રહ્યો હતો. ચાની લારી વાળાએ હમણાં જ પેટ્રોમેક્સ સળગાવી હતી. એને માટેય હજી દૂધ લઈને આવનારા આયરો આવવાના બાકી હતા.

પેલો પીપળો એકલો એકલો, શાંત તપસ્વીની જેમ ચિંતનમગ્ન સ્થિતિમાં ઊભો હતો. તપસ્વીને પવન અડકે અને જટાની એકાદ લટ થોડીક ફરફરી ઊઠે, એમ પીપળાની એકાદ-બે ડાળીઓ ક્યાંક થોડીક ખખડતી લાગતી. પાન ખર્યાનો અવાજ આવતો. ક્યાંક એને આશરે લપાઈ રહેલ ઘુવડનો ઘેઘૂર અવાજ સંભળાતો, બાકી એકદમ નીરવતા, તપોવન જેવી નીરવતા!

કાન સરવા કરીને તોરલ રિક્ષાની ઘરઘરાટી સાંભળવા લાગી. દૂર-દૂરના વિસ્તારોમાં રિક્ષાઓ દોડતી સંભળાઈ રહી હતી. તોરલે ઈશ્વરને પ્રાર્થના કરી : હે પ્રભુ, એકાદ રિક્ષા જરા આ તરફ વળે એવું...

– આકાશ સ્વચ્છ થતું ચાલ્યું. વરસી વરસીને શિથિલ પડી ગયેલી શ્વેત વાદળીઓ પ્રસૂતિ ગૃહની સ્ત્રીઓ જેવી ફિક્કી લાગી રહી હતી. એમની વચ્ચે વદ શ્રાવણનો ચંદ્ર પણ નિસ્તેજ થઈને આથડ્યા કરતો હતો.

– તોરલને એ આકાશ બહુ ન ગમ્યું.

હા, પેલો પૂર્વમાં ઘડી-બે ઘડી પછી ઊગું ઊગું કરતો સૂરજ એના આગમનનાં એંધાણ આપી રહ્યો હતો, એ એને જરૂર ગમ્યું. હાથ જોડીને તોરલે સૂર્યદેવને મનોમન પ્રાર્થના કરી : ‘તમે તો આખા બ્રહ્માંડને અજવાળો છો! હે સૂરજદેવ, મારા અંતરમાં જે રાત છવાઈ વળી છે એને ય તમારાં કંકુવર્ણાં કિરણોથી શણગારી દો. આ વહેલાં પરોઢિયે તાજી નાહેલી તમારી પુત્રી એના પિયુજીની વાટ જુએ છે! ઉગમણી દિશામાંથી જ એ આવવાના છે – તમારી જેમ સ્તો! એમને જલદી મોકલો! એમની ખૂબ ઉત્કટ હૈયે પ્રતીક્ષા કરું છું, દેવ! – મારી માતા રન્નાદે જેટલી ઉત્કટતાથી તમારી વાટ જોતી હશે ને, એટલી જ ઉત્કટતાથી હું મારા જાડેજાની વાટ જોઉં છું...’

તોરલનાં પોપચાં ઢળી ગયાં. પોપચાંની પછીતે અરુણવર્ણો ઉજાસ છવાઈ વળ્યો. તોરલે ઊંડી પ્રસન્નતા અનુભવી. એના ચહેરા પર શ્રદ્ધાનું સ્મિત રોળાઈ રહ્યું.

‘એ આવશે જ, જરૂર આવશે!’ એનું મન થનગની ઊઠ્યું.

– કોઈ એક રિક્ષા લેડીઝ હૉસ્ટેલ તરફ વળી ને તોરલનું હૈયું હાથ ન રહ્યું. એ પાગલની જેમ દોડી પડી. દોડતાં દોડતાં તૃપ્તિના કૉટ સાથે અથડાઈ ગઈ. તૃપ્તિ એક આંચકા સાથે ઝબકીને જાગી ગઈ. જાગતાંવેંત એણે પૂછ્યું : ‘આવ્યા?’

તોરલ એને જવાબ આપવા ન રોકાઈ.

‘પ્લીઝ વેઈટ!’ કહેતી એ સડસડાટ સીડી ઊતરી ગઈ. નીચે પહોંચી ત્યારે ચોકીદાર બીડી પીતો પીતો પ્રભુસ્મરણ કરી રહ્યો હતો. તોરલ નિરાશ થઈ ગઈ. હિંમત કરીને એણે પૂછ્યું : ‘ચોકીદાર ભાઈ, હમણાં જાણે એક રિક્ષા નહોતી વળી આ તરફ?’

‘હરિ, હરિ!’ – ચોકીદારે કહ્યું : ‘બહેન, એ રિક્ષા જાણે આર. એમ. ઓ. ક્વાર્ટર તરફ ગઈ! કેમ, ક્યાંય બહાર જવું’તું?’

આંખોમાં ઝળઝળિયાં સાથે એણે જવાબ આપ્યો : ‘હા, એવું જ!’

‘કહેતાં હો તો હૉસ્પિટલના ગેટ ઉપર જઈને રિક્ષા બોલાવી લાવું!’ તોરલ મૂંઝાઈ ગઈ... થોડુંક વિચારીને એણે કહ્યું : ‘ના, ના, એવી તકલીફ લેવાની કોઈ જરૂર નથી.’

– ને એ સીડી ચડતી હતી, ત્યારે જાણે ગિરનાર ચડતી હોય એટલી ઢીલી પડી ગઈ હતી....

તૃપ્તિ એની રાહ જોઈને જ બેઠી હતી. એને રૂમમાં પેસતાંવેંત પૂછી બેઠી : ‘ન આવ્યા?’

તોરલના મનને પૂછ્યે ખબર હતી!

ઘડિયાળના ચંદા પર અવિરત ગતિએ કાંટા આગળ વધી રહ્યા હતા.

સાડા છ વાગ્યા ત્યાં લગી તોરલની આશાનો તંતુ જીવતો રહ્યો. સાડા છ પર પાંચ મિનિટ થઈ કે એ તૂટી ગયો.

એને ગુસ્સો ચડ્યો.

એનો ચહેરો બદલાઈ ગયો. મોં ફુલાવીને એ બેસી રહી. ગુમસૂમ થઈને પથારીમાં પટકાઈ પડી.

તૃપ્તિને દયા આવી ગઈ : ‘આમ શું ઉદાસ ઉદાસ થઈ ગઈ છે! બસ થોડીક લેટ થઈ હોય, કદાચ એ બસ ન મળી હોય તો રાજકોટ આવીને બીજી પણ પકડે!’

‘તોરલ કશું ન બોલી.’

‘એમણે આજે જ આવશે એવું કહેલું?’

તોરલે કોઈ જવાબ ન આપ્યો.

‘આવવાના હોય તો કાગળ તો લખે ને? કાગળ-બાગળ આવ્યો’તો આજકાલમાં?’

તોરલથી ન જીરવાયું એટલે તોછડાઈથી બોલી : ‘એ નથી આવવાના, જાને!’

તૃપ્તિને ખોટું લાગી ગયું : ‘લે, એમાં મારી ઉપર શાની ગુસ્સે થાય છે? એમને કંઈ હું ના પાડી આવી છું?’

‘પ્લીઝ, મારું માથું ન ખા!’ તોરલ ઓઢીને સૂઈ ગઈ.

– તૃપ્તિએ એને આગળ કંઈ જ ન પૂછ્યું.

કૉલેજ તે દિવસે ઊઘડવાની હતી. મિડટર્મ મૉનસૂન વૅકેશન પૂરું થયું હતું. સવાર સુધીમાં હૉસ્ટેલની રૂમો છલકાઈ ગઈ. છોકરીઓ પાછી આવી ગઈ હતી. વૃક્ષ પર પક્ષીઓ પાછાં ફરે અને કલરવ શરૂ થઈ જાય એમ હૉસ્ટેલ આખી આ પંખિણીઓના જાતભાતના અવાજોથી કલરવવા લાગી હતી.

– બધી જ છોકરીઓ વૅકેશનનાં સ્મરણો વાગોળવામાં ગુલતાન હતી; તાળીઓ લઈ લઈને પોતપોતાનાં પ્રકરણો ઉઘાડતી હતી ને સખીઓને સમ દઈદઈને એમનાં પ્રિયજનો વિષે પૂછતી હતી.

– એક માત્ર તોરલ શાન્ત પડી ગઈ હતી.

એને નહોતાં કોઈ સ્મરણ કે નહોતાં કોઈ પ્રકરણ...! એ ચૂપચાપ, છાનીમાની, રજાઈ તળે ખોવાઈ ગઈ હતી. હૉસ્ટેલના ઊઘડતા દિવસના આનંદોત્સવમાં એ ભાગીદાર ન બની શકી...

નાહી-ધોઈને છોકરીઓ સફેદ ઍપ્રનમાં સજ્જ થઈ કૉલેજ જવા નીકળી. તોરલ એમ ને એમ પથારીમાં પડી પડી કણસતી રહી. એને તાવ આવી ગયો હતો.

તૃપ્તિએ પૂછ્યું : ‘તોરલ, કૉલેજ નથી આવવું?’

‘ના.’ એણે પથારીમાં પડ્યે પડ્યે એટલો જ જવાબ આપ્યો. તૃપ્તિએ કૉફી બનાવી હતી. કૉફીનો કપ એના ટેબલ પર મૂકતી એ બોલી : ‘ચાલ, હવે ઊઠ! કૉફી પી લે!’

તોરલે રજાઈ ખસેડ્યા વગર કહ્યું : ‘નથી પીવી! પ્લીઝ, મને ડિસ્ટર્બ ન કર!’

તૃપ્તિએ ખિજાઈને રજાઈ ખેંચી લીધી.

તોરલનું મોં લાલચોળ લાગતું હતું. રડી રડીને એની આંખો રાતી હિંગળોક થઈ ગઈ હતી. આંસુથી રજાઈ ભીંજાઈ ગઈ હતી.

તૃપ્તિએ હેતથી એના ચહેરા પર હાથ ફેરવ્યો ને એ ચમકી ઊઠી : ‘અરે, તને તો ફિવર

છે!’

– તોરલે હાથ જોડ્યા : ‘તું જા, તૃપ્તિ! પ્લી...ઝ! મારી ચિંતા કર્યા વગર તું જા! હું પડી રહીશ આખો દિવસ...!’ એનાથી હાંફી જવાયું. મનોમન એ બબડી : ‘આખો દિવસ શું, આખો જન્મારો!’

તૃપ્તિએ એને સમજાવવા કોશિશ કરી : ‘કૉલેજ ન જાય, એ બરાબર; પણ હૉસ્પિટલે તો જઈ આવીએ! તોરલ, તારે ચૅકિંગ કરાવી લેવાની જરૂર છે!’

તોરલ બોલી : ‘તને મારે શું કહેવું? તૃપ્તિ, તું જા! પહેલો પિરિયડ તો શરૂ યે થઈ ગયો હશે! મને મારા નસીબ પર છોડ! મારું જે થવાનું હશે તે જ થાય ના!’

તૃપ્તિએ હઠ પકડી : ‘એમ કંઈ તને તાવમાં સબડતી મૂકી ને હું કૉલેજ જતી હોઈશ? ગાંડી નહિ તો!’ ને પછી વહાલથી એને કૉફીનો કપ ધરતાં બોલી : ‘લે, થોડીક કૉફી પી તો! ને એની સાથે એનાલ્જિન પણ લઈ લે! આપું ને?’

તોરલની પ્રતિકારશક્તિ ખૂટી ગઈ હતી.

એણે તૃપ્તિના કહ્યા મુજબ ગોળી ગળી લીધી. તૃપ્તિએ એને એક નાના બાળકને પિવડાવતી હોય એમ કૉફી પિવડાવી. કૉફી પી રહ્યા પછી તોરલે કહ્યું : ‘તૃપ્તિ, તું જા! મારી ખાતર કૉલેજ ન બગાડ!’

‘હું નહિ જઉં!’ તૃપ્તિએ મક્કમતાપૂર્વક કહ્યું : ‘તું ભલેને નિરાશ થઈ ગઈ હો; મને ખાતરી છે કે જીજાજી આજે ચોક્કસ આવવાના! સો એ સો ટકા આવવાના! આપણે એ આવે કે તરત ‘ગાઇડ’ જોવા જઈશું!’

‘એ નહિ આવે, તૃપ્તિ!’ તોરલ રડી પડી : ‘એ હવે કદીયે નહિ આવે...!!’ – એને ડૂમો બાઝી ગયો.

29

તોરલના ત્રણ-ત્રણ પત્રો ભેગા થયા ત્યાં લગી પ્રોફેસર કાળજા ઉપર પથ્થર મૂકીને બેસી રહ્યા.

એકેય પત્ર એમણે ફોડ્યો નહોતો. સરનામું જોઈ જોઈને એ પત્રો એમણે એમ ને એમ મૂકી દીધા હતા.

સાચાં મોતીની જેમ એ તોરલના પત્રોને અમૂલ્ય સમજતા હતા; પણ પોતાની જાતને એ વાંચવા માટે લાયક નહોતા ગણતા...

અને એટલેસ્તો એ પત્રોને એ સાચવી સાચવીને તિજોરીના ગુપ્ત ખાનામાં ગોઠવી દેતા હતા.

– તે દિવસે ચોથો પત્ર મળ્યો, ને એ હચમચી ઊઠ્યા :

– તોરલ, તમે ક્યાં લગી રાહ જોતાં રહેશો? તમારા તાર પછી આ ચોથો પત્ર છે. દરેક પત્રની પ્રેષિકાનું નામ 'તોરલ જાડેજા' છે... પણ તોરલ, તમારા જાડેજા પર શી વીતી રહી છે એની ખબર છે તમને?

– એ તમારું 'ભલું વાંચ્છવા' માંડ્યો છે..! તમારી મમ્મીએ એને તમારો શુભચિંતક બનાવી મૂક્યો છે. તમારા જીવનમાં કાંટાળો થોર થઈને એ પાંગર્યો હતો... ને હવે આપોઆપ, તમને જાણ સુધ્ધાં કર્યા વગર જ, એ ખસી ગયો છે...! હવે તમારા જીવનમાં કોઈ મોગરો મહોરતો હોય, કોઈ ગુલાબનો છોડ ઊગું ઊગું થતો હોય, – તો એને ન રોકો, તોરલ! તમને તમારા જાડેજાના સમ છે!

પ્રોફેસર પત્રને પંપાળતા પંપાળતા બેસી રહ્યા. ફેરવી ફેરવીને એમણે પરબીડિયાની બેઉ બાજુ એમની તોરલનાં ટેરવાંની રતાશ માણ્યા કરી. ખૂબ ઇચ્છા થઈ – જરાક ફોડીને વાંચું તો ખરો! પણ પાછું અંદરથી કોઈ બોલ્યું : 'સાહેબ, એને ન ફોડશો! એ તો નાદાન છે! સાવ જ ગાંડી છે મારી છોકરી. એકદમ અબુધ. મારે માટે સારું શું ને ખોટું શું – એની એને સમજણ જ ક્યાં છે? એના પગ ઉપર જ એ કુહાડાના ઘા ઝીંકી ઝીંકીને રાજી થતી રહે છે...! સાહેબ, ના ફોડતા એનો કાગળ! એ કાગળ નથી – એનું મોત છે મોત!'

એક નિસાસો મૂકીને પ્રોફેસરે પત્ર તિજોરીના ખાનામાં પધરાવી દીધો. પેલા ત્રણ પત્રો ભેગો એ પણ એના નસીબ પર આંસુ સારતો તિજોરીના ગર્ભમાં પુરાઈ ગયો.

– કૉલેજના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવાની હતી. પ્રોફેસર એ કામમાં પરોવાઈ ગયા.

હવે એમણે ટ્યૂશન બંધ કરી દીધાં હતાં. ટ્યૂશનના નિમિત્તે જ આ તોરલ મળી ગઈ ને! પ્રોફેસરના ઘરનું બારણું હવે એમના પોતાના સિવાય કોઈને ય પ્રવેશ આપવા તૈયાર નહોતું. ઘરમાં પ્રવેશતાંવેંત એ બારણાને કચકચાવીને બંધ કરી દેતા... કોઈ સુંવાળા શરીરને સ્પર્શીને આવતી વાયુલહરી પણ ભૂલથી પોતાના ઘરમાં ન પેસી જાય એની એ કાળજી લેવા લાગ્યા હતા.

એ પૂરેપૂરા અંતર્મુખ બની ગયા હતા.

જોકે અંતર્મુખ બનીને ય તોરલને તો એ પળ પૂરતીય વીસરી નહોતા શક્યા. તોરલ એમની દુઃખતી નસ બની ચૂકી હતી. એનું સ્મરણ માત્ર પ્રોફેસરને અસહ્ય પીડા અને કરુણતાની ખાઈમાં ખેંચી જતું હતું.

– એ પળેપળ તોરલને યાદ કરતા હતા; અને એ યાદની પળ પૂરી થાય ન થાય એ પહેલાં એને કદીય નહિ મળવાનો દૃઢ સંકલ્પ દોહરાવતા રહેતા. એમને ધીરે-ધીરે ખાતરી થવા લાગી

હતી કે એમ રોજિંદો સંકલ્પ દોહરાવવાથી થોડોક ફાયદો પણ થયો હતો. મનોબળ થોડુંક વધવા માંડ્યું હતું. જે તોરલ વગર એક મિનિટ માટે ય ચાલતું નહોતું, એ જ તોરલના આટઆટલા પત્રો છતાં પોતે સ્થિર રહી શક્યા હતા. એ પત્રો વાંચ્યા હોત તો કદાચ પરિસ્થિતિ કંઈક જુદી જ હોત. અને એટલા માટે સ્તો એ પત્રો વાંચવાની હિંમત નથી ચાલતી!

પ્રૉફેસર જાડેજાએ જોયું : કૅલેન્ડર કૂદકે ને ભૂસકે આગેકૂચ કરી રહ્યું હતું. એમના ગયા વરસના આ દિવસો યાદ આવ્યા : ઑગસ્ટના દિવસો. એ દિવસોમાં તોરલ એમની પાસે અંગ્રેજી શીખવા આવતી. મૅડિકલ કે એન્જિનિયરિંગમાં જવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શીખવું જરૂરી હતું. ગુણવત્તાની ટકાવારીમાં વિજ્ઞાનના વિષયોમાં ખૂબ સારા ગુણ લાવનાર વિદ્યાર્થી પણ ઘણી વાર અંગ્રેજીના વિષયમાં માર ખાઈ જતો. એ ખોટ પૂરવા સારુ તોરલની મમ્મીએ પાણી પહેલાં પાળ બાંધી દીધી હતી. તોરલને પોતાની સોસાયટીમાં જ રહેતા આ અંગ્રેજીના વિદ્વાન ગણાતા અધ્યાપકને ત્યાં ટ્યૂશને મોકલવા માંડી હતી...

પણ તોરલનાં પગલાં થયાં ને પ્રોફેસરના અંતરના આંગણે કોક જુદી જ ભાતનાં અજવાળાં પ્રગટ્યાં. કોણ જાણે કવિતા શીખવતાં શીખવતાં પ્રોફેસર પોતે જ ક્યારે એ જીવતી કવિતામાં ઓતપ્રોત થઈ ગયા : એની તો ખુદ એમને ય ખબર નથી! પણ એ કવિતામાં એમના લોહીનો લય ભળેલો હતો; અને એટલેસ્તો એ પોતાની જાતને તણાઈ જતી રોકી નહોતા શક્યા.

બીજા વિદ્યાર્થીઓ ટ્યૂશનનો સમય પૂરો થતાંની સાથે ચાલ્યા જતા. તોરલ એકલી રોકાઈ જતી. પછી કલાકો લગી બેઉ જણ એકમેકની સામે આંખો ટિંગાડીને બેસી રહેતાં. કશું જ બોલ્યા વગર બેઉ જણ વચ્ચે કેવા દીર્ઘસંવાદો રચાઈ જતા! તોરલની મુખાકૃતિ લાલ-લાલ થઈ જતી. એની રગોમાં લોહી ધસમસી ઊઠતું. એની આંખોમાં સ્વપ્ન અંકુરાઈ જતાં... ને એનાથી ન રહેવાતું ત્યારે દોટ મૂકીને બાથરૂમમાં ઘૂસી જતી. જઈને પોતાની જાતને અરીસામાં એક ભરી ભરી નજરે જોઈ લેતી. પછી પૂછતી : ‘અલી તોરલ, તને આ શું થઈ ગયું છે?’

પ્રોફેસરને બરાબર યાદ છે : ગયા વરસના ઑગસ્ટમાં લગભગ આજ દિવસોમાં તોરલે એમનો હાથ ચૂમી લીધો હતો.

પ્રોફેસરને એ ગમ્યું હતું. એમણે તોરલને કહ્યું હતું : ‘તને ખબર છે? ગયા મહિને મારી માએ મરતાં પહેલાં આજ રીતે મને બચી ભરી હતી...! તોરલ, ચુંબન કેવી ચમત્કારિક ઘટના છે! એમાંય સ્ત્રી માટે તો ચુંબન એ જ એક મોટામાં મોટી સંપદા છે. સ્ત્રી જેને ચુંબન કરે છે, એને પોતાનું સમગ્ર સોંપી દે છે... તોરલ, ચુંબનની ભાષા તને કોણે શીખવી? કહે જોઉં!’

‘છોકરીને એ ભાષા કોઈએ શીખવવી નથી પડતી; આપોઆપ આવડી જાય છે!’ તોરલનો એ ઉત્તર પ્રોફેસરને છેક ઊંડે સુધી અડકી ગયો હતો.

‘ચાલ, સારું થયું કે તું એ ભાષામાં વાત કરવા લાગી. મને મારી માના મૃત્યુનું દુઃખ જીરવવામાં સરળતા રહેશે! તોરલ, ખરેખર! તારા ચુંબનથી મને ખૂબ આનંદ થયો છે!’

– પ્રોફેસરે એને ગાલ પર ટપલી મારીને કહ્યું હતું : ‘મમ્મીને પાછી કહી ન દેતી, હોં કે!’

– ને તોરલ શરમાઈને નીચું જોઈ ગઈ હતી.

દિવસો વીતતા ગયા એમ તોરલ પ્રોફેસરની વધુ ને વધુ નજદીક આવતી ગઈ હતી. એક વાર એ અંગ્રેજી શીખતી હતી ત્યાં વીજળી રિસાઈ ગઈ... એકાએક તોરલે પૂછ્યું હતું : ‘સર, તમને કશું દેખાય છે?’

‘મને મારી તોરલ દેખાય છે –’ ને થોડા ખચકાટ સાથે એમણે ઉમેર્યું હતું : ‘પણ આટલા અંધકાર છતાં મારી તોરલને એનો જેસલ દેખાતો નથી!’

ને તોરલ આવેશમાં આવીને એમને બાઝી પડી હતી : ‘ઓહ્, જેસલ! એવું ના બોલો!

તમને કેવી રીતે સમજાવું કે મને તમારામાં...' ને એ સિસકારા ભરતી રડી પડી હતી.

– જાણે વર્ષો પછી એક વેરાન હૈયામાં ઓચિંતું જ તોરલનું આંસુ રોપાયું ને જોતજોતામાં પ્રેમનું લીલુંછમ્મ વન મહોરી રહ્યું..

પ્રોફેસરને એ સ્મરણોનાં અરણ્યમાં તો આજે ય આથડવું ગમે છે, પણ એક શરતે –

તોરલનું જીવન નંદવાવું ન જોઈએ. કાલે ઊઠીને કોઈ એમ કહેનારું ન નીકળવું જોઈએ કે – જાડેજા, તમારે લીધે એક નિર્દોષ તરુણીની આશાભીની જિંદગી રોળાઈ ગઈ... તમારા કારણે પેલા મુંબઈવાસી મુરતિયાએ એનો હાથ પકડવાની આનાકાની કરી...

ના, એવું કદાપિ નહિ બનવું જોઈએ...! જાડેજા તોરલને તારી ન શકતો હોય તો એને ડુબાડવાનો તો એને કોઈ જ અધિકાર નથી...!

પ્રોફેસરને બરાબર યાદ છે : એ જ ઑગસ્ટની એક સાંજે બીજા વિદ્યાર્થીઓ ચાલ્યા ગયા ત્યારે તોરલ એમના ખોળામાં માથું ઢાળીને સૂઈ ગઈ હતી. એના શરીર પર પ્રોફેસરનો સ્પર્શ ફરતો હતો... બેઉ જણ સુખની પરાકાષ્ઠા અનુભવી રહ્યાં હતા. તોરલ પડી પડી એમનો હાથ પંપાળી રહી હતી. એને એ ખોળો ખૂબ હૂંફાળો લાગી રહ્યો હતો : બસ, એ ખોળામાં જ આખી જિંદગીનો બગીચો મહોરે, ને પ્રભુ! તોરલ ને એનો જાડેજો બેઉ ફરી એક વાર બેડલી લઈને નીકળી પડે જિંદગીની મઝધારમાં...!

સુખની પરાકાષ્ઠાની એ ક્ષણોમાં તોરલ સમૂળગી ખોવાઈ ગઈ હતી. પ્રોફેસરને એના ઉજ્જડ જીવનરણમાં તોરલ નામની વીરડી ફૂટી નીકળેલી દેખાઈ... ને એક હંમેશને માટે સુકાઈ ગયેલું જીવન પુનઃ હરિયાળું બની રહ્યું..

મકાનની બારીમાંથી આંખો તગતગતી દેખાઈ. એ આંખોમાં શંકાનું વાદળ ઘેરાયેલું હતું. અવાજ આવ્યો : 'તોરલ!'

– ને તોરલ ઝબકીને જાગી ઊઠી હતી. પ્રોફેસરના ખોળામાંથી માથું ઊંચકીને એ બેબાકળી નજરે દીવાલો સામે તાકી રહી હતી : 'કોણ હશે એ? અવાજ તો જાણે ન હોય મારી મમ્મીનો!'

– હા, તોરલ! એ તારી મમ્મીનો જ અવાજ હતો.

અને એ પછી આપણી એ ઐતિહાસિક કમનસીબીની શરૂઆત થઈ હતી. મમ્મીએ તને કહ્યું હતું : તોરલ, હું તને ટ્યૂશન માટે મોકલતી હતી, અંગ્રેજી શીખવા માટે; નહિ કે તારા 'સર'ના ખોળામાં સૂઈ જવા માટે! ને તેં કહ્યું હતું : 'સૉરી મમ્મી, આઈ એમ વૅરી સૉરી! દોષ મારો છે. મારા સરને કશું ના કહેતી, પ્લીઝ!!'

મમ્મી એ વખતે તો ચાલી ગઈ હતી.

– પછી તોરલ ટ્યૂશને આવતી બંધ થઈ ગઈ હતી.

હા, એ અવારનવાર મળવા જરૂર દોડી આવતી. આવતી અને એકાદ ચિઠ્ઠી મૂકીને ચાલી જતી... મારી કવિતા પોતે જ એક કવયિત્રી બની ગઈ હતી... ઓહ, એના એ પત્રો! એ શું કેવળ પત્ર હતા? પત્ર સ્વરૂપે એ શુદ્ધ કવિતાઓ હતી. એ કવિતાઓએ તો આટલો જિવાડ્યો મને! નહિતર જિંદગીમાં જીવવા જેવું ય ક્યાં બાકી રહ્યું'તું કશું?

તોરલ, એ પછી હું તમારા મોહમાં ઘેલો થઈ ગયો હતો. મેં મારી મર્યાદા એક બાજુએ મૂકીને તમને નિરંતર ચાહવાનું શરૂ કરી દીધું હતું. તોરલ, આપણે દ્વારકામાં મળ્યાં – મેં તમને ખૂબ, ખૂબ માણ્યાં! ને એથીય આગળ વધીને મેં તમને ડૉ. દલાલના બંગલામાં તો..! ઓહ, તોરલ! ત્યાં તો બાકી જ ક્યાં રહ્યું'તું કશું? તમે જાતે જ મને અનુકૂળ થતાં ચાલ્યાં'તાં... તમને યાદ છે? – ચાદર ખસેડી ખસેડીને તમે તમારું એકેએક અંગે મને ક્રમશઃ બતાવેલું એ? તોરલ, મેં તમને ભરપેટ માણ્યાં હતાં. કહેવા દો કે મેં તમને...

ઓહ્, તોરલ! મને એ વાતનો ઘણો, ઘણો, ઘણો જ પસ્તાવો છે. કાલે ઊઠીને પેલો મુંબઈવાસી તમારી મમ્મીને ફરિયાદ કરશે : 'તમે તો મને એક વટલાયેલા વાસણમાં પીરસ્યું છે આ ભાણું...!'

– તો એને હું શો જવાબ આપીશ, તોરલ! તમે જ કહો, પ્લી...ઝ! મારા એ પાપનું કોઈ નિવારણ છે તમારી જાણમાં?

તોરલ, તમે એમ સમજતાં હશો કે તમારો જાડેજા તમને ભૂલી ગયો છે. તમને એમ લાગતું હશે કે એક વાર લોહી ચાખી ગયા પછી વાઘ ધરાઈ ગયો છે...!

એવું નથી તોરલ! રખે એવું માનતાં! તમને પાપ લાગશે! સાચું કહું છું! તમને ભૂલવાની મારી હેસિયત નથી. તમે તો મને જીવન બક્ષ્યું'તું તોરલ! તમે કંઈ મારું બગાડ્યું નહોતું કશું યે!

– તમને મેળવીને તો મેં જિંદગી પાછી મેળવી'તી...! એક મનોરોગીના દારુણ રોગની દવા થઈને તમે દાખલ થયાં'તાં એની જિંદગીમાં! તમે એને જિંદગીના રોમાંચનો નવેસરથી પરિચય કરાવ્યો'તો...

– તમે કશું પાપ નહોતું કર્યું, તોરલ!

– તમે તો એને જિંદગીની દિશામાં પાછો વાળવાનું પુણ્ય આચર્યું હતું!

હું સમજું છું : તમે મને ખૂબ, ખૂબ, ખૂબ ચાહો છો. ત્રણ વખત 'ખૂબ' લખ્યાનો અર્થ જાણો છો તમે?' 'ત્રણ'નો અર્થ 'અનંત' સમજજો. તમે મને એટલી હદે ચાહો છો કે જેનું શબ્દોની સીમામાં વર્ણન જ કરી શકાય એમ નથી...! તોરલ, તમને એમ થતું હશે : 'આ આટલો બધો 'સેન્સિટિવ' માણસ આમ એકાએક આટલો 'જડ' શી રીતે બની ગયો?

– હું 'જડ' નથી તોરલ! આ સમાજ 'જડ' છે...! આ સંસાર 'જડ' છે! મમ્મીએ તે સાંજે મને મંદિરમાં ઊભેલો જોયો હતો. તમે ટીકી ટીકીને તમારા જાડેજા સામું જોયા કરતાં હતાં, ત્યારે એના કાળજા પર શું વીત્યું હશે – વિચાર્યું છે કદી!

– તમને કેવી રીતે કહું, તોરલ! બીજી સવારે તમારી મમ્મીએ મને જે વેણ કહ્યાં'તાં એ તમને કેવી ભાષામાં જણાવું???

– એણે કહ્યું'તું : 'સાહેબ, તમે તો સમજુ માણસ છો. એ હજી નાદાન છે! એને કશી જ સમજણ નથી પડતી. હું તમારો વાંક નથી કાઢતી...! વાંક મારી છોકરીનો છે, સાહેબ!'

– ને એ રડી પડી હતી. એણે જતાં-જતાં કહેલું : 'તોરલને તમે છોડી દો. સાહેબ! એનું ભલું વાંચ્છતા હો, તો એને એકદમ ભૂલી જાઓ!'

તોરલ, હું તમને ભૂલી શકું એમ તો નથી; હા, તમને મળું નહિ, તમારો પત્ર વાંચું નહિ, તમારા પત્રનો જવાબ ન પાઠવું ત્યાં સુધીની વાત શક્ય છે! એય શક્ય તો નથી; દિલ ઉપર પથ્થર મૂકીને એ શક્ય બનાવવી પડી છે!

– હું બહુ જ કૃત્રિમ બની ગયો છું, તોરલ! બહુ જ કૃત્રિમ! મંદિરની મૂર્તિ જેવો કૃત્રિમ! તમે એને રીઝવવા લાખ યત્ન કર્યા કરો ને!

– એને ક્યાં સંવેદન છે, કે તમને –

તોરલ, તમે માનશો? તમારો તાર મળ્યા પછી હું ઘેલો બની ગયેલો...! છેક પાલડીના બસ સ્ટેન્ડે પહોંચી ગયેલો. બસને મારી પરવા નહોતી. મને લાગ્યું : કુદરત નથી ઇચ્છતી કે આપણે બે મળતાં રહીએ! બસ, ત્યાંથી હું પાછો વળી ગયો છું...! ને એ પછી તમારા ચાર-ચાર પત્રો મારી તહેનાતમાં પહોંચ્યા છે : મેં એકેય ફોડ્યો નથી, હોં! તમારા સમ!

– તમને ખબર તો છે ને? દુનિયામાં ગમે તેના ખોટા સોગંદ હું ખાઈ શકું છું – ફક્ત તમારા જ નહિ!

તોરલ, ખરેખર! તમે નહિ માનો, – તમારો એકેય પત્ર મેં ફોડ્યો નથી. તમારા પત્રોને

મારા જીવનની મોંઘેરી અમાનત ગણીને તિજોરીના સલામત ખૂણે નજરકેદ કરતો રહ્યો છું. મને વિશ્વાસ છે : હજુ તમારા હજારો પત્ર આવશે! અને એ તમામ પત્રોને બા-અદબ હું તિજોરીના એ સલામત ખૂણે કેદ કરતો રહીશ! સાચ્ચું, તોરલ! તમારા સમ!!

– પ્રોફેસરના અફસોસનો પાર નહોતો.

30

તોરલ દિવસે-દિવસે બિન્ધાસ્ત બનતી ચાલી.

હવે એને ખાતરી થઈ ચૂકી હતી : કશુંક ન બનવા જેવું બની ગયું છે! પ્રોફેસર પત્રનો જવાબ નથી આપતા. આટઆટલા દિવસો લગી રાહ જોવડાવી; એટલે એ પણ નક્કી કે હવે એ આ તરફ લમણો વાળીને નથી જોવાના!

– ભલે! જેવી એમની મરજી! એમને આવવાની ઇચ્છા જ ન થતી હોય, તો આપણે એમને લાવનાર પણ કોણ! ધણીનું કોઈ ધણી ખરું?

તોરલને ધીરે-ધીરે કળ વળવા લાગી હતી. એને પરિસ્થિતિની વાસ્તવિકતા હવે કોઠે પડવા માંડી હતી. એક વસ્તુ તો નક્કી હતી : પ્રોફેસરે પોતાને નહિ મળવાનો સંકલ્પ કર્યો હોવો જોઈએ. એની પાછળ કયાં પરિબળોએ ભાગ ભજવ્યો હશે, એની તોરલને ખબર નહોતી. કદાચ આ સંકલ્પ એમણે તોરલના મિડટર્મ વૅકેશન દરમિયાન પણ કર્યો હોય! એ કેવા સ્થિતપ્રજ્ઞ થઈને ઊભા રહ્યા હતા પેલા રણછોડજીની મૂર્તિ સામે!

– તોરલને એ દૃશ્ય યાદ આવી ગયું.

એક પ્રેયસી તરીકે એને કેવી કેવી અપેક્ષાઓ હોય!

– એ દોડી આવે; ખોળામાં માથું લઈને વ્યગ્ર સ્વરે પૂછે : તોરલ, શું થઈ ગયું તને?

– કશું જ નહોતું બન્યું એવું; કશું કહેતાં કશું જ નહિ! તોરલને વિષાદ થયો.

જાડેજા, હું જોઉં છું – તમે કેટલી હદ સુધી કઠોર બની શકો છો એ! તમે કઠોર બનવાના કૃત્રિમ પ્રયાસ જરૂર કરતા હશો, પણ હું સારી પેઠે જાણું છું – તમે નઠોર તો નથી જ બની શકો એમ! ચાલો, આપણે એક હરીફાઈમાં ઊતરીએ! હું તમને દર અઠવાડિયે પત્ર લખ્યા કરીશ! તમે ક્યાં સુધી એનો જવાબ નથી આપતા, એનીય ખબર તો પડશે ને? તમારા સંકલ્પની, તમારા કૃતક સંયમની એ કસોટી પુરવાર થશે! જાડેજા, મને આકંઠ વિશ્વાસ છે : આ હરીફાઈમાં અંતિમ વિજય તમારી તોરલનો હશે! તમારે શરણાગતિ સ્વીકારીને જ રહેવું પડશે, જાડેજા! – આ કોઈ સાધારણ વ્યક્તિના ઉદ્ગાર નથી, – તમારી પ્રેયસી તોરલના ઉદ્ગાર છે! અને યાદ રાખજો, એ ઉદ્ગાર છેક એની નાભિમાંથી પ્રકટ્યા છે! એના સતીત્વને એણે હોડમાં મૂક્યું છે, જાડેજા!

.....ને તોરલ દર અઠવાડિયે એના જાડેજાને નિયમિતપણે પત્ર પાઠવતી રહી...! વર્ષો વીતી ગયાં, પણ એનો એ ક્રમ ન બદલાયો...

તોરલ મૅડિકલ કૉલેજનાં પગથિયાં સડસડાટ ચડતી ગઈ. એનેય કોઈએ સીટી મારી હતી, કોઈએ ક્યાંક સાથે પિકનિકમાં જવાની ઑફર કરી હશે; ક્યાંક કોઈ સિનેમામાં કંપની આપવા કાકલૂદી કરી હશે...! આખરે એ એક યુવતી હતી. યુવતીને થાય એવાં સ્પંદનો એનેય જાગ્યાં હશે. એનેય કોઈ યુવાનની સોબતની ઝંખના કદીક જાગી હશે, ના તો શી રીતે પડાય? – ને એનોય કોઈએ હાથ માગ્યો હશે...! કોઈએ એની આંખોનાં દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જોવા સુધ્ધાંની ચેષ્ટા કરી હશે...!

આખરે એ સ્ત્રી હતી.

એક સ્ત્રીના જીવનમાં કોઈ પુરુષ ડોકિયું કરી જાય, તો એને કદાચ પાછો હાંકી કઢાય; પણ સમૂળગું ડોકિયું જ ન કરે, એવી તો ફરજ કઈ રીતે પડાય?

– તોરલ સ્ત્રી હતી, યુવાન હતી; અને હા, દુનિયાની નજરે તો એ કુંવારી પણ હતી...!

– એ કુંવારી હતી? શું સાચેસાચ એ કુંવારી હતી?

– તોરલને કોઈએ આજ લગી આવો પ્રશ્ન પૂછ્યો નહોતો. કદાચ કોઈએ પૂછ્યો હોત, તો

તોરલને સાચું કહેવામાં જરીય સંકોચ ન થયો હોત...

વચ્ચે કેટલીય રજાઓ પડી. તોરલ અનેક વાર અમદાવાદ આવી. એણે કદીયે પ્રોફેસરના ઘર તરફ જવાનું ન વિચાર્યું. એ એકદમ 'સામાજિક' બની ગઈ હતી; મમ્મીને એકદમ અનુકૂળ! મમ્મી એની વર્તણૂક પર પ્રસન્ન રહેવા માંડી હતી. એને પુત્રી સુધરી ગયેલી લાગવા માંડી હતી. હવે મમ્મી એને શંકાની નજરે નહોતી જોતી. અલબત્ત, એના ભાવિ અંગે એ જરૂર ચિંતિત રહ્યા કરતી હતી.

એક સાંજે એણે તોરલને પૂછ્યું : 'તોરલ, તને મુંબઈવાળો એ છોકરો ગમે તો છે ને? બેટા, આપણે ખાનદાન ઘરનાં માણસ કહેવાઈએ! થોડાંક સમાજને અનુકૂળ થઈને રહીએ, તો આપણી આબરૂ સચવાતી રહે!'

તોરલે કોઈ જવાબ નહોતો આપ્યો.

મમ્મીએ હેતાળ હાથ ફેરવીને પૂછ્યું હતું : 'હવે તું મોટી થઈ છે, બેટા! બોલ, તને એ છોકરો કેવો લાગ્યો? હમણાં પેલી જાનકીની જાનમાં એ આવેલો. એની નજર તને શોધ્યા કરતી હતી. તું એ વખતે જાનકીના શણગાર સાચવવામાં પડી હતી. તને ખબર છે?

– એણે આજુબાજુનાં એનાં સગાંસ્નેહીઓ આગળ તારાં કેટલાં બધાં વખાણ કરેલાં! એ કહેતો'તો : 'મને તો તોરલ બહુ જ ગમી ગઈ છે! એક મૅડિકલ સ્ટુડન્ટ હોવા છતાં, છે એનામાં અભિમાનનો છાંટો સુધ્ધાં! આવી સુશીલ છોકરી જોડે ઘરસંસાર માંડવાનું મને બહુ ગમે!'

તોરલ કશું જ બોલી નહોતી.

મમ્મીએ ખુશ થઈને કહ્યું હતું : 'બેટા, એમ ક્યાં સુધી શરમાયા કરીશ? તું આવતી કાલે ડૉક્ટરની ડિગ્રી લઈને આવીશ, પછી મારેય કંઈક ગોઠવણ તો કરવી જ પડશે ને? તારા પપ્પાની હાલત તો તું જાણે છે. મડદાની જેમ જીવી રહ્યા છે. છતાં દીકરા, હું તને રંગેચંગે વળાવવા માગું છું! તારા સિવાય અમારે બીજું છેય કોણ?

– મુંબઈવાળાઓનેય મારે મોંમાં આંગળાં નખાવવાં છે : બાઈ એકલી હતી, પણ એણે વ્યવહાર કરી જાણ્યો! રંગ રાખ્યો, રંગ! આવો વ્યવહાર તો કોઈ લક્ષાધિપતિયે ન કરે!'

– તોરલ ચૂપચાપ સાંભળતી રહી હતી.

– અને અચાનક એક દિવસ એ એની હૉસ્ટેલ પર પહોંચી ગયો હતો :

'તમારું નામ તોરલ છે!'

'હા.'

'તમે મને બહુ ગમો છો...! મારું નામ સંદીપ છે!'

'ભલે!'

'હું મુંબઈમાં સ્ટડી કરું છું. ફાધરને લોખંડનો બિઝનેસ છે. આ વર્ષે મારું બી.ઈ. ક્લિયર થઈ જવાનું!'

'બહુ સરસ!'

'હું એન્જિનિયર થઈને નોકરી નથી કરવાનો! ફેક્ટરી શરૂ કરવાનો છું!'

'સારો વિચાર છે!'

'તમને બરોડા ગમશે? બૉમ્બે કરતાં બરોડામાં ફૅક્ટરીના ચાન્સિસ વધારે છે.'

'એમાં મને ગમવા-ન ગમવાનો સવાલ જ ક્યાં છે? તમને ગમે તે બરાબર!'

'તમારો સ્વભાવ મને બહુ જ ગમ્યો! હિંદુસ્તાનમાં છોકરીઓ હજી લોકો માને છે એટલી હદે બગડી નથી ગઈ!'

'અને છોકરાઓ?'

'છોકરાઓની તો વાત જ ન કરશો! મારા ક્લાસમાં મારા સિવાયના તમામ છોકરાઓને

લફરાં છે!'

– તોરલ હસી પડી હતી. એને સંદીપની દયા આવી હતી. સંદીપ એને આગ્રહ કરીને એક હોટેલમાં લઈ ગયો હતો. એણે આગ્રહ કરી કરીને, પોતાના સમ ખવડાવી ખવડાવીને તોરલને બ્રેડ-પકોડાં ખવડાવ્યાં હતાં. પોતાની ડિશમાંથી એણે અડધોઅડધ ભોજન-સામગ્રી તોરલના મોંમાં પધરાવી હતી.

તોરલ એને ખૂબ ગમી ગઈ હતી. છૂટા પડતી વખતે એણે કહ્યું હતું : 'મારે થોડાક માર્કસ ઓછા પડ્યા, નહિતર હું પણ ડૉક્ટર બન્યો હોત! આપણે બન્ને જણ – હસબન્ડ ઍન્ડ વાઈફ – સરસ મઝાનું ક્લિનિક શરૂ કરત. તમે લેડીઝ સ્પેશિયાલિસ્ટ બનત; ને હું –'

'હું તો જેન્ટ્સ સ્પેશિયાલિસ્ટ છું! મને સ્ત્રીઓના રોગોમાં રસ નથી!'

'અચ્છા! તો-તો બહુ સરસ! તો-તો આપણા દવાખાનામાં દરદીઓનો ભારે ધસારો રહેશે! હું પણ પાર્ટ ટાઈમ તમને મદદ કરીશ! ફૅક્ટરી તો એક વાર ચાલુ થઈ એટલે એની મેળે જ ચાલ્યા કરવાની. આપણે ક્લિનિક પર વધુ ધ્યાન કોન્સન્ટ્રેટ કરીશું! હું કેસ કાઢીશ. તમે દરદીઓને તપાસજો. હું ફી ઉઘરાવીશ!'

તોરલને ફરી વાર હસવું આવી ગયું હતું.

'તમે હસો છો એ મને ખૂબ સારું લાગે છે!'

'એમ કે!'

'ખરેખર, તમે હસો છો ત્યારે શર્મીલા ટાગોર જેવાં લાગો છો!'

'એમ કે?!'

'સાચું કહું છું, બસ! તમને હું ખૂબ ખૂબ ચાહું છું!'

'બહુ જ સરસ! તમારો ખૂબ ખૂબ આભાર!'

'હું જઈ શકું?'

'જરૂર!'

'પણ એક વાત તો ભૂલી જ ગયો : તમને હું તો ગમું છું ને?'

તોરલ ત્રીજી વાર હસી પડી હતી.

'તમે હસ્યાં એટલે પત્યું! એમ તો હું વાણિયાનો દીકરો છું...! બધું સાનમાં સમજી જઉં. તમે કશું ન કહો તોય!'

– ને એ ચાલ્યો ગયો હતો.

મુંબઈ જઈને એણે 'પ્રેમપત્ર' પણ લખ્યો હતો :

ડિયર તોરલ,

તમારી જોડે ખૂબ મજા કરી.

તમે મારું સુંદર સ્વાગત કર્યું. તમારો ખૂબ ખૂબ આભાર. મમ્મી-પપ્પાને મેં બધી જ વાતો કરી દીધી છે. મેં કહ્યું છે : છોકરી ઘણી જ સંસ્કારી છે. એ મને ખૂબ ગમી ગઈ છે. મૅરેજ તો હું એની સાથે જ કરીશ!

– તમારી મમ્મીએ તમારા ફોટા પણ મોકલાવ્યા છે. ફોટામાં તમે ખૂબ સોહામણાં લાગો છો. મુંબઈ આવશો તો ખૂબ મજા રહેશે. આવી શકશો? સમય કાઢી શકો તો જણાવજો. હું તમને બૉમ્બે સેન્ટ્રલ પર લેવા આવીશ.

મુંબઈમાં ઘણાં સુંદર સ્થળો છે. આપણે સાથે હરીશુંફરીશું. મોજમજા કરીશું.

તમારા જેવી જીવનસંગિની મેળવવા બદલ મારા મિત્રો મને ખૂબ અહોભાવની નજરે જોવા લાગ્યા છે.

આવજો! પત્ર લખજો.

તમારો પ્રિયતમ,
સંદી પ.

તા. ક. સાથે મારા કેટલાક ફોટા મોકલું છું. કેવા લાગ્યા તે જણાવજો.

– ને મમ્મીની ટપાલ કંઈક આ મુજબની હતી :

ચિ. તોરલ,

કુશળ હોઈશ, તારો પત્ર મળ્યો છે. તું અભ્યાસમાં આગળ ને આગળ વધી રહી છે એ જાણીને ખૂબ આનંદ થયો છે. તારા પપ્પા પણ હવે થોડુંઘણું સમજી શકે છે. બોલવામાં તકલીફ છે, છતાં આશા રાખું છું કે થોડા મહિનાઓમાં એ પણ ઓછી થઈ જશે.

– મુંબઈથી ચિ. સંદીપકુમારનો પત્ર આવ્યો છે. એમણે તારી મુલાકાત અંગે ખૂબ જ સંતોષ વ્યક્ત કર્યો છે. એકદમ સીધા માણસ લાગે છે. એમના મનમાં કશું કપટ નથી. એમણે તારાં ખૂબ ખૂબ વખાણ કર્યાં છે. કોણ જાણે તેં કેવો જાદુ કરી દીધો છે!

– આવતા ઉનાળામાં ગોઠવીશું ને? તું તારી બહેનપણીઓને પણ જણાવજે. આપણે જલસાબંધ લગ્ન કરવાનાં છે. મારી જિંદગીમાં તો આ પહેલો ગણું તો પહેલો, ને છેલ્લો ગણું તો છેલ્લો – એક માત્ર અવસર છે. જિંદગીનો લહાવો લૂંટવાની એક માત્ર તક ઈશ્વરે આટલી જ આપી છે.

– અને સંદીપકુમાર જેવો સુશીલ, સંસ્કારી, ભણેલો અને ખાનદાન કુટુંબનો મુરતિયો મળ્યો છે. પછી તો આપણે પાછું વાળીને જોવાપણું જ ક્યાં રહે છે?

તોરલ બેટા, તું ખૂબ નસીબદાર છે! તારા નસીબમાં મુંબઈનું સુખ લખેલું છે. સંદીપકુમારના પપ્પા તારા પપ્પાના બહુ જૂના મિત્ર છે. તારા પપ્પાની નાજુક હાલત જાણ્યા પછી આપણા પ્રત્યે જબરો દયાભાવ રાખવા લાગ્યા છે. તને પોતાની પુત્રી કરતાંય વધારે હેતથી રાખશે! ને તું તો પાછી ડિગ્રી લઈને જવાની છે! ઘરમાં એક ડૉક્ટર પુત્રવધૂ આવે એ કોને ન ગમે?

દીકરી, આપણા ઘર માટે તો આ સોનાનો સૂરજ ઊગ્યો કહેવાય! જિંદગીમાં ઘણું-ઘણું વેઠ્યું છે એનું શ્રીનાથ બાવાએ એકસામટું ફળ આપ્યું ગણાય!

વાંચવામાં ધ્યાન આપજે. તારી બહેનપણીઓના વાદે રખડતી નહિ. આપણે આપણા ધર્મ-કર્મની મર્યાદામાં રહીએ તો ઈશ્વર આપણને એનું ફળ આપે જ છે.

– મમ્મીના આશીર્વાદ.

તોરલે એ બન્ને પત્રો વાંચીને ત્રીજી જ વ્યક્તિ પર એનો જવાબ પાઠવ્યો :

વહાલા જેસલ,

તું ભલે મારાથી રિસાયો; હું ઓછી તારી ઉપર રિસાઈ શકવાની છું? દર અઠવાડિયે તને એક પત્ર પાઠવતી રહી છું. ત્રણ-ત્રણ વરસથી એ ક્રમ સતત સાચવતી રહી છું. મને ખબર નથી કે તું મારી ટપાલ વાંચે છે કે નહિ. કદાચ નહિ જ વાંચતો હોય! વાંચે તો એનો જવાબ આપવાનું મન થાય ને? ભલે, જેવી તારી મરજી!

– તું ભલે મને તરછોડે, હું તને છોડવાની નથી. મારોય એક હક્ક છે તારી ઉપર! કેમ વળી, મેં તને પ્રેમ કર્યો છે! પ્રેમ કંઈ નાનાં છોકરાંનો ખેલ નથી. જોકે તું તો એ વિષયનો નિષ્ણાત છે. તેં પણ પ્રેમ કરી જોયો છે..., કેમ ખરું ને? પ્રેમ કર્યા પછી જ તું આ ચાળા કરવા મંડ્યો છે! પ્રેમ નહોતો કરતો ત્યારે તું આવો અવળચંડો નહોતો!

– જાડેજા, તને મેં આવો નહોતો ધાર્યો...! તું તો સાચુકલો લૂંટારો નીકળ્યો. તોરલ જેવી તોરલને લૂંટી લઈને બાવો બની ગયો! આવું ન ચાલે જાડેજા...

જો, આટલું લખ્યું એટલામાં તો રડવું આવી ગયું...

31

અને પછી કોઈ એક મધરાતે પ્રોફેસર જાડેજા સફાળા ઊંઘમાંથી જાગી ગયા.

રાત્રિના અંધકારમાં એમણે કાન સરવા કરીને સાંભળ્યું : બહાર વરસાદની હેલી ચાલુ હતી. ઊઠીને એ બાથરૂમ ભણી આગળ વધ્યા. એમને લઘુશંકા લાગી હતી.

બહાર એકાએક આકાશ ધડૂક્યું. વીજળી નાગણની જેમ લબકારા લેતી ઘરમાં ઘૂસી આવી.

પ્રોફેસર અંજાઈને ઊભા રહી ગયા.

'આ સ્ત્રી જાતિનો ભરોસો નહિ!" – એ બબડ્યા : 'જોયું? કેવી ઘૂસી આવી છેક અંદર સુધી!'

એ વિસ્મય પામતા આગળ વધ્યા, ને બાથરૂમ પાસે પહોંચે છે ત્યાં તો અંદર શાવર ચાલુ!

– કોઈ રમણીનો નાજુક કંઠ : 'લલલ....લ્લા! લાલલાલા....' ને શાવર તેજ ગતિએ વરસી રહી છે...

પ્રોફેસર જાડેજા ધ્રૂજી ઊઠ્યા.

દીવાલનો ટેકો લઈને પડતાં-પડતાં માંડ બચ્યા.

રમણીનો મૃદુ અવાજ ઊંઊઊંઊં...લા...લા!'ના લયમાં રમ્યા કરતો હતો. શાવરનો અવાજ સ્પષ્ટ સંભળાતો ચાલ્યો.

પ્રોફેસર જાડેજાએ પોતાના શરીર પર ચૂંટી ખણી : ના, ના! જાગું છું ને! હું કંઈ ઊંઘમાં નથી! હું, પ્રોફેસર જાડેજા, એક રજપૂતનો બચ્ચો, આમ મેઘલી રાતના અંધકારમાં મારા ઘરના બાથરૂમમાં કોઈ એક સ્ત્રીને નહાતી સાંભળી રહ્યો છું...!

અચ્છા!

– ને એમણે લાઈટની સ્વિચ શોધવા માંડી.

સ્વિચ દબાવી, છતાં અજવાળું ન થયું... પ્રોફેસરને કમકમાં છૂટી ગયાં.

'હં હં હં હં... આ આ આ... આ! લલલલા...!'

પાણીનો અવાજ, રમણીના કંઠની હલક અને એક મેઘલી મધરાત...

પ્રોફેસર જાડેજાએ હિંમત કરી : 'ખોલો!'

શાવર ધીમી પડતી સંભળાઈ.

રમણીએ મૃદુ ધ્વનિમાં કહ્યું : 'પુરુષ! એક સ્ત્રી નહાતી હોય ત્યારે એની નજીક જતાં શરમ નથી આવતી તમને?'

– અવાજ પરિચિત લાગ્યો! અવાજ નહિ, એનો પ્રશ્ન સુધ્ધાં!

'તમે... તમે... તમે કોણ, તોરલ?'

રમણી ખડખડાટ હસી પડી : 'તોરલ? તોરલ વળી કોણ? હું તમારી તોરલને ઓળખતી નથી. તમારાવાળી તોરલ તો ક્યારનીય મરી ગઈ...! હજી ત્રણ-ત્રણ વરસ લગી તોરલનું નામ ભૂલ્યા નથી? જબરા છો તમે!'

પ્રોફેસરને એ માનવામાં આવે એવું નહોતું.

'ખોટું ન બોલો! તમે તોરલ છો! આ અવાજ તોરલનો જ છે! મને બનાવો નહિ, તોરલ!'

રમણીએ એમની પરવા કર્યા વિના બાથરૂમની શાવર ફાસ્ટ કરી. એ ફરી પાછી એના સ્નાનગુંજનમાં પરોવાઈ ગઈ...

પ્રોફેસરને બીક લાગી ગઈ.

ફરી એકવાર એમણે હિંમત કરી જોઈ : 'તોરલ, તમે એક વાર સાચું બોલતાં તો શીખો!

તમારા જાડેજાનું એટલું તો માન રાખો! તમે ક્યાં મરી ગયાં છો વળી? હજી ગઈ સાંજે તો મને તમારી ટપાલ મળી છે! એમ ને એમ મૂકી રાખ્યું છે તમારું કવર! તોરલ, તમે ફક્ત એટલું કહો કે તમે જીવો છો! મારે બીજું કંઈ જ નથી જોઈતું...'

આકાશમાં એક ગડગડાટી થઈ અને વીજળી છેક અંદરના ખંડ લગી ધસી આવી.

પ્રોફેસર એકાએક ચીસ પાડી ઊઠ્યા : 'તોર...લ!'

– વીજળીના તેજલિસોટામાં એમને અંદરના ઓરડે ખૂંટી પર પાનેતરનો ગાળિયો બનાવીને લટકી પડેલી એક લાશ નજરે પડી રહી હતી... લાશ નિર્વસ્ત્ર હતી.

'મને બચાવો, તોરલ!' પ્રોફેસર બાથરૂમનું બારણું જોરજોરથી ઠબઠબાવી રહ્યા હતા.

– એમની આંખો પેલું ભયાનક દૃશ્ય જોઈને ફાટી ગઈ હતી.

એકાએક બાથરૂમનું બારણું ઊઘડ્યું : 'ગભરાવ નહિ, જાડેજા!' હું તોરલ જ છું! તમારી વહાલપની નદી!'

એક નિર્વસ્ત્ર રમણી બહાર આવી. એનાં અંગોની ભીનાશથી ઓરડો આખો મઘમઘી રહ્યો. અંધકારમાં એ પ્રોફેસરની નજીક સરકતી ચાલી. એના પગરવમાં જિંદગીની પ્રતીતિ વરતાઈ રહી હતી.

'જાડેજા!' ખૂબ વહાલથી એ પ્રોફેસરની અડોઅડ બેઠી.

'લાઈટ જતી રહી છે અને હું તમારી ચીસ સાંભળીને બહાર ચાલી આવી છું! જરા મને અડકો તો ખરા!'

જાડેજાએ હાથ લંબાવ્યો... એ નખશિખ નગ્ન હતી...!

'તોરલ!' પ્રો. જાડેજાનો અવાજ બદલાઈ ગયો હતો : 'તોરલ, તમે તો...! તમે તો સાવ જ નિર્વસ્ત્ર છો, તોરલ! જાવ, બાથરૂમમાં જઈને વસ્ત્રો પહેરી લો! ઘણાં વર્ષો બાદ મળ્યાં છો, વાતો કરીશું!'

તોરલ ખૂબ નજીક આવીને બેઠી હતી : 'તમે તો મને આ સ્વરૂપમાં જોવા ઝૂરતા હતા ને? ભૂલી ગયા?' ને એ મીઠું મધ હસી : 'પ્રોફેસર, સ્ત્રી વસ્ત્રોમાં તો માત્ર દિવસે શોભે! મધરાતે એને વસ્ત્રો પહેરવાનું કહીને તમે એનું અપમાન કરી રહ્યા છો! તમે તે પુરુષ છો કે કોણ છો?'

પ્રોફેસરની જીભ થોથવાઈ રહી હતી. એમને ગભરામણ વછૂટી હતી.

'ના, તોરલ! એવું ન કહેશો! એક નગ્ન સ્ત્રીને તો પુરુષ જીરવી શકે છે; પણ જ્યારે એકી સાથે એ બબ્બે નગ્ન સ્ત્રીઓને જુએ, ને એ ય આવી મેઘલી, અંધારી મધરાતે, ત્યારે તો તોરલ...!'

– એ વાક્ય પૂરું ન કરી શક્યા.

ફરી એક વાર આકાશ ગર્જી ઊઠ્યું. વીજળી લબકારા લેતી છેક અંદરના ઓરડા લગી ઘૂસી આવી.

'તોરલ!' પ્રોફેસર નિર્વસ્ત્ર તોરલનું ભર્યું ભર્યું રૂપ જોઈને ડઘાઈ ગયા : 'તોરલ, તમે જોઈ પેલી ખૂંટી ઉપર લટકતી નિર્વસ્ત્ર લાશ!'

*

સ્વપ્ન પૂરું થયું. પ્રોફેસરની આંખ ઊઘડી ત્યારે એ ખરેખર કંપી રહ્યા હતા. એમણે ત્રણ-ચાર ઊંડા શ્વાસ લીધા.

– ને એ અંદરના ઓરડાની લાઇટ કરીને બાથરૂમ ભણી ચાલ્યા. એમને સાચેસાચી લઘુશંકા તો લાગી જ હતી...!

હાથ-મોં ધોઈ, હળવા બનીને એ પલંગ પર બેઠા. ઘડિયાળમાં જોયું : રાતના અઢી વાગી ગયા હતા.

બગાસું ખાઈને એમણે કલમ હાથમાં લીધી.

વર્ષો પછી એમને ડૉ. યશવંત દલાલ સાંભર્યા હતા.

પ્રિય ડૉ. યશવંત,

ત્રણેક વર્ષથી આપણે મળ્યા નથી.

છેલ્લે તમારું ભવ્ય આતિથ્ય માણ્યું એ જ આપણી મુલાકાત!

અત્યારે રાતના અઢી વાગીને પાંચ મિનિટ થવા આવી છે. તમને થશે કે આવો બેહૂદો સમય મને પત્ર લખવા કેમ પસંદ કર્યો હશે!

– ડૉક્ટર, એની પાછળ એક સ્વપ્ન કારણભૂત છે. હમણાં જ એ સ્વપ્ન પૂરું થયું. સ્વપ્નમાંથી જાગ્યો, લઘુશંકા પતાવી આવ્યો, ને તરત તમને પત્ર લખવા બેઠો છું.

– સ્વપ્નમાં પણ મને લઘુશંકા જ લાગેલી. સ્વપ્નમાં વરસાદ ચાલુ હતો. સ્વપ્નમાં પણ સમય મધરાતનો હતો. ઊઠીને જાણે હું બાથરૂમ તરફ ચાલ્યો. બાથરૂમમાં શાવર ચાલુ હોય એવું લાગ્યું. (શાવર? મારા ઘરના બાથરૂમમાં વળી શાવર કેવું? – આ તો પેલી દ્વારકાની ધર્મશાળાના ટ્રસ્ટી માટેના રૂમની શાવર આવીને ફિટ થઈ ગઈ હશે મારા બાથરૂમમાં!)

– એક સુંદરી નહાતી હોય અને નહાતાં નહાતાં ગાતી હોય, એવું લાગ્યું. મને અચંબો થયો. મેં હિંમત કરીને કહ્યું : 'ખોલો! મારે બાથરૂમ જવું છે!'

અંદરથી અવાજ આવ્યો : 'તમને શરમ નથી આવતી એક સ્ત્રી નહાતી હોય ત્યારે એની નજીક જતાં?'

– એ અવાજ તોરલનો હતો. ડૉક્ટર, મેં એ અવાજ ખૂબ ધ્યાનપૂર્વક સાંભળ્યો હતો. મેં એને નામ દઈને બોલાવી, તો એ કહે છે : 'તમારી તોરલ તો ક્યારનીય મરી ગઈ!'

સ્વપ્નમાં વીજળી ઝબકી અને અંદરના ખંડમાં તેજલિસોટો ધસી આવ્યો. એ અજવાળામાં મેં જોયું : એક નિર્વસ્ત્ર લાશ! પાનેતરનો ગાળિયો બનાવીને લટકી પડેલી રાજ બા!

– હું બી ગયો. મેં તોરલના નામની બૂમ પાડી. તોરલ બારણું ખોલીને બહાર આવી. એ મારી જોડે બેઠી. મેં એનો સ્પર્શ અનુભવ્યો. ને હું એને અડકું... એવો એ આગ્રહ સેવવા લાગી. હું અડકવા ગયો ત્યારે એ સાવ નિર્વસ્ત્ર હતી!

આ સમગ્ર સ્વપ્નલીલા દરમિયાન ઘરની વીજળી તો રિસાયેલી જ હતી. ફરી પાછી આકાશની વીજળી ઘરમાં પ્રવેશી અને હું રાજ બાની લાશ જોઈને છળી પડ્યો...

બસ, ત્યાં મારી ઊંઘ ઊડી ગઈ. સ્વપ્નમાં તોરલ સાથે ઘણા સુંદર સંવાદો થયેલા; પણ એ બધા લખવા જઉં તો પત્ર બહુ લંબાઈ જશે.

હવે થોડીક હકીકતો તરફ તમારું ધ્યાન દોરી લઉં :

તમે કદાચ નહિ માનો પણ તોરલને તમારા બંગલે મળ્યા પછી હું બિલકુલ મળ્યો નથી. એની પાછળ પણ કારણ છે.

તોરલ એ પછીના થોડા જ દિવસોમાં જન્માષ્ટમીના ઉત્સવની રજાઓ નિમિત્તે અમદાવાદ આવી હતી. એની મમ્મીના મનમાં મારા વિષે જે ગ્રંથિ ઊભી થઈ છે એને તમે સારી પેઠે જાણો છો. બિચારી છોકરી મમ્મીને અનુકૂળ થઈને રહેવા કોશિશ કરતી હતી; પણ એક દિવસ રણછોડજીના મંદિરમાં આરતીટાણે અમે એકમેકને જોઈ ગયાં. મેં તો પૂરેપૂરો સંયમ રાખ્યો, પણ એનાથી મારી સામે જોયા વગર ન રહેવાયું. પછી તો એકાએક શું થયું કે બિચારી છોકરીને મારામાં જ રણછોડજી દેખાવા લાગ્યા! એ ઊભી હતી ત્યાં ને ત્યાં ફસડાઈ પડી. હું એટલી હદે કૃત્રિમ કઠોરતા ધારણ કરી શક્યો કે મેં એની સામે, એવી હાલતમાં પણ, જોયું સુધ્ધાં નહિ... જોકે રાત આખી વલોપાતમાં કાઢી. એને પત્ર લખ્યો ને બીજી સવારે વહેલો વહેલો પોસ્ટ પણ

કરી દીધો. પત્રમાં મેં મારી કાયરતા બદલ એની ક્ષમા યાચી હતી.

– બસ, આ મારો એની ઉપરનો છેલ્લો પત્ર!

એ સવારે હું સ્નાન કરી રહ્યો હતો ને કૉલબેલ વાગ્યો. ટુવાલભેર બહાર નીકળીને મેં ઘરનો દરવાજો ખોલ્યો. એની મમ્મી મને મળવા આવી હતી. હું કપડાં બદલવા અંદર ગયો એ દરમિયાન એની નજર મારા પલંગ પર પડેલા તોરલના અગાઉના એક પત્ર પર પડી. એને પાકે પાયે વહેમ ગયો કે તોરલે પ્રોફેસર સાથેના સંબંધો ચાલુ રાખ્યા છે. ગઈ સાંજનો આરતીવેળાનો પ્રસંગ પણ એ જ બાબતની સાક્ષી પૂરતો હતો. એ વખતે એની મમ્મી હાજર જ હતી.

– એની મમ્મીએ મને માનપૂર્વક સંબોધ્યો. પછી એણે કહ્યું કે વાંક મારી દીકરીનો જ છે! એને જ તમારા વગર ચાલતું નથી, પણ એ તો નાદાન છે! તમારે જ એને છોડવી રહી... જો એનું જીવન સુધારવા માગતા હો, તો તમે જ એની સાથેના સંબંધો તોડી નાખો. એને તારવી કે મારવી એ તમારા હાથની વાત છે.

એની મમ્મીની વાત ઉપરથી મને એટલું તો સ્પષ્ટ વરતાયું કે તોરલને એ કોઈ પણ સંજોગોમાં મારા હાથમાં સોંપી શકે એમ નથી. વળી તોરલના પિતાને બ્રેઇન હેમરેજ થઈ ગયેલું છે. તોરલ તેમની એકની એક દીકરી છે. એને એ લોકો સમાજમાં જ પરણાવવા માગે છે. મુંબઈમાં એક મુરતિયો પણ જોઈ રાખ્યો છે. મુરતિયાના મા-બાપ સાથે વાત પણ કરી રાખી છે.

– મારી ઉંમર, જ્ઞાતિ, સમાજમાં હલકી પડી ગયેલી આબરૂ ઉપરાંત તોરલના પિતાની દયનીય સ્થિતિ, એની પ્રેમાળ માતાની કાકલૂદી – એ બધી બાબતો તરફ દૃષ્ટિપાત કરીને ઊંડા મંથન બાદ મેં તોરલનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો હતો. જોકે એનો ત્યાગ કરવા જતાં મને શી શી વીતી છે, એ તો મારું મન જ જાણે છે.

ડૉક્ટર, હું એને એક ક્ષણ પૂરતીય વીસરી શકતો નથી. દિવસે-દિવસે એ મારામાં વધુ ને વધુ ઊંડી ખૂંપતી જાય છે. મને લાગતું હતું કે રાજ બાના આપઘાત પછીનાં પંદર વરસ જેમ સ્ત્રી વગર હું પસાર કરી શક્યો હતો, એમ તોરલ વગર પણ કદાચ બાકીની જિંદગી ખેંચી કાઢીશ! પણ આ ત્રણ વર્ષ તો મને ત્રણ યુગ જેટલાં આકરાં લાગ્યાં છે. એને હું ભૂલી તો શું શકું, – એની પાછળ પાગલ ન થઈ જાઉં તોય પૂરતું છે!

તોરલમાં અને રાજ બામાં ઘણું અંતર છે, ડૉક્ટર! રાજ બા તો અકસ્માતે આવી મળેલી પત્ની હતી; તોરલ પ્રેયસી છે! રાજ બાને મેં કદી યે ચાહી નહોતી; હા, એની દયા જરૂર ખાધી હતી! ત્યારે તોરલને તો મેં હાડોહાડ ચાહી છે...

એને મારી ઉપર અભાવ જાગે એવા તમામ પ્રયત્નો હું કરી ચૂક્યો છું. એના આટઆટલા પત્રો આવે છે : હું એકેય પત્ર નથી તો ફોડી શક્યો કે – (પત્ર ફોડતો જ નથી ત્યાં એનો પ્રત્યુત્તર પાઠવવાનો તો સવાલ જ ક્યાં રહે છે?)

તમે માનશો? આ ત્રણ વરસ દરમિયાન એ નિયમિત રીતે દર અઠવાડિયે એના જાડેજાને એક પત્ર પાઠવતી રહી છે... એ પ્રેષિકાના સરનામામાં શું લખે છે, ખબર છે? ‘તોરલ જાડેજા!’

ડૉક્ટર, મને એની ખૂબ ખૂબ દયા આવે છે. કોણ જાણે કેવી વિટંબણાઓ વચ્ચે એ જીવી રહી હશે! કદાચ એના પત્રો વાંચું તો એની મનઃસ્થિતિ સમજવામાં થોડીક સરળતા રહે; પણ ભાઈ, એનો એકેય પત્ર વાંચી શકવાની મારામાં તો ત્રેવડ નથી!

– એ વાંચીને હું ગાંડો થઈ જઉં તો? વાંચ્યા પછી એને જવાબ લખી બેસું તો? ને ડૉક્ટર એથીય આગળ કહું? મને જબરી બીક લાગે છે – એનો પત્ર વાંચું ને, તો હું અહીં એક ઘડીયે ઊભો જ ન રહી શકું... પહેર્યાં લૂગડે પહોંચી જઉં લેડીઝ હૉસ્ટેલ પર!

– બસ, એ દુર્ઘટના ટાળવા પૂરતો જ હું આમ કઠોર બનીને એના એકેએક પત્રને

તિજોરીના અંધકારમાં નજરકેદ કરતો રહ્યો છું...!

તમે મારા મિત્ર તો છો જ; પણ આ પત્ર હું તમારા મનોચિકિત્સક સ્વરૂપ પર પાઠવી રહ્યો છું. મને સતત અજંપો રહ્યા કરે છે. હું કઈ ક્ષણે શું કરીશ, એનું કશું નક્કી નથી. મન ચંચળ રહ્યા કરે છે. જેમ એને વધુ દબાવવા જઉં છું તેમ એ વધુ વિલાસી બનતું જાય છે.

અને સ્વપ્નોનો તો કોઈ પાર નથી. તોરલના પત્રોની જેમ સ્વપ્નોનો ય આખો ઢગ ખડકાઈ ગયો છે. પત્રો નહિ વાંચવાનો સંકલ્પ તો હું પ્રયત્નપૂર્વક પણ પાળી શક્યો છું; પણ સ્વપ્નો આગળ તો હું લાચાર બની જઉં છું. સ્વપ્નોની દુનિયામાં એટલી હદ સુધી જીવતો થઈ ગયો છું કે થોડા દિવસો પછી કદાચ મને મારી વાસ્તવિક જિંદગી પોતે જ એક સપનું લાગવા માંડે તો નવાઈ નહિ!

ઘણું વધારે લખવું હતું; પત્રની મર્યાદામાં રહીને લખી શકાય એટલું લખ્યું છે. આ લખ્યું છે એના કરતાં હજારો ગણી વેદના વેંઢારીને જીવું છું.

તમારા માર્ગદર્શનની તાતી જરૂર છે. મારે શું કરવું – શું ન કરવું; કોઈ દવા-ગોળી લેવી કે પછી બીજો કોઈ આધ્યાત્મિક ઉપચાર કરવો – તમને જે યોગ્ય લાગે તે જણાવજો.

મારી નિદ્રવિહોણી રાત્રિઓ અને ક્ષુધાવિહોણા દિવસોએ મને આ પત્ર લખવા મજબૂર કર્યો છે.

તકલીફ બદલ ક્ષમાપ્રાર્થી છું.
– તમારો સહૃદય જાડેજા.

32

પ્રોફેસર જાડેજાનો પત્ર ડૉ. યશવંત દલાલે ફેરવીફેરવીને ત્રણ ચાર વખત વાંચી જોયો.

– હકીકત નોંધી; બિલોરી કાચ વડે એમના અક્ષરો ચકાસી જોયા. અક્ષરોમાં એક વિશિષ્ટ કંપ વરતાયો.

– વર્ણનશૈલી ચકાસી જોઈ. એમાં પણ ઘટનાઓને ક્રમબદ્ધ ગોઠવવામાં પત્રલેખકને નડતી તકલીફ નજરે ચડી. કૌંસનો ઉપયોગ એ દૃષ્ટિએ પત્રલેખકની મદદે ચડેલો વરતાયો. પત્રલેખકના માનસમાં ચાલતાં સંચલનોની તીવ્રતા એટલી વધુ લાગી કે જે ઉત્સાહ સાથે પત્રલેખક પત્ર લખવા બેઠો હશે, એ ઉત્સાહ ક્રમશઃ ઘટતો ચાલ્યો હોય અને પત્રનો પાછળનો હિસ્સો તો માંડ સમાપન કરવા પૂરતો ઘસડી પાડ્યો હોય એવો લાગ્યો.

– પત્રમાં સ્વપ્નનું સૌંદર્ય, એનો રોમાંચ કે એક સ્ત્રીના સ્વપ્નની પુરુષ મન ઉપરની અસર – કશુંયે સંતોષકારક રીતે ઝિલાયું નહોતું.

– એ બધું હોવા છતાં પત્રલેખકે વારંવાર પોતાને justify કરવાની ચેષ્ટા કર્યા કરી છે. ‘પત્રની મર્યાદા’નો લેખક જ્યાં ઉલ્લેખ કરે છે, ત્યાં એ પોતાની – પત્ર લખનારની મર્યાદા તે સમૂળગી ભૂલી જ જાય છે.

હા, એ પ્રામાણિકપણે પોતાની અભિવ્યક્તિ અધૂરી અને અંશતઃ હોવાનું પત્રને અંતે સ્વીકારતાં અચકાતો નથી; પણ એ અભિવ્યક્તિ પાંગળી પણ છે, એનો કદાચ એને ખ્યાલ નથી. એનું કારણ એ પણ હોઈ શકે કે પત્રલેખક પોતે ભાષાનો અધ્યાપક છે; આ ગુરુતાગ્રંથિ એને અભિવ્યક્તિની પંગુતાનો સ્વીકાર કરતો રોકે, એટલું જ નહિ, એનો ખોટો બચાવ કરતાં પણ શીખવે!

– જોકે સમગ્રપણે જોતાં કેસ હજી હાથથી ગયો નથી. પત્રલેખકને અસામાન્ય સાઈકોસિસની સરહદેથી પાછો વાળવાનું કામ બહુ અઘરું નથી, કારણ કે હજી સુધી એ ‘નૉર્મલ’ અને ‘ઍબ્નૉર્મલ’ની સીમા રેખા પર જ વિહરતો ભાસે છે.

ડૉ. દલાલે વિચાર્યું : આ ભાઈની આવી દશા છે તો બિચારી તોરલના તો કોણ જાણે કેવા યે હાલ હશે! જોકે એને આટલી હદે તો અજંપો નહિ જ રહેતો હોય. દર અઠવાડિયે એ એના મનને પત્ર દ્વારા વહેતું મૂકી દે છે. એને લીધે એના માનસમાં વિચારોનું દબાણ બહુ બહુ તો સાવ સામાન્ય કહી શકાય એવું જ રહેવાનું!

છતાં એનેય થોડીક માનસચિકિત્સાની જરૂર તો ખરી જ. આ મહાશય, એના ‘જેસલ જાડેજા’ એના પૂરતા તો સમૂળગા સંન્યાસી જ થઈ ગયા ગણાય ને! પુરુષ પરોક્ષ માધ્યમો દ્વારા પણ સતત સ્ત્રી સાથેનો સેતુ જાળવી રાખે તો સ્ત્રીને એનો વિરહ સહેવો અઘરો ન લાગે. આ આદર્શોનો તરંગી, આદર્શની વ્યર્થ વિડંબનાઓમાં ફસાઈને બિચારી એક સ્વસ્થ પ્રેયસીને કેટલો ભયંકર અન્યાય કરી બેઠો છે!

ડૉ. દલાલને તોરલની મનોદશાનો ચિતાર મેળવતાં વાર ન લાગી. ઘડીક તો થયું પણ ખરું : લાવ, લગાવી આવું એક આંટો? અહીંથી તો માંડ સો-એક કિલોમીટરનો રન છે. બિચારી કેટલી રાજી થશે! એને એના જાડેજાનો પત્ર વંચાવીશ કે તરત એના મનમાં જાડેજા વિશે ચાલતા તર્કવિતર્કોનું સમાધાન મળી જશે...

– જોકે એક બીજી શક્યતા પણ નકારી શકાય એમ નહોતી. ડૉ. દલાલને એમની છેલ્લી મુલાકાત યાદ આવી. બેઉ સખીઓએ જે પ્રકારનું રફ બિહેવિયર કરેલું એ સાંભરી આવ્યું. નથી ને મને એકલો આવેલો જોઈને પાછી મારા વિશેની એ ભયગ્રંથિ વિકૃત સ્વરૂપે પ્રગટ થાય તો...! ઊલટાની એની મનઃસ્થિતિ વધુ વિકૃત બનવાનું હું નિમિત્ત બની રહું...

ડૉ. દલાલે તોરલને મળવા જવાનો વિચાર માંડી વાળ્યો. ક્લિનિકનું કામ પતાવીને ડૉ. દલાલ ફરી વાર પ્રોફેસરનો પત્ર લઈને બેઠા. પત્રનું પૂરતું વિશ્લેષણ કરી લીધા પછી એ જવાબ લખવા માંડ્યા :

પ્રિય ભાઈ શ્રી જાડેજા,

તમારો દર્દભર્યો પત્ર મળ્યો છે.

તમારા પત્ર પરથી પણ એક નિદાન તારવી શકાય એમ છે :

તમને ન મટે એવો કોઈ માનસિક રોગ નથી.

વળી, તમે તો એક વિદ્વાન પ્રાધ્યાપક છો.

તમારી તકલીફનું મૂળ તમે જાણો છો. તમે પોતે જ એ તકલીફ વહોરી છે. ખોટા આદર્શવાદનો તમે કરુણ ભોગ બની ગયા છો. એક ચિકિત્સક કરતાં વિશેષ હું તમારો મિત્ર છું. એ નાતે તમારી સ્થિતિથી વિશેષ ચિંતિત છું.

તમે જેમ બને એમ જલદી આવો. આવો ત્યારે તોરલના તમામ પત્રો લેતા આવજો. શક્ય છે કે તમારી તમામ પીડાનું ઔષધ એ પત્રોમાં જ પડ્યું હોય!

તમારી રાહ જોઈશ. વધુ રૂબરૂમાં.

– તમારો જ, યશવંત.

પત્ર પર પ્રોફેસર જાડેજાનું સરનામું લખીને નોકરને પોસ્ટ કરવા માટે આપી દઈ, ડૉ. દલાલ એમના કામમાં પરોવાઈ ગયા.

*

ત્રીજે દિવસે પ્રોફેસર જાડેજાની ટપાલમાં બે પત્રો હતા : એક ‘તોરલ જાડેજા’નો અને બીજો ડૉ. યશવંત દલાલનો. પ્રોફેસરે તોરલનો પત્ર હથેળીમાં રમાડ્યો, પંપાળ્યો, ચૂમ્યો અને મન મક્કમ કરી તિજોરીના પેલા ખાસ નક્કી કરી રાખેલા ખાનામાં સરકાવી દીધો. ડૉક્ટરનો પત્ર ફોડ્યા પહેલાં જરૂરી માનસિક સ્વસ્થતા ખાતર એમણે પાણી પી લીધું. ઈશ્વરનું નામ લઈને એમણે પત્ર ફોડ્યો.

પત્ર ઘણો જ ટૂંકો હતો. પોતે માગેલું એવું કોઈ માર્ગદર્શન એમાં નહોતું. ડૉક્ટરે કોઈ સૂચનો કે દવાઓ લખી મોકલવાને બદલે રૂબરૂ મળવા પર વિશેષ ભાર મૂક્યો હતો. રૂબરૂ મળવા જતી વખતે પાછા તોરલના પત્રોનો થોક સાથે લઈ જવાનો હતો! એનો અર્થ તો એ જ થયો કે પોતે આટલા દીર્ઘકાળ પર્યંત જે પત્રો વાંચવાનું ટાળ્યા કર્યું હતું, એ હવે ફરજિયાત વાંચવાના હતા!

પ્રોફેસર દ્વિધામાં મુકાઈ ગયા.

– પોતે એ જલદ તેજાબ જેવા પત્રો જીરવી શકશે ખરા?

– એમને પોતાના ક્ષતવિક્ષત મનોબળ પર વહેમ પડ્યો.

તોરલનો એકેએક પત્ર તેજાબની ધાર જેવો તીક્ષ્ણ હશે... એણે કોણ જાણે કેવીય ભાષા વાપરી હશે એના જાડેજા માટે! આખરે એ એક ભગ્નહૃદયા નારી છે. એનું સ્વમાન જ્યારે કસોટીની એરણે ચડ્યું હોય, એના પ્રણયને તિતિક્ષાની આગમાં હોમાવા વારો આવ્યો હોય, ત્યારે એની પાસેથી ઋજુ, મુલાયમ શબ્દલીલાની અપેક્ષા રાખવી એ નરી મૂર્ખતા જ કહેવાય. એ જે રીતે મેદાને પડી છે, કોઈ પણ પ્રકારના પ્રતિભાવની પ્રતીક્ષા વગર સતત પત્રવર્ષા કરતી રહી છે, એ જોતાં તો એમ જ લાગે કે એ કોઈ જીવસટોસટ પ્રતિષ્ઠાનો જંગ ખેલી રહી છે. એની અવહેલના સામેનો આ નારીસહજ પડકાર ઝીલવા જેટલી એના જાડેજામાં તાકાત બચી છે ખરી?

પ્રોફેસરની વિમાસણનો પાર નહોતો.

આખરે એમણે ડૉ. દલાલને એક મનોચિકિત્સક તરીકે મળી આવવાનો સંકલ્પ કર્યો.

સામાન તૈયાર થઈ ગયો. તિજોરીના અંધકારમાં નજરકેદ ભોગવતા પત્રોનો ખડકલો ઍટેચીમાં ગોઠવાઈ ગયો. પ્રોફેસરને લાગ્યું : પોતે જાણે તોરલના અસ્તિત્વનો દસ્તાવેજ લઈને ડૉ. દલાલ પાસે જઈ રહ્યા છે. એ વણવંચાયેલા પત્રોમાં આખેઆખી એક નારી પુરાયેલી છે. નારીના લોહીની મૂંગી આરજૂના કબ્રસ્તાન જેવો એ ખડકલો જોઈને પ્રોફેસરની આંખ ભીની થઈ. કોઈ એક સમયે કેટલી મુગ્ધતા સાથે આ પત્રોની લખનારી પાછળ પોતે દોડ્યા કરતા હતા, એનું સ્મરણ થયું, ને મનના આકાશમાં શ્રાવણી વાદળ છવાઈ વળ્યાં...

એમને દ્વારકાની એ શ્રાવણભીની રાત સાંભરી આવી...

– એ દરિયો, એ આકાશ, એ તરસી તરસી ભોમકા...!

પરબીડિયાંમાંથી શબ્દો સાપોલિયાં થઈ થઈને સરી પડતા દેખાવા લાગ્યા. મધપૂડામાંથી ટપકતાં મધુબિંદુઓની જેમ, કોઈ વિરહવિજોગભરી આંખમાંથી દડતાં લાલ-લાલ આંસુની જેમ એમને એ પત્રોનાં પેટાળ ફોડીને તોરલના અક્ષર વહી નીકળતા દેખાયા...

પ્રોફેસરની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

– ઍટેચી લઈને એ નીકળ્યા, ત્યારે સાંજના ચાર વાગવા આવ્યા હતા. સોસાયટી બહાર નીકળતા હતા ત્યાં તોરલની મમ્મી સામી મળી. આને શુકન કહેવા કે અપશુકન? પ્રોફેસર નીચું ઘાલીને આગળ ચાલ્યા, પણ તોરલની મમ્મીએ સામેથી જ બોલાવ્યા : ‘સાહેબ, કંઈ ગામડે-બામડે ઊપડ્યા કે શું?’

પ્રોફેસર ચમકીને ઊભા રહી ગયા : ‘હા, ઘરે જઉં છું!’

‘તોરલ હમણાં અઠવાડિયા ઉપર જ આવી હતી.’ એની મમ્મીએ વધામણી ખાતી હોય એમ કહ્યું : ‘હવે તો એકદમ સુધરી ગઈ છે!’ અને જરા નજીક આવીને બોલી : ‘બેઉ જણ એકમેકને કાગળ-પત્ર પણ લખે છે! જમાઈ ઘણો સીધો મળ્યો છે... તોરલનો પડતો બોલ ઝીલી લે એવો!’

પ્રોફેસરને અસહ્ય સણકો ઊપડ્યો. પરાણે એ દર્દ દાબીને હસ્યા : ‘તોરલ ઘણી નસીબદાર છોકરી છે, બહેન!’

– અને એ ચાલવા લાગ્યા.

તોરલની મમ્મીએ એમને ઊભા રાખ્યા : ‘મુંબઈમાં લોખંડનો ધંધો છે. અને આ વર્ષે બી.ઈ. થઈ જાય પછી તોરલ મુંબઈ કહે તો મુંબઈ, ને બરોડા કહે તો બરોડા – એમનો પ્રાઈવેટ ફેક્ટરી નાખવાનો વિચાર છે!’

પ્રોફેસર બોલ્યા : ‘બહુ સરસ!’

‘ઉનાળામાં શ્રીનાથજી બાવાની મહેરબાની થઈ જાય તો પતાવી દેવું છે! કેમ બરાબરને, સાહેબ! હવે બહુ રાહ જોવામાં મજા નહિ! એના પપ્પાની હયાતીમાં એનું ગોઠવાઈ જાય, એટલે હું તો જાણે ગંગા નાહી!’

‘બરાબર છે.’ પ્રોફેસરને તોરલની મમ્મીની વાતમાં પરાણે હોંકારો ધરવો પડ્યો.

‘એ વખતે તમને તો ખાસ આમંત્રણ આપવાની છું, હોં કે!’ તોરલની મમ્મીએ પગ ઉપાડતાં કહ્યું : ‘લોક ભલે ગમે તે વાત કરતું હોય, મારે મન તો તમે ભગવાન જેવા છો!’

– પ્રોફેસરથી હવે કશું જ બોલી શકાય એમ નહોતું. ચહેરા પર બનાવટી મલકાટ આણી એ ઉતાવળા પગલે આગળ વધ્યા.

સોસાયટી પૂરી થઈ. ત્યારે એમણે પાછું વળીને જોયું : તોરલની મમ્મી હરખાતી હરખાતી ચાલી જઈ રહી હતી...

પ્રોફેસરના મનમાં એક નવું ઘમસાણ શરૂ થયું...

તોરલ, તમે આખરે મમ્મીને વશ થયાં ખરાં! ચાલો, સારું જ થયું... એ બિચારી કેટલી ચિંતિત રહ્યા કરતી'તી!

– આજે એ તદ્દન ચિંતામુક્ત બની ગઈ છે. એના ચહેરા પર સંતોષનું તેજ ઝગે છે.

પ્રોફેસર એકએક ડગલું આગળ ભરતા હતા ને એમનું મન ઘવાયેલા નાગની જેમ માથાં પટકતું હતું : તોરલ, તમે તો બહુ પ્રગતિ કરી દીધી જાણે! અમને સાવ અંધારામાં રાખી દીધા! વાહ જબરાં નીકળ્યાં, હોં! અમે કંઈ તમારા રસ્તામાં રોડું તો નહોતા જ નાંખવાના! તમને વિશ્વાસ ન બેસે એ જુદી વાત છે!

વળી પાછું એમનું મન ઊથલો મારીને પૂછી રહ્યું : તોરલ, પુરુષજાતનો વિશ્વાસ શો, ખરું ને? સારું કર્યું તમે, ઘણું જ સારું કર્યું! આ તો હું હતો; કાલે કોઈ બીજો પુરુષ હોય – શી ખાતરી કે તમને બ્લૅકમેઈલ ન કરે? જમાનો બગડી ગયો છે! બધા પુરુષ પ્રોફેસર જાડેજા નથી હોતા, તોરલ! તમે ખૂબ જ સમજદારીપૂર્વક વર્ત્યાં છો...' તમને અભિનંદન આપવાનું મન થાય છે! તમને પત્ર લખવાનું છોડી દીધું છે; કદાચ શરૂ કરીશ, તો મારો પહેલો જ પત્ર તમને આ અંગેનાં અભિનંદનનો હશે!

પ્રોફેસર છેક બસ સ્ટેશન પર પહોંચ્યા ત્યાં લગી એમના મનનું ઘમસાણ ચાલ્યા કર્યું.

બસ સ્ટેશન પર ગુજરાતનાં વિવિધ સ્થળો તરફ જતી બસોના રૂટ વર્ગીકરણ પાડીને તારવેલ હતા. પ્રોફેસરે વિચાર્યું : તોરલ, આપણી બસોના રૂટ પણ હવે કેવા ફંટાઈ ગયા...! જોયું? હવે તમારી ને અમારી દિશાઓ જ સાવ બદલાઈ ગઈ! તમે ચૂપચાપ ચાલ્યાં જશો વડોદરા-મુંબઈ રાષ્ટ્રીય ધોરી માર્ગ પર; ને અમારી આ ઠેલણ ગાડી અહીં આટલામાં જ ઠિચૂક, ઠિચૂક ફર્યા કરશે!

સમય આપણને કેવા ટ્રાફિક સિગ્નલ આપી ગયો, તોરલ! ચૂપચાપ, અક્ષરેય ઉચ્ચાર્યા વગર આપણે પોતપોતાનો રસ્તો પકડી લીધો! ને રસ્તો ય કેવો! કદી આવતાં જતાં સામાંય ન મળાય એવો! નજરનો નજર સાથે ઍક્સિડન્ટ થવાની જ્યાં કોઈ સંભાવના જ ન રહે, એવો...!

રાજકોટની બસ મુકાઈ કે તરત પ્રોફેસર પૅસેન્જરોના ટોળામાં ધક્કામુક્કી કરતા ઘૂસી ગયા. જીવનના યુદ્ધમાં પાછળ રહી ગયેલા પ્રોફેસર એક્સપ્રેસ બસમાં સારી જગા મેળવવામાં સફળતા પામ્યા. બારી તરફની બેઠક જોઈને બેઠા. કોઈ એક વાર આ રીતે તોરલની સાથે સુદીર્ઘ બસ-પ્રવાસ કરેલો તેનું સ્મરણ થઈ આવ્યું. એની વાત કંઈ થાય એમ છે? એ દિવસો વીતી ગયા! એ રોમાંચ હવે જાડેજા, તમારા પૂરતો સદાયને માટે આથમી ગયો! હવે તો તમે પ્રૌઢ બની ગયા...! તમારા માથામાં કેટલા બધા વાળ સફેદ થઈ ગયા છે – જોયું છે કદી અરીસામાં? દાઢી અડધોઅડધ સફેદ થઈ ગઈ છે...! અને તમને ચરસ છોડ્યે વર્ષોનાં વહાણાં વાઈ ચૂક્યાં છે! તમે હવે પાછા એક સજ્જન લેખાવા લાગ્યા છો... વિદ્યાર્થીઓ તમને માનની નજરે જોતા થઈ ગયા છે. લોકોની યાદદાસ્ત ઘણી ઓછી હોય છે દોસ્ત! લોકો બધું જલદી જલદી ભૂલી જવા ટેવાયેલા હોય છે! હમણાં રસ્તામાં ના જોયો એનો તાદૃશ દાખલો? આ એ જ તોરલની મમ્મી – નામે શ્રીમતી વનલીલાબહેન શાહ – જે તમારો પડછાયો સુધ્ધાં લેવામાં પાપ સમજતી હતી! એને તમારા વિશે કેવા કેવા ખ્યાલો બંધાઈ ગયેલા, નથી જાણતા તમે? ને એ જ વનલીલા આજે રસ્તામાં તમને કેટલા ઉમળકાથી દીકરીના લગ્નમાં નોતરવાની વાત કરી રહી હતી! જાડેજા, માણસનું મન સમયે સમયે નોખા રંગ ધારણ કરે છે. કશું જ કાયમી નથી હોતું... પ્રેમ પણ નહિ!

– પ્રેમ પણ નહિ? શું વાત કરો છો! ગાંડા તો નથી થયાને તમે? જાડેજા, પ્રેમ પરથીય તમારો વિશ્વાસ ઊઠી ગયો આખરે? અરેરે! બહુ જ ખોટું થયું; બહુ જ ખોટું!

.....પ્રોફેસરે એ કુમળા અવાજને કઠોરતાપૂર્વક દાબી દીધો :

એ વેવલાઈ હવે તમારી પાસે જ રાખો! મને નથી ખપતા એ લાગણીવેડા...! હવે પ્રોફેસર જાડેજા ઘણા બદલાઈ ગયા છે. એ ઘડાઈ ઘડાઈને પરિપક્વ બની ગયા છે. એમને શિખામણ આપવા તમારે બીજો જન્મ લેવો પડશે, સમજ્યાં કે?

ખૂબ ધ્યાનપૂર્વક, કાન માંડીને સાંભળી લો : પ્રોફેસર જાડેજા હવે પ્રેમને ક્ષણભંગુર સમજવા લાગ્યા છે! તોરલ, પ્રેમ જેવી કોઈ વસ્તુ જ નથી આ દુનિયામાં... છે ફક્ત આકર્ષણ! કોઈને કોઈની ચામડી ગમી ગઈ : ને આપણે માની લીધું કે 'પ્રેમ' થઈ ગયો! કોઈને કોઈનો અવાજ પસંદ આવી ગયો : આપણે સમજ્યા કે 'પ્રેમ' થઈ ગયો! કોઈને કોઈના હોઠ, કોઈના ગાલ, કોઈના બાલ, કોઈની ચાલ ગમી ગઈ; કોઈની આંખોમાં કશુંક ગળ્યું-ગળ્યું, મીઠું મીઠું લાગ્યું, ને આપણે એને 'પ્રેમ'નું નામ આપી દીધું.

તોરલ, ભૂલી જાવ! પ્રેમ શાનો ને વાત શાની?

– જાડેજાને શું તમે ખરેખરો પ્રેમ કરતાં'તાં?

– જો પ્રેમ જ કરતાં હતાં તો પેલો મુંબઈવાસી કેવી રીતે વસી ગયો તમારી આંખમાં?

પ્રોફેસરને ક્રોધ ચડ્યો. ચાલુ બસે 'તોરલ જાડેજા'ના એ પત્રોના લીરેલીરા ઉડાડી મેલવાનું મન થઈ આવ્યું... ઍટેચી ઉઘાડવા હાથ લંબાવ્યો પણ ખરો –

પણ એ હાથ પર કોઈની નાજુક પકડ બેડીની જેમ ગોઠવાઈ ગઈ : જાડેજા, થોડીક તો ધીરજ ધરો! તમારા મનોચિકિત્સક મિત્રે શું લખ્યું છે એ તો સંભારી જુઓ! – 'કદાચ તમારી તમામ પીડાનું ઔષધ એ પત્રોમાં જ પડ્યું હોય...! એ પત્રો જ તમારા દરદની દવા બની જાય!'

– પ્રોફેસરે ઍટેચી બસની છાજલી પર ગોઠવી દીધી. ને બસ પૂરઝડપે રાજકોટ ભણી ધસી રહી....

33

ડૉ. દલાલના બંગલે પહોંચ્યા ત્યારે પ્રોફેસર જાડેજાની ઘડિયાળમાં રાતના સાડા નવ વાગી ને પાંચ મિનિટ થઈ ગઈ હતી.

ડૉ. દલાલનાં પત્નીએ પ્રોફેસર જાડેજાને ખૂબ પ્રેમપૂર્વક જમાડ્યા. પ્રોફેસરને જાણે પોતાનું જ ઘર હોય એવું લાગ્યું. શેન્કમાં હાથ ધોતાં ધોતાં એ બોલ્યા :

‘ભાભી, અમે તો તમારા હાથની રસોઈ જમ્યા; પણ તમે અમદાવાદ આવો તો અમારે તો તમને કોઈ હોટેલમાં જ જમાડવાં પડે!’

‘હોટેલમાં જમાડો એમાં શો આનંદ આવે? હવે લાવી દો ને રાંધનારી! બહુ રાહ જોઈ! એમ ને એમ માથામાં પળિયાં આવી ગયાં!’

પ્રોફેસર લુખ્ખું લુખ્ખું હસી પડ્યા : ‘ઓહોહોહો! વો દિન કહાં કિ મિયાં કે પાંવ મેં જૂતી?’

ડૉ. દલાલે એમને ટોક્યા : ‘તમને ખોટો ભ્રમ પેસી ગયો છે, પ્રોફેસર! તમે માનશો? મારા કરતાં તમે તો હજાર ગણા નસીબદાર છો!’

‘હજાર ગણા નહિ તો છેવટે બમણા તો ખરા જ!’

શ્રીમતી દલાલે કહ્યું : ‘તોરલથી હું બમણી મોટી તો ખરી જ ને? એને થયાં હશે અઢાર-વીસ; ને મને તો પાંત્રીસમું પૂરું થવા આવ્યું!’

ડૉ. દલાલ પત્નીની દલીલ પર પ્રસન્ન થઈ ગયા. જોકે પ્રોફેસરના ચહેરા ઉપર એ મજાકની કોઈ ખુશી દેખાઈ નહિ. ડૉ. દલાલે એમના મિત્રનો ચહેરો ઝીણવટપૂર્વક જોયો ને એ ચિંતામાં સરી પડ્યા.

રાત્રે બેઉ મિત્રો બંધ બારણે ચર્ચા કરવા બેઠા. શ્રીમતી દલાલ એમનાં બાળકો સાથે સિનેમા જોવા ચાલ્યાં ગયાં હતાં.

‘પત્રો લાવ્યા છો ને?’ ડૉ. દલાલે પૂછયું.

‘લાવ્યો છું!’ પ્રોફેસરે થોડાક ક્ષોભ સાથે પૂછ્યું : ‘ડૉક્ટર, મને એ જ સમજાતું નથી કે એક નાદાન છોકરીના પત્રોમાંથી તે એવો કયો મોટો ઉકેલ મળી જવાનો હતો મારા પ્રશ્નોનો! હું ઇચ્છું કે તમે એ બાબત જેટલી ઓછી છંછેડો એ જ મારા લાભમાં છે...’

‘જાડેજા, તમે મને એક દરદી તરીકે મળવા આવ્યા છો, બરાબર?’ ડૉ. દલાલે એમનો પ્રભાવ સ્થાપિત કરતાં કહ્યું : ‘તમારે જાતે ને જાતે તમારી સમસ્યાનું નિદાન કરવાની જરૂર નથી! બલકે એમ કરી કરીને તો તમે તમારા માનસિક સ્વાસ્થ્યને જોખમમાં મૂકી દીધું છે...’

સિગારેટ કાઢીને એમણે પ્રોફેસરને ધરી. પછી લાઇટર ચેતાવતાં એ બોલ્યા : ‘સામાન્ય દરદીઓ અમને જલદી અનુકૂળ થતા હોય છે; એ એમના જ્ઞાનનો ડખો વચ્ચે ઘાલતા નથી, અને તેથી જ એ ઝટ સાજા પણ થઈ જાય છે. તમારા જેવા દરદી કારણ વગર માથાનું દહીં કર્યા કરે છે. એમનો ‘અહમ્’ ડગલે ને પગલે એમની ચિકિત્સામાં અવરોધરૂપ બનતો હોય છે. જાડેજા, તમે ખરેખર જો મારી પાસે સાજા થવા જ આવ્યા હો તો આપણી પહેલી શરત એ કે હું સાઈકિયાટ્રિસ્ટ છું. મેં એમ. ડી. કર્યું છે. હું જેમ તમારા ડી. એચ. લૉરેન્સમાં કે ઑસ્કાર વાઈલ્ડમાં માથું નથી મારતો એમ તમારે મારી સાઈકિયાટ્રીમાં મને જ ફાઈનલ ઑથોરિટી સમજવો જોઈએ. તો જ તમને કંઈક ફાયદો થવાની શક્યતા સર્જી શકું! આ કંઈ શારીરિક વ્યાધિ નથી કે ઍન્ટિબાયોટિક્સ આપું એટલે એને મટવું જ પડે! આશા રાખું કે તમે મને કો-ઑપરેટ કરશો!’

ડૉ. દલાલે ખંડમાં લીલા રંગની ટ્યૂબલાઈટ ચાલુ કરી. પ્રોફેસર એમને અનુકૂળ થતા

ચાલ્યા.

'ભલે!' એમણે કહ્યું : 'પત્રો લાવ્યો છું. મારી ઍટેચીમાં છે.' એમણે ઍટેચી ખોલીને પત્રોનો થોક બહાર કાઢ્યો. એક પછી એક પત્ર એ ડૉ. દલાલની સામે ટિપૉય પર મૂકતા ગયા.

'હવે હું પૂછું એનો જવાબ આપો : તોરલે આ ત્રણ વર્ષ દરમિયાન તમને કુલ કેટલા પત્રો લખ્યા એની ખબર છે?'

'દર અઠવાડિયે એક પત્ર લખતી હતી સરેરાશ, અને હા, શરૂ-શરૂનાં બે ત્રણ અઠવાડિયાં લગી એણે દર આંતરે દિવસે પત્ર લખ્યા કરેલો!'

'મારે તો કુલ આંકડો જોઈએ!'

પ્રોફેસર વિચારમાં પડી ગયા.

'પ્રો. જાડેજા! તમને મેં ગણિતનો દાખલો નથી પૂછ્યો! એણે કુલ એકસો બોત્તેર પત્રો લખ્યા છે તમને! કેટલા, સાંભળ્યું? પૂરેપૂરા એકસો ને બોત્તેર! તમે એની ગણતરી રાખવાની દરકાર નથી કરી! મેં તમે અત્યારે એક પછી એક પત્ર ટિપોય ઉપર મૂકતા જતા હતા ત્યારે મનોમન ગણતરી ચાલુ રાખેલી... ઍની વે, ચાલો, આપણે આગળ વધીએ!'

પ્રોફેસર અચંબો પામ્યા. ડૉક્ટરની નજર કેટલી ઝીણવટભરી છે! ને એણે એકસો ને બોત્તેર પત્રો લખી દીધા! બાપ રે! બહુ કહેવાય! એના ધૈર્યને ધન્ય છે!

'જાડેજા, તમે વિચાર કરો : તમારી જગાએ તમે એક ત્રાહિત પુરુષને ગોઠવી દો – પછી તમે પોતે જ એનો ન્યાય તોળો : જે પુરુષ એક તરુણવયની પ્રેયસીના આટલા સંખ્યાબંધ પત્રો આંધળા આદર્શવાદના અંચળા હેઠળ ઢાંકી રાખે, એમને વાંચવા જેટલીય સહાનુભૂતિ ન દર્શાવી શકે, એ પુરુષની ક્રૂરતા પર તમને નફરત જાગે કે નહિ?'

થોડું વિચારીને પ્રોફેસર બોલ્યા : 'જાગે!'

'તમે સાચું બોલ્યા. પ્રોફેસર, હું તમને નફરત કરું છું, કારણ કે તમે નફરત કરવાને લાયક છો!'

ડૉ. દલાલના શબ્દો પ્રોફેસરના રોમેરોમને કંપાવી રહ્યા. પ્રોફેસર કશું જ બોલ્યાચાલ્યા વિના નીચી નજરે ડૉક્ટરને સાંભળતા રહ્યા.

'તમને કોઈ એક સમયે મારા ઉપર નફરત થયેલી, યાદ છે?' ડૉ. દલાલે એમના ચેતાતંત્રને ઢંઢોળ્યું : 'તમે તમારી નફરત વ્યક્ત નહોતી કરી એ જુદી વાત છે. તોરલ અને તૃપ્તિએ તમને બધું જ કહ્યું હશે. મને ખબર છે – તમને મારા વર્તાવ પર સખત નફરત થઈ હતી... જાડેજા, એક છોકરી સાથે સૂવાનો પ્રસ્તાવ માત્ર જો તમારા માનસમાં તમારા એક મિત્ર પ્રત્યે એટલી સખત નફરત પેદા કરી શકતો હોય, તો તમે તો એથી ક્યાંય આગળ વધી ચૂક્યા છો! તમે તો એને કૂવામાં ઉતારી દઈને દોરડું વાઢી નાખ્યું છે! જાડેજા, તમે એને ખોટા આદર્શવાદના બેઈઝ પર જસ્ટિફાય કરવા પ્રયત્ન કરશો એથી તમારું પાપ પુણ્યમાં ફેરવાઈ જતું નથી. તમે પાપી છો, જાડેજા! તોરલને તમે છેતરી છે; દગો દીધો છે!' ડૉ. દલાલ આવેશમાં આવી ગયા. એમણે હાથ લાંબો કરીને ખંડની લાલ લાઈટ ઑન કરી.

પ્રોફેસરના ચહેરા ઉપરનાં પરિવર્તનોને એ ઝીણી નજરે વાંચવા માંડ્યા.

થોડી વાર મૌન છવાઈ રહ્યું. પછી એકાએક ડૉક્ટરે રંગીન લાઈટો બંધ કરી. ધવલ પ્રકાશથી ખંડ ઝળહળી ઊઠ્યો. પ્રોફેસરની આંખો અંજાઈ ગઈ.

સિગારેટ પીતાં પીતાં ડૉક્ટરે એક પછી એક પત્રો ફોડવા માંડ્યા. એમણે પ્રોફેસરને આદેશ કર્યો : 'હું જે ડિક્ટેટ કરાવું એ આ ડાયરીમાં લખતા જજો.'

પ્રોફેસરે ડાયરી ઉઘાડી. પેન લઈને એ ડૉક્ટરના ચહેરા સામું જોઈ રહ્યા.

– પોતે જે શબ્દોને વર્ષોથી કેદ કરી રાખ્યા હતા, એ જ શબ્દો અત્યારે એમને ડાયરીમાં

ટપકાવવાના હતા – ચૂપચાપ, કશા જ પ્રતિભાવ વગર, કશી જ દલીલો વગર!

ડૉક્ટરે લખાવ્યું :

‘મારી લાગણીની તમને કશી જ પડી નથી, એમને? ના, જેસલ! એવું કદાપિ ન હોઈ શકે... મને લાગે છે કે મારી લાગણી જ બિચારી લૂલી હશે. તમારા પ્રેમમાં લગારે ય કચાશ હોય એવું હું કલ્પી જ ન શકું. જરૂર, કચાશ મારા પક્ષે જ હશે. જેસલ, મને માફ કરો! હું તમારા પ્રેમને લાયક બનવા બધા જ પ્રયત્નો કરી છૂટીશ...’

એમણે બીજો પત્ર લીધો. પછી ત્રીજો. એક પછી એક, બધા જ!

‘એક વાર મેં મમ્મીને કહ્યું હતું : મમ્મી! તારી આ છોકરી તો સોળ વરસની ઉંમરે વરસાદની મોસમ બની ગઈ હતી. તે આજ લગી બસ, ઝરમર ઝરમર વરસ્યા જ કરે છે... અને ક્યાં સુધી વરસશે તે નક્કી નથી...!’

‘હું કમ-સે-કમ તમને આંખ તો મીંચવા દેતી હોઈશ; પણ તમે તો મારાં પોપચાં ઉપર જ ચોકીદાર બનીને બેસી ગયા છો... બીજા કોઈની હિંમત છે કે ત્યાં પ્રવેશવાનો વિચાર સુધ્ધાં કરે?’

‘મન ઉપવનના મોગરા! તું કેવો મઘમઘે છે, ખબર છે તને? બસ, બગીચો બની ગઈ છું હું! ને તું છે તે... (સાલા શબ્દો ય જડતા નથી તો!)

‘આ સોમવારે મારી પ્રિલિમ પરીક્ષા શરૂ થાય છે. કશું જ વાંચ્યું નથી. વાંચી શકાય એમ જ નથી. સતત તમારા જ વિચારો આવ્યા કરે છે. કાલે આખી રાત મેં અર્ધજાગૃત અવસ્થામાં વિતાવી. લાઈટ ચાલુ કરીને વાંચવાનું પણ ગમતું નહોતું કે આંખો બંધ કરીને ઊંઘવાનું પણ ગમતું નહોતું. તમે જાણો તો છો કે હું આંખો બંધ કરું તો મારી શી દશા થાય છે!’

‘અત્યારે કદાચ તમે ચરસના નશામાં ચકચૂર હશો... અને હું? હું તમારી યાદોના નશામાં! પ્રિય, વહેલી સવારે સ્વપ્નમાં આવીને તરત જતા રહો, એ સારું ન કહેવાય!’

‘જીવનમાં મેં ફક્ત તમને જ અને એકમાત્ર તમને જ પ્રેમ કર્યો છે, જેસલ! પુરુષ કદાચ એકથી વધુ સ્ત્રીઓ સાથે પ્રેમ કરી શકતો હશે... પણ સ્ત્રી માટે એ શક્ય નથી! તમારો વિશ્વાસ ડગી ગયો કે શું? મારા મેઘરાજા! એક ચાતકી એના મેઘને ઝંખે એથીય વધારે હું તમને ઝંખું છું...’

‘વહાલા મારા તમે! શું પ્રણયનાં પૂર કદી ઓસરી શકે ખરાં? અને જો ઓસરી જાય તો એમાં કોઈ તણાઈ શકે ખરું? આપણે બેઉ જણ એ ધસમસતાં પૂરમાં તણાતાં જઈએ છીએ. બોલો, ના પાડવાની છે હિંમત?’

‘ઓ મારા રૂપાળા, લાડકવાયા વર!

– તને ખબર છે? આજે તારી નાનકડી વહુડીને સખત તાવ ચડ્યો છે...!’

‘તું તો બસ, સતત મારો પડછાયો થઈને ઘૂમ્યા કરે છે! પડછાયો તો અજવાળામાં જ દેખાય, પણ આ પડછાયો તો મને અમાસની અંધારી રાતે પણ એકદમ સ્પષ્ટ દેખાય છે! એ પડછાયો જોઈને જ હું અટકતી નથી; એને માણી પણ લઉં છું...’

‘મમ્મીને હું કેવી રીતે સમજાવું કે મારા અંતરનો અસબાબ, મારા સેંથાનું અને હાથનું હેવાતન, મારો પ્રિયતમ તો ફક્ત એ જ છે... ફક્ત એ જ...!’

‘જાડેજા, મને મારી જાત ઉપર વિસ્મય થાય છે. હું કેમ આટલી બદલાઈ ગઈ છું? ક્યાં ગઈ મારી એ મુગ્ધ ચંચળતા?

....કાળ પ્રવાહમાં તણાઈ ગઈ! હજી તો માંડ એક વરસ જ થયું છે આપણા વિયોગને! ને મારી ઉંમરમાં જાણે દસ વરસ ઉમેરાઈ ગયાં હોય એવું લાગે છે... હું મરવા નથી માગતી, જાડેજા! તમે મને જિવાડશો ને?’

'રાત્રે મને એક સ્વપ્ન આવ્યું હતું. જાણે હજારો શરણાઈઓ વાગી રહી છે... ઢોલ ઢબૂકી રહ્યા છે.... ને હું શરમાઈને તમારા સામું જોઈ રહી છું. એટલામાં મારી મમ્મી માથે મોડ મૂકીને આવી અને તમારા કપાળમાં કંકુનું તિલક કરી ચાલી ગઈ!'

'ચોમારાની મોસમ શરૂ થઈ ગઈ છે. વાતાવરણ ખુશનુમા છે. બળબળતી ધરતી ય એના પિયુજી પધારે એ પહેલાં જ કેવી રાજી રાજી થઈ ઊઠી છે! એના છંટકાવ પછી તો કોણ જાણે કેવી ય લીલીછમ્મ બની રહેશે! ચાતકી પણ હવે તો એની પ્યાસ બુઝાવશે...!'

'Dear me! I want to be mother of your child...what do you say?'

'સ્વપ્નપ્રદેશ ધમરોળીને તમે પાછા ફર્યા ને મારી આંખડી વરસી પડી. પ્રિય, તમે જાવ છો એ મને જરાય ગમતું નથી.. મારાથી તમને 'આવજો!' પણ કહી શકાતું નથી. દિલમાં એવું તો દર્દ ઊપડે છે કે! – કોને કહું? કેવી રીતે સહન કરું? હવે તો સ્વપ્નો પણ તમારા વગર સૂનાં પડી જશે...!

– તમને ય જાડેજા, હા તમને ય જવું તો નહીં જ ગમતું હોય...'

'આપણે બન્ને કેવા ચોઘડિયે જન્મ્યાં છીએ તે જ સમજાતું નથી! આજે તમારો જન્મ દિવસ છે, – યાદ છે! બનવાજોગ કે ચરસના નશામાં વીસરી જવાયો હોય... તમે હજારો વર્ષ જીવો, અને એવાં વર્ષ કે જેના એક-એકના દિવસો પણ હજાર હોય!'

'તમે પ્રેમ કરવા લાયક ન હો તો પછી મને કોઈ એક તો એવું લાયક માણસ બતાવો જેને હું પ્રેમ કરી શકું! પ્રિય, તમે હજી મને ક્યારે ઓળખશો? મારું હૈયું કાઢીને તમારું ઓશીકું બનાવી જુઓ... પછી તમને એની કુમાશનો, એની નરમાશનો ખ્યાલ આવશે!'

'આજે તો સપનામાં આવીને તમે આખી ગઝલ સંભળાવી ગયા :

તોરલ, સોનામહોરો તારી ચૂમી ચૂમીને રાખી છે :
છાની રહેજે, રડતી નહિ તું! રાત હજી કૈં બાકી છે!
તારી આંખોનાં સ્વપ્નોમાં જીવનમરણના પડઘા :
ચાલ, મદિરા પી લઉં? આજે તું જ સુરાહી-સાકી છે!
નામ મૂક ને, એ લોકોનાં! – એ સૌ સાથે આપણને શું?
બસ, મારે તો તારું સગપણ – મારી મૈત્રી પાકી છે!
જાણું છું કે રાતદિવસ એ સૌ પજવે છે તુજને –
ને પજવુ છું હું સપનામાં : તું ય હવે તો થાકી છે!
આપણ બે તો આભ ધરા ને આપણ બે તો સારસ :
તું પાકેલી શાખ છતાં મેં હજુ તને ક્યાં ચાખી છે?
– નફ્ફટ હો કે નાલાયક હો, ગાંડી હો વા ઘેલી હો :
જેવી હો, તેવી તું કેવળ મારી આખેઆખી છે!'

તમે મારાં આંસુની અદેખાઈ કરવાનું છોડી દો. એમને તો કેવળ મારી આંખોમાં જ સ્થાન મળ્યું છે; જ્યારે તમને તો...!

....તમને તો મારા અંગેઅંગમાં સ્થાન મળ્યું છે, પ્રિય! મારા શરીરનું એકેય રૂંવાડું એવુંર નથી જે તમારાથી રહિત હોય.'

'તમારી રાહ જોઈને કોઈની આંખ દુખવા લાગે છે તેનું તમને ભાન છે?'

'ચોપડીના શબ્દેશબ્દમાં તમારું નામ લખાઈ ગયું છે...'

'સમયનો હિમાલય સતત ઓગળ્યા જ કરે છે...'

'ઉછીનાં સપનાં જોઈએ છે તમારે? – આખો ભંડાર પડ્યો છે મારી આંખોમાં!'

'– સપનામાં અજવાળી રાત હતી; જેવી કાલે હતી, એવી જ...! અને આપણે બન્ને ગુલમહોરના વૃક્ષ નીચે મળ્યાં. કલાકો વીતતા ગયા. એકાએક તમે બોલ્યા : તોરલ, હું તને ખૂબ, ખૂબ, ખૂબ ચાહું છું! ને એ શબ્દો ઉપર ગુલમહોરના વૃક્ષ પરથી એટલાં બધાં ફૂલ ખર્યાં

કે આપણે બન્ને દટાઈ ગયાં...'

'કાલે રાત્રે સપનામાં, તમે છે ને – સાવ નાનકડું બાળક બની ગયા હતા, અને હું તમને આંગળીએ વળગાડીને ફરતી હતી... જોકે મારો ભાવ નહોતો બદલાયો.

– એટલામાં કોઈ દોડતું દોડતું આવીને તમને ખેંચવા લાગ્યું. હું તો ગભરાઈ જ ગઈ! તમને ઊંચકીને એટલી ઝડપથી દોડી કે...

– હું જાગી ગઈ, ત્યારે મને શ્વાસ ચડી ગયો હતો!

....તમને મારી પાસેથી કોઈ ખૂંચવી જાય, એ તે મને પાલવે કે?'

'આજે તો તમને જોયા જ નહિ! એવો તો ગુસ્સો ચડ્યો છે તમારી પર... કે મળો તો બચકું જ ભરી લઉં! તમે કેમ દેખાતા નથી? હું આમ ને આમ મરી જઈશ!'

'ખરેખર સપનાંની દુનિયા જ નિરાળી છે... હું તો આખી રાત મસ્ત બનીને એ દુનિયામાં મહાલું છું...

– ને સવારે જાગીને મણ મણના નિસાસા નાખું છું!!'

'કેટલા ક્રૂર છો તમે! સાવ લાગણીશૂન્ય, એકદમ નિર્દય! આજે રાત્રે કેટલી બધી રાહ જોઈ'તી? પૂછજો મારી રૂમ સામેના પીપળાને! એટલો બધો ગુસ્સો આવ્યો છે તમારી ઉપર! બસ, આજથી તમારી કિટ્ટા! હું તમારી સાથે કદી નહિ બોલું! હવે હું તમને નફરત કરું છું...!'

'હે મેઘ! આ ચાતકી ઘણા કાળથી તૃષિત છે... એને તું તૃપ્ત કર. જો હાલ તું નહિ વરસે તો પછી સંસારના સંયોગ ક્ષણભંગુર છે... અને આ પવન સૂસવી રહ્યા છે... કોણ જાણે ક્ષણ પછી તું ક્યાં, તારું જળ ક્યાં અને આ ચાતકી ક્યાં!

વળી કોઈ સમજાવે છે કે આ તૃષાનું વ્યસન તું છોડી દે! મેઘનાં જળ તો કેવળ લલચાવનારાં જ છે... અને તારી તૃષા ન જ છીપતી હોય તો પછી નદીનાં વહેણ ક્યાં સુકાઈ ગયાં છે? પણ વહાલા મારા મેઘ, તું મારી હઠ તો જાણે જ છે ને? મૃત્યુપર્યંત તૃષિત રહેશે, પણ તારી ચાતકી બીજાં જળમાં તો ચાંચ નહિ જ બોળે...! બસ, આ એનો અફર નિર્ણય છે...'

'કાલે રાતે સાડા બાર વાગ્યે તારા પગરવથી જાગી જવાયું.. પછી તો ઘણું મથી, પણ ઊંઘ જ ન આવી... વહાલા કેસૂડા, તું પુષ્પધન્વાનું રૂપ લઈને પાંગર્યો, ને તારા લાલઘૂમ, રાતાચોળ રંગની ચોરી કરી લઉં એ પહેલાં તો...'

'મારા સૂરજ દેવ! તમને આજે પ્રાતઃકાળે જોયા. તમારું એ મોહક સ્મિત ઝાકળબિંદુએ ઝીલી લીધું, અને જગતભરના મોગરા મહેકી ઊઠ્યા...'

– કશુંક બોલું, એ પહેલાં તો તમારા શબ્દો રણક્યા :

તોરલ, ઘણા દિવસો પછી આજે તમને જોયાં...! પેલી ક્ષિતિજે ઊગેલી સવાર જેવાં સુંદર લાગો છો, પ્રિયે! તૃપ્ત, તૃપ્ત તૃપ્ત; ધન્ય, ધન્ય, ધન્ય થઈ ઊઠી છે મારી આંખની આ અટારીઓ...!'

'તારી દાઢી! જાણે લાગણીઓનું અડાબીડ અરણ્ય! એમાં મને હાથ ફેરવવાનું મન થયું છે, જેસલ! જલદી આવ!'

– આકાશ જેવડી ઝંખના સાથે,
.....તારી તોરલની યાદ.'

'તું તો ડગલે ને પગલે મારી સાથે જ છે... તને ખબર છે, ઘણી વાર હું એકલી હોઉં છું ત્યારે છે ને, મને એવો ભ્રમ થાય છે કે જાણે મારી પાસે કોઈ છે!

– અને હું ગભરાઈ જઉં છું...! તું માને કે ન માને, પણ કોઈની સતત હાજરી, જરા પણ ચૂક વગરની, હું અનુભવી શકું છું... અને એ તારા સિવાય બીજું હોઈ પણ કોણ શકે? ક્યારેય

તું દૂર નથી મારાથી!'

'હમણાં હમણાં મૂડ સારો રહેતો નથી. વાતવાતમાં ગુસ્સે થઈ જવાય છે. શું થાય? લાગણીની તરંગિત સપાટી પર જીવવા માટે ઘણુંબધું સહન કરવું પડે છે... છતાં એ સહન કરીને ય જીવવાનું મને ખૂબ ખૂબ મન છે...!'

'થોડાક સમય પહેલાં એવું સપનું આવ્યું કે આપણે બન્ને એક કિલ્લાની અંદર કેદ. તોતિંગ દીવાલો, કોઈ ચકલું ય ન મળે! છતાં આપણે બન્ને ખુશખુશાલ...! ભવ્ય હતું એ સ્વપ્ન!'

'તો વળી બીજા એક સપનામાં તારો પાર્થિવ દેહ પડ્યો છે ને વનવગડામાં એકલી એકલી હું મારા જેસલને જોઈ જોઈને વિલાપ કરી રહી છું... જેસલ, તને કોણે ઝેર આપી દીધું?'

'તારા જેવાં વાદળ દોરતાં નથી આવડતાં મને. જેસલ, તું ચિત્રકાર છે, હું તો ફક્ત ચિત્ર જ છું.... તું જ મને દોરે છે, રંગો પૂરે છે, આખરી ઓપ પણ તારો જ! ઓ મારા ચિત્રસેન, તને હું શું કહું? તું – તું – તું મને ખૂબ ખૂબ ગમે છે... તારી આંખોના અમીથી જ તો મારી આ સળગતી કાયા થોડીક શાન્તિ અનુભવે છે...!'

'શબ્દો ખૂટી ગયા છે, શું કરું? સુદામાની તાંદુલની પોટલીની જેમ મારી પાસે જે કંઈ હતું એ તો ધરી દીધું છે તારાં ચરણોમાં... પ્રિયતમ, બીજું કંઈ નહિ તો થોડાક શબ્દોનું તો દાન કર! હું શબ્દોની ભિખારણ ખોળો પાથરું છું...'

'સ્મરણનું માવઠું વરસી ગયું. પ્રિય, હું પૂરી પલળી રહું એ પહેલાં તો...! બોલતા કેમ નથી?'

'જેસલ, અત્યારે આ લખું છું ને એક ચકલી બાજુમાં આવીને બેસી ગઈ છે. મારી સામે જોઈ જોઈને એ કંઈક કહે છે એની ભાષામાં – કદાચ એ કહેતી હશે : 'તારા જાડેજાને મારી ય થોડીક યાદ લખજે!' ....ને મારાથી બોલાઈ ગયું : 'ભલે ચકીબાઈ, એમને હું જરૂર તમારી યાદ પાઠવીશ!' બસ, એટલું સાંભળ્યું ને ફર્ર્.... કરતી એ ઊડી ગઈ...!'

'પ્રિય, લે હવે તો આ શબ્દોનાં ફૂલ પણ ખૂટી ગયાં... હવે તને પહેરાવવા ફક્ત આંસુની માળા રચવી પડશે મારે તને એ પહેરવી ગમશે ને?'

'મારે તો તારી એક ક્ષણ જ જોઈએ છે... જિંદગી લઈ લે, પણ એવી એક ટચૂકડી, સપ્તરંગી ક્ષણ આપ, પ્રિય! એ ક્ષણને શણગારવા માટે હું થનગની રહી છું... મેં ફૂલો પાસે સુવાસ માગી છે, ઇંદ્રધનુ પાસે રંગો માગ્યા છે, ચંદ્રનું તેજ માગ્યું છે, મધમાખીની ગતિ માગી છે, મહાસાગર પાસેથી એની લહેરોની ચંચળતા માગી છે... અને... અને કુદરત પાસે ખોળો પાથરીને માગ્યો છે મારા વ્હાલમને... તને...! ચાલ, આપણે આપણી જિંદગીને ઓગાળી દઈને એને ફક્ત એક ઘાટીલી, નાજુક-નમણી, મોહક ક્ષણના રૂપમાં ઢાળી દઈએ...'

'કાલે સાંજે હું કલ્પનાઓમાં એટલી બધી ખોવાઈ ગઈ હતી કે કશું લખી જ ન શકાયું. ત્રણ-ત્રણ કલાકો લગી એકધારી આંખો બંધ કરીને બેસી રહી... ને પછી તારી સુંદર-સુંદર, મોરપિચ્છ જેવી બહુરંગી કલ્પનાઓના વનમાં ખોવાઈ ગઈ...'

'આજે તો તને ખૂબ એકલવાયું લાગતું હશે. ખરું ને? ચાલ, તને હું કંપની આપું! તને ગમશે ને?'

– (આટલું લખ્યું ત્યાં તૃપ્તિ આવી ગઈ. કહે છે : એકલા પુરુષના ઘેર ન જવાય...! લોકો વાતો કરે...! એક નારીની આ કેવી કરુણતા...!)

'આજે રાત્રે તો હું મારા પિયુજી પાસે પહોંચી ગઈ! એ બિચારા એકલા છે ને!'

'તું ક્યાં ખોવાઈ ગયો છે! શું કર્યા કરે છે અત્યાર લગી? તારું કોઈ પગેરું જડતું નથી... શું તું મારી ઉપર ગુસ્સે થયો છે?

....આજે સવારે અહીં પહોંચીને પછી તરત જ સૂઈ ગઈ. છ-સાત કલાક લગી આરામથી સપનાં જોયા કર્યાં. સપનાં ય કેવાં! નહિ એમનો કોઈ કિનારો કે નહિ ઓવારો...! સમજાય નહીં, ફક્ત અનુભવાય જ!'

'ને વળી આજે રાત્રે એવું સપનું આવ્યું કે જાણે હું ચૂપચાપ તારા ઘરમાં પાછલી પછીતેથી ઘૂસી ગઈ છું... તું સફાળો જાગ્યો ને બૂમ પાડી ઊઠ્યો : 'ચોર! ચોર! ચોર!'

'પ્રિય, તું બૂમો પાડતો રહ્યો ને મારે તો જે લેવું'તું એ ચોરી લઈને પાછલે બારણેથી રવાના થઈ ગઈ. કહે જોઉં, મેં કઈ વસ્તુની ચોરી કરી હશે?'

'રેડિયો પર તારું પ્રિય ગીત વાગી રહ્યું છે –

તેરી દુનિયા સે દૂર, હો કે ચલે મજબૂર –
હમેં યાદ રખના...!'

'તમને કુંડળી જોતાં આવડે છે? મારી કુંડળીમાં લખ્યું છે : જાતકનો જન્મ મિથુન લગ્નમાં છે, એનો શો અર્થ?'

'તું મારું આકાશ છે, તું મારો દરિયો છે, તું – તું મારો હિમાલય છે...! લોકો તારા વિશે કંઈ કહે એથી હું ઓછી બદલાઈ જવાની છું?'

'વહાલપના દરિયા! તને કોઈની બે આંખો ટીકી ટીકીને જોયા કરે છે, એનું કોઈ ભાન છે ખરું? સાવ બુધ્ધુ છે! ડોબા જેવો છે! જાણે મોટો મહાપુરુષ થઈ ગયો હોય એમ અદાથી ઊભો છે! ને એક ગભરુ હરણીની જેમ હું સંતાઈ સંતાઈને તને જોઈ રહી છું... જોડે મમ્મી ન હોત તો મેં ક્યારનોય તારી ઉપર હુમલો કરી દીધો હોત!'

'જાડેજા, મોગરાનાં બે ફૂલ ચૂંટી લાવી હતી. એક બિચારું ફરસ પર પડી ગયું, ને મને ખબર જ ન રહી, પણ મારા જ પગ તળે એ કચડાઈ ગયું... કેવી દુઃખદ ઘટના! આવું થાય ત્યારે મને રડવું આવી જાય છે...! એ દુખિયારા ફૂલને તમારી પાસે મોકલું છું. એને આશ્વાસન આપજો!'

'સાવ વેર-વિખેર થઈ ગઈ છે મારી આ નાનકડી દુનિયા! એક વાવાઝોડું આવ્યું... ને મારી ઝૂંપડીને તોડીફોડીને ચાલ્યું ગયું... વાંક મારો જ હશે, નહિતર...'

'પ્રેમ તો હું તને જ કરી શકું છું, પ્રિય! સાચ્ચું કહું છું! માનવું હોય તો માનજે...! પ્રેમવિહોણી દુનિયાની મારે મન કોડી જેટલીય કિંમત નથી... તારે મને પ્રેમ કરવો જ પડશે; હા, કરવો જ પડશે! ભગવાનને ખાતર પણ! નહિતર હું પાગલ થઈ જઈશ, જાડેજા! – હા, તારે નફરત કરવી હોય તો એનીય તને છૂટ છે... શરત એ જ કે એ નફરત પણ પ્યારભરી કરજે!

– આટલો તો હક્ક હું માનું છું તારી ઉપર...!

'તું કેટલો ઊંચે, ને હું? હું સાવ જ નીચે...

આજે સવારથી જ તારી બેહદ રાહ જોઈ. પરિણામ શૂન્ય! અત્યારે મનમાં તો એવું સ્ફુરે છે કે આ લખતી હોઉં, ત્યાં જ તું આવી જાય તો!

– સાવ શૂન્યમનસ્ક બની ગઈ છું. વરસાદ વરસવો શરૂ થઈ ગયો છે. એના બુંદેબુંદમાં ટપકે છે ઘેરી ઉદાસી! – અકથ્ય વેદના! એ ઉદાસી મારા અંગેઅંગમાં વ્યાપી ગઈ છે. શુક્રવારે રાહ જોઈ હતી; શનિવારે પણ. ન આવવાનું કોઈ કારણ? શબ્દપ્રતીક્ષાનો અંજામ પણ સાવ નિરાશાજનક...!

....જો ને, આ આકાશ અકારણ વરસી રહ્યું છે... એમાં એકલી એકલી ભીંજાઉં તોય શું ને ન ભીંજાઉં તોય શું? પ્રિય, તારી હાજરી વગરનું આકાશ પણ મને ખપતું નથી..!'

*

ડૉક્ટર અટક્યા : 'પ્રોફેસર જાડેજા!'

પ્રોફેસરે એમની સામે જોયું.

'મને સંતોષ છે કે તમારી આંખોમાં ભીનાશ છવાઈ વળી છે' – ડૉક્ટરે સિગારેટ સળગાવી. પ્રોફેસરને પણ ધરી. પોતાના જ લાઇટર વડે એમની સિગારેટ સળગાવી આપી.

'તમે કેટલું ગુમાવ્યું છે, એની કોઈ પ્રતીતિ થાય છે હવે?' પ્રોફેસર ચૂપ રહ્યા. ફક્ત એમની આંખોએ એક-એક આંસુ રેલાવીને જવાબ આપ્યો.

'દોસ્ત, તમે ઘણા નસીબદાર છો! તોરલ જેવી પ્રેયસીઓ બધાને નથી મળતી, સમજ્યા?'

પ્રોફેસર સિગારેટનો ધુમાડો ફૂંકતા ફૂંકતા સાંભળી રહ્યા.

'આ લાખો રૂપિયાની મિલકત લૂંટાવી દઉં – જિંદગીમાં એવી એક તોરલ મળી જતી હોય તો! સાંભળો છો? પણ મેં કહ્યું ને? – તોરલ તો કોક જાડેજાના કપાળે જ કોતરાયેલી હોય; એમ કંઈ તોરલ રસ્તામાં નથી પડી કે જે કોઈ એને ઇચ્છે એને એ મળી જાય!'

'ખરું કહો છો!' પ્રોફેસર માંડ એટલું જ બોલી શક્યા.

'ચાલો ઊઠો!' ડૉક્ટરે ઘડિયાળ સામે જોઈને કહ્યું :

'બે ને દસ થઈ છે.'

પ્રોફેસર એમના ચહેરા સામે જોઈ રહ્યા.

'સાંભળો છો? અઢી વાગ્યે એક બસ ઊપડે છે. સાડાચારે પહોંચાડી દેશે! ઊઠો, ઝટ કરો! તમને બસ સ્ટેશને મૂકી દઉં છું!'

– પ્રોફેસર ચૂપચાપ પેલા પત્રોનો ખડકલો ગોઠવવા લાગ્યા. ઍટેચી તૈયાર કરી ને એ ડૉક્ટરના આદેશની રાહ જોતા બેસી રહ્યા.

'જાડેજા, ચાલો, ડેપો ઉપર જઈને જ ચા પણ પીશું…!'

– બેઉ જણ બહાર નીકળ્યા.

પ્રોફેસરને તોરલ સાથે ગાળેલી એ રાત યાદ આવી ગઈ. મનમાં કશીક ગલીપચી થઈ. એમણે આંખો મીંચીને અતીતની એ ક્ષણો માણી લીધી.

ગૅરેજમાંથી કાર બહાર કાઢીને ડૉક્ટરે બારણું ખોલતાં કહ્યું : 'જાડેજા, નાઉ યૂ આર નો મોર એ પૅશન્ટ! યસ, યૂ આર ધ લકીએસ્ટ લવર રાધર!'

ને સડસડાટ કરતી કાર બસ સ્ટેશન તરફ દોડી.

34

ને વહેલી પરોઢવેળાએ ચોકીદારનો ટહુકો સંભળાયો :

'તોરલબહેન! રૂમ નં. 39વાળાં તોરલબહેન!'

રાત આખી પ્રોફેસરનાં સ્મરણોમાં ઉજાગરો કરીને થાકી ગયેલી તોરલને પરોઢિયાની મીઠી પવનલહરીએ નિદ્રાની ચાદર ઓઢાડીને સુવડાવી દીધી હતી. ઊંઘરેટા મનના ગુંબજમાં પેલો ટહુકો ત્રણ-ત્રણ વાર પડઘાયો; છતાં કોઈ બોલાવે છે એની પ્રતીતિ થતાં ખાસ્સી બે-ત્રણ મિનિટ લાગી ગઈ.

– પછી એ સફાળી જાગી ઊઠી અને વસ્ત્રોનોય વિચાર કર્યા વગર એમ ને એમ સીડીનાં પગથિયાં ઊતરી પડી...

નશામાં ઝૂમતી હોય એમ અડબડિયાં ખાતી ખાતી એ વિઝિટર્સ રૂમ ભણી ધસી રહી.

કાગડોળે એની પ્રતીક્ષા કરતા એના જાડેજાને જોયો કે એ દોટ મૂકીને દોડી પડી : 'ઓહ્! મને કેવું મઝાનું સપનું આવી રહ્યું હતું!'

– એણે પ્રોફેસરને ખૂબ નજીકથી પુચકારી લીધા; પછી બોલી : 'આવી ગયા તમે! ઓહ્, કેટલી બધી રાહ જોવડાવી?'

....એની આંખોમાં શ્રાવણભાદરવો શરૂ થઈ ગયો.

'કેમ આમ બદલાઈ ગયા'તા? હેં, તમને ભાન છે કશું? હું કેટલી બધી રાહ જોતી'તી ખબર છે? આજે રાતેય ત્રણ-સાડા ત્રણ લગી તો આંખ જ નહોતી મીંચાઈ. ઝરૂખામાં ઊભી ઊભી, પેલા પીપળાના ઝાડ સામું જોતી જોતી કલાકો લગી જાગતી રહી; ને પછી વહેલા પરોઢિયે એવો શીતળ પવન વાવા લાગેલો કે...'

પ્રોફેસરે જબાન ખોલી : 'તું ય જબરી છો, હોં! હું છેક સાડા ચાર વાગ્યાનો અહીં આંટા માર્યા કરું છું ને તું છો, તે બસ, ઘોર્યા કરે છે! સપનાં જોવામાંથી જ નવરી નથી પડતી!'

'બસ બહુ વહેલી આવી ગઈ હશે! અમદાવાદથી છેલ્લી બસમાં ના નીકળીએ!'

પ્રોફેસર મૂંઝાયા. રાત્રે રાજકોટ રોકાયા હતા, એ કહેવાની એમની હિંમત ન ચાલી. એમણે ફેરવી વાળ્યું : 'છેલ્લી બસમાં વળી જગા જ ક્યાં રહે છે, તોરલ? બે કલાક પહેલાં તો બસ આખી 'ફુલ' થઈ જતી હોય છે – ફુલ્લી રિઝર્વ્ડ!' ને પછી કાલા કાલા શબ્દોમાં એમણે ઉમેર્યું : જોને, તોરુ! તારા વગર ફાવતું જ નથી...! આટલા દિવસો કેવી રીતે જીવ્યો છું એ તો મારું મન જાણે છે!'

તોરલે એમના ચહેરા પર હાથ ફેરવતાં કહ્યું : 'ચાલો, ભૂલી જાવ એ બધું...! જેસ...લ!'

એની આંખોમાં આનંદનાં આંસુ છલકાઈ પડ્યાં.

પ્રોફેસરની પાંપણ ભીની થઈ.

દર્દ રોકીને એ બોલ્યા : 'જો ને, આજે કેટલી બધી રાહ જોવડાવી તેં! બે કલાકથી ઝાંપો ક્યારે ઊઘડે એની રાહ જોતો ધોખી રહ્યો હતો... પેલો દૂધવાળો દાખલ થયો ત્યારે જતાં મારામાં જીવ આવ્યો!'

'ચાલ, હવે બીજી વખત રાહ નહિ જોવડાવું બસ! વહેલી ઊઠીને પોર્ચમાં આંટા મારવા લાગીશ, ને તું આવીશ કે તરત –'

ચોકીદાર જોઈ ન જાય એમ હળવે રહીને એણે પ્રોફેસરના ગાલ પર ચૂમી લઈ લીધી. પછી મીઠા અવાજે એમના કાનમાં મોં ઘાલીને બોલી : 'બેટમજી, તમે ત્રણ-ત્રણ વરસ લગી રાહ જોવડાવો એનું કંઈ નહિ; ને મેં બે કલાક રાહ જોવડાવી એમાં મંડ્યા છે ફરિયાદ કરવા! ઊઠ, હવે છાનુંમાનું! બોલ, ક્યાં જવું છે?'

– ને પ્રોફેસરની ઍટેચી ખૂંચવી લઈને એ પાગલની જેમ કૂદવા માંડી : 'વાહ, આજે તો પ્રોફેસર જાડેજા સામાન પણ લાવ્યા છે!'

પ્રોફેસરને હસવું આવી ગયું. પહેલી મુલાકાત આબેહૂબ તાજી થઈ આવી.

'બોલો, આજે કઈ તરફ નીકળશું?' તોરલે અધીરાઈપૂર્વક પૂછ્યું : 'કોઈ એવી જગાએ ચાલો, જ્યાં આપણા સિવાય ત્રીજું કોઈ જ ન હોય! – ખુદ ભગવાન પણ નહિ! જાડેજા, પ્લી...ઝ!'

'આવતાંવેંત બસ, તગેડવાની જ વાત! જરા ચા-કૉફી પણ પાઈશ કે પછી એય બારોબાર?'

'મારે તમને કશું જ પિવડાવવું નથી! જે પીવું હશે એ પીશું બહાર જઈને!' તોરલે કહ્યું : 'હું પાંચ મિનિટમાં જ તૈયાર થઈને આવું છું. ઊભા રહો!'

– પ્રોફેસરને નવાઈ લાગી : છોકરી કેટલી અધીરી બની ગઈ છે! એ ઊભા રહ્યા. તોરલ તૈયાર થવા ચાલી ગઈ.

ગઈ રાતે ડૉ. દલાલે લાલ-લીલી લાઈટો ચેતાવીને એમને એકદમ આજ્ઞાપાલક બનાવી મૂક્યા હતા! ઉત્સુકતાપૂર્વક એ તોરલની રાહ જોતા રહ્યા.

એ થોડી જ વારમાં પાછી ફરી. એની આંખોમાં કોઈ અનોખી મસ્તી હતી!

એ આવી એટલે બેઉ જણ બહાર નીકળ્યાં.

રસ્તામાં તોરલે પૂછ્યું : 'આટલી બધી ધીરજ ક્યાંથી લાવેલા?'

પ્રોફેસરે એનો પ્રશ્ન ટાળી દીધો : 'એ વાત બહુ લાંબી છે. તોરલ, એ દાસ્તાનને હવે દટાયેલી જ રહેવા દે! એને ઉખેળીને મારે તારા આનંદની કબર નથી ખોદવી!'

'ભલે!' એણે સ્મિત કર્યું : 'આજથી નવું પ્રકરણ શરૂ કરવાનું છે, એમ ને?'

'એમ સમજે તો એમ!'

'નવા પ્રકરણનું 'લોકેશન' પણ બદલવું જ પડશે ને?'

'ઑફકોર્સ!'

'ક્યાંથી શરૂ કરશું, બોલો!'

'પહેલાંની કથા ક્યાંથી શરૂ થયેલી?' પ્રોફેસરે તોરલ સામે અત્યંત મધુર દૃષ્ટિથી જોયું.

'દરિયાથી.' તોરલને એનો દરિયો યાદ આવી ગયો!

એણે પ્રોફેસરનો હાથ પકડી લીધો.

'આપણે એવું ન કરી શકીએ? – બીજી દાસ્તાન આપણે ડુંગર પરથી શરૂ કરીએ!' તોરલ પ્રોફેસરનો પ્રતિભાવ વાંચવા એમની આંખો સામે ટીકી રહી.

પ્રોફેસરે સહર્ષ કહ્યું : 'અત્યંત સુંદર છે આ વિચાર! મને એકદમ ગમી ગયો!'

'બોલો, કયા ડુંગર પર ચડાઈ કરવી છે? આખું સૌરાષ્ટ્ર ડુંગરાઓથી ભરેલું છે! બરડો, શેત્રુંજો, ગિરનાર...'

એની જીભ પકડી લેતા હોય એમ પ્રોફેસરે કહ્યું : 'બસ, બસ, બસ! આજે તો આપણે ગિરનારને જ મળવાનું ગોઠવીએ! બિચારો રાણકદેવીના શાપથી પીડાયા કરતો હશે... તોરલનાં પગલાં પડશે ને એ પ્રફુલ્લિત થઈ ઊઠશે!'

ગિરનાર જવાનો સંકલ્પ કરીને બેઉ જણ નીકળ્યાં. બસ સ્ટેશન પર જઈને તપાસ કરી તો જૂનાગઢ જનારી બસને હજી એકાદ કલાકની વાર હતી. કૅન્ટીનમાં બેસીને બેઉ જણ વાતોમાં પરોવાઈ ગયાં. કૉફી પીધી. છાપું જોયું. થોડોક નાસ્તો કર્યો. એટલામાં બસ મુકાઈ.

તોરલે છેલ્લી સીટ પર ખૂણા તરફની બેઠકો રોકી લીધી. બસ ઊપડી.

'આટલાં વર્ષો સુધી મને ભૂલી કેમ ગયા'તા? કહો જોઉં!' તોરલની નિર્દોષ આંખોમાં

ઠપકો વંચાઈ રહ્યો હતો.

'તું અભ્યાસમાં ધ્યાન પરોવી શકે ને, એટલા માટે!' પ્રોફેસરે મજાક કરી. તોરલે એમની જાંઘ પર એવી તો જોસથી ચૂંટી ખણી કે પ્રોફેસર ઊંચા થઈ ગયા : 'ભૂલ થઈ ગઈ, બસ! મારી તોરલ કદી મારા ઉપર ગુસ્સે થતી હશે?'

'ગુસ્સો તો એવો આવે છે!' તોરલે અભિનયપૂર્વક કહ્યું : 'ગિરનાર પર ચડતી વખતે જુઓ, તમારી વલે કરું એ!'

'ભલે, બાપ! તને જે યોગ્ય લાગે તે સજા કરજે, બસ! પણ અત્યારે તો સખણી બેસ! આપણે બસમાં બેઠાં છીએ, બગીચામાં નહિ!'

તોરલને મન બસ ને બગીચામાં ઝાઝો ફરક નહોતો. એણે કબૂલ્યું પણ ખરું : 'મારે તો જ્યાં મારો જાડેજો, ત્યાં મારું નંદનવન!' એ એકદમ લપાઈને બેઠી. પ્રોફેસરને એ ગમ્યું. પ્રોફેસરે એને પૂછ્યું : 'આ વખતે કેમ તૃપ્તિને સાથે ન લાવી?' તોરલને ખબર હતી : એ પ્રશ્ન એને ચીડવવા જ પુછાયો હતો. એણે જવાબ પણ એ પ્રશ્નને અનુરૂપ જ આપ્યો : 'એ તમને ચાહવા માંડી છે ને, એટલે!'

'એમ!' પ્રોફેસરે એ જ સૂરમાં ચલાવ્યે રાખ્યું : 'હું પણ એને ચાહવા મંડ્યો છું! ખબર છે? એટલા કારણસર તો તને જવાબ નહોતો લખતો! એક મ્યાનમાં બે તલવાર કેવી રીતે રહી શકે?'

તોરલ છેડાઈ પડી. શબ્દો ન જડ્યા એટલે કોઈ જોઈ ન જાય એમ ધીરે રહીને એણે પ્રોફેસરના ખભા પર કચકચાવીને બચકું ભરી લીધું.

'–છોડ, છોડ!' પ્રોફેસરે દબાયેલા અવાજે કહ્યું : 'હડકવા ઊપડ્યો હોય તો ગિરનાર ઉપર કરડજે! અહીં બસમાં તો જંપીને બેસ!'

બસની ઝડપ વધતી ચાલી. તોરલને ઝોકાં આવવા લાગ્યાં. એ પ્રોફેસર જાડેજાના ખભાનો સહારો લઈને સૂઈ ગઈ.

'ઊંઘ આવે છે?' પ્રોફેસરે વહાલથી પૂછ્યું : 'બિટ્ટુ, આમ અધડૂકી પડી રહીશ તો ક્યાંક નસ ચોંટી જશે! ખોળામાં સૂવું છે?'

તોરલે પ્રોફેસરના ખોળામાં લંબાવી દીધું.

પ્રોફેસરને એમની ગોદ ભરી-ભરી લાગી. એ અપાર સંતુષ્ટિ સાથે એની પીઠ પર હાથ ફેરવતા રહ્યા.

પડી પડી તોરલ બોલી : 'મને મૅલેરિયા થઈ ગયેલો ત્યારે આવ્યા હોત તો! ખબર છે, એ વખતે હું કેટલી રડેલી! ઊઠીય નહોતું શકાતું. ચાર દિવસ લગી તો કોળિયો ય મોઢામાં નહોતો મૂક્યો... ત્રણ-ત્રણ ડિગ્રી જેટલો તાવ રહેતો હતો...'

પ્રોફેસરે આર્દ્ર સ્વરે કહ્યું : 'તોરલ, મને માફ કર! ખરેખર, મેં તને ખૂબ દુઃખી કરી છે, નહિ?' અને પછી એને પંપાળતાં પંપાળતાં બોલ્યા : 'તાવ તો તોરલ, પ્રેમનું પરાકાષ્ઠામય રૂપ છે! તારું તાવા'ળું શરીર પંપાળવું મને ગમે! ધગધગતું, ઊનું લાહ્ય... જાણે ગ્રીષ્મની ધરતી!'

'તમે દાઝી ન જાત?'

'દાઝવાનું ન પરવડે એને પ્રેમ કરવાનો કોઈ અધિકાર નથી.' પ્રોફેસરે એ જ વિધાન ફેરવીને મૂકતાં કહ્યું : 'પ્રેમની પૂર્વશરત છે દાઝવાની આવડત, દાઝવાની તૈયારી!'

'આપણે બેઉ અત્યાર લગી કંઈ ઓછાં નથી દાઝ્યાં!'

– તોરલે ખોળામાં પડ્યે પડ્યે ચુંબનચેષ્ટા કરી.

બસ આગળ દોડતી રહી.

તોરલને ઊંઘ આવી ગઈ. છેક રાજકોટ આવ્યું ત્યાં લગી એ નિરાંતે ઊંઘતી રહી.

રાજકોટના મુખ્ય બસ સ્ટેશને ઉતારુઓનો કોલાહલ સાંભળીને એ જાગી. પ્રોફેસરના ખોળામાંથી માથું ઊંચકીને એણે કુતૂહલભરી ઊંઘરેટી આંખોથી પૂછ્યું : 'રાજકોટ આવી ગયું?'

'હા' – પ્રોફેસરે એને કહ્યું : 'ને હવે બે-અઢી કલાકમાં જૂનાગઢ પણ આવી જશે. આપણે જૂનાગઢ પહોંચીશું ત્યાં લગી જમવાનો ટાઈમ પણ થશે!'

તોરલ બસ સ્ટેશન પર ફરી આવી. પાછી આવી ત્યારે એના હાથમાં કેળાંનું ઝૂમખું હતું. બન્ને જણ કેળાં ખાવા લાગ્યાં. વાતવાતમાં તોરલે પૂછ્યું : 'ડૉ. દલાલનો સંપર્ક ચાલુ રાખ્યો છે કે પછી –'

પ્રોફેસર ચમક્યા. સ્વસ્થ થઈને એ બોલ્યા : 'એવા માણસનો શો સંપર્ક રાખવાનો!' બીજી જ પળે ફેરવી તોળ્યું અને કહેવા લાગ્યા : 'તોરલ, તું ધારે છે એટલો એ માણસ ખરાબ નથી, હોં!'

'જાવ, જાવ હવે! મંડ્યા છે ભાઈબંધની વકીલાત કરવા!'

પ્રોફેસર ચૂપ થઈ ગયા. તોરલને એ કેવી રીતે સમજાવે કે આ મિલન પાછળની પ્રેરણા તો...

બસ ઊપડી.

'હું આવીશ, એવી તને આશા હતી ખરી?' પ્રોફેસરે વાત શરૂ કરી.

'બોલો, તમે નહિ માનો, પણ બે દિવસથી મારી રૂમ સામેના પીપળાની ડાળ પર કાગડો બોલતો'તો!'

'હૉસ્ટેલમાં તું એકલી થોડી રહે છે? કાગડો તારા જાડેજાના આવવાનો જ સંકેત આપતો હતો એમ શી રીતે માની લીધું?'

'બસ, માની લીધું, જાવ! એ બધું સમજવા માટે તમારે છોકરીનો અવતાર લેવો પડે, સમજ્યા?'

તોરલે છોકરી હોવા અંગેનું ગૌરવ વ્યક્ત કર્યું – થોડુંક આંખો દ્વારા, થોડુંક ચહેરાના હાવ-ભાવ દ્વારા. પછી બોલી : 'પીપળાને મેં કેટકેટલા સૂતરના તાંતણા વીંટાળ્યા છે, ખબર છે? ગણવા હોય તો ગણી શકો છો! એક પત્ર બરાબર એક-એક તાંતણો છે!'

'એટલે કે કુલ્લે એકસો ને બોંતેર, – અધધધધ!' પ્રોફેસરે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હજી એક હજાર ને બોંતેર તાંતણા વીંટાળવાની મારી તૈયારી હતી! તમે પુરુષો સમજો છો શું તમારી જાત ને?' એણે આંખો કાઢી!

'કેમ, પીપળો ય એમ તો પુરુષ જ ગણાય ને?'

'પુરુષ ખરો, પણ તમારા જેવો નિષ્ઠુર તો નહિ જ! એ તો બિચારો સંતનો અવતાર છે! એના આશીર્વાદથી તો મારો જાડેજો આટલે તણાઈ આવ્યો! એ તાંતણાનું જોર જોયું ને?'

તોરલ મલકાઈ ઊઠી. એના ચહેરા પર વિજયનું સ્મિત ફરકી રહ્યું.

'એ તો દુનિયામાં એમ જ ચાલતું આવ્યું છે –' પ્રોફેસરે કહ્યું : 'પુરુષો હારતા રહ્યા છે, ને સ્ત્રીઓ જીતતી રહી છે!'

વીરપુરનું સ્ટેશન આવ્યું. તોરલે વીરબાઈમાને મનોમન પ્રણામ પાઠવ્યા. પ્રોફેસરે કહ્યું : 'તું કોને મોટું ગણે છે? જલારામને કે એમનાં પત્નીને?'

'બેઉ જણને!'

– ને બસ ઊપડી.

'હું તો ખુદ ભગવાન માગે તોય તને તો ન જ સોંપું!' પ્રોફેસરે એની હથેળી દબાવતાં કહ્યું : 'તોરલ, ભગવાનને પણ કોઈ-કોઈ વાર કેવી ઘેલછા સૂઝતી હોય છે! સારું થયું કે જલારામ

પાસે જઈ ચડ્યો. મારા જેવો કોઈ મળ્યો હોત તો બિચારો નાહકનો ધિબાઈ ગયો હોત!'

'ભગવાન કંઈ મૂરખ નથી કે તમારા જેવા અક્કલ વગરના પ્રોફેસરોને ભટકાતો ફરે!'

પ્રોફેસરની તો બોલતી જ બંધ થઈ ગઈ.

પણ સાડા ત્રણ વરસ લગી સતત મૌન ધારણ કરનાર પ્રોફેસર જાડેજા પૂરી સાડાત્રણ મિનિટનું પણ મૌન પાળી ન શક્યા! એમણે વિષયાંતર કરીને પૂછી નાખ્યું : 'સંદીપ કોણ છે?'

તોરલ ઘડીક તો ખમચાઈ ગઈ. પછી હિંમતભેર બોલી : 'કેમ, તમને ખબર નથી? મારો લવર છે!'

'લવર કે પતિ?'

'પતિ તો આ રહ્યો ને!' તોરલે જાડેજાના હોઠ પર આંગળી મૂકીને કહ્યું : 'કોઈ મને પ્રેમ કરવા માંડે એમાં મારો વાંક ખરો?'

પ્રોફેસર ઉદાસ થઈ ગયા. એમણે હળવે રહીને એક લાંબો શ્વાસ છોડ્યો. તોરલના ચહેરાને એ શ્વાસે એવો તો દઝાડી મૂક્યો! તોરલે એમની દાઢીમાં આંગળીઓ ભેરવીને વહાલભર્યા અવાજે કહ્યું : 'તમે તો એટલા બધા દુઃખી થઈ ગયા કે જાણે મેં એની જોડે મૅરેજ ન કરી નાખ્યાં હોય!'

પ્રોફેસરે સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો : 'એની સાથે મૅરેજ કરે તોય હું તને રોકી ઓછો શકવાનો હતો?' ને ફરી પાછી એમના ચહેરા પર ગ્લાનિ છવાઈ વળી : 'તોરલ, તારે જે કરવું હોય એ કરવાની તને છૂટ છે! હું તને નડવા નહિ આવું!'

તોરલને દુઃખ થયું. એ મૂંગી થઈ ગઈ.

જૂનાગઢ આવ્યું ત્યાં લગી બેમાંથી એકેય જણ અક્ષરેય બોલ્યું નહિ.

બસ થોભી... ઉતારુ ઊતરી ગયાં. તોરલ અને પ્રોફેસર એકમેકથી છેટે છેટે ચાલવા લાગ્યાં. બેઉના ચહેરા પડી ગયેલા હતા. બેઉના પગ ભાંગી ગયા હતા. મનોમન બેઉ વિચારતાં હતાં : આવા ભાંગેલા પગે અને ભાંગેલા હૈયે ગિરનાર ચડવાની શી મજા આવવાની? બેઉ આંખો નીચી ઢાળીને ચાલી રહ્યાં હતાં. બેઉને જાણે આ પરિસ્થિતિ સર્જવા માટે પોતે જ જવાબદાર હોવાનો પસ્તાવો થઈ રહ્યો હતો.

થોડુંક એમ ને એમ મૂંગાં મૂંગાં ચાલ્યા બાદ એકાએક તોરલની નજર એક ત્રણ માળની ઇમારત પર પડી. તોરલે વાંચ્યું : 'મુરલીધર ગેસ્ટ-હાઉસ : રહેવા તથા જમવાની ઉત્તમ સગવડ.'

તોરલ ચપોચપ દાદર ચડી ગઈ. પ્રોફેસરનો એની પાછળ ગયે છૂટકો હતો.

મહેતાજી સામે જઈને તોરલે હિંમતભેર પૂછ્યું :

'રૂમ મળશે ને?'

'નામ લખાવો.'

'તોરલે લખાવ્યું : 'લખો. તોરલ જાડેજા!'

'આ ભાઈ તમારે શું થાય?'

'એ મારા ઘરવાળા છે!' તોરલનો જવાબ સાંભળીને પ્રોફેસરને પગથી માથા સુધી ઝણઝણાટી થઈ રહી.

35

વહેલી પરોઢવેળાએ તોરલને કોઈનો સ્પર્શ થયો, ને એ જાગી ગઈ. આંખો મસળતી બેઠી થઈ : 'ગૂડ મૉર્નિંગ!' પ્રોફેસરે ઘડિયાળ સામે જોઈને કહ્યું : 'પાંચ વાગી ગયા, ખબર છે?'

'તે તમે રિસાઈને જુદા પડ્યા રહ્યા, એમાં હું શું કરું?'

'તેં મને બોલાવ્યો નહિ, પછી શું કામ આવું?'

'લો, કરો વાત! તમને મારે નોતરાં પાઠવવાનાં હોય? ખરા છો, હોં કે!'

'મને તો આખી રાત ઊંઘ જ નથી આવી.'

'મને તો આવી!' તોરલે કહ્યું : 'સારું થયું કે તમે રિસાઈને જુદા સૂઈ ગયા! લોહી પીતા મટ્યા!' ને એણે તોફાની ઇશારો કર્યો.

'કેમ, હું તે કંઈ મચ્છર છું?'

'મચ્છર તો સારો! એ બિચારો કરડે તો થઈ થઈને થાય ફક્ત મૅલેરિયા! ને આ પુરુષ કરડે ત્યારે તો...'

– બાકીનું એણે સંકેતમાં સમજાવી દીધું.

પ્રોફેસર ઉત્તેજિત થઈ ગયા : 'તો-તો હવે તને ના જ છોડું!'

એમણે તોરલ પર અચાનક જ હલ્લો કર્યો. તોરલે એમનો મીઠો પ્રતિકાર કર્યો : 'જરા શરમાવ! ખબર છે – તમે કોના ગામમાં આવ્યા છો? રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી...!' – તોરલે તો શરૂ કરી દીધું પરભાતિયું!

'તે હું ઓછો સાધુપુરુષ છું?' પ્રોફેસર આગળ વધ્યા : 'કહું છું, ચૂપચાપ...'

'પ્લી...ઝ!' તોરલે એમને બચી કરી : 'જુઓને, આ સવા પાંચ તો થવા આવ્યા! ને હજી તળેટી પહોંચતાં સુધીમાં તો કોણ જાણે છ વાગી જશે! ગિરનાર ચઢવો હોય તો આપણે બીજું બધું ભૂલી જઈને હાલને હાલ અહીંથી નીકળી જવું જોઈએ! પછી આખો દહાડો તો પડ્યો છે તમારી પાસે!'

– આખરે પ્રોફેસર માની ગયા.

બેઉ જણ તૈયાર થઈને ઝટપટ નીકળી પડ્યાં.

તળેટીમાં પહોંચ્યાં ત્યારે બરાબર છ વાગ્યા હતા.

'તોરલ, ચાલ, આપણે થોડોક નાસ્તો કરી લઈએ!' પ્રોફેસર જોડેની હોટેલમાં પેઠા. તોરલે ચા અને ગાંઠિયા મંગાવ્યાં. ગરમાગરમ ગાંઠિયા ખાતી તોરલ સામે હોટેલનો માલિક લોલુપ નજરે તાકી રહ્યો હતો. એણે ચુસ્ત પૅન્ટ પહેર્યું હતું – અને એ પરિધાનમાં એય ક્યાં ઓછી ગરમાગરમ લાગતી હતી! ભૂખરા રાખોડી રંગના ટૉપ અને પૅન્ટમાં તોરલ અત્યંત કામોત્તેજક લાગી રહી હતી.

ચા-નાસ્તો પતાવીને બન્ને જણ ગિરનારના પહેલા પગથિયા પાસે આવી ઊભાં.

તોરલે અધ્ધર જોયું... ને એને એકાએક પોતાની ભીતરમાં કોઈક ગુંજતું સંભળાયું :

ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે!

એનાથી બોલી જવાયું : 'ક્યારે ચડી રહીશું, જાડેજા! આ તો જાણે આકાશનું આરોહણ!'

એના ચહેરા પર આકાશ છવાઈ વળ્યું.

'તોરલ, તું તો માંડ હજી વીસીમાં પ્રવેશી છે; યૌવનને ઉંબરે હજી ગઈ કાલે તો પગ મૂક્યો છે તેં! એમ ઉંબરેથી જ યૌવનનાં ચઢાણ જોઈને ગભરાઈ જઈશ એ ચાલશે કે? ચાલ, 'જય ગિરનારી' કહીને પગ ઉપાડ!'

તોરલ મલકાઈ ઊઠી : 'જય ગિરનારી!'

ને એણે આકાશને ચૂમતા વાદળછાયા ગિરનારને હાથ જોડ્યા. પછી એણે પ્રોફેસરના ખભે હાથ મૂક્યો. પ્રોફેસર તરફ મીઠું સ્મિત છલકાવીને એણે એવી તો છલાંગ મારી કે એકી સાથે બે પગથિયાં કૂદી ગઈ! જોનારાં જોઈ જ રહ્યાં. ચુસ્ત પૅન્ટમાં એના નિતંબના ઢોળાવ પ્રોફેસરને મન ગિરનારની ટૂંક કરતાં લગારે ઓછા રોમાંચક નહોતા...

પ્રોફેસરનું મન તોરલમય થઈ ઊઠ્યું.

પચાસ-સાઠ પગથિયાં તો રમતાં રમતાં ચડાઈ ગયાં. આજુબાજુની લીંબુના પાણીની કે ટેકણલાકડીની દુકાનો ભણી બેમાંથી કોઈએ દૃષ્ટિપાત સુધ્ધાં નહોતો કર્યો. બેઉ જણ એકમેકને જોવામાંથી નવરાં પડે ત્યારે બીજું કંઈ જુએને? ને બીજું ઘણુંય જોવા જેવું તો હતું – પણ એ બધું તો હજી ઘણું ઊંચે હતું – આકાશ તરફ!

પ્રોફેસરે શ્વાસ ખાતાં પૂછ્યું, 'તોરલ, આમ ને આમ કૂદાકૂદ કરીશ તો થાકી જઈશ. તું ઠેકડા ભરવા લાગી છે પણ હજી તો આપણે તળેટીમાં જ છીએ – ખબર છે, કુલ કેટલાં પગથિયાં ચડવાનાં છે?'

'કેટલાં ચડવાનાં છે?'

'નવ હજાર નવસો ને નવ્વાણું!'

'એ...મ!' તોરલે અદાથી એની કમ્મરે હાથ ટેકવીને કહ્યું : 'હું તો પૂછું છું કે નવ લાખ નવ્વાણું હજાર નવસોને નવ્વાણું કેમ નથી ચડવાનાં? તમે જોજો ને! થકવી દઉં છું કે નહિ આજે ગિરનારને!'

'ગિરનારને!' પ્રોફેસર પુલકિત થઈ ઊઠ્યા : 'મોટી ગિરનારને થકવવા વાળી ના જોઈ હોય તો!'

તોરલે એમના ગળાની આસપાસ હાથ વીંટાળી દીધા : 'ગિરનારને એટલે કે તમને! કેમ, તમે મારા ગિરનાર નહિ?'

– પ્રોફેસરની આંખોમાં તોરલની આંખોનું આકાશ એકાકાર થઈ રહ્યું. ઓહ, કેવો સ્વર્ગીય હતો એ આનંદ!

પ્રોફેસરે એને ચુંબન કરી લીધું.

– રસ્તાની ધાર ઉપર લાકડીઓની દુકાન માંડીને બેઠેલી એક વૃદ્ધાએ એ જોઈ લીધું. એ મલકાઈ ઊઠી : 'સા'બ, હજી તો ઘણું ચડવાનું છે! લાકડીઓ લેતા જાવ!'

'લાકડીઓવાળી ડોશી જોઈ ગઈ! શું તમેય!' તોરલ શરમાઈ ગઈ.

'ચાલ, એક લાકડી લઈ લે, એટલે બિચારી રાજી થઈ જશે!'

'તમે લઈ આવો! મને તો શરમ આવે! જુઓને, મારી સામે કેવું મલકાઈ મલકાઈને જોયા કરે છે!'

– તોરલ મોં ફેરવીને ઊભી રહી.

પ્રોફેસર લાકડી ખરીદીને આવ્યા. બોલ્યા : 'ડોશી તો બે લાકડીઓ વળગાડવા માગતી'તી...'

'પછી?'

'પછી શું? મેં કહ્યું : માજી, લાકડીનો ટેકો તો ફક્ત એને જ જોઈશે! મારે તો –' ને પછી તોરલના ખભે હાથ મૂકતાં એમણે અધૂરું વાક્ય પૂરું કર્યું : 'મારે તો જીવતી-જાગતી, હાલતી-ચાલતી, ને આખો દિવસ ટ્રાન્ઝિસ્ટરની જેમ બોલ્યા કરતી લાકડી છે જ!'

– તોરલ ખિજાઈ ગઈ : 'હું કંઈ લાકડી છું? લાકડી તો કેવી કઠણ હોય, ખબર છે?'

પ્રોફેસરે વાત વાળી લીધી : 'ચાલ ભાઈ, ભૂલ થઈ ગઈ. 'લાડકી' કહેતાં કહેતાં 'લાકડી'

કહેવાઈ ગયું! લાડકી તો પોચી જ હોય ને!'

તોરલે મોં મચકોડ્યું.

પ્રોફેસરે પૂછ્યું : 'કેમ, તું મારી લાડકી નથી?'

તોરલ એમને બાઝી પડી.

બેઉ જણ હવે ધીમે-ધીમે ચડવા લાગ્યાં. તોરલના ઠેકડા બંધ થઈ ગયા. એના ચાળા જોકે ન જ શમ્યા. લાકડી લઈને એ વાંકી વાંકી ચાલવા લાગી : 'જુઓ તો, હું ડોશી જેવી લાગું છું વારુ?'

'છોકરી મટીને ડોકરી થવાનું મન ક્યાંથી થયું?' પ્રોફેસરે રમૂજ કરી : 'માજી, માજી! આવો, ખભે બેસાડી લઉં?'

રમૂજનો આનંદ પૂરો લૂંટાઈ રહે એ પહેલાં તો બે કાળા ભમ્મર જુવાનિયા એક ભદ્રવર્ગની સ્થૂળકાય મહિલાને ડોળીમાં ઊંચકીને હાંફતા હાંફતા પૂરપાટ આગળ નીકળી ગયા.

'મને બહુ દયા આવી ગઈ એ લોકો પર!' તોરલે કૂણા અવાજે કહ્યું : 'આવીય વળી જાત્રા! બિચારા માણસ જેવા માણસ પર માણસ થઈને આવો જુલમ કરવો એ કરતાં તો તળેટીમાંથી જ પગે લાગી લેવું શું ખોટું?'

'તોરલ, તને ખબર નથી : આ જુવાનિયા એ શેઠાણીને લઈને ગિરનાર ચઢશે. એમને શેઠાણી પૈસા આપશે. એ પૈસાથી એ જુવાનિયાઓનું આખું ઘર રોટલા ભેળું થશે! શેઠાણીએ ડબલ પુણ્ય રળ્યું કહેવાય, સમજી? એક તો તીર્થંકરના દર્શનનું ને બીજું એક ગરીબ ઘરને જમાડવાનું!'

તોરલ પ્રોફેસરની વાતથી પ્રભાવિત અવશ્ય થઈ, પણ પેલા જુવાનિયાઓની લાચારી એના માનસપટ પરથી ભૂંસાઈ ન શકી. એણે કહ્યું : 'તમે ગમે તેવું લૉજિક લડાવો; એ શેઠાણીની જગાએ હું હોઉં તો કદાપિ ડોળીમાં ન બેસું!' ને પછી પ્રોફેસરને ધબ્બો મારતાં બોલી : 'તમારા ખભા ઉપર જરૂર બેસું! તમને ગમે તેટલી હાંફ ભલેને ચડે! મને લગારેય દયા ન આવે!'

....પ્રોફેસરે એને ઊંચકવા કોશિશ કરી, થોડીક ઊંચકાઈ. પ્રોફેસરે કહ્યું : 'છે તો નક્કર, હોં કે!'

'પૂરેપૂરું ઓગણસાઠ કિલોનું પારસલ છે, સમજ્યા?' – તોરલે પોતાની જાતને 'પારસલ' સાથે સરખાવીને મનોરંજન મેળવ્યું!

– ગમ્મત કરતાં-કરતાં બેઉ જણ ગિરનાર ચઢતાં ગયાં. ઠંડો પવન શરૂ થઈ ગયો હતો. પર્વત પર આષાઢ બેસી ગયો હતો. વાદળો પર્વતની ટૂંક કરતાં ઘણી ઓછી ઊંચાઈ પર દૃષ્ટિગોચર થઈ રહ્યાં હતાં. વાતાવરણમાં લીલાશ હતી, ભીનાશ પણ ખરી...! તોરલ ટહુકી રહી હતી : એનું રોમેરોમ નાચી રહ્યું હતું. એક કુટિર પાસે જઈને એ અટકી.

'લીંબુ પાણી – બે!'

.....કુટિરના માણસે બે ગ્લાસ શરબત બનાવી આપ્યું. બંનેએ એકમેકના હોઠને અડકાડીને એ પીધું. થોડીક વિશ્રાન્તિ પછી તોરલે કુટિરમાંથી ચૉક ખરીધા. પારલે બિસ્કિટનાં બે પૅકેટ લીધાં. પૈસા ચૂકવીને એ ઊઠી. પ્રોફેસરે પૂછ્યું : 'ચૉક લેવાની શી જરૂર હતી?'

'લેવા'તા, જાવ!' તોરલ દોડીને એક શિલા પાસે પહોંચી ગઈ. શિલા પર એણે લખ્યું : 'યુગો પછી જેસલ-તોરલ ફરી એકવાર ગિરનારની મુલાકાતે આવ્યાં હતાં – તેની યાદમાં...'

પ્રોફેસર એનું લખાણ વાંચીને ખુશ થઈ ગયા. એમણે કહ્યું : લોકો બિચારાં ફાંફાં મારશે! જેસલ-તોરલ ગિરનાર આવી ગયાં, ને અમે સાવ અંધારામાં જ રહી ગયાં! તોરલ, લોકો આપણને શોધ્યા કરશે!'

'ભલે શોધે! યુગે યુગે લયલા-મજનૂ, શેણી-વિજાણંદ અને જેસલ-તોરલની ફરી ફરીને શોધખોળ ચાલવી જ જોઈએ... તો જ આ દુનિયા લોકો માટે જીવવા લાયક બને! તોરલ ગંભીર બની ગઈ : 'જાડેજા, અશોકે ધર્મનો સંદેશો કોતરાવ્યો હતો. હું પ્રેમનો સંદેશો આલેખું છું... આખરે વાત તો એકની એક જ થઈને!'

પ્રોફેસર પ્રભાવિત થઈ ગયા : 'લાવ તોરલ, થોડુંક મને પણ લખવા દે! જો, પેલી વિશાળ શિલા એની છાતી પર તારા નામનાં ટાંકણાં ઝીલવા કેટલી આતુર છે!'

પ્રોફેસરે લખ્યું : 'તોરલ શાહને ઓળખો છો? તિતિક્ષાભરી પ્રીતનું બીજું નામ છે – તોરલ...!'

તોરલે વાંધો ઉઠાવ્યો : 'તોરલ 'શાહ' કેમ લખ્યું? તોરલ 'જાડેજા' લખવું જોઈએ ને!'

પ્રોફેસરે કહ્યું : 'અત્યારે 'શાહ' જ બરાબર છે. દુનિયા આગળ તું 'શાહ' છે. 'જાડેજા' તો તું ફક્ત આપણા બે પૂરતી જ છે!'

તોરલ ઉદાસ થઈ ગઈ.

થોડી નીરવતા બાદ એણે એકાએક નિરાશાભર્યા સ્વરે પૂછ્યું : 'તમને કુંડળીમાં સમજ પડે છે?'

'કેમ? હું કંઈ જ્યોતિષી નથી. જ્યોતિષમાં ખાસ શ્રદ્ધા પણ નથી. જોકે થોડું ઘણું વાંચ્યું છે ખરું!'

'તો મને કહેશો – છોકરીની કુંડળીમાં સાતમે મંગળનો શો અર્થ થાય?'

પ્રોફેસર ઘડીક ખમચાઈ ગયા. પછી ચહેરા ઉપરથી ચાલી ગયેલી સ્વસ્થતા પાછી આણવાની કોશિશ કરતાં એ બોલ્યા : 'તોરલ, તારી કુંડળીમાં સાતમે મંગળ છે?'

'ના, ના!' તોરલે કંઈક વિચારીને રસ્તો કાઢતી હોય એમ કહી નાખ્યું : 'મારી નહિ, તૃપ્તિની કુંડળીમાં છે!'

'સાચું કહે છે?' પ્રોફેસરે જિજ્ઞાસાભરી પૃચ્છા કરી : 'તોરલ, શું ખરેખર તૃપ્તિની કુંડળીમાં સાતમે મંગળ છે?'

'હા' – એણે થોડી ઉદાસીનતા સાથે પૂછ્યું : 'જાડેજા, કહોને, એનો શો અર્થ થાય? બિચારી તૃપ્તિને તો જ્યોતિષીઓએ કેવું કેવું કહ્યું છે!'

'કેવું કેવું કહ્યું છે?'

તોરલ એકદમ નજીક સરકી આવી : 'એ લોકો તો કહે છે –'ને એની જીભ થોથવાવા લાગી : 'કે એને વૈધવ્યયોગ છે!'

પ્રોફેસરે એને આશ્વાસન આપતાં કહ્યું : 'જ્યોતિષીઓ ધારો કે સાચા હોય; પણ તોરલ, તૃપ્તિ કુંવારી જ રહે તો એને વિધવા થવાનો સવાલ જ ક્યાં ઊભો થવાનો હતો?'

તોરલને જાણે કે આશાનો તાંતણો હાથમાં આવી ગયો : 'આઇડિયા છે, હોં!' ને પછી બોલી : 'એને કોઈની જોડે પ્રેમ કરવો હોય તો એમાં બિચારો મંગળ ક્યાં નડવા આવવાનો હતો? કેમ, બરાબર ને?' એની આંખોમાં ઉત્સુકતા હતી.

'એ તો ભાઈ, મંગળ કંઈ મૂરખો છે કે પછી એના પ્રેમીને છોડશે?'

તોરલના શરીરમાં સરરરર કરતી વીજળી ફરી વળી. એ પડતાં-પડતાં માંડ બચી. પ્રોફેસરે એને ઝાલી ન લીધી હોત તો એ શિલા સાથે ભટકાઈ ગઈ હોત.

'ચક્કર આવી ગયાં, તોરલ?'

પ્રોફેસરે એની આંખો દાબી દીધી. ધીમે રહીને એમણે એને પગથિયાં પર બેસાડી દીધી. પછી કહ્યું : 'બ્લડમાં ગ્લુકોઝનું લેવલ ડાઉન થઈ ગયું હશે...! લે, આ બિસ્કિટ ખા!'

તોરલે બિસ્કિટ ખાધું. પ્રોફેસર એને માટે નજીકની કુટિરમાંથી પાછું લીંબુ-પાણી લઈ

આવ્યા. બેઉ જણાંએ અડધું અડધું પીધું. થોડીક સ્વસ્થ થયા પછી તોરલ બોલી : 'આમ બેસી રહીશું તો પહોંચીશું કયે દહાડે? ચાલો, ઊઠો!'

તોરલે અધ્ધર નજર કરી : પેલાં આષાઢી વાદળ એને વાત્સલ્ય ભર્યું નોતરું પાઠવી રહેલાં જણાયાં.

વાદળ ધરતી પરથી દેખાય છે એવાં ઘટ્ટ નહોતાં. કોઈ વિરહિણીના વીખરાયેલા કેશ જેવાં એ વેરવિખેર હતાં. આછી આછી ઉચ્છ્વાસ રેખાઓ એકમેકમાં ગૂંથાઈને જાણે વાદળ ન બની ગઈ હોય!

તોરલે એ વાદળોમાં એનો પોતીકો ઉચ્છ્વાસ શોધવાની મથામણ શરૂ કરી...

પવનનો રંગ ક્રમશઃ વધુ ને વધુ લીલો થતો ચાલ્યો. આકાશ જેમ-જેમ ઢૂકડું આવતું ચાલ્યું તેમ-તેમ તોરલની આંખોનો રંગ પણ વધુ ને વધુ ભૂરો બનતો ચાલ્યો. એના રતૂમડા ચહેરા પર આકાશનો એ અદૃષ્ટ સ્પર્શ આસમાની અસ્તર બનીને લેપાઈ ગયો. તોરલને પરસેવો વળ્યો હતો. પણ એ પરસેવાની બાષ્પ પેલાં વાદળો સાથે ગોષ્ઠિ કરવા ચાલી ગઈ અને એની ત્વચા એકદમ ભીની ભીની હિમ-શી શીતળ અને મુલાયમ બની રહી.

પ્રોફેસરે એનો હાથ ચૂમી લીધો : 'તોરુ બિટ્ટુ, તું તોરુ છે કે તુષાર બાળા? ઓહ્, સો સ્વીટ યૂ આર!'

'કેવી લાગું છું તમને?' મુગ્ધભાવે તોરલે પ્રોફેસરની આંખોને પૂછ્યું.

'જંગલી ફૂલ કરતાંય વધુ સુંવાળી! એકદમ સુગંધિત, સુવાસિત! તોરલ, તારી ભીતરમાં છુપાયેલું અમી અત્યારે તારી ત્વચા પર તરી આવ્યું છે! હજી જરા ઊંચે ચડશું ને, ત્યારે તું કેવી લાગીશ, કહું?'

'કહો!'

'વાદળી જેવી પોચી પોચી! એકદમ હળવી ફૂલ!'

'સાચવજો, ક્યાંક તમારી તોરલ નામની વાદળી એ વાદળીઓના સમૂહ વચ્ચે ઓગળીને વરાળ ન થઈ જાય!'

પ્રોફેસરને એની કલ્પના ખૂબ ગમી ગઈ : 'બિટ્ટુ, તું વાદળી બની જાય એ તો મને ખૂબ જ ગમે! હું પવન બનીને તારો પીછો કર્યા કરું! પછી તો આપણે અહર્નિશ ક્ષિતિજોની સીમમાં એકમેક સાથે પકડદાવ રમ્યા કરીએ!'

'પણ આકાશનો રાજા મારા ઉપર મોહી પડશે તો?' તોરલે પ્રોફેસરનો ગાલ ચૂમી લેતાં કહ્યું : 'તો શું કરશો મારા જાડેજાજી?'

'આકાશના રાજાની તાકાત છે, તોરલ?' પ્રોફેસરે એને આલિંગન ભરતાં પૂછ્યું : 'યાદ છે – એક વાર આ ગઢ ગિરનારનેય કોઈ સતીના શાપ આગળ ફાટી પડવું પડેલું એ?' ને પછી આવેશમાં આવી જઈને એને ભીંસમાં લઈ બોલ્યા : 'મારી રાણક! એમ કંઈ તારા શિયળનાં રખોપાં કરવાની અમારે ફિકર કરવી પડશે? તારા રા'ને ગળા સુધી ખાતરી છે કે તારા અંગૂઠામાં ભારેલી આગ તને બચાવવા પૂરતી છે!'

રાણકદેવીની ગાથા સાંભળતાં તોરલને બીજો એક આંચકો લાગ્યો. જોકે એણે ચહેરા પર એ આંચકાની અસર વરતાવા દીધી નહિ.

એ પ્રોફેસરના બાહુપાશમાં િનઃશેષ લપાઈ ગઈ. એકાએક આથમણી દિશાનાં વાદળોની એક ટોળકીએ બેઉ જણને ઘેરી લીધાં. બેઉ ભીંજાઈ ગયાં. આગળ-પાછળ કશું જ દેખાતું નહોતું. લીલો ગિરનાર પણ વાદળોના આવરણ તળે ખોવાઈ ગયો હતો. પૃથ્વી ઘણી દૂર પડી ગઈ હતી. પવન થોડોક સ્પર્શ્યો ન સ્પર્શ્યો ને ચાલ્યો ગયો. દૂર પેલા ડુંગરની સોડમાં જઈને એ હસ્યો... પવનનું અટ્ટહાસ્ય સાંભળીને તોરલ એકદમ તંદ્રામાંથી જાગી ગઈ. એણે પ્રોફેસરના

પાશમાંથી છૂટવાની કોશિશ કરી.

'અરે, આમ તરફડે છે શાની?' પ્રોફેસરે પૂછ્યું.

'મને કશું જ દેખાતું નથી... મને આકાશ દેખાતું નથી. મને સૂર્ય દેખાતો નથી. મને ગિરનાર સુધ્ધાં નથી દેખાતો, જાડેજા...! માનશો? મને તમે પણ દેખાતા નથી!'

'તોરુ, કેવું સુંદર કહેવાય! હું દેખાઉં ભલે નહિ, તને અનુભવાઉં એટલું પૂરતું નથી?'

તોરલ એકાએક ધ્રુસકાં લેવા મંડી હતી : 'ના જાડેજા, ના! મારે તમારા વગર એક ક્ષણ પણ ના ચાલે!'

36

પછી શું થયું એની તોરલને બહુ સ્મૃતિ નથી.

એટલું યાદ છે કે એ અડધેથી વળી ગયાં હતાં. વાદળોની દુનિયાએ એમને શિખર સુધી પહોંચવા દીધાં નહોતાં.

– ને એને યાદ છે : જાડેજાની હથેળીની વચ્ચોવચ એણે એવું તો કચકચાવીને બચકું ભરી લીધેલું! બરાબર મસ્તકરેખા અને ભાગ્યરેખાના મિલનબિંદુ પર લોહીનું કલાત્મક ટપકું જામી ગયું હતું... એકદમ લાલ-લાલ, જાણે રાતો તલ જ જોઈ લો! પ્રોફેસરે કહેલુંય ખરું : 'તોરલ, જો ને, કેવો તલ ઊપસી આવ્યો છે! હવે મારે જ્યોતિષીઓ પાસે નવેસરથી હાથ જોવડાવવો પડશે...! આ તલ તો કોણ જાણે કેટકેટલા સુયોગોનો સર્જક લેખાશે!'

'તમે એને તલ કહેજો. હું એને તમારી હથેળીની શિલા પર તમારી તોરલે ટાંકેલો પ્રણયલેખ ગણીશ..! જાડેજા, એ એક એવી ભાષામાં કોતરાયો છે, જેને ફક્ત તમે અને હું બે જ વાંચી શકીશું...!'

'તોરલ!'

'ઓહ, મારા ગિરનાર! પવનના સુસવાટ વચ્ચે એ શબ્દો કોણ જાણે કેટલે દૂર જઈને પડઘાયા હતા.

– ને પછી?

પછી? પછી? પછી? પછી? પછી?

પછી થોડા જ દિવસોમાં એમનો પત્ર આવેલો :

ભવ ભવની ભેરુ મારી રાણક!

– તારા ગિરનારનાં મીઠાં સંભારણાં...! હથેળી વચ્ચે વાવેલો પ્રણયતલ હવે રતાશ છોડીને દિવસે-દિવસે શ્યામ થતો જાય છે. મને એ અત્યંત પ્રિય લાગવા માંડ્યો છે. તોરલ, તારા કરતાંય એ તલ મને વધુ વહાલો લાગવા માંડ્યો છે... તને એની અદેખાઈ તો નહિ થાય ને?

તોરલ, મને એ એટલો બધો ગમે છે કે... સાચું કહું? મને એમ જ લાગે છે – જાણે તું જ એક ટપકું થઈને બેસી ગઈ છે મારી હથેળીના ગાલીચા પર... એને હું ક્ષણેક્ષણ, પળેપળ પંપાળ્યા કરું છું...

– મને બીક છે તોરલ, નથી ને એ તલ ઊખડી જશે તો?

– તો મારી શી સ્થિતિ થાય, એની હું કલ્પના સુધ્ધાં કરી શકતો નથી...!

હું હાથ ધોતી વખતે પણ ખૂબ કાળજી રાખ્યા કરું છું... રખેને જરા જોરથી સાબુ ઘસાય ને તલનો પોપડો ઊખડી જાય તો! ના તોરલ, મને કદાપિ ન પાલવે. એ તલ જીવનભર મારી હથેળીમાં જીવે, ને રોજ સવારે 'પ્રભાતે કરદર્શનમ્'ના મારા પારિવારિક સંસ્કારો મુજબ જ્યારે પણ હું ઊઠું, તો મારી પહેલી નજર એને સ્નેહલ સંભારણાંથી નવડાવી મૂકે...!

તોરલ, એમ તો મેં યે તને ક્યાં ઓછી પજવી'તી? આખેઆખા ગિરનાર ઉપસી આવ્યા હશે તારાં કોમળ કોમળ અંગો પર, પણ એ એક પુરુષની પ્રતિકૃતિ લાગે; તું ય એ મીઠું દર્દ પંપાળ્યા કરતી હોઈશ...

ત્યારે તારા તલની તો અહીં વાત જ અનેરી છે. એ તારા ભાલની સોહાગબિંદીની જેમ મારી હથેળીના આકાશમાં ચમક્યા કરશે...!

તોરલ, એ ગિરનારી સ્મૃતિચિહ્નને ચૂમી લઈને તારાં વાદળ જેવાં પોચાં પોચાં આર્દ્ર સ્મરણોનાં અરણ્યમાં ખોવાઈ જવાની મજા આવી જાય છે...

અને તોરલે એના જવાબમાં લખ્યું હતું :
ઘેલુડા ગિરનાર,

તું ખૂબ યાદ આવ્યા કરે છે.

કેટકેટલી પજવણી પછી તેં તારી તોરલના ટહુકાનો પ્રતિસાદ પાઠવ્યો... જાડેજા, એ બધું અતીતના કરુણ સ્મરણ લેખે લાંબા સમય લગી યાદ રહ્યા કરશે...! આખરે તું હાર્યો, તારી તોરલનો વિશ્વાસ જીત્યો! તારે આવવું જ પડ્યું! સમુદ્રકિનારે શરૂ થયેલી આપણી રસગાથા આખરે ગિરિવરની ઊંચાઈઓ આંબીને જ અટકી! 'અટકી?' – ના જાડેજા, ખોટું ક્રિયાપદ વપરાઈ ગયું...! એ અટકે ખરી કદી? ને અટકે એ મને, તને, અરે, પેલા સમુદ્રને, ગરવા ગિરનારને... કોઈનેય પાલવે ખરું કે?

તારી હાજરીમાં તને 'તું' નથી કહી શકતી. ઉંમર વચ્ચે આવે છે. તારા હાથે અંગ્રેજી શીખી છું. તને કોઈ એક કાળે 'સર' કહ્યો છે ને તું ય ક્યાં હજી ભૂલે છે તારું પ્યારું પ્યારું સંબોધન? તું ય મને 'બિટ્ટુ' કહીને જ બોલાવે છે ને!

પણ હવે મેં સંકલ્પ કર્યો છે... આ વખતે તો તને 'તું'કારથી જ બોલાવવો છે...! તને ખૂબ, ખૂબ, ખૂબ લાડ કરવાં છે! તારું અંગેઅંગ, તારું રોમેરોમ ચૂસી લેવું છે...! તું આવ તો ખરો, જોજે ને, કેવો હરાવી દઉં છું તને! ગિરનાર ચડતી વેળાએ મેં નહોતું કહ્યું – 'તમે જોજો ને, થકવી દઉં છું કે નહિ આજે ગિરનારને!'
– પ્યારા ગિરનાર,

આવ, બહુ જ ઉત્કટ પ્રતીક્ષા કરું છું તારી. આ પીપળા પર દિવસનો એક-એક દોરો વીંટાળું છું. અને રોજ સવારે પીપળા પર આવીને કાગડો બોલે એની વાટ જોઉં છું!

તારાં મધમીઠાં સ્મરણ મારા અંગેઅંગમાં સચવાઈ રહ્યાં છે. મારા ખભા પર, મારા ગાલ પર, મારી છાતી પર, મારી સાથળ પર... ઓ મારા પ્યારા પ્યારા ગિરનાર, તું આબેહૂબ ઊપસી આવ્યો છે!

– લીલોછમ! વાદળોથી ઘેરાયેલો...!

તને એક વાત કહું કે? તું કેટલો ભોળો છે!

મેં તારા પાકીટમાંથી બસો રૂપિયા તફડાવી લીધા, એનો અણસાર સુધ્ધાં આવ્યો છે તને? ક્યાં આગળ તફડાવેલા, કલ્પી શકે છે? અંબાજીની ટૂંકથી થોડાંક આગળ નીકળ્યાં ને આપણે વાદળો વચ્ચે ઘેરાઈ ગયેલાં... યાદ છે ને? તું મને નહોતો જોઈ શકતો કે નહોતી હું તને જોઈ શકતી. આપણી આસપાસ, આપણી વચ્ચે, ઉપર-નીચે-સર્વત્ર વાદળ જ વાદળ ગોટાઈ ગયાં હતાં. તું મને ક્યાં લઈ ગયેલો, એ યાદ નથી રહ્યું. હું હોશહવાસ ખોઈ બેઠી હતી અને તું આષાઢી આકાશની જેમ મારી કાયા પર ઝઝૂમી રહ્યો હતો....

....પછી તો તું મેઘની જેમ વરસી પડ્યો અને કોણ જાણે કેટલી ય વાર લગી હાંફતો હાંફતો ગિરનારના તોફાની પવનની જેમ શમી ગયો...

– બરાબર એ વખતે હું થોડીક સળવળી હતી. મેં તારું શરીર થોડુંક અળગું કર્યું હતું. વસ્ત્રો ઠીક કરતી વેળાએ તારા ખિસ્સામાંથી સરી પડેલું પાકીટ મારા હાથમાં આવ્યું હતું... ને મેં સો-સોની બે કોરી કડાક નોટો મારા પૅન્ટના ખિસ્સામાં સરકાવી દીધી હતી. એ વખતે મને કેવો રોમાંચ થયો હશે, કલ્પી શકે છે તું? જાણે હું જેસલ જાડેજાને લૂંટી રહી છું... જગના ચોરટાની ચોરી કરી રહી છું! જે આખી દુનિયાને લૂંટનારો, એને લૂંટી લીધો એની નાજુકનમણી બિટ્ટુએ!

જાડેજા, તેં કેમ કશું ન ચોરી લીધું મારી પર્સમાંથી? હું કેટલી રાજી થઈ જાત, ખબર છે? સ્ત્રીને ફક્ત તન અને મન ચોરાવ્યાથી સંતોષ નથી વળતો, એને ધન પણ ચોરાવવું ગમે છે!

આ વખતે તું મને જરૂર લૂંટી લેજે... પણ જોજે હોં, એવી સિફતથી લૂંટવાની કે મને

એનો અણસાર સરખો ન આવે...!

*

....મિસ તોરલ શાહની આંખો ડબ... ડબ... ડબ... વરસી પડી. એમની લૂંટાઈ જવાની કામના એ પછી કદીય પૂરી ન થઈ... એમનો ગિરનાર એમને મળ્યો જરૂર, પણ જરા જુદી રીતે...

તે સવારે એની કેટકેટલી વાટ જોઈ હતી! પીપળાને જોઈ જોઈને તો એ રાત વિતાવેલી. અને અડધી રાતે પીપળા પર કશુંક ખખડ્યું, ત્યારે કેવી તો બીક લાગી ગઈ હતી...! થોડી જ વારમાં ચીબરી બોલી હતી ને મનમાં કોણ જાણે કેવી ય ફાળ પડી ગઈ હતી...

'તોરલ, તારો ગિરનાર આવે છે... શનિવારની વહેલી સવારે એની વાટ જોજે...!'

જાડેજા, તમારા એ શબ્દો તોરલના કાનમાં કેટકેટલી વાર ગુંજ્યા હશે, કલ્પી શકો છો કે?

– આખરે તમારી તોરલની કુંડળીમાં સાતમે બેઠેલો મંગળ એનું કામ પૂરું કરીને જ જંપ્યો હતો, જાડેજા...!

તમારી આંખો ખુલ્લી હતી. અને હા, એ આંખોમાં માત્ર તમારી તોરલનું જ પ્રતિબિંબ ઝિલાઈ રહ્યું હતું... તમારા કાનમાંથી થોડુંક લોહી નીકળ્યું હતું... ને તમારા ગાલ પર સહેજ લિસોટો થયો હતો. તમારું બાકીનું શરીર એ લોકોએ મને નહોતું જોવા દીધું...

ડૉ. કર્ણિકે પૂછ્યું હતું : 'તું ઓળખે છે આ માણસને?' – ને મેં ઉદાસ નયને 'હા' પાડી હતી.

'તોરલ, એના ખિસ્સામાંથી તારો પત્ર મળ્યો છે. એ પત્ર ઉપરના સરનામાને આધારે તો અમે તને બોલાવી.' થોડુંક અટકીને એ બોલ્યા હતા : 'છોકરી, એ તો છેક સવારના અઢી વાગ્યાનો મૃત્યુ પામેલો છે. રાજકોટ અને ધ્રોળ વચ્ચે મધરાત પછી થયેલા અકસ્માતમાં આઠ માણસો માર્યા ગયાં છે. બાકીનાં બધાંના સંબંધીઓને જાણ કરાઈ ચૂકી છે. આ મૃતદેહનું પોસ્ટમૉર્ટમ કરતાં પહેલાં તને પૂછી લેવું જરૂરી લાગ્યું... એના સ્નેહી સંબંધીઓને કોઈને જાણે છે તું?'

'એમની જે ગણો તે હું જ છું!' – જાડેજા, એ શબ્દો મારા હોઠ લગી આવીને પાછા વળી ગયા હતા. મેં ખૂબ જ ધૈર્ય જાળવ્યું હતું. મારે તમને ચૂમી લેવા હતા. મને માફ કરો, હું તમને એ બધાંની હાજરીમાં ચૂમી નહોતી શકી... ને મારે અત્યંત કૃત્રિમ કઠોરતા ધારણ કરીને કહેવું પડ્યું હતું : એમના એક મિત્ર છે રાજકોટમાં, ડૉ. યશવંત દલાલ, જાણીતા સાઇકિયાટ્રિસ્ટ... કદાચ એ જાણતા હશે એમના સ્નેહીસંબંધીઓ વિશે...!

– ને હું પાછાં પગલે ખંડની બહાર નીકળી ગઈ હતી... જાડેજા, મને માફ કરો! હું તમને મારા નહોતી કહી શકી, હું તમારા શરીર પરનું સફેદ વસ્ત્ર ઊંચકીને તમને પહોંચેલી ઈજાઓ પણ નહોતી જોઈ શકી...

ઓહ જાડેજા, હું રોઈ સુધ્ધાં નહોતી શકી એ દિવસે...!

મિસ તોરલ શાહ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં.

કલાકો લગી એ રડતાં રહ્યાં.

– લેડીઝ હૉસ્ટેલ સૂઈ ગઈ. મિસ તોરલ શાહ જાગતાં રહ્યાં. એમની આંખો આગળ પંદર વરસ પહેલાંની પેલી તરુણવયની તોરલ એક કરુણ પ્રણયગાથા જીવી ગઈ...

દીર્ઘ નિઃશ્વાસ મૂકતાં એ સ્વગત બબડ્યાં : જાડેજા, તમને પંદર-પંદર વરસથી શોધ્યા કરું છું... ખૂબ, ખૂબ પ્રેમથી શોધતી રહી છું... ક્યાંક કોઈ વાર સપનામાં તો આવો! ક્યાંક કોઈ વાર...

ઓહ, અમદાવાદ જતાં આવતાં ધ્રોળ અને રાજકોટ વચ્ચેની એ ગોઝારી જગા નજરે પડે છે, ત્યારે તમને ખબર છે – મારી નજર ફક્ત તમને જ શોધતી હોય છે... જાડેજા, સતત પંદર-પંદર વરસથી હું મુસાફરી કરતી વેળાએ બસમાં મારી જોડેની સીટ ખાલી રખાવું છું... એ આશાએ કે ક્યાંક અધવચ્ચેથી જ તમે કોક દિવસ જરૂર મારી જોડે આવીને બેસી જશો! રાજ બા એટલાં ઉદાર હતાં... જાડેજા, તમે – તમે – તમે તમારી તોરલ પ્રત્યે આટલા કઠોર કેમ થઈ ગયા?

ને પેલાં ગિરનારી સ્મરણ તો...!

અંતરને ઓરડે આશાનું ટમટમિયું હજીય બળે છે. હજીય ઊંડે-ઊંડે એક શ્રદ્ધાનું સાપોલિયું સળવળે છે. મનને લાગ્યા કરે છે કે જરૂર કોક મધરાતે કોઈ જટાજૂટ જોગંદર મારા આવાસનાં બારણાં ઠોકશે, 'અલખ નિરંજન...! જય ગિરનારી!'કહેતો એ આંગણામાં ઊભો હશે ને હું એને ચપટી ભિક્ષા આપવાને બહાને બારણું ઉઘાડીશ...

પછી?

– પછી મને વિશ્વાસ છે જાડેજા, એ મારી આંખોમાં જોશે; હું એની આંખોમાં ઝાંકીશ. એની આંખોમાં મને મારી મુગ્ધવયની છવિ આલેખાયેલી દેખાશે, ને હું પોતે જ ઢળી પડીશ એના ભિક્ષાપાત્રમાં...

'આપવા જેવું ઘણું બાકી હતું, ગિરનારી! તમે બહુ વહેલો ભેખ ધરી લીધો... ખૂબ ઉતાવળ કરી દીધી...!'

ને એ કહેશે : 'શાન્ત થાઓ, તોરલ દે! છત્રીસ વરસની ઉંમર તે કોઈ નાની ઉંમર કહેવાય? અઢાર વર્ષે જુવાની ફૂટે... બીજાં અઢાર અઢાર વરસ જુવાનીનાં ઝેર ઘોળીને ય માનવી ધરાય નહિ, તો-તો પછી એનો ભવ સુધરી રહ્યો!'

'મને તમારા ઉપદેશની જરૂર નથી... મારે તો મારા જાડેજાની જરૂર છે! ભિક્ષા લેવા આવ્યા છો ને? તોરલ પોતે જ ભિક્ષા સ્વરૂપે તમને મળવા ઝંખે છે... એનો ઇન્કાર ના કરો!'

– જાડેજા, કેટકેટલી ઝંખું છું તમારા હવાલે થઈ જવા, પણ તમે તો આવતા જ નથી ને!

આ આમ ને આમ મનેય છત્રીસ વરસ થઈ ગયાં. હવે તો હું તમારી ઉંમરની થઈ ગઈ કહેવાઉં! અત્યારે તો આ બાજુ ભૂલા પડ્યા હો તો કદાચ તમે તમારી તોરલને ઓળખો કે કેમ, એ પણ શંકાનો વિષય છે! હું બદલાઈ ગઈ નથી જાડેજા, મારે બદલાઈ જવાનો સ્વાંગ રચવો પડ્યો છે... વિશ્વાસ રાખજો, એક વાર પ્રેમની સરાણે ચડી ચૂકેલી સ્ત્રી જિંદગીભર બદલાઈ શકતી નથી...!

મિસ તોરલ શાહને લાગ્યું : જાણે ખરેખર કોક બારણું ઠબઠબાવી રહ્યું છે! એ બેબાકળાં થઈને ઊઠ્યાં. દોડીને એમણે બારણું ઉઘાડ્યું : કોણ છો?

– કોઈ નહોતું.

બીજી જ પળે વૉર્ડન્સ રેસિડેન્સની બારી ઉપર કોઈ ટકોરા પાડતું લાગ્યું. તોરલ શાહે બારી ખોલી દીધી : કોણ ભાઈ?

– કોઈ ન બોલ્યું.

ને આખરે ક્વાર્ટર્સના પાછલે બારણે કશુંક ખખડ્યું.

મિસ તોરલ શાહ કશીક આશાને સહારે ઊઠ્યાં. બારણા સુધી પહોંચે ત્યાં લગી તો ખખડાટ બંધ થઈ ગયો હતો.

બારણું ઉઘાડ્યા વિના જ એ પાછાં વળ્યાં.

– વહેલી સવારે ચોકીદારની આંખ ઊઘડી ને એણે જોયું : મૅડમના ક્વાર્ટર્સનું બારણું ખુલ્લું હતું. બારી પણ ઉઘાડી હતી. એને લાગ્યું : કદાચ મૅડમ વહેલાં જાગ્યાં હશે... ને બીજી

જ પળે શંકા ગઈ : વહેલાં જાગ્યાં હોય તો પછી ક્વાર્ટર્સમાં અંધારું કેમ છે?

... એના પગ ધ્રૂજી ગયા.

એ ગભરાતો ગભરાતો ક્વાર્ટર્સની બારી તરફ આગળ વધ્યો. બારીમાંથી ડોકિયું કરીને એણે જોયું – ને એને કશું સમજમાં ન આવ્યું.

– મિસ તોરલ શાહ ફરસ પર પથરાઈ પડ્યાં હતાં. એમનાં વસ્ત્ર વેરવિખેર હતાં...

એક આંચકા સાથે ચોકીદાર અટક્યો. એનું હૈયું એક થડકારો ચૂકી ગયું.

*

એકાદ કલાક પછી લેડીઝ હૉસ્ટેલની પોર્ચમાં માણસોનું ટોળું ઊભરાઈ રહ્યું હતું.

ચાર સશક્ત માણસોએ મિસ તોરલ શાહનું શરીર ઊંચકીને સ્ટ્રેચર પર મૂક્યું. સ્ટ્રેચર ઍમ્બ્યુલન્સમાં ગોઠવાયા બાદ ટોળું વીખરાવા લાગ્યું.

ઍમ્બ્યુલન્સ ઊપડી ત્યારે લેડીઝ હૉસ્ટેલની છાત્રાઓની આંખો છલકાઈ રહી હતી.

એક ખૂણામાં ઊભી ઊભી રૂમ નં. 39વાળી ચારુલતા છાનાં છાનાં હીબકાં ભરી રહી હતી.

– એને ખબર નહોતી કે મૅડમને એ લોકો ક્યાં લઈ જઈ રહ્યા હતા.

* * *